BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

**B.A./B.A. (HONS.) સમાજશાસ્ત્ર**

# વસ્તીનું સમાજશાસ્ત્ર

**SOCM-310**

**SOMJ-402/SOMN-402**



# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેની શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવો પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામા આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્ર બિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*
*અસ્તુ !*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે છારોડી, અમદાવાદ.**

**સંપાદક:**

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય** નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ડૉ. સંજય પટેલ** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ડૉ. પરેશ ચૌહાણ** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ડૉ. જયેશ પરમાર** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**વિષય સમિતિ:**

**ડૉ. સંજય પટેલ** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ** (નિવૃત્ત) પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રો. (ડૉ.) મહેશ ગામીત** પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

**પરામર્શન (વિષય):**

**પ્રો. (ડૉ.) મહેશ ગામીત** પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ.

**પ્રો. (ડૉ.) જે. સી. પટેલ** પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**લેખન:**

**ડૉ. અલ્પેશ પ્રજાપતિ** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ, આણંદ

**ડૉ. કામિની દશોરા** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર.

**પરામર્શન (ભાષા):**

**પ્રિ.ઘનશ્યામ કે. ગઢવી** નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા.

**પ્રકાશક:**

**ડૉ. ભાવિન ત્રિવેદી** કુલસચિવ (કાર્યકારી), ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ :** **2022 (પ્રથમ આવૃત્તિ)**

**ISBN NO:** **978-93-5598-277-3**

: સર્વાધિકાર સુરક્ષિત :

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## (ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

B.A./ B.A. (Hons.) સમાજશાસ્ત્ર

વસ્તીનું સમાજશાસ્ત્ર

SOCM-310

SOMJ-402/SOMN-402

વિભાગ

# 1

## વસ્તીનુ સમાજશાસ્ત્ર


| | | |
|---|---|---|
| એકમ-1 | સામાજિક વસ્તીશાસ્ત્રનો અર્થ, કાર્યક્ષેત્ર અને મહત્ત્વ | 01 |
| એકમ-2 | સામાજિક વસ્તીશાસ્ત્ર: એક સામાજિક વિજ્ઞાન તરીકે | 14 |
| એકમ-3 | ભારત અને ગુજરાતમાં વસ્તીનું પ્રમાણ | 25 |
| એકમ-4 | જન્મદરનો અર્થ અને ઊંચા જન્મદરના કારણો | 41 |
| એકમ-5 | પ્રજનનશીલતાનો અર્થ અને ઊંચી પ્રજનનશીલતાના કારણો | 58 |
| એકમ-6 | મૃત્યુદરનો અર્થ અને બાળ-મૃત્યુદરના કારણો | 69 |
| એકમ-7 | ભારતમાં ઘટી રહેલા મૃત્યુદરના કારણો | 75 |
| એકમ-8 | વસ્તીનો સિદ્ધાંત – ઈષ્ટવસ્તીનો સિદ્ધાંત | 83 |
| એકમ-9 | વસ્તીનો સિદ્ધાંત – વસ્તી સંક્રાંતિનો સિદ્ધાંત | 88 |
| એકમ-10 | વસ્તીનો સિદ્ધાંત - માલ્થસનો સિદ્ધાંત | 94 |


# સામાજિક વસ્તીશાસ્ત્રનાં સિદ્ધાંતો – 1

## SOCM – 310 : વિભાગ – 1 'સામાજિક વસ્તીશાસ્ત્રનાં સિદ્ધાંતો' વિભાગીય પરિચય

વિદ્યાર્થીમિત્રો, વસ્તી એ સામાજિક વ્યવસ્થાનું મહત્વનું પાસું છે. માનવસમાજના વધતા-ઓછા પ્રમાણ દ્વારા જ વસ્તીની રચના થાય છે. જન્મદર, મૃત્યુદર, સ્થળાંતરની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર વસ્તી પર પડતી જોવા મળે છે. સમાજશાસ્ત્રના વિદ્યાર્થી તરીકે વસ્તીને સમાજ સાથે સાંકળીને સંપૂર્ણ સમજ આપણે આ પાઠ્યક્રમ – 310 'વસ્તીનું સમાજશાસ્ત્ર' દ્વારા મેળવીશું. આ પાઠ્યક્રમને મુખ્ય બે ભાગોમાં વિભાજિત કરેલ છે. જેમાં પ્રથમ ભાગ 'સામાજિક વસ્તીશાસ્ત્રનાં સિદ્ધાંતો'માં એક થી દસ એકમોનો સમાવેશ કર્યો છે. જેમાં પ્રથમ એકમમાં સામાજિક વસ્તીશાસ્ત્રનો અર્થ સમજાવવામાં આવશે તથા સમાજશાસ્ત્રની શાખા તરીકે વસ્તીનું સમાજશાસ્ત્ર કયા કયા કાર્યક્ષેત્ર સાથે સંકળાયેલા છે તે માહિતી આપેલ છે અને વસ્તીનાં સમાજશાસ્ત્રનું મહત્વ વિશે વિસ્તૃત સમજૂતી આપવામાં આવેલ છે. વસ્તીનું સમાજશાસ્ત્ર તાર્કિક, અનુભવલક્ષી, સૈદ્ધાંતિક અને વ્યવહારુ વિજ્ઞાન છે. ટૂંકમાં તે એક સામાજિક વિજ્ઞાન છે. જેની વિગતવાર ચર્ચા એકમ - 2માં કરેલ છે. વસ્તીમાં મુખ્યત્વે મહિલા, પુરુષ, બાળકો, વૃદ્ધો વગેરેના વધતા-ઓછા પ્રમાણથી સમાજમાં અનેક નવી સમસ્યાઓનો ઉદ્દભવ થાય છે. જેને નિવારવા માટે સરકાર અને સંસ્થાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવે છે. ભારતમાં અને ગુજરાતમાં વસ્તીનાં પ્રમાણની સંખ્યાત્મક અને ગુણાત્મક માહિતી એકમ - 3માં રજૂ કરેલ છે. સમાજની વસ્તી નિર્ધારણમાં જન્મદરનાં આંકડા ખૂબ જ મહત્વ ધરાવે છે. જો કે સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી જન્મદરનો અર્થ અને ઊંચા જન્મદરના કારણો સમજવા આવશ્યક છે, જેની વિગતવાર ચર્ચા એકમ - 4માં કરવામાં આવેલ છે. સ્ત્રી-પુરુષ વચ્ચેનાં જાતીય સંબંધો, પ્રજનન દ્વારા નવા સભ્યોની ભરતી થતી રહે છે. આ જ રીતે સમાજનું અસ્તિત્વ ટકી રહે છે. એકમ - 5માં પ્રજનનશીલતાનો અર્થ અને ઊંચા પ્રજનનશીલતાના કારણોની રજૂઆત કરેલ છે.

વિદ્યાર્થીમિત્રો, માનવવસ્તી સતત એક જ પ્રવાહમાં જોવા નથી મળતી. જન્મદર અને મૃત્યુદરમાં અનેક પરિબળોને પરિણામે વધ-ઘટ થતી જ રહે છે. જન્મદર-મૃત્યુદરનાં પ્રમાણમાં ફેરફાર નોંધાતા સમાજના અનેક પાસાંઓ પર તેની વિધાયક કે વિઘાતક અસરો થાય છે. જન્મદરથી તદ્દન વિરુદ્ધનો ખ્યાલ એવા મૃત્યુદરનો અર્થ અને બાળ-મૃત્યદરના કારણોની સમજૂતી એકમ - 6માં કરેલ છે. પ્રત્યેક જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય, પ્રદેશ, દેશમાં મૃત્યુદરનું પ્રમાણ અલગ અલગ હોય છે, તેમજ મૃત્યુદર વધઘટ થવાના કારણો જુદા-જુદા હોઈ શકે છે. એકમ - 7માં ભારતમાં ઘટી રહેલા મૃત્યુદરના કારણો કયા છે, તેની વિગતવાર ચર્ચા કરેલ છે. 'વસ્તી' એક સંશોધનનો વિષય છે. સંશોધનોનાં પરિણામ સ્વરૂપ અનેક સિદ્ધાંતો સ્થપાયા છે. એડવીન, કેમન, ઓડર્સ વગેરે જેવા વિદ્વાનોએ માથાદીઠ આવકને અનુલક્ષીને ઇષ્ટ વસ્તી કે આદર્શ વસ્તી પર ભાર મૂક્યો છે. વસ્તીનાં સિદ્ધાંત તરીકે ઇષ્ટ વસ્તીનાં સિદ્ધાંતની સમજૂતી એકમ - 8માં આપેલ છે. વસ્તીનાં પ્રમાણનો આધાર જે તે દેશના આર્થિક વિકાસ પર રહેલો છે. જે વસ્તી સંક્રાંતિના સિદ્ધાંત સાથે સંકળાયેલ બાબત છે. વસ્તીનાં સિદ્ધાંત તરીકે વસ્તી સંક્રાતિનાં સિદ્ધાંતની ચર્ચા એકમ - 9માં કરેલ છે. માનવીની પ્રાથમિક જરૂરિયાતો પરિપૂર્ણ થાય તો, પોષણ મળતા વસ્તીનું પ્રમાણ વધે છે. પરંતુ તેનાથી ઉલટું જ્યારે વસ્તીનું પ્રમાણ સતત વધતું જતું હોય અને વસ્તીની પ્રાથમિક જરૂરિયાતોનાં સાધનો, ખોરાકનો પૂરવઠો એટલી ગતિથી વધતો નથી ત્યારે અનેક સામાજિક સમસ્યાઓ જન્મે છે. માલ્થસે વસ્તીવૃદ્ધિ અને સંસાધનો વચ્ચેના સંબંધો તપાસ્યા છે. આથી આ જ બાબતને કેન્દ્રમાં રાખીને એકમ – 10માં વસ્તીનાં સિદ્ધાંત તરીકે માલ્થસનાં સિદ્ધાંતની વિગતવાર સમજૂતી આપેલ છે.

એકમ 1

# સામાજિક વસ્તીશાસ્ત્રનો અર્થ, કાર્યક્ષેત્ર અને મહત્ત્વ

**-: રૂપરેખા :-**


**1.0 ઉદ્દેશ્યો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 વસ્તીશાસ્ત્ર**

**1.3 સામાજિક વસ્તીશાસ્ત્રનું કાર્યક્ષેત્ર**

**1.4 સામાજિક વસ્તીશાસ્ત્રનું મહત્ત્વ**

**1.5 સારાંશ**

**1.6 તમારી પ્રગતિ ચકાસો**

**1.7 સંદર્ભ-સૂચિ**


## 1.0 ઉદ્દેશ્યો

*વિદ્યાર્થીમિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે*

- *વસ્તીનાં કદ તથા આકાર વિશે સમાજશાસ્ત્રીય સમજ મેળવવી.*
- *વસ્તીવૃદ્ધિ દ્વારા સામાજિક ગતિશીલતાની સમજ પ્રાપ્ત કરવી.*
- *વસ્તીવૃદ્ધિ દ્વારા ઊભી થતી સમસ્યાઓને વૈજ્ઞાનિક રીતે સમજવી.*
- *સામાજિક વસ્તીશાસ્ત્રની અભ્યાસસામગ્રી સમજવી.*
- *સામાજિક વસ્તીશાસ્ત્રનું મહત્ત્વ સમજવું*

## 1.1 પ્રસ્તાવના

*માનવની સભ્યતાની પ્રવર્તમાન સ્થિતિ સુધી પહોંચવામાં અનેક તબક્કાઓ મહત્ત્વના રહ્યા છે. ભટકતા જંગલી જીવનમાંથી કૃષિ-આધારિત અર્થવ્યવસ્થા, સમાજ-વ્યવસ્થા અને ત્યારબાદ પ્રવર્તમાન આધુનિક સામાજિક વ્યવસ્થા સુધીના તબક્કાઓ પ્રમુખ કહી શકાય. વસ્તી એ સામાજિક વ્યવસ્થાનું મહત્ત્વનું પાસું છે. વસ્તીનું કદ અને આકાર સામાજિક વ્યવસ્થાના સંખ્યાત્મક પાસાઓ છે, આ સંખ્યાત્મક પાસાઓના માધ્યમથી ગુણાત્મક પાસાઓની વૈજ્ઞાનિક સમજ પ્રાપ્ત કરી શકાય છે. સામાજિક વસ્તીશાસ્ત્રના ક્ષેત્રોમાં અનેક સંશોધનો થતા રહે છે. આ સંશોધનોમાં ભારતના સંદર્ભમાં દર દસ વર્ષે થતી વસ્તી ગણતરી મહત્ત્વનો દસ્તાવેજ બની રહે છે. વસ્તી ગણતરીના માધ્યમથી પ્રાપ્ત થતી આંકડાકીય માહિતી ભારતીય સમાજજીવન અને તેના ગુણાત્મક પાસાઓ સમજવા ઉપયોગી સાબિત થાય છે. વસ્તી ગણતરી દ્વારા પ્રાપ્ત આંકડાકીય માહિતીના જુદાજુદા*

*સમાજ વૈજ્ઞાનિકો દ્વારા આંકડાઓનું વર્ગીકરણ અને વિશ્લેષણ કરી, ભારતીય સામાજિક વ્યવસ્થાના પ્રશ્નો, પરિવર્તનો તેમજ આયોજનની નીતિ ઘડવામાં આવે છે.*

*સામાન્ય રીતે સમાજ-જીવનને સમજવા માટે બે પ્રકારના વિજ્ઞાનો ઉપલબ્ધ છે. એક પ્રાકૃતિક વિજ્ઞાનો અને બીજા સામાજિક વિજ્ઞાનો. સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે, જેમાં સામાજિક જીવનના અનેક પાસાઓનો વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા અભ્યાસ કરવામાં આવે છે. સમાજશાસ્ત્રનો ઉદ્દભવ યુરોપમાં અને તેનો સૈદ્ધાંતિક વિકાસ અમેરિકામાં થયો છે. સમાજશાસ્ત્રના ઉદ્દભવથી લઈ પ્રવર્તમાન સમય સુધીમાં અનેક ક્ષેત્રોમાં સંશોધનો થતા રહ્યા છે, જેના ફળ સ્વરૂપ સમાજશાસ્ત્ર અનેક શાખાઓ ઉદ્દભવી અને વિકાસ પામી છે, જેમકે નગરનું સમાજશાસ્ત્ર, વિકાસનું સમાજશાસ્ત્ર, આદિવાસીનું સમાજશાસ્ત્ર, ગ્રામીણ સમાજશાસ્ત્ર, મહિલાઓનું સમાજશાસ્ત્ર, સમસ્યાઓનું સમાજશાસ્ત્ર, ક્રિયાઓનું સમાજશાસ્ત્ર, સ્વાસ્થ્યનું સમાજશાસ્ત્રઘ નવરાસનું સમાજશાસ્ત્ર વગેરે... તેવી જ રીતે વસ્તીનું સમાજશાસ્ત્ર એ સમાજશાસ્ત્રની મહત્ત્વની શાખા છે.*

*કોઈપણ સમાજની વસ્તીનો અભ્યાસ અનેક દૃષ્ટિએ મહત્ત્વનો બને છે. વસ્તીનું પ્રમાણ અને તેનો પ્રકાર પ્રજાના આર્થિક વિકાસ અને કલ્યાણ પર મહત્ત્વની અસરો પડે છે. ખરેખર વસ્તીનું આયોજન આર્થિક વિકાસના આયોજનનો એક મહત્ત્વનો ભાગ જ છે. પ્રવર્તમાન સમયમાં જ્યારે ભારતીય સમાજની વસ્તી વિશ્વના બીજા ક્રમમાં સ્થાન ધરાવતી હોય ત્યારે વસ્તીનીતિ અને આયોજન ભારતીય સમાજ માટે મહત્ત્વનું બની રહે છે. વસ્તીના સમાજશાસ્ત્રમાં થતા સંશોધનો ભારતીય સમાજની કલ્યાણકારી નીતિઓ ઘડવામાં પોતાનું આગવું અને મહત્ત્વનું સ્થાન ધરાવે છે.*

*રાષ્ટ્ર અને સમાજના વિકાસનો આધાર નીતિ અને આયોજન છે, માટે સમાજશાસ્ત્રીય ભૂમિકા અહીંયાં મહત્ત્વની બની જાય છે. માટે વસ્તીનાં સમાજશાસ્ત્રનો અભ્યાસ મહત્ત્વનો બની રહે છે.*

## 1.2 વસ્તીશાસ્ત્ર

*"વસ્તીશાસ્ત્ર" શબ્દને અંગ્રેજીમાં* 'Demography' *તરીકે ઓળખવામાં આવે છે. અંગ્રેજી શબ્દ* 'Demography' *ગ્રીક શબ્દ* 'Demos' *એટલે કે લોકો અને* Graphy *એટલે શાસ્ત્ર એમ બે શબ્દ ઉપરથી ઊતરી આવેલ છે. વસ્તી-શિક્ષણને વસ્તીશાસ્ત્ર* 'Demography' *તથા "વસ્તી-અભ્યાસ"* (Population Studies) *એમ બે રીતે ઓળખવામાં આવે છે.* 1855*માં* 'Demography' *શબ્દ સૌ પ્રથમ ગુઈલાર્ડ દ્વારા કરવામાં આવ્યો હતો.* (Population Studies) *"વસ્તી-અભ્યાસ" શબ્દ અધિક પ્રચલિત હોવા છતાં વર્તમાન સમયમાં* Demography *"વસ્તીશાસ્ત્ર" શબ્દ વસ્તી-શિક્ષણના સ્વરૂપને અધિક સ્પષ્ટ કરે છે. (પ્રો. જે.એન. દેસાઈ, પ્રો. બી.કે. ભટ્ટઃ વસ્તી શિક્ષણ:*1*)*

*ઈ. ગુઈલર્ડના મતે "વસ્તીશાસ્ત્ર સંખ્યાત્મક માનવપ્રાણીનો પ્રાકૃતિક અને સામાજિક ઈતિહાસ છે. જેમાં લોકોની જનસંખ્યાનો અભ્યાસ, તેમાં આવતા પરિવર્તનો તથા આર્થિક, નગરીય, બૌદ્ધિક અને નૈતિક સંરચનાનો અભ્યાસ કરવામાં આવે છે." (સમાજશાસ્ત્ર કોશ* Vol-1,*હરિકૃષ્ણ રાવતઃ* 32*)*

*હોસર તથા ડંકનના મતે "વસ્તીશાસ્ત્ર વસ્તીનું કદ, ભૌગોલિક વિતરણ, વસ્તીની સંરચના, જન્મદર, મૃત્યુદર, સ્થળાંતર અને સામાજિક ગતિશીલતા તથા તેમનાથી આવતા પરિવર્તનોનો અભ્યાસ કરે છે." (પ્રો. જે.એન. દેસાઈ, પ્રો. બી.કે. ભટ્ટઃ વસ્તી શિક્ષણ:2)*

*આમ વસ્તીશાસ્ત્રમાં જે તે ભૌગોલિક વિસ્તારમાં વસવાટ કરતા માનવ સમુદાયની સંખ્યાત્મક અને ગુણાત્મક માહિતીને દસ્તાવેજ સ્વરૂપે સંગ્રહ કરવામાં આવે છે. આમ અહીં તેને આધારે જે તે સમાજજીવનમાં વસવાટ કરતા જનસામાન્ય વિશેની માહિતી મેળવી આયોજનો કરવામાં આવતા હોય છે. વસ્તી ગણતરીના માધ્યમથી સામાજિક નીતિ અને આયોજનો થતા હોય છે. જે ભવિષ્યના સમાજની દિશા અને દશા નક્કી કરતા હોય છે.*

*સામાજિક વસ્તીશાસ્ત્ર એ સમાજ-જીવનનો સંખ્યાત્મક અને ગુણાત્મક અભ્યાસ કરતું સામાજિક વિજ્ઞાન છે. જે તે વિસ્તારમાં વસવાટ કરતા માનવ સમુદાયનો ધર્મ, નિરક્ષરતા, મકાનની શૈલી, ભૌતિક સગવડો, જન્મદર-મૃત્યુદર, જાતિ-પ્રમાણ, પ્રજનનશીલતા, 0 થી 6 વર્ષના બાળકોનું પ્રમાણ જેવા સામાજિક મુદ્દાઓનો સમાવેશ થાય છે. સામાજિક વસ્તીશાસ્ત્ર સંખ્યાત્મક માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ કરી સમસ્યાઓના સમાધાન માટેના સૂચનો કરવાની મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. સામાજિક વસ્તીશાસ્ત્રના કાર્યક્ષેત્રની સમજ મેળવવાથી આ બાબત વધુ સ્પષ્ટ થશે.*

## 1.3 સામાજિક વસ્તીશાસ્ત્રનું કાર્યક્ષેત્ર

### 1.3.1 વસ્તીનાં સામાજિક બંધારણનો અભ્યાસ

*સામાજિક વસ્તીશાસ્ત્ર સામાજિક બંધારણનો વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યથી અભ્યાસ કરે છે. જેમાં, જે તે વિસ્તાર કે સમાજમાં વસવાટ કરતા લોકોમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ, વયજૂથ પ્રમાણ, 0 થી 6 વર્ષના બાળકોનું પ્રમાણ, લગ્ન, કુટુંબનો પ્રકાર, ધંધા-રોજગાર, જન્મદર, મૃત્યુદર, સાક્ષરતા દર, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વ્યંઢળ વિકલાંગ, ગ્રામીણ-શહેરી વસ્તી અને રહેઠાણ, ગીચતા, શહેરીકરણ, સ્થળાંતર વગેરે જેવા સમાજજીવનને સ્પર્શતા મુદ્દાઓનો વૈજ્ઞાનિક દષ્ટિકોણથી અભ્યાસ કરતું શાસ્ત્ર છે. સામાજિક બંધારણમાં જે તે નિશ્ચિત ભૌગોલિક વિસ્તારમાં વસવાટ કરતા લોકોની આર્થિક પ્રવૃત્તિઓ, ધર્મ અને જાતિ, લિંગ-પ્રમાણ, લગ્ન, કુટુંબ, શહેરી-ગ્રામીણ વગેરે પાસાઓનો અભ્યાસ કરવામાં આવે છે, જેના માધ્યમથી સમાજના રચનાકીય પાસાઓની સમજ પ્રાપ્ત થાય છે.*

### 1.3.2 વસ્તીનાં રચનાત્મક અને કાર્યાત્મક પાસાઓનો અભ્યાસ

*સામાજિક વસ્તીશાસ્ત્ર સમાજના રચનાત્મક અને કાર્યાત્મક એમ બે મહત્ત્વના પાસાઓની સમજ પૂરી પાડે છે. રચનાત્મક બાબતોમાં જે તે સમાજમાં વસવાટ કરતા માનવ સમુદાયની વિશેષતાઓ, જેવી કે ધર્મ, જ્ઞાતિ, જાતિ, આર્થિક પ્રવૃત્તિઓ, વસવાટની ઢબ, લિંગ-પ્રમાણ, ગ્રામીણ-શહેરી વસ્તી વગેરે. જ્યારે ક્રિયાત્મક પાસાઓમાં ગ્રામીણ-શહેરી લોકોની આર્થિક પ્રવૃત્તિઓ, સ્થળાંતર, શહેરીકરણ, પરિવર્તન, સમસ્યાઓ વગેરે બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે. કુટુંબ સંસ્થા, લગ્ન સંસ્થા, આર્થિક સંસ્થા, કાયદો-કાનૂન, લિંગ-પ્રમાણ, ધર્મ સંસ્થા, ગ્રામીણ-શહેરી વસવાટ વગેરે સમાજના રચનાત્મક પાસાઓને વ્યક્ત કરે છે. જ્યારે આર્થિક પ્રવૃત્તિઓ, પરિવર્તનો, સ્થળાંતર, જીવનશૈલીમાં બદલાવ, જન્મદર-મૃત્યુદર, જાતિ પ્રમાણમાં આવતા પરિવર્તનો, સમાજના કાર્યાત્મક પાસાઓને વ્યક્ત કરે છે. આ બંને બાબતોનો અભ્યાસ વસ્તીનાં સામાજિક શાસ્ત્રમાં કરવામાં આવે છે.*

### 1.3.3 વસ્તી અને સામાજિક પરિવર્તન

*સમાજમાં બાળકો, યુવાનો, વૃદ્ધ, સ્ત્રી-પુરુષ વગેરેનું સમતુલન જરૂરી છે. સમાજના કાર્યાત્મક અને રચનાત્મક પાસાઓમાં આવતા પરિવર્તનોને સામાજિક પરિવર્તન કહેવામાં આવે છે. પ્રવર્તમાન ભારતીય સમાજમાં સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ ચિંતાનો વિષય છે, જેને કારણે ઘણા યુવાનો લગ્નથી વંચિત રહી જાય છે. યોગ્ય ઉંમરે, યોગ્ય જીવનસાથે ન મળવાથી લગ્નસંસ્થા પર વિપરીત અસરો પડતી હોય છે. જેમકે ફરજિયાત કુંવારાપણું. જેના કારણે બળાત્કાર જેવી ઘટનાઓમાં વધારો થતો જાય છે. આમ સ્વસ્થ સમાજ માટે વસ્તીના પ્રમાણમાં યોગ્ય જાતિ પ્રમાણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જેનો અભ્યાસ વસ્તીના સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ બને છે. વસ્તીની અસમતુલા અનેક સામાજિક સંસ્થાઓ પર નકારાત્મક અસર પેદા કરે છે, જેમકે યુવાનોનું ઘટતું પ્રમાણ શ્રમ અને આર્થિક સંસ્થાને પ્રભાવિત કરે છે. ભ્રૂણહત્યા લગ્ન સંસ્થા પર નકારાત્મક અસરો પેદા કરે છે. આમ શિક્ષિત યુવાસમાજ નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા અદા કરી શકે છે. જન્મ અને મૃત્યુના વધતા-ઘટતા પરિણામોની અસર સમાજ પર પડે છે. આમ સમાજમાં આવતા પરિવર્તનોનો આધાર જે તે સમાજની વસ્તીના બંધારણને આભારી કહી શકાય. જેનો અભ્યાસ વસ્તીના સમાજશાસ્ત્રમાં કરવામાં આવે છે.*

### 1.3.4 વસ્તીનું કદ અને ગીચતા

*કોઈપણ રાષ્ટ્ર કે સમાજની ભૌગોલિક સીમા અને ક્ષેત્રફળ સુનિશ્ચિત હોય છે. ભારતના સંદર્ભમાં વાત કરીએ તો ભારતના ક્ષેત્રફળની તુલનામાં આઝાદી પછી માનવ વસ્તીમાં વધારો થવાને કારણે રહેઠાણની સમસ્યાઓ સર્જાઈ છે, તેની સાથે-સાથે ગંદા વસવાટો, ગુનાખોરી, સ્થળાંતર, શહેરીકરણની વિકટ સમસ્યાઓનું નિર્માણ થયું છે. વધતી જતી વસ્તીને કારણે ભારતમાં કુટુંબ કલ્યાણ અને શહેરી આયોજન માટેના પ્રશ્નોનું*

*સર્જન ગંભીર સમસ્યા બની ગઈ છે. વધતી જતી વસ્તીએ શહેરીકરણની પ્રક્રિયાને વેગ આપ્યો છે. ગ્રામીણ સમાજ પર ભૂમિ ભાર વધ્યો છે જેના કારણે લોકો સંયુક્ત કુટુંબમાંથી વિભક્ત કુટુંબ તરફ શહેરોમાં સ્થળાંતર કરવા લાગ્યા છે. જેને કારણે શહેરી વિસ્તારોમાં વસ્તી વધવાને કારણે માળખાગત સુવિધાઓના અભાવની સમસ્યાઓ સર્જાય છે. આમ દરેક સમાજમાં ઝડપથી વધતી જતી વસ્તી અનેક સમસ્યાઓનું સર્જન કરે છે, માટે વસ્તીનું તંદુરસ્ત કદ મહત્ત્વનું કહી શકાય. આ તમામ પાસાઓનો અભ્યાસ વસ્તીનાં સમાજશાસ્ત્રનું અભ્યાસ ક્ષેત્ર બની રહે છે.*

### 1.3.5 વસ્તી અને સમાજ વચ્ચેનો સંબંધ

*વસ્તી અને સમાજ એકજ બાબતના બે પાસાઓને વ્યક્ત કરે છે. વસ્તીનાં વધારા-ઘટાડાથી સમાજનું રચનાતંત્ર પ્રભાવિત થાય છે. વસ્તીની સમતુલા સમાજના સ્વાસ્થ્ય માટે મહત્ત્વની કહી શકાય. વસ્તી એ સંખ્યાત્મક જ્યારે સમાજ એ ગુણાત્મક ખ્યાલ છે. પરંતુ વાસ્તવમાં એક સિક્કાની બે બાજુ વ્યક્ત કરે છે. જે તે સમાજમાં વસવાટ કરવાવાળા લોકોની લાક્ષણિકતાઓ જે તે સમાજનું વાસ્તવિક દર્શન કરાવે છે. ઉદાહરણ તરીકે, જોઈએ તો જે સમાજમાં યુવાનો શિક્ષિત, તંદુરસ્ત, બંધારણનું સન્માન કરવાવાળા હોય તો, તે ચોક્કસ સમાજના વિકાસમાં પોતાનું યોગદાન આપી શકે છે અને સમાજ પ્રગતિશીલ બની રહે છે. સ્વસ્થ અને તંદુરસ્ત સમાજનો આધાર વસ્તી પર રહેલો છે. વસ્તી અને સામાજિક-આર્થિક વિકાસ વચ્ચે ક્રિયા-પ્રતિક્રિયા થાય છે. વસ્તીનું ઈષ્ટતમ કદ સમાજના સર્વાંગી વિકાસ માટે આવશ્યક છે. આમ વસ્તી અને સમાજ બંને પરીવાર્તાઓ વચ્ચેના કાર્યકારણ સંબંધનો અભ્યાસ વસ્તીનાં સમાજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર છે.*

### 1.3.6 વસ્તી અને સમસ્યાઓ

*વસ્તીના સમાજશાસ્ત્રમાં વસ્તીને કારણે સર્જાતી સમસ્યાઓ અને તેના ઉકેલો માટેના મહત્ત્વના અભ્યાસો થતા હોય છે. વધતી જતી વસ્તી એક સમસ્યા છે, જ્યારે તેના કારણે ઊભી થતી અન્ય સમસ્યાઓ બીજી સમસ્યા છે, જેનો અભ્યાસ વસ્તીના સમાજશાસ્ત્રમાં કરવામાં આવે છે. વસ્તી વધારો અનેક માળખાગત-પાયાગત સમસ્યાઓનું સર્જન કરે છે. જેમકે, સ્થળાંતર, શહેરીકરણ, ગંદા વસવાટ, ગુનાખોરી, રહેઠાણની તંગી, મૂળભૂત જરૂરિયાતોની તંગી, બેકારી, જમીન પરનું ભારણ વગેરે પરિબળોનું નિર્માણ કરી અનેક સમસ્યાઓનું સર્જન કરે છે. વસ્તીનીતિ અને આયોજનનો અભાવ અનેક સમસ્યાઓ ઊભી કરે છે. જે સમાજના વિકાસમાં બાધક બની રહે છે. આ પાસાઓનો અભ્યાસ પણ વસ્તીના સમાજશાસ્ત્રનું અભ્યાસવસ્તુ છે.*

### 1.3.7 વસ્તી શિક્ષણ અને વસ્તી સિદ્ધાંત

*વસ્તી શિક્ષણ એટલે જે તે ભૌગોલિક વિસ્તારમાં વસવાટ કરતા માનવ સમુદાયની સંખ્યાત્મક અને ગુણાત્મક પાસાઓનો વૈજ્ઞાનિક ખ્યાલ. વસ્તી શિક્ષણના માધ્યમથી સમાજની સમસ્યાઓ અને તેના સમાધાન માટેનો વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ પ્રાપ્ત થાય છે. વસ્તીનું વર્ગીકરણ અને વિશ્લેષણ કરતા સિદ્ધાંતોમાં માલ્થસનો સિદ્ધાંત, ઈષ્ટ*

*વસ્તીનો સિદ્ધાંત અને વસ્તી સંક્રમણનો સિદ્ધાંત વગેરે મહત્ત્વના છે. સિદ્ધાંત જે તે સામાજિક ઘટનાઓને વૈજ્ઞાનિક રીતે તપાસવો દષ્ટિકોણ કે પરિપ્રેક્ષ્ય હોય છે. સિદ્ધાંતના માધ્યમથી સમાજ વ્યવસ્થા અને તેને તપાસવા માટેના જુદાજુદા પાસાઓની સમજ પ્રાપ્ત થાય છે. વસ્તી અંગેના સિદ્ધાંતો વસ્તી સાથે સંકળાયેલ હકારાત્મક અને નકારાત્મક પાસાઓને વ્યક્ત કરે છે, જેના માધ્યમથી સમસ્યાઓના સમાધાન અને આયોજનો માટે ઉપયોગી બની રહે છે. જેનો અભ્યાસ વસ્તીનાં સમાજશાસ્ત્રમાં કરવામાં આવે છે.*

### 1.3.8 સ્થળાંતર અને શેરીકરણ

*વસ્તીનું વધતું પ્રમાણ સ્થળાંતર અને શહેરીકરણના સહાયક પરિબળો કહી શકાય. આઝાદી પછી ભારતમાં ગ્રામીણ સમાજમાંથી શહેરી સમાજ તરફનું સ્થળાંતર વધતું ગયું છે. ગ્રામીણ સમાજમાં વસ્તી વધવાને કારણે જમીન પરનું દબાણ વધ્યું છે, તેથી ગ્રામીણ સમાજના લોકો ધંધા-રોજગાર માટે શહેરો તરફ દોટ મૂકે છે. જેના પરિણામે શહેરીકરણ ઝડપી બન્યું છે. શહેરમાં વસ્તી વધારાથી અનેક સમસ્યાઓ ઊભી થઈ છે, જેમકે ગંદા વસવાટ, ગુનાખોરી તેમજ પ્રાથમિક સુવિધાઓનો અભાવ જેવી સમસ્યાઓ ઊભી થઈ છે. હવા અને પાણીનું પ્રદૂષણ, શિષણ અને આરોગ્યના પ્રશ્નો, નીચું જીવનધોરણ, વસવાટની તીવ્ર અછત વગેરે સમસ્યાઓના મૂળ વધતી જતી વસ્તીનું પરિણામ કહી શકાય, જેનો અભ્યાસ વસ્તીનાં સમાજશાસ્ત્રમાં કરવામાં આવે છે.*

### 1.3.9 વસ્તીનીતિ કે વસ્તી આયોજન (કુટુંબકલ્યાણ અને કુટુંબનિયોજન)

*વધતી જતી વસ્તીને કારણે વિશ્વના તમામ દેશોમાં વસ્તીનીતિ ઘડવામાં આવે છે. ભારતમાં પણ દર દસ વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવે છે, જેને સેન્સસ તરીકે ઓળખવામાં આવે છે. આ વસ્તી ગણતરીના આધારે વસ્તીનીતિ તૈયાર કરવામાં આવે છે. વસ્તી વધે એટલે જરૂરિયાતો પણ વધે છે જેને પહોંચી વળવા માટે આયોજનની જરૂરિયાત ઊભી થતી હોય છે. વસ્તીની જરૂરિયાતો પૂરી કરવા માટે કૃષિ વિકાસ, ઔદ્યોગિક વિકાસ, આંતરિક સ્થળાંતર, વિદેશમાં વસવાટ, કુટુંબ નિયોજન, શિક્ષણ, આરોગ્ય, વસવાટની જરૂરિયાતો, કુટુંબ કલ્યાણ, આંતરમાળખાકીય સુવિધાઓ જેવા પાસાઓની ચર્ચા કરવામાં આવે છે. કોઈપણ સમાજના વિકાસમાં વસ્તી આયોજન કે નીતિનો મહત્ત્વનો ફાળો રહેલો હોય છે. વસ્તીનીતિના માધ્યમથી ભવિષ્યમાં ઊભી થવાવાળી જરૂરિયાતને વિચારવામાં આવે છે. આઝાદી પછી કટોકટી પછીની વસ્તીનીતિમાં કુટુંબ કલ્યાણ અને કુટુંબ નિયોજન પર વધારે ભાર મૂકવામાં આવ્યો છે. ભારતીય સમાજમાં વધતી જતી વસ્તીનું પ્રમાણ અનેક સમસ્યાઓ સર્જે છે, જેને દૂર કરવા માટે 'નાનું કુટુંબ સુખી કુટુંબ'ના સૂત્રને ધ્યાને લઈ વસ્તીનીતિનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર બાબતોનો અભ્યાસ વસ્તીના સમાજશાસ્ત્રમાં કરવામાં આવે છે.*

### 1.3.10 વસ્તીવૃદ્ધિના નિર્ણાયક પરિબળો

*વસ્તીશાસ્ત્રમાં વસ્તી વૃદ્ધિના મહત્ત્વના પરિબળોનો અભ્યાસ કરવામાં આવે છે. જેમકે ભારતના સંદર્ભમાં વસ્તી વધારા માટે અનેક પરિબળો જવાબદાર છે, જેવાકે જન્મદર, મૃત્યુદર, સ્થળાંતર પ્રજનનક્ષમતા, નાની વયે લગ્ન તેમજ આરોગ્ય વિષયક સેવાઓ. ભારતીય સમાજમાં પરંપરાથી બાળલગ્નો થતા આવ્યા છે. જેને કારણે સ્ત્રી નાની વયે માતા બને છે. આવા સંજોગોમાં દિકરાનું મહત્ત્વ ધરાવતા પુરુષપ્રધાન ભારતીય સમાજમાં વસ્તી વધતી જાય છે. આઝાદી પછી આરોગ્ય વિષયક સેવા અને ખોરાકને કારણે મૃષ્યુદર નીચો ગયો છે, જેથી વસ્તીમાં વધારો થયો છે. આમ જે તે સમાજના સંદર્ભ માળખામાં વસ્તી વધારાના જુદાજુદા કારણો હોય છે. જેનો અભ્યાસ વસ્તીનાં સમાજશાસ્ત્રમાં કરવામાં આવે છે.*

*સમાજે-સમાજે, પ્રદેશે-પ્રદેશે વસ્તી વધારાના કારણો જુદાજુદા હોય છે. વસ્તીવધારો સાપેક્ષ ખ્યાલ છે, પરંતુ કેટલાક સ્સામાન્ય મુદ્દાઓ જે વસ્તીના સમાજશાસ્ત્રનું અભ્યાસવસ્તુ બની રહે છે. વસ્તી વધારાના ખ્યાલને જે તે દેશની ભૌગોલિક સીમા, ક્ષેત્રફળ અને આર્થિક વિકાસને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.*

## 1.4 સામાજિક વસ્તીશાસ્ત્રનું મહત્ત્વ

*દરેક શાસ્ત્ર તેના સંદર્ભ માળખામાં પોતાનું મહત્ત્વ ધરાવે છે, તેવી જ રીતે સામાજિક વસ્તીશાસ્ત્રની આગવી ઉપયોગિતા અને મહત્ત્વ છે. કોઈપણ દેશની વસ્તીનો અભ્યાસ અનેક દૃષ્ટિએ મહત્ત્વનો બને છે. વસ્તીનું પ્રમાણ અને પ્રકાર જે તે સમાજના આર્થિક-સામાજિક અને વિકાસ પર મહત્ત્વની અસરો પડે છે. વસ્તીનું આયોજન કાર્ય આર્થિક અને સામાજિક વિકાસ માટેનું મહત્ત્વનું પરિબળ છે. ભારતમાં થતી દર દસ વર્ષે વસ્તીગણતરી ભવિષ્યના સમૃદ્ધ સમાજ માટેનો પાયો છે. સમાજમાં શ્રમ અને નિયોજનનો પુરવઠો વસ્તી પર પ્રત્યક્ષ રીતે આધાર રાખે છે. બજારના કદનો આધાર પણ જનસંખ્યા પર રહેલો છે. સમાજની ઘણી બધી સમસ્યાઓનું સમાધાન સામાજિક વસ્તીશાસ્ત્રમાં થતા અભ્યાસોના માધ્યમથી આયોજનો કરી લાવી શકાય છે. આમ વિકસતા ભારતના અર્થતંત્રમાં વસ્તીની સમસ્યાઓનો અભ્યાસ વિશેષ મહત્ત્વ ધરાવે છે.*

### 1.4.1 વસ્તીનાં સામાજિક ભૂગોળને સમજવા

*વસ્તીનું સમાજશાસ્ત્ર જે તે પ્રદેશના સામાજિક ભૂગોળને સમજવા માટે ઉપયોગી છે. જેમકે ભારતમાં જુદાજુદા રાજ્યોમાં જાતિ કે લિંગ પ્રમાણ જુદું-જુદું હોય છે, તો આવું કેમ છે તેઓ અભ્યાસ વસ્તીશાસ્ત્રમાં કરવામાં આવે છે. દીકરીનું ઘટતું પ્રમાણ માટે કયા પરિબળો જવાબદાર છે તેનો અભ્યાસ કરી સમસ્યાનું સમાધાન વસ્તીશાસ્ત્ર સૂચવે છે. આમ જે તે સમાજની સામાજિક, ભૂગોળનો અભ્યાસ કરી સમસ્યાઓના સમાધાન લાવી શકાય છે. જે તે પ્રદેશમાં ગરીબી, બેકારી, સ્ત્રીઓનું નિમ્ન સ્થાન, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સ્ત્રી-પુરુષ પ્રમાણ, લગ્નવય, ધર્મ, ભાષા, વિકલાંગો વગેરે*

*બાબતો સામાજિક ભૂગોળને સમજવામાં મહત્ત્વની છે જેને ધ્યાનમાં રાખી ભવિષ્યની નીતિ અને આયોજનો કરવામાં ઉપયોગી બની રહે છે. આમાં સામાજિક ભૂગોળ સમાજની મહત્ત્વની લાક્ષણિકતાઓ દર્શાવે છે. જેની માહિતી વસ્તીનાં સમાજશાસ્ત્રમાંથી પ્રાપ્ત થાય છે.*

### 1.4.2 વસ્તીનાં સામાજિક કદ અને આકારને સમજવા

*વસ્તીનો આકાર અને કદ જે તે સમાજને સમજવાનો મહત્ત્વનો આધાર છે. દેશ કે પ્રદેશમાં ક્ષેત્રફળ મુજબ કેટલા લોકો વસવાટ કરે છે તેની માહિતી વસ્તીનાં સમાજશાસ્ત્રમાંથી મળી રહે છે. જે તે વિસ્તારમાં ધર્મ, ભાષા, જાતિ વગેરેના સમુદાયની માહિતી ભવિષ્યના આયોજન માટે મહત્ત્વનો દસ્તાવેજ કહી શકાય. સ્ત્રી-પુરુષનું પ્રમાણ, સાક્ષરતા દર, બેકારી, રહેઠાણ, સ્વાસ્થ્ય, જન્મદર, મૃત્યુદર વગેરે બાબતો સામાજિક વસ્તીશાસ્ત્રના માધ્યમથી જાણી શકાય છે. આ માહિતી વસ્તીના સામાજિક કદ અને આકારની મહત્ત્વની લાક્ષણિકતાઓ રજૂ કરે છે. 0 થી 6વર્ષના બાળકોનું પ્રમાણ, વૃદ્ધો, યુવાનો, પરણિત, અપરણિત વગેરે સામાજિક કદ અને આકારને સમજાવે છે.*

### 1.4.3 વસ્તીનીતિ અને આયોજન માટેનું મહત્ત્વ

*સામાજિક વસ્તીશાસ્ત્ર દ્વારા મળતી માહિતીને આધારે જે તે સમાજના વિકાસ માટેની આયોજન નીતિઓ ઘડાતી હોય છે. સામાજિક વસ્તીશાસ્ત્રમાં અનેક બાબતોની સંખ્યાત્મક માહિતી પ્રાપ્ત થતી હોય છે જેનું વર્ગીકરણ અને વિશ્લેષણ કરી અનેક સામાજિક સમસ્યાઓનું સમાધાન લાવવા માટેના આયોજનો થતા હોય છે. જેમકે ભારતમાં ઘટતું જતું દીકરીનું પ્રમાણ વસ્તીગણતરી દ્વારા ધ્યાન પર આવ્યું છે. જેથી લિંગ-પ્રમાણ તંદુરસ્ત કરવા માટેના પ્રયત્નો સરકાર અને જુદીજુદી એજન્સીઓ દ્વારા નીતિ-આયોજનો કરવામાં આવી રહ્યા છે. જેને પગલે ભ્રૂણહત્યા એક ગુનો બનાવ્યો છે. આમ ભવિષ્યમાં આવવાવાળી સમસ્યાઓના સમાધાન માટે વસ્તીનીતિ અને આયોજન જરૂરી છે. જેનો માહિતીનો પ્રાથમિક સ્રોત વસ્તીનું સમાજશાસ્ત્ર છે.*

### 1.4.4 વસ્તીવૃદ્ધિને કારણે સર્જાતી સમસ્યાઓને સમજવા અને તેના ઉકેલ માટેનું મહત્ત્વ

*ઝડપી વસ્તીવૃદ્ધિને કારણે લક્ષ્યાંક મુજબ આર્થિક વિકાસ સાધી શકાતો નથી. વસ્તીવૃદ્ધિને કારણે અનેક સમસ્યાઓનું સર્જન થાય છે. જેમકે ગંદા વસવાટ, ઝૂંપડપટ્ટી, ગુનાખોરી, અસમાન જાતિ પ્રમાણ, ફરજિયાત કુંવારાપણું, નિમ્ન આર્થિક વિકાસ જેવી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. સમાજના સર્વાંગી વિકાસ માટે આ તમામ સમસ્યાઓ બાધક બને છે. જેના સમાધાન માટે વસ્તીનું સમાજશાસ્ત્ર, વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યથી ઉકેલો સૂચવવામાં મદદરૂપ બને છે. વસ્તીવૃદ્ધિને કારણે જમીનની ઉત્પાદકતામાં અપેક્ષિત વધારો કરી શકાતો નથી ત્યારે પ્રાથમિક સુવિધાઓની તંગી ઊભી થાય છે. વસ્તીવૃદ્ધિના દર પ્રમાણે રોજગારીનું સર્જન કરી શકાતું નથી ત્યારે બેકારી-ગરીબી જેવી સમસ્યાઓ દેશના વિકાસમાં બાધક બને છે. આમ તમામ સમસ્યાઓનું*

*વૈજ્ઞાનિક સમાધાન વસ્તીનું સમાજશાસ્ત્ર સૂચવે છે, જેના આધારે વસ્તીનીતિ અને આયોજન ઘડવામાં આવે છે.*

### 1.4.5 વસ્તીવૃદ્ધિ અને સામાજિક પરિવર્તનની દિશા સમજવા

*ભારતમાં દર દસ વર્ષે થતી વસ્તીગણતરી અનેક પાસાઓને વ્યક્ત કરે છે. સમાજમાં કેવા પ્રકારના પરિવર્તનો આવી રહ્યા છે તેની દિશા નક્કી કરવા માટે વસ્તીગણતરીના આંકડાઓનું વર્ગીકરણ અને વિશ્લેષણ કરવામાં આવે છે.જન્મ, મૃત્યુ અને પ્રજોત્પાદન આ ત્રણે પ્રક્રિયાઓમાં સમાજમાં ઘણી મહત્ત્વની છે. આ ત્રણે પ્રક્રિયાઓમાં થતી વધઘટ સમાજના રચનાતંત્રીય અને કાર્યાત્મક પરિવર્તનો લાવે છે. વસ્તીની ગુણવત્તા આનુવાંશિકતા સાથે સંકળાયેલ છે. સમાજમાં વધતા જતા શારીરિક-માનસિક વિકલાંગતાની અસરો સમાજ પર પડતી હોય છે. જે તે રાષ્ટ્રમાં વધતી જતી વસ્તી તેની સમસ્યાઓમાં વધારો કરે છે, જેના કારણે સમાજનો વિકાસ રુંધાય છે. સમાજમાં શારીરિક રીતે અશક્ત વ્યક્તિઓનું પ્રમાણ વધારે હોય ત્યાં સરકાર અને સમાજનું ભારણ વધે છે. જેની અસરો નકારાત્મક આવે છે. સમાજના સામાજિક-આર્થિક તંદુરસ્ત વિકાસની દિશામાં પ્રગતિ કરવા માટે વસ્તીનું સંતુલન અને સ્વાસ્થ્ય મહત્ત્વની ભૂમિકા ભજવે છે.*

### 1.4.6 વિકાસના સંદર્ભમાં મહત્ત્વ

*વિશ્વનો દરેક સમાજ વિકાસ અને પ્રગતિ માટેના આયોજનો કરતો હોય છે. વિકાસશીલ રાષ્ટ્રો વિકસિત બનવા માટેની નીતિ અને આયોજનો કરતા હોય છે. વિકાસ અને પ્રગતિ માટે વસ્તીનું પરિબળ ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વિકાસ એ મૂળભૂત અવસ્થામાંથી ઊર્ધ્વગામી ગતિશીલતાને સૂચિત કરતો ખ્યાલ છે. ભારતમાં શિક્ષણ, સ્વાસ્થ્ય તથા કુટુંબનિયોજન મંત્રાલય હેઠળ વસ્તી શિક્ષણ વિષયને સમાવેલ છે. જે તે સમાજમાં વિકાસ માટેના આયોજનો તેના ક્ષેત્રફળમાં વસવાટ કરતા જનસમુદાયને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે, જેની માહિતી વસ્તીનું સમાજશાસ્ત્ર પૂરી પાડે છે. તેથી તેનું મહત્ત્વ વધી જાય છે. વિકાસના માપદંડોમાં શિક્ષણ, રોજગારી, સ્વાસ્થ્ય, સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ, પ્રાથમિક જરૂરિયાતોની પૂરતી, શ્રમિકો, જન્મદર, મૃત્યુદર, યુવાવર્ગ, રોજગારી, ઉત્પાદન ક્ષમતા, ઘરેલું ઉત્પાદન વગેરેનો સમાવેશ થાય છે, જેની માહિતી વસ્તીનાં સમાજશાસ્ત્રમાંથી પ્રાપ્ત થાય છે.*

### 1.4.7 શિક્ષણ, સ્વાસ્થ્ય અને કુટુંબ નિયોજનના સંદર્ભમાં મહત્ત્વ

*કોઈપણ સમાજ માટે શિક્ષણ, સ્વાસ્થ્ય અને કુટુંબ નિયોજન મહત્ત્વની બાબતો છે. સમાજના વિકાસ માટે શિક્ષણ, સ્વાસ્થ્ય અને કુટુંબ નિયોજનની યોગ્ય નીતિ અને આયોજનો કરવા પડે છે. જેની પ્રાથમિક માહિતી વસ્તીના સમાજશાસ્ત્ર દ્વારા પ્રાપ્ત થાય છે. તંદુરસ્ત સમાજના લક્ષ્યાંકને પહોંચી વળવા માટે આ ત્રણ પરિબળો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. 'શિક્ષિત યુવા શિક્ષિત સમાજ', 'સ્વસ્થ લોકો સ્વસ્થ સમાજ' અને 'નાનું કુટુંબ સુખી કુટુંબ' જેવા લક્ષ્યાંકને પહોંચી વળવા માટે યોગ્ય નીતિ અને આયોજનોની જરૂરિયાત*

*ઊભી થાય છે. જેમા વસ્તીનું સમાજશાસ્ત્ર ઉપયોગી થાય છે, જેના માધ્યમથી ભવિષ્યની જરૂરિયાતોને પૂરી કરવા માટેના પગલાં વર્તમાનમાં ભરવામાં વસ્તીનું વિશ્લેષણ મહત્ત્વનું સાબિત થાય છે.*

### 1.4.8 વસ્તીવૃદ્ધિનો ભાવિ પ્રવાહ સમજવા

*ભારતીય સમાજમાં દર દસ વર્ષે થતી વસ્તી ગણતરી દ્વારા પ્રાપ્ત આંકડાકીય માહિતીને આધારે સરકાર વસ્તી વૃદ્ધિનો દર જાણી શકે છે. વસ્તીવૃદ્ધિના પ્રવાહનું વિશ્લેષણ કરી ભાવિ વસ્તીવૃદ્ધિના દરનો અંદાજ લગાવી શકાય છે. ભારત એ યુવાનોનો દેશ કહેવાય છે કેમકે વયજૂથમાં સૌથી વધારે યુવાવર્ગના લોકો છે. યુવાવર્ગના વ્યક્તિઓ રાષ્ટ્ર નિર્માણમાં મહત્ત્વની ભૂમીકા ભજવી શકે છે. યુવાનો દેશના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપી શકે છે, માટે જ વિશ્વના તમામ દેશો માટેનું બજાર ભારત બન્યું છે. યુવાનો શ્રમના પુરવઠાની માંગને સંતોષે છે. જેથી ઘરેલું ઉત્પાદનમાં વધારો થાય છે અને સમાજના વિકાસમાં ઊર્ધ્વગામી ગતિશીલતા આવે છે. આ તમામ બાબતોની પ્રાથમિક માહિતીનો સ્રોત વસ્તીનું સમાજશાસ્ત્ર બની રહે છે.*

### 1.4.9 સમાજશાસ્ત્રના વિકાસના સંદર્ભમાં મહત્ત્વ

*સમાજશાસ્ત્રનો ઉદ્ભવ યુરોપ અને વિકાસ અમેરિકામાં થયો. કાળક્રમે તેમાં નવાનવા સંશોધનો થતા ગયા અને નવીનવી શાખાઓ વિકાસ પામી છે. તેવી જ રીતે વસ્તીનું સમાજશાસ્ત્ર વિકાસ પામ્યું છે. વસ્તીનાં સમાજશાસ્ત્રમાં નવા-નવા ક્ષેત્રોમાં દિનપ્રતિદિન સંશોધનો થતા રહે છે, જેના ફળ સ્વરૂપ વસ્તીનું સમાજશાસ્ત્ર ઘણું સમૃદ્ધ બન્યું છે. વસ્તીનું સમાજશાસ્ત્ર સમૃદ્ધ થવાથી સમાજશાસ્ત્ર વિકાસને વેગ મળ્યો છે. કોઈપણ શાસ્ત્રને પ્રસ્તુત અને પ્રવર્તમાન રહેવા માટે તેમાં સંશોધનો અને સંશોધનના નવાનવા ક્ષેત્રોનું ખેડાણ થતું રહે તે આવશ્યક છે. વસ્તીનાં સમાજશાસ્ત્રના પદ્ધતિશાસ્ત્ર અને સિદ્ધાંતોના વિકાસને કારણે સમાજશાસ્ત્ર વિકાસ અને પ્રસ્તુતતા આજે પણ અકબંધ છે.*

## 1.5 સારાંશ

*આમ સામાજિક વસ્તીશાસ્ત્રમાં જન્મદર, મૃત્યુદર, પ્રજનનશીલતા, સ્થળાંતર, વસ્તીનિયંત્રણ, કુટુંબનિયોજન, કુટુંબકલ્યાણ, વસ્તી અને વિકાસ, પરિવર્તન, જાતિ પ્રમાણ, શહેરીકરણ, વસ્તીનીતિ, આયોજનો, વસ્તીના રચનાત્મક અને કાર્યાત્મક પાસાઓ, ગીચતા, વસ્તીગણતરી, વસ્તીવૃદ્ધિ સાથે સંકળાયેલ સમસ્યાઓના સંશોધનો થતા રહે છે. આ મુદ્દાઓના સંશોધનો રાષ્ટ્ર વિકાસમાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. માટે વસ્તીનું શિક્ષણ દરેક સમાજ, સરકાર, એન.જી.ઓ. અને વ્યક્તિ માટે મહત્ત્વનું કહી શકાય.*

## 1.6 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો.**

(1) *વસ્તીશાસ્ત્રની વ્યાખ્યા કરો.*

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(2) *વસ્તી અને સમાજ વચ્ચેનો સંબંધ પાંચ લીટીમાં લખો.*

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(3) *શહેરીકરણનો અર્થ ટૂંકમાં કરો.*

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(4) *વસ્તી આયોજન એટલે શું ?*

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(5) *વસ્તી ગીચતા એટલે શું ?*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(6) *વિકાસ એટલે શું ?*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(7) *વસ્તીશાસ્ત્રનો અર્થ આપી, સામાજિક વસ્તીશાસ્ત્રનું કાર્યક્ષેત્ર સમજાવો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(8) *સામાજિક વસ્તીશાસ્ત્રનું મહત્ત્વ ઉદાહરણ સહિત સમજાવો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

…………………………………………………………………….....
………………………………………………………………………
………………………………………………………………………
………………………………………………………………………
………………………………………………………………………

## 1.7 સંદર્ભ-સૂચિ


(1) Scott Johan and Gordan Marshall, Oxford Dictionary of Sociology (2009) Oxford University press, New york.

(2) Mitra Asok, Implications of Declining Sex Ratio in India's Population (1979) ICSSR, Allied Publishers, Bombar.

(3) Petrov Victor, India Spotlight on Population-a Demographic outline (1978) progress publishers, Moscow.

(4) *રાવત હરિકૃષ્ણ, સમાજશાસ્ત્ર કોશ* VOL-1 (1986) *રાવત પબ્લિકેશન, જયપુર (હિન્દી)*

(5) *અગ્રવાલ જી.કે. સમાજશાસ્ત્ર* (1993) *સાહિત્ય ભવન, આગરા, (હિન્દી)*

(6) *જાની ગૌરાંગ, ગુજરાતઃ વસ્તી વિશ્લેષણ*-2011, (2012) *કર્મસંઘ (ઇન્ડિયા), અમદાવાદ*

(7) *દેસાઈ અક્ષયકુમાર, સમાજ ખંડ*-1, (1960),*ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ*

(8) *પ્રો. પટેલ કેશવલાલ, વસ્તી વિસ્ફોટ અને પ્રદૂષણ,* (1996), *ગુર્જર ગ્રંથરત્ન, અમદાવાદ*

(9) *કાન્હેરે ઉષા શશીકાંત, સમાજશાસ્ત્ર* (1967), *ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ*

(10) *દેસાઈ જે.એન., વસ્તી શિક્ષણ* (1989), *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય*

(11) *નાળિયેરવાળા પી.એમ., ભારતની વસ્તી સમસ્યા* (1978) *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય*

(12) *સી.સી., ગુજરાત વસ્તીની રૂપરેખા* (1976) *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય*

(13) *રાવલ ચંદ્રિકા, અને શેલજા ધ્રુવ, વસ્તી-એક સામાજિક સમસ્યા* (2005) *પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ*

# એકમ 2 સામાજિક વસ્તીશાસ્ત્રઃ એક સામાજિક વિજ્ઞાન તરીકે

-: રૂપરેખા :-


**2.0** ઉદ્દેશ્યો

**2.1** પ્રસ્તાવના

**2.2** વસ્તીનો અર્થ

**2.3** વિજ્ઞાનનો અર્થ અને લક્ષણો

**2.4** વસ્તીગણતરી

**2.5** વસ્તીશાસ્ત્રના સિદ્ધાંતો

**2.6** વસ્તીશાસ્ત્રની સંશોધન પદ્ધતિઓ

**2.7** વસ્તીશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન

**2.8** સારાંશ

**2.9** તમારી પ્રગતિ ચકાસો

**2.10** સંદર્ભ-સૂચિ


## 2.0 ઉદ્દેશ્યો

*વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે*

- *સામાજિક વિજ્ઞાનને સમજવું*
- *વસ્તીશાસ્ત્રના સિદ્ધાંતો અને વસ્તીશાસ્ત્રની સંશોધન પદ્ધતિઓ સમજવી.*
- *સામાજિક વસ્તીશાસ્ત્રનું સામાજિક વિજ્ઞાન તરીકેનું સ્વરૂપ સમજવું.*
- *સમાજશાસ્ત્રની શાખા તરીકે સામાજિક વસ્તીશાસ્ત્રની સમજ ઊભી કરવી.*

## 2.1 પ્રસ્તાવના

*પ્રવર્તમાન સમયમાં સામાન્ય રીતે બે વિજ્ઞાનો મહત્ત્વના કહી શકાય. એક પ્રાકૃતિક વિજ્ઞાન અને બીજું સામાજિક વિજ્ઞાન. કોઈપણ વિષયને વિજ્ઞાન તરીકે સ્થાપિત થવા માટે ત્રણ બાબતો મહત્ત્વની છે.* (1) *પદ્ધતિશાસ્ત્ર* (2) *સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્ય અને* (3) *અભ્યાસવસ્તુ. સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે કારણ કે તે સામાજિક સંબંધો, પાસાઓ, સામાજિક ઘટનાઓનો જુદી જુદી પદ્ધતિઓ દ્વારા વૈજ્ઞાનિક અભ્યાસ કરી ખ્યાલોની સ્પષ્ટતા કરે છે. બે સામાજિક ઘટનાઓ કે પરીવાર્તાઓ વચ્ચેનો કાર્ય-કારણ સંબંધ સમજાવે છે. આમ કોઈપણ વિષયને વિજ્ઞાનનું સ્વરૂપ આપતી ત્રણ બાબતો મહત્ત્વની કહી શકાય. સામાજિક વસ્તીશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે જેને સમજવા માટે આ ત્રણ માપદંડોનો ઉપયોગ કરવામાં આવે છે.*

## 2.2 વસ્તીનો અર્થ

*વસ્તી જૈવિક ઘટના છે, જે તે નિશ્ચિત પ્રદેશમાં વસવાટ કરવાવાળા લોકોને વસ્તી તરીકે ઓળખવામાં આવે છે. જન્મ અને મૃત્યુ એક જૈવિક બાબત છે. સમાજમાં વ્યક્તિ અગત્યનું એકમ છે. વ્યક્તિઓની સંખ્યા કે જનસંખ્યાને વસ્તી કહેવામાં આવે છે. વસ્તીશાસ્ત્ર વસ્તીમાં થતા ફેરફારો અને પરિવર્તનોનાં વિવિધ પરિબળોનો અને પાસાઓનો અભ્યાસ કરે છે. વસ્તી થકી સમાજ અને સમાજ થકી વસ્તીનું અસ્તિત્વ ટકી રહે છે.* Population in its most general sense, a population comparises the totality of the people living in a particular territory, but it has specific meaning in statistics. (Oxford Dictionary of Sociology: 2009:579) *આમ વસ્તી સંખ્યાના ખ્યાલ સાથે જે તે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતી બાબત છે.*

## 2.3 વિજ્ઞાનનો અર્થ અને લક્ષણો

*કાર્લ પિયર્સનના મતે "વિજ્ઞાન એટલે તથ્યોનું વર્ગીકરણ, એનો ક્રમ અને તથ્યનું તુલનાત્મક મહત્ત્વ દર્શાવવું તે તેનું મુખ્ય કાર્ય છે" (જી.કે. અગ્રવાલઃ* 1963:21*) વિજ્ઞાનમાં માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ કરી તથ્યોને શોધવામાં આવે છે. આ તથ્યોની શોધ સંશોધન પદ્ધતિ દ્વારા કરવામાં આવે છે. વિજ્ઞાનની પદ્ધતિ અવલોકન પર ભાર આપે છે. વિચારોની વાસ્તવિક પરીક્ષા કરવાનો પ્રયત્ન વિજ્ઞાનમાં થાય છે. વિજ્ઞાનના કેટલાક સર્વ સામાન્ય લક્ષણો જોઈએ તો, અવલોકન, નિરીક્ષણ, વર્ગીકરણ અને વિશ્લેષણ, સામાન્યીકરણ, ભવિષ્યવાણી, વૈજ્ઞાનિક પ્રવૃત્તિ, તટસ્થતા વગેરે કહી શકાય. વિજ્ઞાન બે ઘટનાઓ વચ્ચેનો કાર્ય-કારણ સંબંધ સમજાવતું જ્ઞાન છે. આમ વિજ્ઞાન એ સંશોધનના માધ્યમથી તથ્યો સુધી પહોંચવાની પ્રક્રિયા છે.*

## 2.4 વસ્તીગણતરી

*વસ્તીગણતરી કોઈપણ સમાજના વિકાસ અને આયોજન માટેની પ્રાથમિક બાબત કહી શકાય. ભારતમાં દર દસ વર્ષે વસ્તીગણતરી કરવામાં આવે છે. જેને 'સેન્સેસ' તરીકે પણ ઓળખવામાં આવે છે. 'સેન્સસ' શબ્દ લેટિન સેન્સસ પરથી લેવામાં આવેલ છે. જેનો અર્થ* to assess *અથવા* to rate *એટલે કે 'માપ કાઢવું' એમ થાય છે. "ઈસવીસન પૂર્વે બીજા કે ત્રીજા સૈકામાં રોમના મેજિસ્ટ્રેટો કરવેરા નાખવા માટે તેમજ સશક્ત પુખ્ત ઉંમરના પુરુષોને ફરજિયાત લશ્કરી સેવામાં સામેલ કરવા માટેના અંદાજો કાઢવા ચોક્કસ વિસ્તારોમાં વસ્તીગણતરી કરતા" (સી.સી. ડૉક્ટરઃ વસ્તીની રૂપરેખાઃ* 1976:5*) "ભારતમાં ઈસવીસન પૂર્વે ત્રીજા સૈકામાં મૌર્ય સામ્રાજ્યમાં વસ્તીગણતરી થયાના ઉલ્લેખો કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં જોવા મળે છે. ઈંગ્લેન્ડમાં* 1801*માં વસ્તીગણતરીનું કાર્ય શરૂ થયેલું. સને* 1865*માં ભારત સરકાર અને બ્રિટીશ સરકારે* 1867 *થી* 1872 *દરમ્યાન દેશના શક્ય હોય તેટલા લોકોની ગણતરી કરવામાં આવેલ. આધુનિક વસ્તી ગણતરીનો પાયો ભારતમાં* 1867-72*માં નાખવામાં આવેલ છે, જેને આપણે* 1872*ની વસ્તીગણતરી*

કહીએ છીએ. ત્યારબાદ સળંગ, એકસૂત્રી અને પૂર્ણ વસ્તીગણતરી સને 1881માં કરવામાં આવેલ અને ત્યારબાદ દર દસ વર્ષે નિયમિતપણે ભારતમાં વસ્તીગણતરી કરવામાં આવે છે." (સી.સી. ડૉક્ટરઃ વસ્તીની રૂપરેખાઃ 1976:8) ભારતમાં આઝાદી પહેલા વસ્તીગણતરીમાં જ્ઞાતિનું કોલમ હતું એટલે કે જ્ઞાતિ આધારિત વસ્તીગણતરી થતી હતી પરંતુ આઝાદી પછી જ્ઞાતિવિહીન સમાજના નિર્માણ હેતુ વસ્તીગણતરીમાં જ્ઞાતિને બાદ કરવામાં આવી. ભારતમાં છેલ્લે 2011માં વસ્તીગણતરી થઈ હતી.

## 2.5 વસ્તીશાસ્ત્રના સિદ્ધાંતો

વસ્તીશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાનનું સ્વરૂપ ધરાવે છે, તેની પાછળ તેની સૈદ્ધાંતિક પૃષ્ઠભૂમિ મહત્ત્વની કહી શકાય. વસ્તીશાસ્ત્રમાં વસ્તી અંગેના મુખ્યત્વે ત્રણ સિદ્ધાંતો મહત્ત્વના કહી શકાય જેની ચર્ચા પી.એમ. નારિયેળવાળાના પુસ્તક 'ભારતની વસ્તી સમસ્યા' (1978)માં કરવામાં આવી છે.

(1) માલ્થસનો સિદ્ધાંત

(2) ઈષ્ટ વસ્તીનો સિદ્ધાંત

(3) વસ્તી સંક્રમણનો સિદ્ધાંત

આપણે ત્રણે સિદ્ધાંતોની ટૂંકમાં ચર્ચા કરીએ.

### (1) માલ્થસનો સિદ્ધાંત

વસ્તીની સમસ્યા પર સૌ પ્રથમ વૈજ્ઞાનિક દષ્ટિએ વિચારવાનું મન બ્રિટીશના અર્થશાસ્ત્રી અને ગણિતજ્ઞ થોમસ માલ્થસને મળે છે. 18મી સદીના અંતમાં અને 19મી સદીની શરૂઆતમાં માલ્થસે ઈંગ્લેન્ડ અને યુરોપના બીજા રાષ્ટ્રોની આર્થિક સ્થિતિનો અભ્યાસ કર્યો. એમણે જનસંખ્યામાં થતા ફેરફારોનો ઊંડો અભ્યાસ કરીને વસ્તીનો સિદ્ધાંત રજૂ કર્યો. 1798માં "An Essay on the Principles of Populations" પ્રગટ કરીને વસ્તી અંગેના વિચારો તેમાં વ્યક્ત કર્યા. માલ્થસના વસ્તીનાં સિદ્ધાંતના મહત્ત્વના મુદ્દાઓ જોઈએ.

અનેક દેશોનો અભ્યાસ કર્યા પછી એવી રજૂઆત કરી કે વસ્તીમાં થતો વધારો જીવનનિર્વાહનાં સાધનોમાં થતા વધારા વધુ ઝડપી હોય છે. ગણિતની ભાષાનો ઉપયોગ કરીને તેમણે જણાવ્યું કે, વસ્તીનો વધારો ગુણોત્તર અથવા ભૂમિતિની રીતે થાય છે. જો વસ્તીમાં થતો વધારો અનાજના પુરવઠામાં થતા વધારા કરતા વધુ તીવ્ર હોય તો દેખીતી રીતે જ અનાજની અછત સર્જાય. તેથી વસ્તી અને ખોરાકની સમતુલા સ્થાપવા બે માર્ગો છે, એક કુદરતી અંકુશ અને બીજું પ્રતિરોધક અંકુશ. આમ પ્રસ્તુત સિદ્ધાંતમાં ફલિત થાય છે કે વસ્તી વધારો માંગ વધારે છે અને તેને પહોંચી વળવા માટેના પ્રયત્નો કરવા જોઈએ. વસ્તી વધારો દેશના આર્થિક વિકાસને પ્રભાવિત કરે છે. આમ વસ્તીનો પ્રશ્ન માત્ર સંખ્યા કે કદનો નહિ પણ કાર્યક્ષમ ઉત્પાદન અને સમાન વહેંચણીનો છે. જ્યારે વસ્તી વધારાનો દર વધુ હોય છે ત્યારે માંગ વધે છે અને પુરવઠો ઘટે છે, જેથી અનેક સમસ્યાઓ સર્જાય છે.

### (2) ઈષ્ટ વસ્તીનો સિદ્ધાંત

*આધુનિક અર્થશાસ્ત્રીઓએ વસ્તીનાં પ્રશ્નની વધુ વૈજ્ઞાનિક છણાવટ કરીને ઈસ્ટવસ્તીનો સિદ્ધાંત રજૂ કર્યો છે. આમાં એડવીન કેનન, કર સૌદર્સ વગેરેનો મુખ્ય ફાળો છે. ઈસ્ટવસ્તી દેશના કુદરતી સાધનો, જ્ઞાન અને સંજોગોના સંદર્ભમાં જનસંખ્યાનું આદર્શ પ્રમાણ રજૂ કરે છે. ઈસ્ટવસ્તી એ વસ્તીની એવી સંખ્યા છે જેટલી હોવી જોઈએ. ઈસ્ટવસ્તી ધરાવતા દેશમાં માથાદીઠ વાસ્તવિક આવક મહત્તમ હોય છે. જો જનસંખ્યા હોવી જોઈએ તેના કરતા ઓછી હોય તો અલ્પવસ્તી અને વધારે હોય તો અતિવસ્તી કહેવાય છે. અલ્પ વસ્તીની સ્થિતિમાં કુદરતી સાધન-સામગ્રીનો પૂરેપૂરો ઉપયોગ થતો નથી તેથી વસ્તી વધારો આશીર્વાદરૂપ બને છે. અતિવસ્તીની સ્થિતિમાં માનવીઓની બેકારી વધે છે. તેથી તે સંજોગોમાં વસ્તીવધારો દેખીતી રીતે જ અભિશાપરૂપ બને છે. આમ દેશ કે રાષ્ટ્રના વિકાસ માટે ઈસ્ટવસ્તીના સિદ્ધાંતને મહત્ત્વનો કહી શકાય.*

### (3) વસ્તી સંક્રમણનો સિદ્ધાંત

*વિકસતા દેશોમાં વસ્તીનાં વલણોની વધુ વિગતે સમજૂતી મેળવવા કૉલ અને હુવરે રજૂ કરેલ વસ્તી-સંક્રમણનો સિદ્ધાંતનો અભ્યાસ મહત્ત્વનો બની રહે છે. આ સિદ્ધાંત પ્રમાણે વિકસતા રાષ્ટ્રની વસ્તી વિકાસકાળ દરમ્યાન ત્રણ તબક્કાઓમાંથી પસાર થાય છે. પ્રથમ તબક્કામાં જ્યારે દેશ પછાત અને અલ્પવિકસિત અવસ્થામાં હોય ત્યારે જન્મદર અને મૃત્યુદર બંને ઊંચા હોય તેથી વસ્તીનો ચોખ્ખો વધારો પ્રમાણમાં ઘણો ઓછો હોય છે, ગરીબી, મનોરંજનના સાધનોનો અભાવ, તબીબી સગવડનો અભાવ, દુષ્કાળ, રોગચાળો વગેરેને કારણે પછાત દેશોમાં જન્મદર અને મૃત્યુદર બંને ઊંચા હોય છે. બીજા તબક્કામાં દેશ જ્યારે આર્થિક વિકાસ માટે આયોજિત પ્રયાસો કરે ત્યારે જન્મદર અને મૃત્યુદર બંને ઘટે છે, પણ જન્મદરની સરખામણીમાં મૃત્યુદરનો ઘટાડો વધુ ઝડપી વધુ હોય છે, તેથી વિકાસના આરંભના વર્ષો દરમિયાન વસ્તી વધતા દરે વધવાનું વલણ બતાવે છે. ભારત અત્યારે બીજા તબક્કામાં છે. ત્રીજા તબક્કામાં જ્યારે દેશ વિકસિત અને સમૃદ્ધ બને ત્યારે જન્મદર અને મૃત્યુદર બંને નીચા હોય છે અને વસ્તીવધારો સ્થિર બને છે. આ દષ્ટિએ તપાસતાં રાષ્ટ્રની વિકાસયાત્રા દરમિયાન વધતી જતી વસ્તી વિકાસની પ્રક્રિયાનું આનુષાંગિક પરિણામ છે અને તેને કારણે વિકસતા દેશો વસ્તીની જાળમાં સપડાય છે. કૉલ અને હુવરેના આ સિદ્ધાંતની એવી ટીકા કરવામાં આવે છે કે, આ તારણ યુરોપના દેશોને અનુભવને આધારે કાઢવામાં આવેલું છે. તેથી તે આજના વિકસતા દેશોને સંપૂર્ણ લાગુ ન પણ પડે.*

## 2.6 વસ્તીશાસ્ત્રની સંશોધન પદ્ધતિઓ

*વસ્તીશાસ્ત્રમાં સંખ્યાત્મક અને ગુણાત્મક સંશોધનો થતા હોય છે. વસ્તીશાસ્ત્રમાં બે પ્રકારની સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. એક સંખ્યાત્મક સંશોધન પદ્ધતિઓ અને બીજી ગુણાત્મક સંશોધન પદ્ધતિઓ. સંખ્યાત્મક પદ્ધતિમાં સર્વેક્ષણ પદ્ધતિનો બહોળો*

ઉપયોગ થાય છે. ભારતમાં દર દસ વર્ષે થતી વસ્તીગણતરી સર્વેક્ષણનું ઉત્તમ ઉદાહરણ છે. સર્વેક્ષણમાં સેમ્પલ સર્વે અને સેન્સસ સર્વે એમ બે રીતે ઉપયોગ થાય છે. 'નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન' દ્વારા સમયાંતરે ભારતના જુદાજુદા રાજ્યોમાંથી સેમ્પલ પસંદ કરી જુદાજુદા મુદ્દાઓનો અભ્યાસ કરવામાં આવે છે. વસ્તીશાસ્ત્રમાં ગુણાત્મક સંશોધન પદ્ધતિઓમાં કેસ સ્ટડી, એફ.જી.ડી., સહભાગી નિરીક્ષણ આંતરવિષય વસ્તુવિશ્લેષણ વગેરે પદ્ધતિઓનો ઉપયોગ કરી સંશોધક સંશોધનો કરે છે. આમ કોઈપણ વિજ્ઞાનમાં થયેલ પદ્ધતિશાસ્ત્રનો વિકાસ જે તે વિષયને વિજ્ઞાનનું સ્વરૂપ આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે, માટે વસ્તીશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે.

## 2.7 વસ્તીશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન

ઉપરોક્ત ચર્ચા પછી વસ્તીશાસ્ત્રએક સામાજિક વિજ્ઞાન કેવી રીતે છે તેના કેટલાક સર્વ-સામાન્ય મુદ્દાઓ વિદ્યાર્થીઓને સમજવા માટે નીચે મુજબ તારવી શકાય.

### 2.7.1 વસ્તીશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે

વસ્તીશાસ્ત્રમાં વ્યક્તિ, સમાજ અને સામાજિક જીવનના સ્પર્શતા મુદ્દાઓનો વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરી અભ્યાસ કરવામાં આવે છે. સમાજજીવન સાથે સંકળાયેલ પાસાઓનો અભ્યાસ વસ્તીશાસ્ત્રનું અભ્યાસવસ્તુ છે માટે વસ્તીશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે. જન્મદર, મૃત્યુદર, શહેરીકરણની અસરો, સ્થળાંતર, પ્રજનનશીલતા, ગીચતા, યુવાનો, વૃદ્ધો, બાળકો, સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ વગેરે ખ્યાલોનો અભ્યાસ વસ્તીશાસ્ત્રમાં કરવામાં આવે છે. માટે વસ્તીશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે.

### 2.7.2 સામાજિક વસ્તીશાસ્ત્ર વાસ્તવિક વિજ્ઞાન છે.

સામાજિક વસ્તીશાસ્ત્ર જુદી જુદી સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ કરી વાસ્તવિક સમાજ અંગે જ્ઞાન પ્રાપ્ત કરે છે. આ માહિતી કે જ્ઞાન કાલ્પનિક હોતું નથી, પરંતુ વાસ્તવિક હોય છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ભારતમાં દર દસ વર્ષે થતી વસ્તીગણતરીમાં ઘરે-ઘરે જઈને માહિતી મેળવવામાં આવે છે. આ માહિતીને આધારે સરકાર આયોજનો અને નીતિઓ નક્કી કરતી હોય છે. વસ્તીગણતરી દ્વારા પ્રાપ્ત માહિતીને આધારે સમાજના વાસ્તવિક સામાજિક બંધારણનો ખ્યાલ આવે છે, જેનો ઉપયોગ કરી આગામી દસ વર્ષ માટેની નીતિ-આયોજનો થતા હોય છે. માટે સામાજિક વસ્તીશાસ્ત્ર વાસ્તવિક વિજ્ઞાન છે.

### 2.7.3 સામાજિક વસ્તીશાસ્ત્ર તાર્કિક અને અનુભવલક્ષી વિજ્ઞાન છે.

સામાજિક વસ્તીશાસ્ત્રમાં સંશોધન આધારિત માહિતીને રજૂ કરવામાં આવે છે. જેને આધારે તર્ક કરી શકાય છે, કેમકે તે માહિતી કે જ્ઞાન અનુભવલક્ષી હોય છે. ભારતમાં વસ્તીગણતરીને આધારે પ્રાપ્ત થતી માહિતીને આધારે ભવિષ્ય અંગે ઘણા તર્ક બાંધી શકાય

છે. આ તાર્કિકતા ભવિષ્યની સમસ્યાઓનો સામનો કરવામાં મદદરૂપ થાય છે. આમ સામાજિક વસ્તીશાસ્ત્ર તાર્કિક અને અનુભવલક્ષી વિજ્ઞાન છે.

### 2.7.4 સામાજિક વસ્તીશાસ્ત્ર સૈદ્ધાંતિક વિજ્ઞાન છે.

સામાજિક વસ્તીશાસ્ત્રમાં ઘણા સિદ્ધાંતો વિકાસ પામ્યા છે. જેમકે માલ્થસનો સિદ્ધાંત, ઈષ્ટવસ્તીનો સિદ્ધાંત, વસ્તી સંક્રમણનો સિદ્ધાંત વગેરે સામાજિક વસ્તીશાસ્ત્રને એક સામાજિક વિજ્ઞાન બનાવે છે. કોઈપણ વિજ્ઞાન માટે તેનો સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્ય મહત્ત્વનો કહી શકાય. વિજ્ઞાનના વિકાસનો આધાર તેમાં વિકસેલ સિદ્ધાંત અને પદ્ધતિશાસ્ત્ર પર આધાર રાખે છે. આમ સામાજિક વસ્તીશાસ્ત્રમાં વિકાસ પામેલા સિદ્ધાંતો તેને સામાજિક વિજ્ઞાનનું સ્વરૂપ આપવામાં મહત્ત્વના કહી શકાય.

### 2.7.5 સામાજિક વસ્તીશાસ્ત્ર વ્યવહારુ વિજ્ઞાન છે.

સામાજિક વસ્તીશાસ્ત્ર વ્યવહારુ વિજ્ઞાન છે. કેમકે, તે સમસ્યાઓના સમાધાન સૂચવે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો વસ્તીગણતરી દ્વારા પ્રાપ્ત માહિતી સમાજની સામાજિક સમસ્યાઓનો ખ્યાલ કરાવતી હોય છે. સમસ્યા જ્યારે દ્રશ્યમાન થાય છે, ત્યારે તેના સમાધાન વિશે પગલાં લઈ શકાય છે. પ્રવર્તમાન ભારતીય સમાજમાં સ્ત્રી-પુરુષ અસમાન જાતિ પ્રમાણ એક મોટી સમસ્યાનું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. આ સમસ્યાનું નજીકના ભવિષ્યમાં સમાધાન લાવવામાં નહિ આવે તો તેના ગંભીર પરિણામો આવનાર સમયમાં ભારતીય સમાજને ભોગવવા પડશે. આમ સામાજિક વસ્તીશાસ્ત્ર સમસ્યાઓ અને તેના સમાધાન તરફ દષ્ટિ કરવામાં મદદરૂપ બને છે માટે તે વ્યવહારુ વિજ્ઞાન છે.

### 2.7.6 જન્મદર, મૃત્યુદર, વિવાહદર તથા સ્થળાંતર સંબંધિત અભ્યાસો

સામાજિક વસ્તીશાસ્ત્રમાં સમાજજીવનના અનેક પાસાઓની માહિતી અને અભ્યાસ કરવામાં આવે છે. આ પાસાઓ તેને સામાજિક વિજ્ઞાનનો દરજ્જો પ્રદાન કરે છે. જન્મદર-મૃત્યુદર જે તે સમાજની વાસ્તવિકતા તરફ ધ્યાન દોરે છે. સ્ત્રી-પુરુષના અસમાન જાતિ પ્રમાણ લગ્ન સંસ્થાને પ્રભાવિત કરે છે માટે કાળક્રમે વિવાહદર તપાસવો આવશ્યક બની રહે છે. સ્થળાંતર શહેરીકરણને વેગ આપતું પરિબળ છે. વસ્તી વધારાને કારણે ગ્રામીણ સમાજમાંથી શહેરી સમાજમાં લોકોનું સ્થળાંતર વધતું જાય છે. જેને કારણે શહેરમાં ગંદા વસવાટ, ગીચતા, માળખાગત સુવિધાઓનો અભાવ જેવી સામાજિક સમસ્યાઓનું સર્જન થાય છે. આ તમામ બાબતોનો અભ્યાસ સામાજિક વસ્તીશાસ્ત્રમાં કરવામાં આવે છે, તેથી વસ્તીશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે.

### 2.7.7 વસ્તીવૃદ્ધિ દ્વારા સામાજિક ગતિશીલતાનો અભ્યાસ

વિકાસ અને વસ્તીને સીધો સંબંધ છે. બંને પરિવર્ત્યો વચ્ચે કાર્ય-કારણ સંબંધ તપાસી શકાય છે. જેનો અભ્યાસ વસ્તીશાસ્ત્રમાં કરવામાં આવે છે. વસ્તી વધતા માંગ વધે છે અને માંગને પહોંચી વળવા માટે યોગ્ય પુરવઠાની જરૂરિયાત હોય છે. વસ્તીની

*જરૂરિયાતો પૂરી કરી શકાય તેટલો પુરવઠો ના હોય ત્યારે અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે અને સમાજ કે રાષ્ટ્રની નિમ્નગામી ગતિશીલતા સર્જાય છે. રાષ્ટ્રની પ્રગતિ અને વિકાસ રુંધાય છે જેના નકારાત્મક પરિણામો સામાજિક વ્યવસ્થા પર પડતા હોય છે. આ બાબતેનો અભ્યાસ પણ સામાજિક વસ્તીશાસ્ત્રમાં કરવામાં આવે છે, માટે વસ્તીશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે.*

### 2.7.8 વસ્તીવૃદ્ધિને કારણે ઊભી થતી સામાજિક સમસ્યાઓનો અભ્યાસ

*વસ્તીવૃદ્ધિને કારણે સમાજમાં અનેક સમસ્યાઓ સર્જાતી હોય છે. જે સમાજજીવનને પ્રભાવિત કરે છે. જેમકે સ્થળાંતર, ગીચતા, ગંદા વસવાટો, સ્ત્રી-પુરુષ અસમાન જાતિ પ્રમાણ, ફરજિયાત કુંવારાપણું, પ્રાથમિક સુવિધાઓનો અભાવ વગેરેનો અભ્યાસ વસ્તીશાસ્ત્રમાં કરવામાં આવે છે. આ તમામ મુદ્દાઓ વ્યક્તિના સમાજજીવન સાથે સંકળાયેલા મહત્ત્વના પાસાઓ વ્યક્ત કરે છે જેનો અભ્યાસ સામાજિક વસ્તીશાસ્ત્રમાં કરવામાં આવે છે, માટે વસ્તીશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે.*

### 2.7.9 સામાજિક વિજ્ઞાન સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ

*વસ્તીશાસ્ત્ર અનેક સામાજિક વિજ્ઞાનો સાથે આંતરક્રિયાથી સંકળાયેલ છે, જેમકે સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, માનવશાસ્ત્ર વગેરે. વસ્તીશાસ્ત્ર અનેક સામાજિક વિજ્ઞાનો સાથે પોતાની માહિતી અને જ્ઞાનનું આદાન-પ્રદાન કરે છે. જેથી કહી શકાય કે વસ્તીશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે.*

## 2.8 સારાંશ

*ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને કહી શકાય કે વસ્તીશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે. સામાજિક બાબતોનો કે ઘટનાઓનો વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં અભ્યાસ કરતા દરેક વિજ્ઞાનો કે શાસ્ત્રો સામાજિક વિજ્ઞાનો તરીકે ઓળખાય છે. વસ્તી અને સમાજ એક જ ઘટનાના બે ખ્યાલો છે. સામાજિક વસ્તીશાસ્ત્ર એ સમાજજીવનનો સંખ્યાત્મક અને ગુણાત્મક અભ્યાસ કરતું સામાજિક વિજ્ઞાન છે. જે તે વિસ્તારમાં વસવાટ કરતા માનવ સમુદાયનો ધર્મ, નિરક્ષરતા, મકાનની શૈલી, ભૌતિક સગવડો, જન્મદર-મૃત્યુદર, જાતિ-પ્રમાણ, પ્રજનનશીલતા, 0 થી 6 વર્ષના બાળકોનું પ્રમાણ જેવા સામાજિક મુદ્દાઓનો સમાવેશ થાય છે. સામાજિક વસ્તીશાસ્ત્ર સંખ્યાત્મક માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ કરી સમસ્યાઓના સમાધાન માટેના સૂચનો કરવાની મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.*

## 2.9 તમારી પ્રગતિ ચકાસો

**નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(1) *વસ્તી એટલે શું ?*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(2) *સેન્સસ એટલે શું ?*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(3) *સિદ્ધાંત એટલે શું ?*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(4) *સામાજિક વિજ્ઞાન કોને કહેવાય ?*

.................................................................
.................................................................
.................................................................
.................................................................

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(5) *સંશોધનની પદ્ધતિઓ કઈ કઈ છે ?*

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(6) *વસ્તીવૃદ્ધિને કારણે ઊભી થતી સામાજિક સમસ્યાઓ કઈ-કઈ છે ?*

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(7) *વસ્તીશાસ્ત્રના સિદ્ધાંતોની ચર્ચા ઉદાહરણ સહિત કરો.*

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(8) *સામાજિક વસ્તીશાસ્ત્રને એક સામાજિક વિજ્ઞાન તરીકે સમજાવો.*

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………

(9) *વસ્તીગણતરી ઉપર ટૂંકનોંધ લખો.*

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………

## 2.10 સંદર્ભ-સૂચિ


(1) Scott Johan and Gordan Marshall, Oxford Dictionary of Sociology (2009) Oxford University press, New york.

(2) Mitra Asok, Implications of Declining Sex Ratio in India's Population (1979) ICSSR, Allied Publishers, Bombar.

(3) Petrov Victor, India Spotlight on Population-a Demographic outline (1978) progress publishers, Moscow.

(4) *રાવત હરિકૃષ્ણ, સમાજશાસ્ત્ર કોશ* VOL-1 (1986) *રાવત પબ્લિકેશન, જયપુર (હિન્દી)*

(5) *અગ્રવાલ જી.કે. સમાજશાસ્ત્ર* (1993) *સાહિત્ય ભવન, આગરા, (હિન્દી)*

(6) *જાની ગૌરાંગ, ગુજરાતઃ વસ્તી વિશ્લેષણ*-2011, (2012) *કર્મસંઘ (ઇન્ડિયા), અમદાવાદ*

(7) *દેસાઈ અક્ષયકુમાર, સમાજ ખંડ*-1, (1960), *ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ*

(8) *પટેલ કેશવલાલ, વસ્તી વિસ્ફોટ અને પ્રદૂષણ,* (1996), *ગૂર્જર ગ્રંથરત્ન, અમદાવાદ*

(9) *કાન્હેરે ઉષા શશીકાંત, સમાજશાસ્ત્ર* (1967), *ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ*

(10) *દેસાઈ જે.એન., વસ્તી શિક્ષણ* (1989), *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય*

(11) *નાળિયેરવાળા પી.એમ., ભારતની વસ્તી સમસ્યા* (1978) *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય*

(12) *સી.સી., ગુજરાત વસ્તીની રૂપરેખા* (1976) *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય*

(13) *રાવલ ચંદ્રિકા, અને શેલજા ધ્રુવ, વસ્તી-એક સામાજિક સમસ્યા* (2005) *પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ*

એકમ 3

# ભારત અને ગુજરાતમાં વસ્તીનું પ્રમાણ

-: રૂપરેખા :-


**3.0** ઉદ્દેશ્યો

**3.1** પ્રસ્તાવના

**3.2** ભારત અને ગુજરાતમાં વસ્તીની આંકડાકીય માહિતી

**3.3** સારાંશ

**3.4** તમારી પ્રગતિ ચકાસો

**3.5** સંદર્ભ-સૂચિ


## 3.0 ઉદ્દેશ્યો

*વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે*

- *આંકડાકીય માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ સમજવું*
- *ભારત અને ગુજરાતની વસ્તીનું સામાજિક બંધારણ સમજવું*
- *ગુજરાતના ગ્રામીણ અને શહેરી સમાજની તુલના સમજવી*
- *વસ્તીગણતરીને સમજવી*

## 3.1 પ્રસ્તાવના

*ભારતમાં દર દસ વર્ષે વસ્તીગણતરીનો અહેવાલ પ્રકાશિત થાય છે. જેમા સમગ્ર ભારતનો હાઉસ હોલ્ડ સર્વે કરવામાં આવે છે. એટલે કે ભારતીય ક્ષેત્રમાં વસવાટ કરતા તમામ કુટુંબોની માહિતી પ્રાપ્ત કરી પ્રકાશિત કરવામાં આવે છે. આ માહિતીનો ઉપયોગ રાષ્ટ્ર અને સમાજના વિવિધ કાર્યોમાં મહત્ત્વની અને પાયાની ભૂમિકા ભજવે છે. સમાજ વિજ્ઞાનના સંશોધકો આ માહિતીનો ઉપયોગ કરી માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ દ્વારા અનેક સંશોધનો કરતા હોય છે. એમ.ફિલ અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક માહિતીનો દસ્તાવેજ એટલે 'સેન્સસ રીપોર્ટ'. વસ્તીગણતરી દ્વારા મળતી આંકડાકીય માહિતી અનેક સામાજિક-ગુણાત્મક માહિતી પૂરી પાડે છે. આ માહિતીમાં બે પરિવર્તનો વચ્ચેનો કાર્ય-કારણ સંબંધ સ્થાપિત કરી અનેક તથ્યો સુધી પહોંચવાનું કાર્ય સમાજવિજ્ઞાનો દ્વારા થતું હોય છે. વસ્તીગણતરીમાં રજૂ થતા આંકડા ભારતીય સમાજનું સામાજિક બંધારણ અને સમસ્યાઓને સમજવા માટે મહત્ત્વનો દસ્તાવેજ બની રહે છે. વસ્તીગણતરીનાં માધ્યમથી પ્રાપ્ત થતી માહિતીને આધારે સરકારીતંત્ર આયોજનો અને નીતિઓ નક્કી થતી હોય છે. જે ભારતીય સમાજને પ્રગતિ અને વિકાસની દિશામાં આગળ ધપાવે છે.*

**(2) ભારત અને ગુજરાતમાં વસ્તીની આંકડાકીય માહિતી**

*અહીંયા આપણે ભારત અને ગુજરાતમાં વસ્તીના આંકડાઓની માહિતી દર્શાવી. સાથે-સાથે તેનું વર્ગીકરણ અને વિશ્લેષણ કરતા શીખીશું.*

**કોષ્ટક નંબર - 1**
**આઝાદી પછી ભારતમાં વસ્તીનું પ્રમાણ**

| વસ્તીગણતરી વર્ષ | વસ્તી | પરિવર્તન |
|---|---|---|
| 1951 | 361,088,000 | - |
| 1961 | 439,235,000 | 21.6 |
| 1971 | 548,160,000 | 24.8 |
| 1981 | 683,329,000 | 24.7 |
| 1991 | 846,387,888 | 23.9 |
| 2001 | 1,028,737,436 | 21.5 |
| 2011 | 1,210,726,932 | 17.7 |

(sources: https:en.wikipedia.org,Demographics of India)

*કોષ્ટકની માહિતી જોતા ખ્યાલ આવે છે કે, છેલ્લા સાત દાયકામાં ભારતની વસ્તીમાં વધારો નોંધાયો છે. પરંતુ છેલ્લા બે દાયકાથી વસ્તી વૃદ્ધિદરમાં ક્રમશઃ 2001 અને 2011માં 21.5 અને 17.7નો ઘટાડો નોંધાયો છે. જેથી કહી શકાય કે વસ્તી ઘટવા માટે લેવામાં આવતા પગલાંઓની અસરો દેખાય છે.*

**કોષ્ટક નંબર - 2**
**રાજ્યવાર ભારતની વસ્તી - 2011**

| રાજ્ય/દેશ | વસ્તી | વધારો (%) | વિસ્તાર (કિ.મી.) | ગીચતા | જાતિ પ્રમાણ | સાક્ષરતા (%) |
|---|---|---|---|---|---|---|
| ભારત | 1,210,854,977 | 17.64 | 3,287,240 | 382 | 940 | 74.04 |
| ઉત્તરપ્રદેશ | 199,812,341 | 20.23 | 240,928 | 829 | 912 | 67.68 |
| મહારાષ્ટ્ર | 112,374,333 | 15.19 | 307,713 | 365 | 929 | 82.34 |
| બિહાર | 104,099,452 | 25.42 | 94,163 | 1.106 | 918 | 61.80 |
| પશ્ચિમી બંગાળ | 91,276,115 | 13.84 | 88,752 | 1.028 | 950 | 76.26 |
| આંધ્રપ્રદેશ | 84,580,777 | 10.98 | 275,045 | 308 | 993 | 67.02 |
| મધ્યપ્રદેશ | 72,626,809 | 20.35 | 308,252 | 236 | 931 | 69.32 |
| તમિલનાડુ | 72,147,030 | 15.61 | 130,060 | 555 | 996 | 80.09 |
| રાજસ્થાન | 68,548,437 | 21.31 | 342.239 | 200 | 928 | 66.11 |
| કર્ણાટક | 61,095,297 | 15.60 | 191.791 | 319 | 973 | 75.36 |
| ગુજરાત | 60,439,692 | 19.28 | 196.244 | 308 | 919 | 78.03 |
| ઓરિસ્સા | 41,974,218 | 14.05 | 155,707 | 270 | 979 | 72.87 |
| કેરાલા | 33,406,061 | 4.91 | 38,852 | 860 | 1084 | 94.00 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ઝારખંડ | 32,988,134 | 22.42 | 79,716 | 414 | 948 | 66.41 |
| આસામ | 31,205,576 | 17.07 | 78,438 | 398 | 958 | 72.19 |
| પંજાબ | 27,743,338 | 13.89 | 50,362 | 551 | 895 | 75.84 |
| છત્તીસગઢ | 25,545,198 | 22.61 | 135,192 | 189 | 991 | 70.28 |
| હરિયાણા | 25,951,462 | 19.90 | 44,212 | 573 | 879 | 75.55 |
| દિલ્હી | 16,787,941 | 21.21 | 1,483 | 11,320 | 868 | 86.21 |
| જમ્મુ અને કાશ્મીર | 12,541,302 | 23.64 | 222,236 | 56 | 889 | 67.16 |
| ઉત્તરાખંડ | 10,086,292 | 18.81 | 53,483 | 189 | 963 | 78.82 |
| હિમાચલ પ્રદેશ | 6,864,602 | 12.94 | 55,673 | 123 | 972 | 82.80 |
| ત્રિપુરા | 3,673,917 | 14.84 | 10,486 | 350 | 960 | 87.22 |
| મેઘાલય | 2,966,889 | 27.95 | 22,429 | 132 | 989 | 74.43 |
| મણિપુરી | 2,855,794 | 24.50 | 22,329 | 128 | 985 | 76.94 |
| નાગાલેન્ડ | 1,978,502 | 0.58 | 16,579 | 119 | 931 | 79.55 |
| ગોવા | 1,458,545 | 8.23 | 3,702 | 394 | 973 | 88.70 |
| અરૂણાચલ પ્રદેશ | 1,383,927 | 26.03 | 83,743 | 17 | 938 | 65.38 |
| પોંડિચેરી | 1,247,953 | 28.08 | 490 | 2,547 | 1037 | 85.85 |
| મિઝોરમ | 1,097,206 | 23.48 | 21,081 | 52 | 976 | 91.33 |
| ચંદીગઢ | 1,055,450 | 17.19 | 114 | 9,258 | 818 | 86.05 |
| સિક્કિમ | 610.577 | 12.89 | 7,096 | 86 | 890 | 81.42 |
| અંદમાન અને નિકોબાર | 380,581 | 6.86 | 8,249 | 46 | 876 | 86.63 |
| દાદરા નગર અને હવેલી | 343,709 | 55.88 | 491 | 700 | 774 | 76.24 |
| દમણ અને દીવ | 243,247 | 53.76 | 111 | 2,191 | 618 | 87.10 |
| લક્ષદ્વીપ | 64,473 | 6.30 | 30 | 2,149 | 946 | 91.85 |

**(સ્ત્રોતઃ www.census-2011.co.in)**

*કોષ્ટકમાં જોઈ શકાય છે કે ભારતમાં વસ્તીનું પ્રમાણ જમીનના ક્ષેત્રફળ કરતા વધારે છે. ભારતમાં વસ્તીની દૃષ્ટિએ ગુજરાત દસમા ક્રમે આવે છે. સૌથી વધારે વસ્તી ધરાવતું રાજ્ય ઉત્તરપ્રદેશ છે, જ્યારે સૌથી નિમ્ન વસ્તી લક્ષદ્વીપમાં છે. ભારતમાં મોટાભાગના રાજ્યોમાં સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ ચિંતાનો વિષય કહી શકાય. ગીચતાની સમસ્યા ભારતમાં પોતાનું માથું ઊંચકી રહી છે. સાક્ષરતાનો દર વધતો જાય છે તેમતેમ*

*સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ ઘટતું જાય છે. જે ભારતીય સમાજ માટે ચિંતનનો વિષય છે. કેરલા (1084) અને પોંડિચેરી (1037) સિવાય ભારતના મોટાભાગના રાજ્યોમાં અસમાન જાતિ પ્રમાણ ચિંતાની બાબત છે.*

**કોષ્ટક નંબર - 3**
**ભારતમાં ધર્મ પાડનાર લોકોનું પ્રમાણ**

| ધર્મ | ટકા | અંદાજો | મુખ્ય રાજ્ય |
|---|---|---|---|
| તમામ ધર્મો | 100% | 121 | 35 |
| હિન્દુ | 79.80% | 96.62 | 28 |
| મુસ્લિમ | 14.23% | 17.22 | 02 |
| ખ્રિસ્તી | 2.30% | 2.78 | 04 |
| શીખ | 1.72% | 2.08 | 01 |
| બૌદ્ધ | 0.70% | 84.43 | - |
| જૈન | 0.37% | 44.52 | - |
| અન્ય | 0.66% | 79.38 | - |
| ન જણાવેલ | 0.24% | 28.67 | - |

**(સ્ત્રોતઃ www.census-2011.co.in)**

*ભારતમાં મોટાભાગના લોકો હિન્દુ ધર્મની માન્યતાઓ અને આચરણો પ્રમાણે જીવન ગુજારે છે. ઈસ્લામ ધર્મમાં માનનાર લોકોનું પ્રમાણ બીજા ક્રમે આવે છે. ભારતમાં અનેક લઘુમતી ધર્મ પાડનાર લોકો વસવાટ કરે છે. જેમ કે, મુસ્લિમ, ખ્રિસ્તી, જૈન, બૌદ્ધ વગેરે ભારતીય સમાજમાં લઘુમતી વસ્તીમાં આવે છે.*

**કોષ્ટક નંબર - 4**
**ગ્રામીણ-શહેરી સમાજમાં ધર્મ આધારિત વસ્તીનું પ્રમાણ (વસ્તીગણતરી -2011)**

| ધર્મ | પ્રમાણ (%) ગ્રામીણ | અંદાજે ગ્રામીણ | પ્રમાણ (%) શહેરી | અંદાજે શહેરી |
|---|---|---|---|---|
| તમામ ધર્મો | 100% | 83.38 કરોડ | 100% | 37.71 કરોડ |
| હિન્દુ | 82.05 | 68.41 કરોડ | 74.82 | 28.22 કરોડ |
| મુસ્લિમ | 12.41 | 10.35 કરોડ | 18.23 | 6.87 કરોડ |
| ખ્રિસ્તી | 2.00 | 1.67 કરોડ | 2.96 | 1.12 કરોડ |
| શીખ | 1.79 | 1.49 કરોડ | 1.57 | 59.02 લાખ |
| બૌદ્ધ | 0.58 | 48.15 લાખ | 0.96 | 36.28 લાખ |
| જૈન | 0.11 | 9.04 લાખ | 0.94 | 35.47 લાખ |
| અન્ય | 0.86 | 72.00 લાખ | 0.20 | 7.39 લાખ |
| ન જણાવેલ | 0.20 | 16.44 લાખ | 0.32 | 12.24 લાખ |

**(સ્ત્રોતઃ www.census-2011.co.in)**

*મોટાભાગે તમામ ધર્મની વસ્તી ભારતમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં વસવાટ કરે છે. ભારતમાં આજે પણ મોટાભાગના લોકો ગ્રામીણ સમાજમાં વસવાટ કરે છે. તેથી ગ્રામીણ સમાજમાં વસ્તીના આંકડા વધારે છે.*

**કોષ્ટક નંબર - 5**

**ભારતમાં વસ્તીની દૃષ્ટિએ પ્રથમ પાંચ મુખ્ય મહાનગરો**

| મહાનગરો | વસ્તી |
|---|---|
| મુંબઈ | 18,394,912 |
| દિલ્હી | 16,349,831 |
| કોલકત્તા | 14,035,959 |
| ચિન્નાઈ | 8,653,521 |
| બેંગ્લોર | 8,520,435 |

**(સ્ત્રોતઃ www.census-2011.co.in)**

*ભારતમાં વસ્તીની દૃષ્ટિએ પ્રથમ રાજ્યોમાં મુંબઈ, દિલ્હી, કોલક્તા, ચિન્નાઈ અને બેંગ્લોરનો સમાવેશ થાય છે. ગુજરાતમાં આઠ મહાનગરપાલિકાઓ આવેલી છે જે મહાનગરોનું વહીવટી સુકાન સંભાળે છે, જેમ કે ભાવનગર, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, જૂનાગઢ, અમદાવાદ અને ગાંધીનગર મહાનગરો વસ્તીના પ્રમાણના ધોરણે નક્કી થતી હોય છે.*

**કોષ્ટક નંબર - 6**

**ભારતમાં શિક્ષણની દૃષ્ટિએ પ્રથમ પાંચ રાજ્યો**

| રાજ્યો | પ્રમાણ (%) |
|---|---|
| કેરાલા | 94.00% |
| લક્ષદ્વીપ | 91.85% |
| મિઝોરમ | 91.33% |
| ગોવા | 88.70% |
| ત્રિપુરા | 87.22% |
| ગુજરાત | 78.03% |

**(સ્ત્રોતઃ www.census-2011.co.in)**

*ભારતમાં ઊંચો શિક્ષણદર ધરાવતા પ્રથમ પાંચ રાજ્યોમાં કેરલા, લક્ષદ્વીપ, મિઝોરમ, ગોવા અને ત્રિપુરાનો સમાવેશ થાય છે જ્યારે ગુજરાતમાં 78.03 ટકા સાક્ષરતાદર છે. આમ આઝાદી પછી અક્ષરજ્ઞાનમાં નોંધનીય વધારો થયો છે.*

**કોષ્ટક નંબર - 7**

**ભારતમાં જાતિ પ્રમાણની દૃષ્ટિએ પ્રથમ પાંચ રાજ્યો**

| રાજ્યો | 1000 પુરુષોએ મહિલા |
|---|---|
| કેરાલા | 1084 |
| પોંડિચેરી | 1037 |
| તામિલનાડુ | 996 |
| આંધ્રપ્રદેશ | 993 |
| છત્તીસગઢ | 991 |
| ગુજરાત | 919 |

**(સ્ત્રોતઃ www.census-2011.co.in)**

ભારતમાં ઊંચું જાતિ-પ્રમાણ ધરાવતા પ્રથમ પાંચ રાજ્યોમાં કેરાલા, પોંડિચેરી, તામિલનાડુ, આંધ્રપ્રદેશ અને છત્તીસગઢનો સમાવેશ થાય છે. જ્યારે ગુજરાતમાં પુરુષોએ મહિલાઓની સંખ્યા 919 છે.

**કોષ્ટક નંબર - 8**

**ભારતમાં ઊંચો વિકાસદર ધરાવતા પ્રથમ પાંચ રાજ્યો**

| રાજ્યો | વિકાસદર (%) |
|---|---|
| દાદરાનગર અને હવેલી | 55.88% |
| દમણ અને દીવ | 53.76% |
| પોંડિચેરી | 28.08% |
| મેઘાલય | 27.95% |
| અરુણાચલ પ્રદેશ | 26.03% |

**(સ્ત્રોતઃ www.census-2011.co.in)**

ભારતમાં ઊંચો વિકાસદર ધરાવતા પ્રથમ પાંચ રાજ્યોમાં દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ, પોંડિચેરી, મેઘાલય અને અરુણાચલ પ્રદેશનો સમાવેશ થાય છે. ઊંચા વિકાસદરમાં ગુજરાતનો સમાવેશ પ્રથમ પાંચ રાજ્યોમાં થતો નથી.

**કોષ્ટક નંબર - 9**

**ભારતમાં વધુ વસ્તી ધરાવતા પ્રથમ પાંચ રાજ્યો**

| રાજ્યો | વસ્તી |
|---|---|
| ઉત્તરપ્રદેશ | 199,812,341 |
| મહારાષ્ટ્ર | 112,374,333 |
| બિહાર | 104,099,452 |
| પશ્ચિમ બંગાળ | 91,276,115 |
| આંધ્રપ્રદેશ | 84,580,777 |
| ગુજરાત | 60,439,692 |

**(સ્ત્રોતઃ www.census-2011.co.in)**

*ભારતમાં સૌથી વધુ વસ્તી ધરાવતા પ્રથમ પાંચ રાજ્યોમાં ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, પશ્ચિમબંગાળ, આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે. ગુજરાતમાં વસ્તીનું પ્રમાણ 60,439,692 છે.*

**કોષ્ટક નંબર – 10**

**ભારતમાં અનુસૂચિત જાતિની વધુ વસ્તી ધરાવતા પ્રથમ પાંચ રાજ્યો અને ગુજરાત**

| *રાજ્યો/દેશ* | *વસ્તી* | *સાક્ષરતા* | *જાતિ પ્રમાણ* |
|---|---|---|---|
| *ભારત* | 201,378,372 | 66.07% | 945 |
| *ઉત્તરપ્રદેશ* | 41,357,608 | 60.89% | 908 |
| *પશ્ચિમ બંગાળ* | 21,463,270 | 69.43% | 951 |
| *બિહાર* | 16,567,325 | 48.65% | 925 |
| *તામિલનાડુ* | 14,438,445 | 73.26% | 1004 |
| *આંધ્રપ્રદેશ* | 13,878,078 | 62.28% | 1008 |
| *ગુજરાત (13મો ક્રમ)* | 4,074,447 | 79.18% | 931 |

**(સ્ત્રોતઃ www.census-2011.co.in)**

*ભારતમાં અનુસૂચિત જાતિની વધુ વસ્તી ધરાવતા પ્રથમ પાંચ રાજ્યોમાં ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર, તામિલનાડુ અને આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે. ભારતમાં અનુસૂચિત જાતિના વસ્તી પ્રમાણમાં ગુજરાતનો 13મો ક્રમાંક છે. તામિલનાડુ અને આંધ્રપ્રદેશ સિવાય ઉપરોક્ત બાકીના તમામ રાજ્યોમાં સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ ચિંતા ઉપજાવે છે. ગુજરાતમાં અનુસૂચિત જાતિમાં સાક્ષરતાનો દર 79.18 છે. જે ઉપરોક્ત બાકીના રાજ્યો કરતા પ્રમાણમાં સારો છે.*

**કોષ્ટક નંબર – 11**

**ભારતમાં અનુસૂચિત જનજાતિની વધુ વસ્તી ધરાવતા પ્રથમ પાંચ રાજ્યો અને ગુજરાત**

| *રાજ્ય/દેશ* | *વસ્તી* | *સાક્ષરતા* | *જાતિ પ્રમાણ* |
|---|---|---|---|
| *ભારત* | 104,545,716 | 58.95% | 990 |
| *મધ્યપ્રદેશ* | 15,316,784 | 50.55% | 984 |
| *મહારાષ્ટ્ર* | 10,510,213 | 65.73% | 977 |
| *ઓરિસ્સા* | 9,590,756 | 52.24% | 1029 |
| *રાજસ્થાન* | 9,238,534 | 52.80% | 948 |
| *ગુજરાત* | 8,917,174 | 62.48% | 981 |

**(સ્ત્રોતઃ www.census-2011.co.in)**

*ભારતમાં અનુસૂચિત જનજાતિની વધુ વસ્તી ધરાવતા પ્રથમ પાંચ રાજ્યોમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, રાજસ્થાન અને ગુજરાતનો સમાવેશ થાય છે. અહીંયા ગુજરાત પાંચમા ક્રમે છે. ઓરિસ્સાને બાદ કરતા બાકીના ચાર રાજ્યોમાં એક હજાર પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ ઓછું છે. સાક્ષરતાના દરમાં મહારાષ્ટ્ર પછી ગુજરાત બીજા ક્રમે આવે છે.*

**કોષ્ટક નંબર – 12**

**ભારતમાં ટ્રાન્સજેન્ડરની વધુ વસ્તી ધરાવતા પ્રથમ પાંચ રાજ્યો અને ગુજરાત**

| રાજ્ય/દેશ | વસ્તી | સાક્ષરતા (%) |
|---|---|---|
| ભારત | 487,803 | 56.07% |
| ઉત્તરપ્રદેશ | 137,465 | 55.80% |
| આંધ્રપ્રદેશ | 43,769 | 53.33% |
| મહારાષ્ટ્ર | 40,891 | 67.57% |
| બિહાર | 40,827 | 44.35% |
| પશ્ચિમ બંગાળ | 30,349 | 58.83% |
| ગુજરાત (ક્રમ -- મો) | 11,544 | 62.82% |

**(સ્ત્રોતઃ www.census-2011.co.in)**

*ભારતમાં ટ્રાન્સજેન્ડરની વધુ વસ્તી ધરાવતા પ્રથમ પાંચ રાજ્યોમાં ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર અને પશ્ચિમબંગાળનો સમાવેશ થાય છે. અહીંયા ગુજરાત 12મા ક્રમે સ્થાન ધરાવે છે. ઉપરોક્ત કોષ્ટકમાં જોઈ શકાય છે કે, ટ્રાન્સજેન્ડરમાં સૌથી વધારે અક્ષરજ્ઞાન મહારાષ્ટ્ર (67.57%) છે, ત્યારપછી બીજા સ્થાને ગુજરાત (62.82%)નું છે.*

**કોષ્ટક નંબર - 13**

**ભારતમાં ઘર વિહોણાં (વસ્તી) પ્રથમ પાંચ રાજ્યો અને ગુજરાત**

| રાજ્ય/દેશ | ઘર વિહોણાં (વસ્તી) | પુરુષ | સ્ત્રી | 0 થી 6 વર્ષના બાળકો | સાક્ષરતા |
|---|---|---|---|---|---|
| ભારત | 1,773,040 | 1,046,871 | 726,169 | 270,605 | 56.07% |
| ઉત્તરપ્રદેશ | 329,125 | 205,662 | 123,463 | 47,426 | 37.17% |
| મહારાષ્ટ્ર | 210,908 | 127,809 | 83,099 | 30,211 | 50.24% |
| રાજસ્થાન | 181,544 | 97,568 | 83,976 | 37,568 | 19.96% |
| મધ્યપ્રદેશ | 146,435 | 81,599 | 64,836 | 27,440 | 31.72% |
| આંધ્રપ્રદેશ | 145,211 | 75,678 | 69,533 | 20,750 | 46.79% |
| ગુજરાત (6 ક્રમ) | 144,306 | 83,967 | 60,339 | 24,920 | 34.87% |

**(સ્ત્રોતઃ www.census-2011.co.in)**

*ભારતમાં ઘર વિહોણાં (વસ્તી) પ્રથમ પાંચ રાજ્યોમાં ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે. ભારતમાં ઘર વિહોણાં લોકોમાં ગુજરાત 6 ક્રમે (144,306) આવે છે. ઘર વિહોણાં લોકોમાં સાક્ષરતાનું પ્રમાણ ખૂબ જ ચિંતાજનક કહી શકાય.*

**કોષ્ટક નંબર – 14**

**ભારતમાં ઝૂંપડપટ્ટીમાં વસવાટ (વસ્તી) પ્રમુખ પાંચ રાજ્યો અને ગુજરાત**

| રાજ્ય/દેશ | વસ્તી | સાક્ષરતા પ્રમાણ (%) |
|---|---|---|
| ભારત | 65,494,604 | 77.72% |
| મહારાષ્ટ્ર | 11,848,423 | 84.55% |
| આંધ્રપ્રદેશ | 10,186,934 | 75.32% |
| પશ્ચિમ બંગાળ | 6,418,594 | 81.38% |
| ઉત્તરપ્રદેશ | 6,239,865 | 68.98% |
| તામિલનાડુ | 5,798,459 | 82.06% |
| ગુજરાત | 1,680,095 | 70.49% |

**(સ્ત્રોતઃ www.census-2011.co.in)**

*ભારતમાં ઝૂંપડપટ્ટીમાં વસવાટ (વસ્તી) પ્રમુખ પાંચ રાજ્યોમાં મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ અને તામિલનાડુનો સમાવેશ થાય છે. ભારતમાં ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરતા 1,680,095 લોકો છે. ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરતી વસ્તીમાં સાક્ષરતાનો દર ઘણો તંદુરસ્ત કહી શકાય.*

**કોષ્ટક નંબર – 15**

**ભારતમાં શારીરિક અક્ષમતા ધરાવતા (વસ્તી) પ્રમુખ પાંચ રાજ્યો અને ગુજરાત**

| રાજ્યો | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ઉત્તરપ્રદેશ | 2,364,171 | 1,793,343 | 4,157,514 |
| મહારાષ્ટ્ર | 1,692,285 | 1,271,107 | 2,963,392 |
| બિહાર | 1,343,100 | 987,909 | 2,331,009 |
| આંધ્રપ્રદેશ | 1,224,459 | 1,042,148 | 2,266,607 |
| પશ્ચિમ બંગાળ | 1,127,181 | 890,225 | 2,017,406 |
| ગુજરાત (11 ક્રમે) | 612,804 | 479,498 | 1,092,302 |

**(સ્ત્રોતઃ www.census-2011.co.in)**

*ભારતમાં શારીરિક અક્ષમતા ધરાવતા લોકો (વસ્તી) પ્રમુખ પાંચ રાજ્યોમાં ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. શારીરિક અક્ષમતા ધરાવતી વસ્તી ગુજરાતમાં 1,092,302 ભારતમાં 11માં ક્રમે છે. સ્ત્રીઓ કરતા પુરુષોમાં શારીરિક અક્ષમતા વધારે છે.*

**કોષ્ટક નંબર – 16**
**ગુજરાતનું વસ્તી માળખું**

| ગુજરાત | 2011 | 2001 |
|---|---|---|
| આશરે વસ્તી | 6,04 કરોડ | 5.076 કરોડ |
| વાસ્તવિક વસ્તી | 60,439,692 | 50,671,017 |
| પુરુષ | 31,491,260 | 26,385,577 |
| સ્ત્રી | 28,948,432 | 24,285,440 |
| વસ્તી વૃદ્ધિદર | 19.28% | 22.48% |
| જાતિ પ્રમાણ | 919 | 920 |
| બાળ જાતિ પ્રમાણ | 890 | 883 |
| ગીચતા/કિ.મી. | 308 | 258 |
| કુલ બાળકો (0 થી 6 વર્ષ) | 7,777,262 | 7,532,404 |
| પુરુષ વસ્તી (0 થી 6 વર્ષ) | 4,115,384 | 4,000,148 |
| સ્ત્રી વસ્તી (0 થી 6 વર્ષ) | 3,661,878 | 3,532,256 |
| સાક્ષરતા દર | 78,03% | 69.14% |
| પુરુષ સાક્ષરતા દર | 85.75% | 79.66% |
| સ્ત્રી સાક્ષરતા દર | 69.68% | 57.80% |
| કુલ સાક્ષરતા | 41,093,358 | 29,827,750 |
| પુરુષ સાક્ષરતા | 23,474,873 | 17,833,273 |
| સ્ત્રી સાક્ષરતા | 17,618,485 | 11,994,477 |

**(સ્ત્રોતઃ www.census-2011.co.in)**

*ગુજરાતમાં સામાજિક વસ્તી વિશ્લેષણ કરીએ તો 2001ની સરખામણીમાં વસ્તીમાં વધારો નોંધાયો છે. પુરુષ સાક્ષરતા દર કરતા સ્ત્રીઓનો સાક્ષરતા દર નીચો જોઈ શકાય છે.0 થી 6 વર્ષના બાળકોના પ્રમાણમાં દીકરીઓનું પ્રમાણ ચિંતાજનક છે. સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ અને બાળજાતિ પ્રમાણ ઓછું છે અને તે બાબત ચિંતાનો વિષય છે. કેમકે સાક્ષરતાનો દર વધ્યો છે ત્યાં અસમાન જાતિપ્રમાણ અભ્યાસનો વિષય બને છે. ક્ષેત્રફળની દૃષ્ટિએ વસ્તી 2001 કરતા વસ્તી ગીચતામાં વધારો નોંધાયો છે. પુરુષની તુલનામાં મહિલાઓનો સાક્ષરતા દર નીચો છે, તેની પાછળ પુરુષપ્રધાન સામાજિક ઈતિહાસ જવાબદાર કહી શકાય.*

**કોષ્ટક નંબર – 17**
**ગુજરાતનું ગ્રામીણ-શહેરી વસ્તી માળખું (2011)**

| *વિગત* | *ગ્રામીણ* | *શહેરી* |
|---|---|---|
| *વસ્તી પ્રમાણ* | 57,40% | 42.60% |
| *કુલ વસ્તી* | 34,694,609 | 25,745,083 |
| *પુરુષ વસ્તી* | 17,799,159 | 13,692,101 |
| *સ્ત્રી વસ્તી* | 16,895,450 | 12,052,982 |
| *વસ્તી વૃદ્ધિદર* | 9.31% | 36.00% |
| *જાતિ પ્રમાણ* | 949 | 880 |
| *બાળ જાતિ પ્રમાણ (0 થી 6 વર્ષ)* | 914 | 852 |
| *બાળ વસ્તી (0 થી 6 વર્ષ)* | 4,824,903 | 2,952,359 |
| *બાળ પ્રમાણ (0 થી 6 વર્ષ)* | 13.91% | 11.47% |
| *સાક્ષરતા* | 21,420,842 | 19,672,516 |
| *સાક્ષરતાનું પ્રમાણ* | 71.71% | 86.31% |
| *પુરુષ સાક્ષરતા પ્રમાણ* | 81.61% | 90.98% |
| *સ્ત્રી સાક્ષરતા પ્રમાણ* | 57.78% | 70.26% |

**(સ્ત્રોતઃ www.census-2011.co.in)**

*ગુજરાતના ગ્રામીણ અને શહેરી સમાજમાં 2001 અને 2011ની વસ્તીગણતરીના આંકડાઓની તુલના કરીએ તો, ગ્રામીણ સમાજમાં વસ્તીનું પ્રમાણ વધુ છે. શહેરી સમાજમાં સ્થળાંતર વધ્યું છે. તેથી શહેરની વસ્તી વધારો અને ગીચતાની સમસ્યાઓ વધી છે. શહેરમાં વસ્તી વૃદ્ધિદર ગ્રામીણ સમાજ કરતા વધારે છે. ગ્રામીણ સમાજમાં શહેરી સમાજ કરતા સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ સારું છે. 0 થી 6 વર્ષના બાળકોનું જાતિપ્રમાણ પણ ગ્રામીણ સમાજમાં શહેરી સમાજ કરતા ઊંચું છે. શહેરોમાં સાક્ષરતાનું પ્રમાણ ઊંચું છે ત્યાં જાતિપ્રમાણ નીચું છે. આ કેવી સાક્ષરતા ? તે સંશોધનનો વિષય બની રહે છે.*

**કોષ્ટક નંબર – 18**
**ગુજરાતમાં પાંચ દાયકામાં જાતિપ્રમાણ**

| *વર્ષ* | *જાતિપ્રમાણ (0 -6)* | *જાતિપ્રાણ (સામાન્ય)* |
|---|---|---|
| 1961 | 956 | 940 |
| 1971 | 948 | 934 |
| 1981 | 947 | 942 |
| 1991 | 928 | 934 |
| 2001 | 883 | 920 |
| 2011 | 886 | 918 *(ભારતમાં-940)* |

**(સંદર્ભઃ ગૌરાંગ જાની ગુજરાતમાંઃ વસ્તી વિશ્લેષણઃ 2011, 2012:02)**

*ગુજરાતમાં પાંચ દાયકામાં જાતિ પ્રમાણ દાયકામાં સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ તપાસતા ખ્યાલ આવે છે કે, 1000 પુરુષોએ મહિલાની સંખ્યામાં ઘણો ઘટાડો નોંધાયો છે. 0 થી 6વર્ષના બાળકોનું જાતિ પ્રમાણ તો તેનાથીયે વધુ ચિંતાજનક રીતે ઘટ્યું છે. આમ એક બાજુ આઝાદી પછી અક્ષરજ્ઞાનમાં વધારો નોંધાયો છે. તેની સામે સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણમાં ઘટાડો નોંધાયો છે. આ બાબત પ્રવર્તમાન શિક્ષણપ્રણાલી સામે અનેક સંશોધન પ્રશ્ન ઊભા કરે છે.*

**કોષ્ટક નંબર – 19**

**ગુજરાતમાં સાક્ષરતા દર (1951-2011)**

| વર્ષ | કુલ | પુરુષ | સ્ત્રીઓ |
|---|---|---|---|
| 1951 | 21.82 | 30.32 | 12.87 |
| 1961 | 31.47 | 42.49 | 19.74 |
| 1971 | 36.95 | 47.60 | 25.56 |
| 1981 | 44.92 | 55.95 | 33.20 |
| 1991 | 61.29 | 73.13 | 48.64 |
| 2001 | 69.14 | 79.66 | 57.80 |
| 2011 | 79.31 | 87.23 | 70.73 |

**(સંદર્ભઃ ગૌરાંગ જાની ગુજરાતમાંઃ વસ્તી વિશ્લેષણઃ 2011, 2012:04)**

*ગુજરાતમાં છેલ્લા છ દાયકાથી સાક્ષરતાના દરમાં વધારો નોંધનીય છે. પરંતુ આજે પણ પુરુષની તુલનામાં મહિલાઓમાં સાક્ષરતાનો દર નીચો છે. આઝાદીના આટલા દાયકા પછી પણ આપણે પુરુષ-સ્ત્રી સાક્ષરતા દર વચ્ચેનો તફાવત દૂર કરી શક્યા નથી.*

**કોષ્ટક નંબર – 20**

**અક્ષરજ્ઞાનનું પ્રમાણ (2011)**

| વિગત | ગુજરાત | ભારત |
|---|---|---|
| કુલ | 79.31 | 74.04 |
| પુરુષ | 87.23 | 82.14 |
| સ્ત્રી | 70.73 | 65.46 |

$$\text{સાક્ષરતા દર} = \frac{\text{સાક્ષર વ્યક્તિઓની સંખ્યા}}{\text{સાત વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિઓ}} \times 100$$

**(સંદર્ભઃ ગૌરાંગ જાનીઃ ગુજરાતમાં વસ્તી વિશ્લેષણઃ2011, 2012:04)**

*વસ્તી ગણતરી 2011 પ્રમાણે સાક્ષરતા દરને તપાસીએ તો ભારતની તુલનામાં સ્ત્રી-પુરુષ સાક્ષરતા દર ગુજરાતમાં વધારે છે પરંતુ ગુજરાતના પુરુષ કરતા સ્ત્રીઓમાં સાક્ષરતા ઓછી છે.*

## 3.3 સારાંશ

*પ્રસ્તુત એકમના માધ્યમથી બે બાબતોની સમજ ઊભી થાય છે. એક તો ભારત અને ગુજરાતની વસ્તીની આંકડાકીય માહિતી અને સામાજિક બંધારણ. સાથે-સાથે આંકડાકીય માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ કેવી રીતે થાય તેની પ્રાથમિક સમજ કેળવાય છે. સંશોધન પ્રક્રિયામાં માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણનો મહત્ત્વનો તબક્કો આવે છે, તેની સમજ પણ વિકસે છે.*

## 3.4 તમારી પ્રગતિ ચકાસો

**નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(1) *ભારત અને ગુજરાત જાતિપ્રમાણ ટૂંકમાં ચર્ચો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(2) *ગુજરાતની વસ્તીગણતરી* 2001 *અને* 2011*ને આધારે તુલનાત્મક ચર્ચા ટૂંકમાં કરો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(3) 2011*ને આધારે ગ્રામીણ ગુજરાતની આંકડાકીય માહિતી આપો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………

(4) 2011*ની વસ્તીગણતરી મુજબ મહત્ત્વના મુદ્દાઓનું વર્ગીકરણ અને વિશ્લેષણ કરો.*

……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………

(5) *ભારતમાં વસ્તી, સાક્ષરતા અને જાતિપ્રમાણ ટૂંકમાં સમજાવો.*

……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………

(6) *સાક્ષરતા દરનું સૂત્ર જણાવો.*

……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………

(7) *ભારતની 2011ની વસ્તી ગણતરીને આધારે માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ કરો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(8) *2011ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતનું આંકડાકીય વિશ્લેષણ રજૂ કરો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(9) *ગ્રામીણ અને શહેરી ગુજરાતની 2011ની વસ્તી ગણતરી પ્રમાણે તુલના કરો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(10) *ભારત અને ગુજરાતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ ચર્ચા કરો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

..................................................................
..................................................................
..................................................................
..................................................................

## 3.5 સંદર્ભ-સૂચિ


(1) https://www.census2011.co.in
(2) https://en.wikipedia.org/wiki/Demographics of India
(3) Mitra Asok, Implications of Declining Sex Ratio in India's Population (1979) ICSSR, Allied Publishers, Bombar.
(4) Petrov Victor, India Spotlight on Population-a Demographic outline (1978) progress publishers, Moscow.
(5) *જાની ગૌરાંગ, ગુજરાતઃ વસ્તી વિશ્લેષણ*-2011, (2012) *કર્મસંઘ (ઇન્ડિયા), અમદાવાદ*
(6) *સી.સી., ગુજરાત વસ્તીની રૂપરેખા* (1976) *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય*
(7) *રાવત હરિકૃષ્ણ, સમાજશાસ્ત્ર કોશ* VOL-1 (1986) *રાવત પબ્લિકેશન, જયપુર (હિન્દી)*

એકમ 4

# જન્મદરનો અર્થ અને ઊંચા જન્મદરના કારણો

-: રૂપરેખા :-


**4.0** ઉદ્દેશ્યો

**4.1** પ્રસ્તાવના

**4.2** જન્મદરનો અર્થ, વ્યાખ્યા અને સૂત્ર

**4.3** જન્મદરની આંકડાકીય માહિતી

**4.4** ભારતમાં ઊંચા જન્મદરનાં કારણો

**4.5** ઊંચા જન્મદરની અસરો

**4.6** વસ્તીવૃદ્ધિનું નિયંત્રણ અને પગલાં

**4.7** સારાંશ

**4.8** તમારી પ્રગતિ ચકાસો

**4.9** સંદર્ભ સૂચિ


## 4.0 ઉદ્દેશ્યો

*વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે*

- *ભારતના જન્મદર અને મૃત્યુદરનો રાજ્યવાર તફાવત સમજવો.*
- *જન્મદર અને મૃત્યુદરના કારણો તપાસવા.*
- *જન્મદરની ભારતીય સમાજ પરની અસરો સમજવી.*
- *ઊંચા જન્મદરના નિવારણના પગલાં તપાસવા.*

## 4.1 પ્રસ્તાવના

*ભારત એક વિકસતું રાષ્ટ્ર છે. વિકાસની પ્રક્રિયા દરમિયાન ભારત અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. ઉદાહરણ તરીકે વસ્તી, વૃદ્ધિ, ગીચતા, કુપોષણ, ગરીબી-બેકારી, પ્રદૂષણ વગેરે. આ પૈકી આપણી ભારતના જન્મદરને ધ્યાનમાં રાખીને વસ્તીની ચર્ચા કરીશું. આઝાદી પછી ભારતની વસ્તી આયોજનકાળ દરમિયાન સતત વધતી ગઈ. જેને કારણે આર્થિક વિકાસ પ્રભાવિત થયો. આર્થિક વિકાસ પ્રભાવિત થવાથી અનેક સામાજિક સમસ્યાઓનું સર્જન થવા પામ્યું. ઊંચા જન્મદરને કારણે રાષ્ટ્રીય આવકમાં ઘટાડો થયો. આ સમસ્યાને પહોંચી વળવા માટે છેલ્લા ત્રણ દાયકાથી વસ્તીનીતિ અને આયોજન થવા લાગ્યા છે. જેને પગલે વસ્તીના વૃદ્ધિદરમાં ઘટાડો જરૂર થયો છે. પરંતુ ભારતના ભૌગોલિક અને ઘરેલું ઉત્પાદનના સંદર્ભમાં હજુ પણ વસ્તી વધારે કહી શકાય. વસ્તીના વૃદ્ધિદરનો આધાર જન્મદર અને મૃત્યુદર પર રહેલો છે. આઝાદી પછી ભારતમાં સ્વાસ્થ્ય સેવાઓ, શિક્ષણ અને જીવનની ગુણવત્તામાં સુધારો થવાથી મૃત્યુદરમાં*

ઘટાડો નોંધાયો છે. જેને કારણે વસ્તીવૃદ્ધિ થઈ છે. આ બાબતનો ચર્ચા કરતા પહેલાં થોડી મહત્ત્વની આંકડાકીય માહિતી સમજવી જરૂરી છે.

## 4.2 જન્મદરનો અર્થ, વ્યાખ્યા અને સૂત્ર

જન્મદર અંગેની આંકડાકીય માહિતીના કોષ્ટક તપાસતા ખ્યાલ આવે છે કે ભારતમાં જન્મદર કરતા મૃત્યુદર ઓછો થયો છે જેથી વસ્તીમાં વધારો નોંધાય છે. 'જે તે વિસ્તારમાં વર્ષના મધ્યમાં જે કુલ વસ્તી હોય તેમાં વર્ષ દરમિયાન પ્રત્યેક 1000 વ્યક્તિ દીઠ થયેલા જન્મોને સૂચિત કરતો ખ્યાલ છે' જેને 'કાચો જન્મદર' કહેવામાં આવે છે.

**સૂત્ર :**

$$\text{કાચો જન્મદર} : \frac{\text{વર્ષ દરમ્યાન જે તે વિસ્તારમાં જન્મેલાં કુલ બાળકો}}{\text{જે તે વિસ્તારમાં વર્ષના મધ્યભાગમાં કુલ વસ્તી}}$$

ભારતના જન્મદરની વિસ્તૃત સમજ નીચેની આંકડાકીય માહિતી પરથી જાણવા મળશે.

## 4.3 જન્મદરની આંકડાકીય માહિતી

| રાજ્ય | જન્મદર | કુદરતી વસ્તી મૃત્યુદર | રાજ્ય | જન્મદર | કુદરતી વસ્તી મૃત્યુદર |
|---|---|---|---|---|---|
| આંધ્રપ્રદેશ | 16.8 | 7.1 | નાગાલેન્ડ | 14.8 | 3 |
| અરુણાચલ પ્રદેશ | 18.8 | 6 | ઓરિસ્સા | 19.2 | 7.6 |
| આસામ | 22 | 7.1 | પંજાબ | 15.2 | 6.2 |
| બિહાર | 26.3 | 6.2 | રાજસ્થાન | 24.8 | 6.3 |
| છત્તીસગઢ | 23.2 | 7.5 | સિક્કિમ | 17 | 5 |
| ગોવા | 12.7 | 6.4 | તામિલનાડુ | 15.2 | 6.7 |
| ગુજરાત | 20.4 | 6.1 | ત્રિપુરા | 14.7 | 5.2 |
| હરિયાણા | 20.4 | 6.1 | તેલંગણા | 17.8 | 6.5 |
| હિમાચલ પ્રદેશ | 16.3 | 6.6 | ઉત્તરપ્રદેશ | 26.7 | 7.2 |
| જમ્મુ અને કાશ્મીર | 16.2 | 4.9 | ઉત્તરાખંડ | 17.8 | 6.4 |
| ઝારખંડ | 23.5 | 5.8 | પશ્ચિમ બંગાળ | 15.5 | 5.9 |
| કર્ણાટક | 17.9 | 6.6 | આંદામાન-નિકોબાર | 12 | 5 |
| કેરલા | 14.8 | 6.6 | ચંડીગઢ | 13.7 | 4.4 |
| મધ્યપ્રદેશ | 25.5 | 7.5 | દિલ્હી | 16.4 | 16.4 |
| મેઘાલય | 23.7 | 7.4 | દાદરાનગર હવેલી | 25.5 | 3.9 |
| મહારાષ્ટ્ર | 16.3 | 5.8 | દમણ-દીવ | 17.1 | 4.7 |
| મણિપુર | 14.4 | 4 | લક્ષદીપ | 14.7 | 6.2 |
| મિઝોરમ | 16.2 | 4.2 | પોંડિચેરી | 13.8 | 6.8 |

**(સ્ત્રોતઃ www.medindia.net/health)**

*કોષ્ટકમાં જન્મદરની આંકડાકીય માહિતી સાથે મૃત્યુદર તુલના કરવામાં આવે તો જન્મદરની તુલનામાં ભારતમાં મૃત્યુદર ઘણો નીચો છે. સૌથી વધારે મૃત્યુદર દિલ્હી* 16.8 *અને સૌથી ઓછો મૃત્યુદર નાગાલેન્ડ* 3.00 *છે. આમ બંને કોષ્ટકોના માધ્યમથી કહી શકાય કે, ભારતમાં જન્મદર મૃત્યુદર કરતા વધારે છે. જેનાથી વસ્તી વૃદ્ધિદર વધે છે. તેથી વસ્તી વધારો થાય છે.* 2015 *સુધીના વસ્તી વૃદ્ધિદરને તપાસવામાં આવે તો, ભારતમાં જુદાજુદા રાજ્યોમાં નોંધનીય ઘટાડો દેખાતો નથી. સૌથી વધારે વસ્તીવૃદ્ધિદર બિહારમાં* 26.3 *જ્યારે સૌથી ઓછો આંદામાન-નિકોબારમાં* 12 *નોંધાયો હતો.*

**ભારતમાં વર્ષ 1984 થી 2015 સુધી નોંધાયેલ જન્મ અને મરણની નોંધણી**

| Year | Births | Deaths | Year | Births | Deaths |
|---|---|---|---|---|---|
| 1984 | 8656291 | 2634858 | 2000 | 12946823 | 3789466 |
| 1985 | 8706192 | 2611139 | 2001 | 12993577 | 3961767 |
| 1986 | 9777045 | 2818386 | 2002 | 15645632 | 4436100 |
| 1987 | 10273688 | 2951430 | 2003 | 15290261 | 4569026 |
| 1988 | 10895747 | 3210942 | 2004 | 15777612 | 4487886 |
| 1989 | 11074930 | 3149312 | 2005 | 16934625 | 4602727 |
| 1990 | 11601446 | 3144023 | 2006 | 18121295 | 5298279 |
| 1991 | 11910093 | 3420669 | 2007 | 19469756 | 5804922 |
| 1992 | 12324796 | 3576449 | 2008 | 19993799 | 5638131 |
| 1993 | 12519182 | 3704881 | 2009 | 21292574 | 5677705 |
| 1994 | 12788061 | 3676353 | 2010 | 21430434 | 5690549 |
| 1995 | 13725993 | 3784469 | 2011 | 21836920 | 5735082 |
| 1996 | 11671143 | 3445395 | 2012 | 21951519 | 5850176 |
| 1997 | 11745719 | 3231333 | 2013 | 22482951 | 6086616 |
| 1998 | 11893946 | 3711612 | 2014 | 23001523 | 6138182 |
| 1999 | 12287748 | 3623079 | 2015 | 23136145 | 6267685 |

**(સ્ત્રોતઃ https://www.medindia.net/health)**

1984 *થી લઈ* 2015 *સુધીની જન્મ અને મૃત્યુનું પ્રમાણ જોતા દેખાઈ આવે છે કે જન્મદર મૃત્યુદર કરતા વધારે છે. જેથી વસ્તીમાં વધારો થાય છે. જો કે* 2011 *પછી જન્મદરમાં ઘટાડો નોંધાયો છે. પરંતુ તેની સમાંતર મૃત્યુદરમાં વધારો નોંધાયો નથી માટે ભારતમાં વસ્તી એક સામાજિક સમસ્યા બની છે.*

## 4.4 ભારતમાં ઊંચા જન્મદરનાં કારણો

### 4.4.1 ખેતીપ્રધાન ઉત્પાદનનું માળખું

*ભારતીય સમાજ સદીઓથી કૃષિપ્રધાન દેશ રહ્યો છે. સંયુક્ત કુટુંબપ્રથા ભારતનું લક્ષણ રહ્યું છે. કૃષિ સાથે પશુપાલનનો પૂરક વ્યવસાય કરતા કુટુંબોનું ભારતમાં પ્રમાણ વધારે છે. ખેતી અને પશુપાલનમાં ઘરના લોકો મદદરૂપ થઈ શકે તે ખ્યાલથી કુટુંબના વધારે સભ્યોની જરૂરિયાત ઊભી થાય છે. આ જરૂરિયાતને પહોંચી વળવા માટે કુટુંબના સભ્યો વધારવા વધારે સંતાનોને જન્મ આપવામાં આવે છે. જેથી વસ્તીમાં વધારો થાય છે.*

### 4.4.2 પુત્ર જન્મનું મહત્ત્વ

**કોષ્ટક**

**સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ 2001 અને 2011ની તુલના**

| વસ્તીગણતરી | 2011 | | 2001 | |
|---|---|---|---|---|
| રાજ્ય/દેશ | જાતિ/પ્રમાણ | બાળ જાતિ પ્રમાણ | જાતિ/પ્રમાણ | બાળ જાતિ પ્રમાણ |
| ભારત | 943 | 919 | 933 | 927 |
| કેરાલા | 1084 | 964 | 1058 | 960 |
| પોંડિચેરી | 1037 | 967 | 1001 | 967 |
| તામિલનાડુ | 996 | 943 | 987 | 942 |
| આંધ્રપ્રદેશ | 993 | 939 | 978 | 961 |
| છત્તીસગઢ | 991 | 969 | 989 | 975 |
| મેઘાલય | 989 | 970 | 972 | 973 |
| મણિપુરી | 985 | 930 | 974 | 957 |
| ઓરિસ્સા | 979 | 941 | 972 | 953 |
| મિઝોરમ | 976 | 970 | 935 | 964 |
| ગોવા | 973 | 942 | 961 | 938 |
| કર્ણાટક | 973 | 948 | 965 | 946 |
| હિમાચલ પ્રદેશ | 972 | 909 | 968 | 896 |
| ઉત્તરાખંડ | 963 | 890 | 962 | 908 |
| ત્રિપુરા | 960 | 957 | 948 | 966 |
| આસામ | 958 | 962 | 935 | 965 |
| પશ્ચિમ બંગાળ | 950 | 956 | 934 | 960 |
| ઝારખંડ | 948 | 948 | 941 | 965 |
| લક્ષદ્વીપ | 946 | 911 | 948 | 959 |
| અરુણાચલ પ્રદેશ | 938 | 972 | 893 | 964 |
| નાગાલેન્ડ | 931 | 943 | 900 | 964 |
| મધ્યપ્રદેશ | 931 | 918 | 919 | 932 |

| | | | | |
|---|---|---|---|---|
| મહારાષ્ટ્ર | 929 | 894 | 922 | 913 |
| રાજસ્થાન | 928 | 888 | 921 | 909 |
| ગુજરાત | 919 | 890 | 920 | 883 |
| બિહાર | 918 | 935 | 919 | 942 |
| ઉત્તરપ્રદેશ | 912 | 902 | 898 | 916 |
| પંજાબ | 895 | 846 | 876 | 798 |
| સિક્કીમ | 890 | 957 | 875 | 963 |
| જમ્મુ કાશ્મીર | 889 | 862 | 892 | 941 |
| હરિયાણા | 879 | 834 | 861 | 819 |
| અંદમાન-નિકોબાર | 876 | 968 | 846 | 957 |
| દિલ્હી | 868 | 871 | 821 | 868 |
| ચંદીગઢ | 818 | 880 | 777 | 845 |
| દાદરા અને નગર હવેલી | 774 | 926 | 812 | 979 |
| દમણ અને દીવ | 618 | 904 | 710 | 926 |

*ઉપરના કોષ્ટકમાં જોઈ શકાય છે કે ભારતના મોટાભાગના રાજ્યોમાં સ્ત્રીઓનું પ્રમાણ 1000 પુરુષો કરતા ઓછું છે. આ બાબત પુત્ર જન્મની ઘેલછા તરફ ધ્યાન દોરે છે. ભારતીય સમાજમાં ઐતિહાસિકકાળથી પુત્રજન્મનું મહત્ત્વ રહ્યું છે. પુત્ર પ્રાપ્તિની ઝંખનામાં અનેક દીકરીઓને જન્મ આપવામાં આવતો હોય છે. જેથી જન્મદરમાં વધારો થાય છે. જો કે બદલાતા આધુનિક સમયમાં ભ્રૂણહત્યાના બનાવો ગેરકાયદેસર રીતે બનતા હોય છે. ભ્રૂણહત્યાના બનાવો એ સૂચિત કરે છે કે આજે પણ દિકરો જ મહત્ત્વનો છે. પહેલાના સમયમાં લિંગની તપાસ કરવાના સાધનો નહોતા, સંતાનોના જન્મને ભગવાનની મરજી ગણવામાં આવતી જેને કારણે જન્મદરમાં વધારો થતો હતો.*

### 4.4.3 કુટુંબ નિયોજન અને વસ્તી શિક્ષણના પ્રત્યે ઉદાસીનતા

*આઝાદીના ત્રણ દાયકા પછી વસ્તીગણતરીમાં ધ્યાન પર આવ્યું કે ભારતની વસ્તી વધતી જાય છે. તેને નિયંત્રણમાં લાવવી જરૂરી છે. નિરક્ષરતાને કારણે સંતાન એ ઈશ્વરની ઈચ્છા છે, તેવું માનવામાં આવતું. વસ્તીશિક્ષણના અભાવને કારણે લોકો કુટુંબનિયોજન અપનાવવામાં નહોતા માનતા. જેથી વસ્તી કૂદકે ને ભૂસકે વધતી ગઈ. કુટુંબનિયોજન અને વસ્તીશિક્ષણના પ્રત્યે ઉદાસીનતાને કારણે વસ્તીવૃદ્ધિમાં વધારો થયો. જોકે વર્તમાન સમયમાં લોકો ‘નાનું કુટુંબ સુખી કુટુંબ’નું સૂત્ર અપનાવવા લાગ્યા છે.*

### 4.4.4 નાની વયે લગ્નો અને મહિલાઓનો નિમ્ન દરજ્જો

*ભારતીય સમાજમાં પરંપરાથી બાળલગ્નો થતા આવ્યા છે અને આ પ્રથા આજે પણ ગુજરાતની ઘણી જ્ઞાતિઓમાં જોવા મળે છે. નાની વયે લગ્ન થવાથી સ્ત્રી નાની વયે*

*જ માતા બનવાની શરૂઆત કરી દે છે. બાળલગ્નોમાં માનનાર સમાજોમાં નિરક્ષરતાનું પ્રમાણ પણ વધારે હોય છે, તેથી તેઓ સંતાનોને ભગવાનની મરજી માને છે. જેને કારણે જન્મદરમાં વધારો નોંધાય છે. ભારતમાં મહિલાઓના નિમ્ન દરજ્જાને કારણે સંતાનના જન્મ બાબતે પોતાની મરજી વ્યક્ત કરી શકતી નથી અને વ્યક્ત કરે તો પણ તેનું કોઈ સાંભળતું નથી જેને કારણે તેની શારીરિક અશક્તિ હોવા છતાં તેને સંતાનોને જન્મ આપવો પડે છે.*

### 4.4.5 પુરુષપ્રધાન કુટુંબ વ્યવસ્થા

*વર્ષોથી ભારતીય સમાજ પુરુષપ્રધાન રહ્યો છે. પુરુષપ્રધાન સમાજમાં દીકરાના જન્મનું વિશેષ મહત્ત્વ હોય છે. ભારતમાં મોટેભાગે પુરુષપ્રધાન વ્યવસ્થા હોવાને કારણે સ્ત્રીઓનો નીચો દરજ્જો જોવા મળે છે. તેથી કુટુંબના કદ અંગેના નિર્ણયો મોટેભાગે પુરુષો જ લેતા હોય છે. દિકરાની લાલચમાં અનેક સંતાનોને જન્મ આપવામાં આવે છે. જેથી વસ્તીવૃદ્ધિદર વધે છે. દિકરો એટલે ઘડપણની લાકડી, માતાપિતાને પિંડદાન આપી મોક્ષ અપાવનાર, દિકરો કુળનો દીપક, દિકરો વંશવેલાને આગળ ધપાવનાર વગેરે ખોટી માન્યતાઓને કારણે દિકરાના જન્મની ઈચ્છામાં અનેક બાળકોને જન્મ આપવામાં આવે છે. જેથી વસ્તીવૃદ્ધિદર વધે છે.*

### 4.4.6 બાળકો દ્વારા પૂરક કમાણી

*વસ્તી વૃદ્ધિદર વધવાનું એક કારણ બાળકોને ખેતી અને પશુપાલનના વ્યવસાયમાં જોડી પૂરક કમાણી ઊભી કરવાનો પણ છે. ગ્રામીણ સમાજમાં વધારે સંતાનો હોય તો ખેતીના કાર્યમાં સહાયક બને છે અને શહેરી સમાજમાં હોય તો બાળ મજૂરીના કામમાં જોડી કુટુંબની આવકમાં વધારો કરવાની ઈચ્છા પણ વસ્તી વૃદ્ધિદરને વધારવાનું અગત્યનું પરિબળ કહી શકાય.*

### 4.4.7 નિરક્ષરતા

*ભારતમાં વસ્તીવૃદ્ધિ માટે નિરક્ષરતા કેવી રીતે જવાબદાર પરિબળ છે, તે સમજતા પહેલા નીચે આપેલ ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ જોઈ લઈએ.*

**કોષ્ટક**

**ભારતમાં સાક્ષરતાદર - 2011**

| રાજ્ય/દેશ | સાક્ષરતાદર (%) | પુરુષ (%) | સ્ત્રી (%) | પરિવર્તન (%) |
|---|---|---|---|---|
| *ભારત* | 74.04 | 82.14 | 65.46 | 8.66 |
| *કેરાલા* | 94.00 | 96.11 | 92.07 | 3.14 |
| *લક્ષદ્વીપ* | 91.85 | 95.56 | 87.95 | 5.19 |
| *મિઝોરમ* | 91.33 | 93.35 | 89.27 | 2.53 |
| *ગોવા* | 88.70 | 92.65 | 84.66 | 6.69 |
| *ત્રિપુરા* | 87.22 | 91.53 | 82.73 | 14.03 |

| | | | | |
|---|---|---|---|---|
| દમણ અને દીવ | 87.10 | 91.54 | 79.55 | 8.92 |
| અંદમાન અને નિકોબાર | 86.63 | 90.27 | 82.43 | 5.33 |
| દિલ્હી | 86.21 | 90.94 | 80.76 | 4.54 |
| ચંદીગઢ | 86.06 | 89.99 | 81.19 | 4.11 |
| પોંડિચેરી | 85.85 | 91.26 | 80.67 | 4.61 |
| હિમાચલ પ્રદેશ | 82.80 | 89.53 | 75.93 | 6.32 |
| મહારાષ્ટ્ર | 82.34 | 88.38 | 75.87 | 5.46 |
| સિક્કિમ | 81.42 | 86.55 | 75.61 | 12.61 |
| તામિલનાડુ | 80.09 | 86.77 | 73.44 | 6.64 |
| નાગાલેન્ડ | 79.55 | 82.75 | 76.11 | 21.96 |
| ઉત્તરાખંડ | 78.82 | 87.40 | 70.01 | 7.2 |
| ગુજરાત | 78.03 | 85.75 | 69.68 | 8.89 |
| મણિપુરી | 76.94 | 83.58 | 70.26 | 10.33 |
| પશ્ચિમ બંગાળ | 76.26 | 81.69 | 70.54 | 7.62 |
| દાદરા અને નગર હવેલી | 76.24 | 85.17 | 64.32 | 18.61 |
| પંજાબ | 75.84 | 80.44 | 70.73 | 6.19 |
| હરિયાણા | 75.55 | 84.06 | 65.94 | 7.64 |
| કર્ણાટક | 75.36 | 82.47 | 68.08 | 8.72 |
| મેઘાલય | 74.43 | 75.95 | 72.89 | 11.87 |
| ઓરિસ્સા | 72.87 | 81.59 | 64.01 | 9.79 |
| આસામ | 72.19 | 77.85 | 66.27 | 8.94 |
| છત્તીસગઢ | 70.28 | 80.27 | 60.24 | 5.62 |
| મધ્યપ્રદેશ | 69.32 | 78.73 | 59.24 | 5.58 |
| ઉત્તરપ્રદેશ | 67.68 | 77.28 | 57.18 | 11.41 |
| જમ્મુ-કાશ્મીર | 69.16 | 76.75 | 56.43 | 11.64 |
| આંધ્રપ્રદેશ | 67.02 | 74.88 | 59.15 | 6.55 |
| ઝારખંડ | 66.41 | 76.84 | 55.42 | 12.85 |
| રાજસ્થાન | 66.11 | 79.19 | 52.12 | 5.7 |
| અરુણાચલ પ્રદેશ | 65.38 | 72.55 | 57.70 | 11.04 |
| બિહાર | 61.80 | 71.20 | 51.50 | 14.8 |

**(સ્ત્રોત: www.census-2011.co.in)**

*નિરક્ષરતા પણ વસ્તી વૃદ્ધિદર વધારવા માટેનું મહત્ત્વનું પરિબળ કહી શકાય. કોષ્ટકમાં જોઈ શકાય છે. ભારતના મોટાભાગના રાજ્યોમાં સ્ત્રી સાક્ષરતાનો દર પુરુષો*

*કરતા ઘણો નીચો છે. આ બાબત આજે પણ પુરુષપ્રધાન સમાજનું ચિત્ર બતાવે છે. સ્ત્રીઓમાં નિરક્ષરતા બાળકોના જન્મને પ્રભાવિત કરી શકે છે. ભણેલી સ્ત્રી કરતા નિરક્ષર સ્ત્રીઓ સંતાન બાબતે ભવિષ્યનો વિચાર ઓછો કરે તેવું બની શકે. સાથે-સાથે પુરુષપ્રધાન સામાજિક માળખું ધરાવતા સમાજમાં આ બાબત વધુ ચિંતાજનક કહી શકાય.*

**4.4.8 નીચો મૃત્યુદર**

*અગાઉ આપણે જન્મદર અને મૃત્યુદરની આંકડાકીય માહિતીના કોષ્ટકો તપાસ્યા. જેમાં સ્પષ્ટ થાય છે કે ભારતીય સમાજમાં જન્મદર વધારે છે જ્યારે તેની તુલનામાં મૃત્યુદર ઘણો ઓછો છે. જેથી વસ્તીનું પ્રમાણ વધે છે. આઝાદી પછી ભારતમાં આરોગ્ય વિષયક સેવાઓનો વ્યાપ વધ્યો છે. શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. દુષ્કાળમાં ઘટાડો થયો છે. લોકોનું જીવન ધોરણ ઊંચું આવ્યું છે. જેને કારણે મૃત્યુદરમાં ઘટાડો નોંધાયો. જેથી આપોઆપ જન્મદરમાં વધારો નોંધાયો.*

**4.4.8.1 નીચા મૃત્યુદરના કારણો**

**(1) સ્ત્રી કેળવણીમાં સુધાર**

*આઝાદીના ત્રણ-ચાર દાયકા પછી ભારતમાં સ્ત્રી કેળવણીમાં સુધારો નોંધાયો. જેને કારણે  બાળલગ્નોનું પ્રમાણ ઘટ્યું. સ્ત્રીના સામાજિક-આર્થિક દરજ્જામાં સુધારો થયો. સ્ત્રીમાં ગર્ભાવસ્થા-આરોગ્ય બાબતે જાગૃતતા આવી. પુખ્ત વયે માતા બનવાનું પ્રમાણ વધ્યું. જેથી સ્ત્રીઓ અને બાળકોનું કુપોષણથી થતા મૃત્યુનું પ્રમાણ ઓછું થયું છે.*

**(2) આરોગ્ય સેવાઓમાં સુધાર અને વિસ્તરણ**

*ભારતમાં છેલ્લા ચાર-પાંચ દાયકાથી આરોગ્ય સેવાઓનું વિસ્તરણ અને વ્યાપ વધ્યો છે. મોટાભાગે ગામેગામ પ્રાથમિક આરોગ્ય-કેન્દ્રો ઊભા થયા છે. તાલુકા કક્ષાએ નાની હોસ્પિટલ્સ, જિલ્લા કક્ષાએ સિવિલ અને અન્ય મોટી હોસ્પિટલ્સની સેવાઓમાં વધારો થવાને કારણે દરેક બીમારીનું નિદાન થવાથી લોકો-મૃત્યુદર ઘટ્યો છે. પહેલા જ્યારે વ્યક્તિ બીમાર પડતી ત્યારે ભૂત-ભૂવા અને દોરા-ધાગાનો આશરો લેવાની અંધશ્રદ્ધા હતી પરંતુ શિક્ષણ વધવાની સાથે ધીમે-ધીમે આવી ગેરમાન્યતાઓમાં ઘટાડો થયો છે. હવે બીમારીના સમયમાં લોકો ડૉક્ટરની સલાહ લેતા થાય છે.*

**(3) દુષ્કાળની નાબૂદી**

*ગુજરાતના ઈતિહાસમાં છપ્પનીયો દુષ્કાળ ખૂબ જાણીતો છે. પહેલા આવા અનેક દુષ્કાળોને કારણે અનેક લોકોના મોત થતા; પરંતુ હવે સરકારની નીતિઓ અને આયોજનોને કારણે સમાજમાં દુષ્કાળની સ્થિતિ લગભગ નાબૂદ થઈ છે.*

## 4.5 ઊંચા જન્મદરની અસરો

**કોષ્ટક**
**ભારતમાં જન્મદર 2011ની વસ્તીગણતરી મુજબ**

| વિસ્તાર | જન્મદર |
|---|---|
| *ગ્રામીણ* | 23.3 |
| *શહેરી* | 17.6 |
| *કુલ* | 21.8 |

**(સ્ત્રોતઃ www.census-org.in/birthrate)**

*ભારતીય સમાજને કેન્દ્રમાં રાખીને ઊંચા જન્મદરની અસરો બે રીતે તપાસી શકાય. જેની ચર્ચા નીચે મુજબ છે.*

### 4.5.1 ઊંચા જન્મદરની હકારાત્મક અસરો

*ઊંચા જન્મદરની હકારાત્મક અસરો જોઈએ તો વિશ્વમાં ભારત મોટું બજાર બન્યું છે. વસ્તી વધવાને કારણે બજાર મોટું બને છે. માટે જ પ્રવર્તમાન સમયમાં વિશ્વના મોટભાગના દેશોની વેપાર માટે ભારતીય સમાજ પર નજર ઠરી છે. વસ્તી વધવાથી શ્રમ મળી રહે છે. જેથી ઉત્પાદન ક્ષમતા વધારી શકાય છે. માનવશ્રમ સસ્તો મળી રહેતા ઉત્પાદન ખર્ચ ઓછો થાય છે અને વસ્તુ સસ્તી મળે છે. ભારત એ યુવાનોનો દેશ કહેવાય છે. જો આ યુવાવર્ગને યોગ્ય દિશામાં લઈ જવામાં આવે તો તેઓ રાષ્ટ્રના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપી શકે છે.*

### 4.5.2 ઊંચા જન્મદરની નકારાત્મક અસરો

*ઊંચો જન્મદર ત્યારે નકારાત્મક બને છે જ્યારે ઘરેલું ઉત્પાદન ઓછું હોય, પ્રાથમિક માળખાગત સુવિધાઓનો અભાવ હોય, જેનાથી બેકારી, ગરીબી, ગીચતા, ગંદા વસવાટો, ગુનાખોરી જેવી સામાજિક સમસ્યાઓમાં વધારો થાય છે.*

### 4.5.3 આર્થિક વિકાસમાં અવરોધક

*જે દરથી વસ્તી વધે છે તે દરથી આર્થિક વિકાસ ઝડપી હોય તો સમસ્યા સર્જાતી નથી પરંતુ ભારત જેવા વિકાસશીલ રાષ્ટ્રને આટલો વસ્તી વૃદ્ધિદર પોષાય તેમ નથી. વસ્તી વધવાને કારણે માંગ અને જરૂરિયાતો વધે છે. વધતી જતી જરૂરિયાતોને પૂરી કરવા માટે સરકારને અનેક સુવિધાઓ અને વ્યવસ્થા પાછળ નાણાં ખર્ચવા પડે છે. જેથી રાષ્ટ્રનો આર્થિક વિકાસ અવરોધાય છે.*

### 4.5.4 બેકારી, ગુનાખોરીમાં વધારો

*વસ્તી વધવાથી તેમની પ્રાથમિક અને પાયાની જરૂરિયાતો પૂરી કરી શકાતી નથી. આવા સંજોગોમાં બેકારી, ગરીબી તેમજ ગુનાખોરીનું પ્રમાણ વધે છે. વસ્તી વધારો સામાજિક*

*સમસ્યાઓમાં વધારો કરે છે. આ પ્રમારની સમસ્યાઓ વ્યક્તિને આતંકવાદી અને નકસલીવાદી બનાવે છે.*

### 4.5.5 આરોગ્ય અને શિક્ષણ પર પ્રભાવ

*વધતી જતી વસ્તીને કારણે સમાજના દરેક વ્યક્તિ સુધી આરોગ્ય અને શિક્ષણ પહોંચાડી શકાતું નથી. આરોગ્ય સેવાઓના અભાવથી વ્યક્તિનું સ્વાસ્થ્ય વધારે બગડે છે અને શિક્ષણના અભાવે રાષ્ટ્રનિર્માણ જોખમમાં મૂકાય છે. આરોગ્ય અને શિક્ષણ સમાજની તંદુરસ્તીનો પાયો કહી શકાય પરંતુ ઊંચા જન્મદરને કારણે વધી જતી વસ્તી સમાજની સ્વાસ્થ્ય સેવાઓ અને શિક્ષણ વ્યવસ્થાના માળખાને નકારાત્મક રીતે પ્રભાવિત કરે છે.*

### 4.5.6 ખોરાક અને બિન-પોષણક્ષમ આહાર

*વસ્તી વૃદ્ધિદર વધવાની સામે રાષ્ટ્રની ઉત્પાદન ક્ષમતામાં અને ઘરેલું ઉત્પાદનમાં વધારો થાય તો સમસ્યા સર્જાતી નથી પરંતુ ઉત્પાદન ક્ષમતા કરતા વસ્તી વૃદ્ધિદર ઝડપી અને વધારે હોય ત્યારે અનેક સમસ્યાઓ રાષ્ટ્ર સામે ઊભી થતી હોય છે. જેમકે, ખોરાક અને બિન-પોષણક્ષમ આહારની સમસ્યાનું સર્જન થાય છે.*

### 4.5.7 નબળું જીવનધોરણ અને પ્રાથમિક સુવિધાઓનો અભાવ

*વિકાસશીલ રાષ્ટ્ર માટે વસ્તીવધારો અનેક સમસ્યાઓ લાવે છે. વસ્તી વધવાને કારણે વસ્તીની આરોગ્ય સેવાઓ, શિક્ષણ, પાણી, રહેઠાણ, ખોરાક વગેરેની સમસ્યાઓ ઊભી થાય છે જેની પાછળ દેશનો મોટે પાયે રૂપિયો ખર્ચાય છે. વિશ્વમાં આવા વિકાસશીલ દેશોમાં વિકાસદર ધીમો પડ્યો છે. વસ્તીની જરૂરિયાત પૂરી કરવાની ક્ષમતા જ્યારે રાષ્ટ્ર ગુમાવી બેસે છે, ત્યારે નબળું જીવનધોરણ અને પ્રાથમિક સુવિધાઓનો અભાવ જેવી સમસ્યાઓ પેદા થાય છે.*

### 4.5.8 જમીન પરના દબાણ અને ગીચતામાં વધારોકોષ્ટક

**ભારતમાં ગીચોગીચતા 2011 અને 2001**

| રાજ્ય/દેશ | પ્રતિ ચો.કિમી. | ગીચતા 2011 | ગીચતા 2001 |
|---|---|---|---|
| *ભારત* | 3,287,240 | 382 | 324 |
| *દિલ્હી* | 1,483 | 11,320 | 9,340 |
| *ચંદીગઢ* | 114 | 9,258 | 7,900 |
| *પોંડિચેરી* | 490 | 2,547 | 2,034 |
| *દમણ અને દીવ* | 111 | 2,191 | 1,413 |
| *લક્ષદ્વીપ* | 30 | 2,149 | 1,895 |
| *બિહાર* | 94,163 | 1,106 | 881 |
| *પશ્ચિમ બંગાળ* | 88,752 | 1,028 | 903 |
| *કેરાલા* | 38,852 | 860 | 819 |

| | | | |
|---|---|---|---|
| ઉત્તરપ્રદેશ | 240,928 | 829 | 690 |
| દાદરા-નગરહવેલી | 491 | 700 | 449 |
| હરિયાણા | 44,212 | 573 | 478 |
| તામિલનાડુ | 130,060 | 555 | 480 |
| પંજાબ | 50,362 | 551 | 484 |
| ઝારખંડ | 79,716 | 414 | 338 |
| આસામ | 78,438 | 398 | 340 |
| ગોવા | 3,702 | 394 | 364 |
| મહારાષ્ટ્ર | 307,713 | 365 | 315 |
| ત્રિપુરા | 10,486 | 350 | 305 |
| કર્ણાટક | 191,791 | 319 | 276 |
| આંધ્રપ્રદેશ | 275,045 | 308 | 277 |
| ગુજરાત | 196,244 | 308 | 258 |
| ઓરિસ્સા | 155,707 | 270 | 236 |
| મધ્યપ્રદેશ | 308,252 | 236 | 196 |
| રાજસ્થાન | 342,239 | 200 | 165 |
| ઉત્તરાખંડ | 53,483 | 189 | 159 |
| છત્તીસગઢ | 135,192 | 189 | 154 |
| મેઘાલય | 22,429 | 132 | 103 |
| મણિપુર | 22,327 | 128 | 103 |
| હિમાચલ પ્રદેશ | 55,673 | 123 | 109 |
| નાગાલેન્ડ | 16,579 | 119 | 120 |
| સિક્કિમ | 7,096 | 86 | 76 |
| જમ્મુ-કાશ્મીર | 222,236 | 56 | 46 |
| મિઝોરમ | 21,081 | 52 | 42 |
| આંદામાન અને નિકોબાર | 8,249 | 46 | 43 |
| અરુણાચલ પ્રદેશ | 83,943 | 17 | 13 |

**સ્ત્રોત: www.census-2011.co.in**)

વસ્તી વધારાને કારણે દેશમાં જમીન પરના દબાણ અને ગીચતામાં વધારો થાય છે. ઉપરોક્ત કોષ્ટકમાં જોઈ શકાય છે કે 2001ની તુલનામાં 2011માં ગીચતાનું પ્રમાણ વધ્યું છે. ગ્રામીણ સમાજમાં ખેતીની જમીન પર વસ્તીનું ભારણ વધવાથી ધંધા-રોજગાર માટે લોકો શહેરો તરફ સ્થળાંતર કરે છે. શહેરોમાં વસ્તી વધવાને કારણે જમીનોના ભાવ ખૂબ જ ઊંચાં ગયા છે. સાથોસાથ શહેરોમાં ગીચ વસવાટ અને ગીચતાએ અનેક સમસ્યાઓ ઊભી કરી છે. ગીચોગીચતામાં વસવાટ કરતા લોકોનું જીવનધોરણ અને

*પ્રાથમિક સુવિધાઓના પ્રશ્નો ઊભા કર્યા છે. ગંદા વસવાટોમાં ગુનાખોરી, સ્ત્રી અપરાધ, બાળ અપરાધ, દારૂનું વેચાણ, કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો સર્જાય છે.*

**શહેરી ગીચતા (2011)**

| **શહેર** | **રાજ્ય** | **વસ્તી** | **જાતિ પ્રમાણ** | **સાક્ષરતા (%)** |
|---|---|---|---|---|
| *મુંબઈ* | *મહારાષ્ટ્ર* | 12,442,373 | 853 | 89.73 |
| *દિલ્હી* | *દિલ્હી* | 11,034,555 | 876 | 87.59 |
| *બેંગ્લોર* | *કર્ણાટક* | 8,443,675 | 923 | 88.71 |
| *હૈદરાબાદ* | *આંધ્રપ્રદેશ* | 6,731,790 | 955 | 83.26 |
| *અમદાવાદ* | *ગુજરાત* | 5,577,940 | 898 | 88.29 |

**(સ્ત્રોતઃ www.census-2011.co.in)**

### 4.5.9 માનવીય ગુણોનો નાશ

*વસ્તી વધારાને કારણે ગુનાખોરીમાં વધારો થયો છે. વ્યક્તિ ગરીબી, બેકારી, નિરક્ષરતા, અયોગ્ય વાતાવરણમાં સામાજીકરણ, ગંદા વસવાટમાં ઉછેર વગેરેને કારણે અનેક અપરાધો કરતો થયો છે. આમ વસ્તી વધારાને કારણે માનવીય ગુણોનો નાશ થાય છે.*

### 4.5.10 સ્થળાંતર અને શહેરીકરણમાં વધારો

*અગાઉ આપણે જોયું કે ગ્રામીણ સમાજમાં ખેતીને જમીન પર ભારણ વધતા લોકો શહેર તરફ સ્થળાંતર કરે છે. જેના કારણે શહેરી ગીચતામાં વધારો થાય છે. ભારતમાં સ્થળાંતર ગ્રામીણ સમાજથી શહેરી સમાજ તરફનું રહ્યું છે. જેથી શહેરી સમાજમાં અનેક પ્રાથમિક સુવિધાઓના પ્રશ્નો અને સમસ્યાઓ ઊભી થઈ છે.*

## 4.6 વસ્તીવૃદ્ધિનું નિયંત્રણ અને પગલા

*વસ્તીવૃદ્ધિને નિયંત્રણમાં લાવવા સરકાર, એન.જી.ઓ. તેમજ અનેક જાગૃત સંસ્થાઓ પ્રયત્નશીલ છે. સરકારના નીતિઆયોગ વિભાગ દ્વારા વસ્તી શિક્ષણ, કુટુંબ નિયોજન, કુટુંબ કલ્યાણ બાબતે જાગૃતતા લાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે. અગાઉ આપણે આંકડાકીય માહિતીમાં જોયું કે 2011 પછી વસ્તી વૃદ્ધિદરમાં ઘટાડો થઈ રહ્યો છે. જે આ પગલાંઓની અસર કહી શકાય. શાળા, કૉલેજના અભ્યાસક્રમમાં વસ્તી નિયંત્રણ અને તેના ફાયદા જણાવવા જોઈએ. એક જવાબદાર નાગરિક તરીકે આપણે સૌએ વસ્તી નિયંત્રણ માટેના પગલાઓને વેગ આપવો જોઈએ. કેમકે, વસ્તી વધારો સમાજના આર્થિક અને સામાજિક વિકાસ માટે સહાયરૂપ બની શકે છે.*

## 4.7 સારાંશ

*ઊંચા જન્મદરને કારણે દિન-પ્રતિદિન બેકારીનું પ્રમાણ વધી રહ્યું છે. ગ્રામીણ ક્ષેત્રથી રોજગારીની શોધમાં વસ્તીનું સ્થળાંતર થતું હોવાથી તથા ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણની પ્રક્રિયાઓ તીવ્ર ગતિએ થતી હોવાથી ભારતમાં શહેરોમાં વસવાટ માટે મકાનોની સમસ્યા વિકટ બની છે. ભારતમાં પ્રતિવર્ષ વધતી વસ્તી માટે એક અંદાજ મુજબ* 30 *લાખ મકાનોની સગવડ ઊભી કરવાની જરૂર છે. એક સર્વે મુજબ ભારતમાં મોટા શહેરોમાં કુલ વસ્તીનો અડધો ભાગ એક રૂમવાળા મકાનમાં રહેતા હોય છે. આમ વસ્તી વધારો નિયંત્રણમાં લાવવો જરૂરી બની ગયો છે. નહીં તો આવનાર ભવિષ્યમાં ભારતીય સમાજમાં અનેક વિકટ સમસ્યાઓ ઊભી થશે. પ્રવર્તમાન સમયમાં વિકાસની પ્રક્રિયામાં ટકાઉ વિકાસનાં ખ્યાલને વધુ સાર્થક કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. પાણી, રહેઠાણ અને પ્રદૂષણ જેવી સમસ્યાઓમાં દિન-પ્રતિદિન વધારો થતો જાય છે. માટે વસ્તી નિયંત્રણ અનિવાર્ય બની ગયું છે.*

## 4.8 તમારી પ્રગતિ ચકાસો

(1) *જન્મદરનો અર્થ અને સૂત્ર જણાવો.*

……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………

(2) *ભારતમાં ઊંચાં જન્મદરના કોઈપણ ત્રણ કારણો જણાવો.*

……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………

(3) *ઊંચાં જન્મદરની હકારાત્મક અસરો ટૂંકમાં જણાવો.*

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(4) *ઊંચાં જન્મદરની કોઈપણ બે નકારાત્મક અસરો લખો.*

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(5) *સ્થળાંતર અને શહેરીકરણ ટૂંકમાં સમજાવો.*

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(6) *વસ્તીવૃદ્ધિનું નિયંત્રણ અને પગલાં જણાવો.*

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(7) *ભારતમાં જન્મદર અને મૃત્યુદરની આંકડાકીય માહિતીને તપાસો.*

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(8) *શહેરી ગીચતાની ટૂંકમાં નોંધ લખો.*

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(9) *ભારતમાં ઊંચાં જન્મદરનાં કારણો સવિસ્તાર સમજાવો.*

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(10) *ભારતીય સમાજને કેન્દ્રમાં રાખી નીચા મૃત્યુદરનાં કારણો ચર્ચો.*

..............................................................................

..............................................................................

..............................................................................

……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………

(11) *ઊંચાં જન્મદરની અસરો ઉદાહરણ સહિત સમજાવી, વસ્તી નિયંત્રણ માટેના સૂચનો કરો.*

……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………

## 4.9 સંદર્ભ-સૂચિ


(1) Scott Johan and Gordan Marshall, Oxford Dictionary of Sociology (2009) Oxford University press, New york.

(2) Mitra Asok, Implications of Declining Sex Ratio in India's Population (1979) ICSSR, Allied Publishers, Bombar.

(3) Petrov Victor, India Spotlight on Population-a Demographic outline (1978) progress publishers, Moscow.

(4) *રાવત હરિકૃષ્ણ, સમાજશાસ્ત્ર કોશ* VOL-1 (1986) *રાવત પબ્લિકેશન, જયપુર (હિન્દી)*

(5) *અગ્રવાલ જી.કે. સમાજશાસ્ત્ર* (1993) *સાહિત્ય ભવન, આગરા, (હિન્દી)*

(6) *જાની ગૌરાંગ, ગુજરાતઃ વસ્તી વિશ્લેષણ*-2011, (2012) *કર્મસંઘ (ઈન્ડિયા), અમદાવાદ*

(7) *દેસાઈ અક્ષયકુમાર, સમાજ ખંડ*-1, (1960), *ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ*

(8) *પ્રો. પટેલ કેશવલાલ, વસ્તી વિસ્ફોટ અને પ્રદૂષણ,* (1996), *ગુર્જર ગ્રંથરત્ન, અમદાવાદ*

(9) *કાન્હેરે ઉષા શશીકાંત, સમાજશાસ્ત્ર* (1967), *ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ*

(10) *દેસાઈ જે.એન., વસ્તી શિક્ષણ* (1989), *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય*

(11) *નાળિયેરવાળા પી.એમ., ભારતની વસ્તી સમસ્યા* (1978) *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય*

(12) *સી.સી., ગુજરાત વસ્તીની રૂપરેખા* (1976) *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય*

(13) *રાવલ ચંદ્રિકા, અને શેલજા ધ્રુવ,*(2005) *વસ્તી-એક સામાજિક સમસ્યા પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ*

# એકમ 5 પ્રજનનશીલતાનો અર્થ અને ઊંચી પ્રજનનશીલતાના કારણો

-: રૂપરેખા :-


**5.0** **ઉદ્દેશ્યો**

**5.1** **પ્રસ્તાવના**

**5.2** **પ્રજનનશીલતાનો અર્થ અને વ્યાખ્યા**

**5.3** **પ્રજનનશીલતાનાં દર શોધવાના સૂત્રોની સમજ**

**5.4** **પ્રજનનશીલતાની આંકડાકીય માહિતી**

**5.5** **ઊંચા પ્રજનનશીલતાના કારણો**

**5.6** **સારાંશ**

**5.7** **તમારી પ્રગતિ ચકાસો**

**5.8** **સંદર્ભ-સૂચિ**


## 5.0 ઉદ્દેશ્યો

*વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે*

- *પ્રજનનશીલતાનો અર્થ સમજાવો*
- *પ્રજનનશીલતાની આંકડાકીય માહિતી તપાસવી*
- *પ્રજનનશીલતાનાં કારણો સમજવા*
- *પ્રજનનશીલતાનો દર સમજવો*

## 5.1 પ્રસ્તાવના

*વસ્તીશાસ્ત્રનાં અભ્યાસમાં જન્મદર, મૃત્યુદર, વસ્તીવૃદ્ધિ, સ્થળાંતર, શહેરીકરણ, ગીચતા, સાક્ષરતા વગેરે ખ્યાલોની જેમ પ્રજનન અંગેનો ખ્યાલ મહત્ત્વનો છે. વસ્તી સંબંધિત અભ્યાસના સંદર્ભમાં પ્રજનનક્ષમતાનો અર્થ સમજવો મહત્ત્વનો છે. જન્મદર, મૃત્યુદર, સ્થળાંતર આ ત્રણે પ્રક્રિયાત્મક ખ્યાલો કોઈપણ દેશની વસ્તીવૃદ્ધિ માટેના નિર્ણાયક અને મહત્ત્વનાં પરિબળો છે. વસ્તી વધારાની પ્રક્રિયામાં પ્રજનન શરીરશાસ્ત્ર કે જૈવિક પ્રક્રિયા હોવા છતાં કોઈપણ સમાજમાં જન્મદરની માહિતી પરથી તે દેશની સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિનો ખ્યાલ સ્પષ્ટ થાય છે. તે જ રીતે મૃત્યુદર અને પ્રજનનક્ષમતાનો દર પણ એટલો જ મહત્ત્વનો છે. વસ્તીશાસ્ત્રીય અભ્યાસોમાં વસ્તી-વૃદ્ધિનાં નિર્ણાયક પરિબળ તરીકે પ્રજનનશીલતા મહત્ત્વનો ભાગ ભજવે છે. ગર્ભમાં ધારણ કરેલા બાળકને પૂરા સમય બાદ જન્મ આપવાની ક્ષમતા એટલે પ્રજનનક્ષમતા. જે સમાજમાં પ્રજનનક્ષમતાનો દર ઊંચો હોય ત્યાં વસ્તી વધારે હોય છે.*

*નેશનલ હેલ્થ પ્રોફાઈલ 2016 મુજબ ભારતમાં વર્ષ 2015માં 2.40 બાળજન્મ નોંધાયો હતો.*

## 5.2 પ્રજનનશીલતાનો અર્થ અને વ્યાખ્યા

*પ્રજનન એ મહિલાઓનું કાર્ય છે. પ્રજનનનું કાર્ય સ્ત્રીની ઉંમરના અમુક મર્યાદિત સમયગાળામાં જ થતું હોય છે. સામાન્ય રીતે આ સમયગાળો લગભગ 15 થી 49 વર્ષ સુધીનો માનવામાં આવે છે. આમ અપવાદ હોઈ શકે. દીકરી જ્યારથી માસિક ધર્મમાં આવે ત્યારથી પ્રજનનક્ષમતાની શરૂઆત થતી હોય છે, તેમજ ઋતુનિવૃત્તિકાળ સુધી તે ચાલુ રહે છે. ભારતમાં લગભગ 13 થી 14 વર્ષની વયથી માસિક ધર્મની શરૂઆત થતી હોય છે, જે આશરે 49 વયની ઉંમર સુધી ચાલતી હોય છે પરંતુ આમાં પણ અપવાદ હોઈ શકે છે.*

*"પ્રજનનક્ષમતા એટલે ગર્ભમાં ધારણ કરેલ બાળકને પૂરા સમય બાદ જન્મ આપવાની ક્ષમતા" પ્રજનનક્ષમતાને અંગ્રેજીમાં* 'Fertility' *તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે* 'Fecundity' *'ગર્ભધારણક્ષમતા'નો અર્થ* Fertility-*પ્રજનનક્ષમતા કરતાં કંઈક જુદો હોય છે. એકવાર કોઈક સ્ત્રી ગર્ભધારણ કરે તો તેને* 'Fecund'*તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ પ્રજનનકાર્યની અસમર્થતાને* 'Infecundity' *વ્યંધત્વ તરીકે ઓળખવામાં આવે છે, એટલે કે સ્ત્રી ગર્ભધારણ કરે છે પરંતુ સંજોગોવશાત પૂરા સમયમાં બાળકને જન્મ ન પણ આપી શકે. પહેલાના સમયમાં 'જન્મ' શબ્દમાં બંને શબ્દોનો 'જીવિત જન્મ' અને 'મૃત જન્મ' એમ બંને પ્રકારના શબ્દપ્રયોગ થતો. પરંતુ વર્તમાન સમયમાં જ્યારે પણ 'જન્મ' શબ્દનો ઉપયોગ થાય તે માત્ર જીવિત જન્મનો જ નિર્દેશ કરનારો હોવાથી પ્રજનનક્ષમતાનો અર્થ ટૂંકમાં સ્ત્રીની બાળકોને જન્મ આપવાની ક્ષમતા એમ કહી શકાય. (વસ્તી શિક્ષણ:*1989:52*)*

## 5.3 પ્રજનનશીલતાનાં દર શોધવાની રીતો અને સૂત્રોની સમજ

### 5.3.1 સામાન્ય પ્રજનનદર

$$\text{સામાન્ય પ્રજનનદર} = \frac{\text{વર્ષમાં જન્મેલા બાળકોની સંખ્યા}}{\text{15 થી 49 વયજૂથની સ્ત્રી–પુરુષની સંખ્યા}} \times 1000$$

*આમ કોઈપણ દેશ કે સમાજમાં એક વર્ષમાં નિશ્ચિત એટલે કે 15 થી 49 વયજૂથમાં આવતી એક હજાર સ્ત્રીઓ જેટલા બાળકોને જન્મ આપે તેને સામાન્ય પ્રજનનદર કહેવામાં આવે છે.*

### 5.3.2 વયસાપેક્ષ પ્રજનનદર

*કોઈપણ નિશ્ચિત પ્રદેશમાં વયજૂથની કુલ સ્ત્રીઓએ એક વર્ષ દરમિયાન આપેલા જન્મોને તે જે નિશ્ચિત વયજૂથની કુલ સ્ત્રીઓની મધ્યવર્ષીય સંખ્યા વડે ભાગી તેને એક*

*હજાર વડે ગુણતા વયસાપેક્ષ પ્રજનનદર પ્રાપ્ત થાય છે. બાળકો પેદા કરવાની ક્ષમતામાં વય તથા શિક્ષણમાં વધારો થતા તેમાં વધારો થયો છે કે ઘટાડો તે વયસાપેક્ષ દ્વારા જાણી શકાય છે. (વસ્તી શિક્ષણ:* 1989:54*)*

**5.3.3 સંપૂર્ણ પ્રજનનદર**

$$\text{સંપૂર્ણ પ્રજનનદર} = \frac{\text{જીવતા બાળકોની સંખ્યા}}{\text{પ્રજનનક્ષમતા}-\text{વય ધરાવતી સ્ત્રીઓ}} \times 1000$$

*આમ સંપૂર્ણ પ્રજનનદર જાણવા માટે જે તે પ્રદેશ અને સમયમાં જીવિત બાળકોની સંખ્યાને પ્રજનનક્ષમતા કે વય ધરાવતી સ્ત્રીઓની સંખ્યા વડે ભાગાકાર કરી, એક હજારથી ગુણાકાર કરવાથી પ્રાપ્ત થાય છે.*

**5.3.4 ચોખ્ખો પુનઃ પ્રજનનદર**

*ચોખ્ખો પુનઃપ્રજનનદર સમુદાયના પૂર્ણ પ્રજનનકાળને ધ્યાનમાં લે છે. આ પદ્ધતિ વાસ્તવિકતા પર આધાર રાખે છે. ધારો કે, દસ હજાર સ્ત્રીઓ, સ્ત્રીદીઠ એક બાળક એમ દસ હજાર બાળકોને જન્મ આપે છે અને આ હજાર બાળકો પ્રજનનક્ષમતા કાળ સુધી જીવતી રહે છે તો પુનઃ પ્રજનનદર દસ હજાર બરાબર એક થાય છે.*

**5.3.5 કુલ પુનઃ પ્રજનનદર**

*કુલ પુનઃપ્રજનનદર ગર્ભધારણ કરનાર મહિલાઓ અને જન્મતાં બાળકોમાં પુરુષ બાળકોને પણ ગણતરીમાં સમાવેશ કરવામાં આવે છે. કેમ કે, ભવિષ્યમાં અમુક જ બાળકીઓ માતા બનવાની છે અને પુનઃપ્રજનનની પ્રક્રિયા પૂર્ણ કરવાની છે.*

$$\text{કુલ પુનઃપ્રજનનદર} = \frac{\text{કુલ જન્મેલા બાળકોની સંખ્યા}}{\text{પ્રજનનક્ષમતા ધરાવતી સ્ત્રીઓની સંખ્યા}} \times 1000$$

## 5.4 પ્રજનનશીલતાની આંકડાકીય માહિતી

**કોષ્ટક**

**પ્રજનનશીલતાના દરની તુલના 2012 અને 2013**

| વર્ષ | 2012 | 2013 |
|---|---|---|
| ગ્રામીણ | 2.6 | 2.5 |
| શહેરી | 1.8 | 1.8 |
| કુલ | 2.4 | 2.3 |

**(સ્ત્રોત:https://en.m.wikipedia.org/wiki/List_of_states_and_union_territories_of_india_by_fertility)**

## કુલ પ્રજનનશીલતાનો દર મુખ્ય રાજયો (2013)

| રાજ્યો | ગ્રામીણ | શહેરી | કુલ |
|---|---|---|---|
| આંધ્રપ્રદેશ | 1.9 | 1.7 | 1.8 |
| આસામ | 2.4 | 1.5 | 2.3 |
| બિહાર | 3.5 | 2.5 | 3.4 |
| છત્તીસગઢ | 2.8 | 1.8 | 2.6 |
| દિલ્હી | 1.8 | 1.7 | 1.7 |
| ગુજરાત | 2.5 | 2.0 | 2.3 |
| હરિયાણા | 2.3 | 2.0 | 2.2 |
| હિમાચલ પ્રદેશ | 1.7 | 1.2 | 1.7 |
| જમ્મુ-કાશ્મીર | 2.0 | 1.3 | 1.9 |
| ઝારખંડ | 2.9 | 2.0 | 2.7 |
| કર્ણાટક | 2.0 | 1.6 | 1.9 |
| કેરાલા | 1.9 | 1.8 | 1.8 |
| મધ્યપ્રદેશ | 3.1 | 2.0 | 2.9 |
| મહારાષ્ટ્ર | 1.9 | 1.6 | 1.8 |
| ઓરિસ્સા | 2.2 | 1.5 | 2.1 |
| પંજાબ | 1.7 | 1.6 | 1.7 |
| રાજસ્થાન | 3.0 | 2.3 | 2.8 |
| તામિલનાડુ | 1.7 | 1.7 | 1.7 |
| ઉત્તરપ્રદેશ | 3.3 | 2.5 | 3.1 |
| પશ્ચિમ બંગાળ | 1.8 | 1.2 | 1.6 |

**(સ્ત્રોતઃhttps://en.m.wikipedia/List_of_states_and_union_territories_of_india_by_fertility)**

## પ્રજનનશીલતાના દરની તુલના વર્ષ 2009 અને 2016

| રાજ્યો | 2009 | 2016 |
|---|---|---|
| સિક્કિમ | 2.1 | 1.2 |
| મણિપુર | 1.5 | 1.4 |
| આંદામાન અને નિકોબાર | 1.5 | 1.5 |
| ગોવા | 1.6 | 1.5 |
| લક્ષદ્વીપ | 2.1 | 1.5 |

| | | |
|---|---|---|
| ચંદીગઢ | 1.8 | 1.6 |
| પંજાબ | 1.9 | 1.6 |
| પશ્ચિમ બંગાળ | 1.9 | 1.6 |
| પોંડિચેરી | 1.6 | 1.7 |
| હિમાચલ પ્રદેશ | 1.9 | 1.7 |
| આંધ્રપ્રદેશ | 1.8 | 1.7 |
| જમ્મુ-કાશ્મીર | 2.2 | 1.7 |
| તામિલનાડુ | 1.7 | 1.7 |
| દિલ્હી | 1.9 | 1.7 |
| ત્રિપુરા | 1.7 | 1.7 |
| દમણ-દીવ | 1.9 | 1.7 |
| કેરાલા | 1.7 | 1.8 |
| તેલંગણા | 1.8 | 1.8 |
| કર્ણાટક | 1.9 | 1.8 |
| મહારાષ્ટ્ર | 1.9 | 1.8 |
| ઓરિસ્સા | 2.4 | 2.0 |
| ઉત્તરાખંડ | 2.6 | 1.9 |
| અરુણાચલ પ્રદેશ | 2.7 | 2.1 |
| ગુજરાત | 2.5 | 2.2 |
| હરિયાણા | 2.5 | 2.2 |
| ભારત | 2.6 | 2.2 |
| આસામ | 2.6 | 2.3 |
| દાદરા-નગરહવેલી | 3.3 | 2.3 |
| મિઝોરમ | 2.0 | 2.3 |
| છત્તીસગઢ | 3.0 | 2.5 |
| ઝારખંડ | 3.2 | 2.6 |
| નાગાલેન્ડ | 2.0 | 2.6 |
| મધ્યપ્રદેશ | 3.3 | 2.7 |
| રાજસ્થાન | 3.3 | 2.7 |
| મેઘાલય | 3.1 | 2.9 |
| ઉત્તરપ્રદેશ | 3.7 | 3.1 |
| બિહાર | 3.9 | 3.3 |

**(સ્ત્રોત:https://en.m.wikipedia.org/wiki/List_of_states_and_union_territories_of_india_by_fertility)**

*ઉપરોક્ત કોષ્ટકની આંકડાકીય માહિતી દ્વારા જાણવા મળે છે કે ભારતમાં પ્રજનનશીલતાના દરમાં ઘટાડો થતો જાય છે. આવનાર સમયમાં વસ્તીમાં વૃદ્ધિદરમાં ઘટાડો જોઈ શકાશે પરંતુ આઝાદી પછી વસ્તીનીતિ અને યોગ્ય આયોજનોના અભાવે પ્રવર્તમાન સમયમાં ભારતીય સમાજ માટે વસ્તી એક સામાજિક સમસ્યાનું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે.*

## 5.5 ઊંચી પ્રજનનશીલતાના કારણો

*અગાઉ આપણે ભારતમાં પ્રજનનક્ષમતા અને દર અંગેની આંકડાકીય માહિતી જોઈ, હવે ભારતીય સમાજમાં ઊંચી પ્રજનનશીલતા માટે જવાબદાર પરિબળો કે કારણોની ચર્ચા કરીશું.*

### 5.5.1 ગ્રામીણ સામાજિક માળખું અને સંયુક્ત કુટુંબ વ્યવસ્થા

*ભારતીય સામાજિક માળખું ગ્રામીણ પાશ્વભૂમિ ધરાવે છે. ગ્રામીણ સમાજમાં સાક્ષરતાનું પ્રમાણ નીચું છે. સાથે-સાથે જ્ઞાતિના પરંપરાગત રિવાજો અને મૂલ્યો આજે પણ વિદ્યમાન છે. નાની વયે લગ્નો, પુરુષપ્રધાન કૌટુંબિક વ્યવસ્થા, સંયુક્ત કુટુંબ મૂલ્યો, પુત્રજન્મનું મહત્ત્વ અને તેનો ધાર્મિક આધાર વગેરે પરિબળો ઊંચી પ્રજનનશીલતા માટેના જવાબદાર પરિબળો કહી શકાય. ગ્રામીણ સમાજમાં નાનપણથી ખેતી કે મજૂરીના કાર્યમાં લગાવી દેવામાં આવે છે. ગ્રામીણ લોકો બાળજન્મને પ્રારબ્દવાદી કે નસીબ સાથે જોડીને ઈશ્વર ઈચ્છા માનતા હોય છે. જેથી વધારે બાળકોનો જન્મ થાય છે. ગ્રામીણ સમાજમાં અંધશ્રદ્ધા, રૂઢિગત વિચારો અને વહેમોનું પ્રમાણ વધારે હોય છે.*

### 5.5.2 સાર્વત્રિક લગ્નવ્યવસ્થા

*ભારતીય સમાજમાં લગ્નને એક સંસ્કારનું સ્થાન મળેલ છે. જેથી દીકરીને પારકું ધન માનવામાં આવે છે. માતા-પિતા દીકરીને સામાજિક જવાબદારી માની તેના શક્ય હોય તેટલા જલ્દી લગ્ન કરાવી સામાજિક જવાબદારીમાંથી મુક્ત થવાનું વલણ ધરાવતા હોય છે અને તેના લગ્ન કરાવી દેતા હોય છે. આવી સ્ત્રીઓ નાની વયથી જ બાળજન્મની શરૂઆત કરતી હોય છે, જેથી તેઓ ઊંચી પ્રજનનક્ષમતા ધરાવે છે અને પ્રજનનકાળ દરમિયાન અનેક બાળકોને જન્મ આપે છે. જેથી વસ્તી વૃદ્ધિદર ઊંચો જાય છે.*

### 5.5.3 નાની વયે લગ્ન

*ભારતીય સમાજના ઐતિહાસિક સમયથી બાળલગ્નો એક જ્ઞાતિ રિવાજ રહ્યો છે. પ્રવર્તમાન સમયમાં પણ ઘણી જ્ઞાતિઓમાં બાળલગ્નો થતા હોય છે. આવા કુટુંબો બંધારણીય ધોરણોનું પાલન કરતા નથી. નાની વયે લગ્ન થવાથી દામ્પત્યજીવનનો ગાળો વધુ લાંબો હોય છે. આ સમયગાળો જેટલો લાંબો તેટલા વધુ બાળકોને સ્ત્રી જન્મ આપી શકે છે. સામાન્ય રીતે ભારતમાં પ્રજનનકાળ* 15 *થી* 49 *વર્ષની વયજૂથનો સમયગાળો*

*માનવામાં આવે છે. જ્યારે કાયદાકીય રીતે દીકરીની લગ્નવય 18ની માનવામાં આવી છે. ઘણી જ્ઞાતિઓમાં બાળલગ્નો 13-14 વર્ષની નાની વયે થતા હોય છે. આવા સંજોગોમાં સ્ત્રીનો પ્રજનનકાળ ઘણો લાંબો થાય છે. જેથી તે વધારે બાળકોને જન્મ આપે છે. આવી સ્ત્રીઓનું શારીરિક સ્વાસ્થ્ય જોખમાય છે અને ઘણીવાર ગર્ભાવસ્થા કે બાળકોને જન્મ આપતા સમયે જ મૃત્યુ પામતી હોય છે.*

### 5.5.4 પુત્રજન્મનું મહત્ત્વ

*ભારત એ વર્ષોથી પુરુષપ્રધાન સમાજ રહ્યો છે. પરિણામે પુત્ર-પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી કુટુંબનું કદ વધારવામાં આવે છે. હિન્દુ ધર્મમાં પુત્રજન્મને પિંડદાન માટે મહત્ત્વનો માનવામાં આવે છે. પુત્રથી વંશવેલો આગળ ધપે છે, પેઢી આગળ વધે છે. આ પ્રકારના ખ્યાલોમાં પુત્રની લાલચમાં વધારે સંતાનોને જન્મ આપવામાં આવે છે. પુત્રને વૃદ્ધાવસ્થાનો આશરો અને ઘડપણની લાકડી માનવામાં આવે છે. જે સ્ત્રી સમાજમાં પુત્રને જન્મ આપી શકતી નથી તેની તરફ સમાજના લોકોનો દષ્ટિકોણ નકારાત્મક હોય છે. જ્યાં સુધી કુટુંબમાં પુત્રજન્મની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી સંતતિનિયમન કરવાનું વિચારતા પણ નથી. આમ પુત્રજન્મનું મહત્ત્વ પ્રજનનકાળ લંબાવે છે. જેથી પ્રજનનશીલતાનો દર ઊંચો જાય છે.*

### 5.5.5 નિર્ધનતા અને બેકારી

*ગરીબોમાં મૃત્યુદર ઊંચો હોવાથી જન્મદરનું પ્રમાણ પણ ઘણું ઊંચું હોય છે. ગરીબોને બાળકો બોજારૂપ લાગતા નથી. બેકાર અને નિર્ધન કુટુંબ વધારે બાળકોને જન્મ આપી પૂરક કમાણીના નવા સાધનો સર્જવાનું વિચારતા હોય છે. જેથી વિવાહિત સ્ત્રી વધુમાં વધુ બાળકોને જન્મ આપી શકે તે માટે તેના પ્રજનનકાળની શરૂઆતથી બાળજન્મની અપેક્ષા રાખવાને કારણે ઊંચો પ્રજનનદર જોવા મળે છે. નાની વયે બાળકો પાસે મજૂરી કે અન્ય કામ કરાવી કૌટુંબિક આવકમાં વધારો કરવાનો ખ્યાલ ગરીબ અને બેકાર કુટુંબોમાં જોવા મળે છે. ગરીબોમાં સ્ત્રી શિક્ષણ નહીંવત હોય છે. મનોરંજન માટે જાતીયસુખ સાધન બની રહે છે. આમ નિર્ધનતા અને બેકારી પ્રજનનશીલતાને અસર કરતું મહત્ત્વનું પરિબળ બની રહે છે.*

### 5.5.6 નિરક્ષરતા અને જાતીય શિક્ષણનો અભાવ

*ભારતીય સમાજમાં નિરક્ષરતાનું પ્રમાણ ઘણું છે. તેમાંય સ્ત્રી નિરક્ષરતાનો દર વધારે છે. નિરક્ષર કુટુંબો જૂની માન્યતાઓ અને પરંપરાઓમાં વધારે શ્રદ્ધા રાખતા હોય છે. જેમાં પુત્ર જન્મને કુટુંબ માટે આવશ્યક ગણતા હોય છે. નિરક્ષર લોકોમાં વૈજ્ઞાનિક જાતીયશિક્ષણનો અભાવ જોવા મળે તે સ્વાભાવિક છે, પરંતુ તેને કારણે કુટુંબનિયોજન અને ગર્ભનિરોધક સાધનોના ઉપાયોથી દૂર રહેવાનું વલણ બાંધી બેસે છે. જેને કારણે પ્રજનનકાળ લંબાય છે, જેની અસર પ્રજનનશીલતાનાં દર પર પડે છે. ખાસ કરીને ગુજરાતમાં શાળાઓમાં જાતીય શિક્ષણ આપવામાં આવતું નથી. જો વ્યક્તિને પ્રજનન*

*સંબંધિત જ્ઞાન અભ્યાસના માધ્યમથી આપવામાં આવતું હોય તો તે સ્વૈચ્છિક રીતે સભાનતાપૂર્વક પ્રજનનદર ઉપર નિયંત્રણ મૂકે છે.*

### 5.5.7 કુટુંબનિયોજન પ્રત્યે ઉદાસીનતા

*નિરક્ષરતા અને જાતીય શિક્ષણના અભાવે ઘણા કુટુંબો કુટુંબનિયોજન અને ગર્ભનિરોધક સાધનોના ઉપયોગને નકારાત્મક રીતે જોવાનું વલણ ધરાવે છે. આઝાદી પછીના ચાર-પાંચ દાયકામાં નિરક્ષરતાને લીધે કુટુંબનિયોજન અને ગર્ભનિરોધક સાધનોના પ્રચાર-પ્રસારને અવરોધક સામાજિક-કૌટુંબિક વાતાવરણને કારણે વર્તમાન સમયમાં ભારતમાં વસ્તી વધારો જોઈ શકાય છે. આજે પણ ગુજરાતની ઘણી જ્ઞાતિઓમાં કુટુંબનિયોજન બાબતે ઉદાસીનતા જોવા મળે છે. આજે પણ ભારતીય સમાજમાં કુટુંબનિયોજનની માહિતી તેમજ તે માટેના સાધનો અને પ્રાપ્તિના સરળ માર્ગો વિશે સમજ નથી. કુટુંબનિયોજનના સાધનો પૂરા પાડતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનો ઘણી જગ્યાએ અભાવ જોવા મળે છે. કુટુંબનિયોજનને સફળ બનાવવાના પ્રયત્નોમાં તાલીમબદ્ધ કાર્યકરોની જરૂર પડે છે. જેનો ભારતમાં અભાવ જણાય છે. ગ્રામીણ સામાજિક-સાંસ્કૃતિક પાશ્ચાત્યભૂમિમાં કુટુંબનિયોજનનું કાર્ય વિશેષ તાલીમ અને આયોજન માગી લે છે.*

### 5.5.8 જ્ઞાતિપરંપરા અને રિવાજો

*ભારતીય સમાજમાં જ્ઞાતિ એક મહત્ત્વની લાક્ષણિકતા ધરાવે છે. દરેક જ્ઞાતિની આગવી પરંપરા અને રિવાજો હોય છે. ઘણી જ્ઞાતિઓમાં બાળલગ્ન એક રિવાજ અને પરંપરા તરીકે જોવામાં આવે છે. ગુજરાતની ઘણી જ્ઞાતિઓમાં બાળલગ્ન 'ઘોડિયા લગ્નો' થાય છે. આ પ્રકારની પરંપરાઓને કારણે બાળલગ્નોને સામાજિક રિવાજના સ્વરૂપમાં જોવાનું વલણ વિકસ્યું છે. નાની વયે લગ્ન કરવાના રિવાજને કારણે દીકરી નાની વયથી જ ગર્ભધારણ કરતી થઈ જાય છે. તેથી તેનો પ્રજનનકાળ ઘણો લાંબો હોય છે અને તે અનેક સંતાનોને ઈચ્છા અનિચ્છાએ જન્મ આપે છે. જેથી પ્રજનનશીલતાના દરમાં વૃદ્ધિ થાય છે.*

## 5.6 સારાંશ

*આમ ભારતમાં વસ્તી એક સામાજિક સમસ્યા બની ગઈ છે. જેમ-જેમ વસ્તી શિક્ષણમાં વધારો થતો જશે, લોક જાગૃતતા આવતી જશે, તેમ-તેમ વસ્તી અને વસ્તી સાથે સંકળાયેલ અન્ય સામાજિક સમસ્યાઓમાં ઘટાડો થશે. પ્રજનનકાળનું યોગ્ય આયોજન કરવાની સભાનતા, શિક્ષણનો પ્રચાર-પ્રસાર અને કુટુંબનિયોજન અંગે હકારાત્મક સામાજિક વતાવરણ સર્જવા માટે સરકાર અને એન.જી.ઓ. અને આપણે સહુએ સહિયારો પ્રયત્ન કરવો પડશે. જેથી વસ્તીની સમસ્યાનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી ઉકેલ લાવી શકાય છે. સામાજિક સમસ્યા એટલે એવી સ્થિતિ કે જે, મોટાભાગના લોકોને અસર કરતી હોય, લોકો તે સમસ્યાનું સમાધાન લાવી શકે તેમ માનતા હોય અને તે દિશામાં પ્રયત્નો*

*કરતા હોય છે. આમ વસ્તી પણ એક સામાજિક સમસ્યાના લક્ષણો ધરાવે છે જેના નિવારણ માટે આપણે સહુએ પ્રયત્નશીલ થવું પડશે.*

## 5.7 તમારી પ્રગતિ ચકાસો

(1) *પ્રજનનશીલતા એટલે શું ?*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(2) *પ્રજનનશીલતાનાં દર શોધવાની કોઈપણ ત્રણ રીતો કે સૂત્રો જણાવો.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(3) *પ્રજનનશીલતાનાં દર સંબંધિત આંકડાકીય માહિતી ટૂંકમાં આપો.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(4) *સામાન્ય પ્રજનનદર અને વયસાપેક્ષ પ્રજનનદર કોને કહેવાય.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(5) *ઊંચી પ્રજનનશીલતાના કોઈપણ ત્રણ કારણો જણાવો.*

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(6) *ભારતમાં રાજ્યો, ગ્રામીણ-શહેરી પ્રજનનશીલતાના દરનું આંકડાકીય વર્ગીકરણ સમજાવો.*

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(7) *પ્રજનનશીલતાનો અર્થ સમજાવી, પ્રજનનશીલતાનાં દર શોધવાના સૂત્રોની સમજૂતી આપો.*

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(8) *પ્રજનનશીલતા એટલે શું ? ભારતીય સમાજમાં ઊંચી પ્રજનનશીલતાના કારણો સમજાવો.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

## 5.8 સંદર્ભ-સૂચિ


(1) Scott Johan and Gordan Marshall, Oxford Dictionary of Sociology (2009) Oxford University press, New york.

(2) Mitra Asok, Implications of Declining Sex Ratio in India's Population (1979) ICSSR, Allied Publishers, Bombar.

(3) Petrov Victor, India Spotlight on Population-a Demographic outline (1978) progress publishers, Moscow.

(4) *રાવત હરિકૃષ્ણ, સમાજશાસ્ત્ર કોશ* VOL-1 (1986) *રાવત પબ્લિકેશન, જયપુર (હિન્દી)*

(5) *અગ્રવાલ જી.કે. સમાજશાસ્ત્ર* (1993) *સાહિત્ય ભવન, આગરા, (હિન્દી)*

(6) *જાની ગૌરાંગ, ગુજરાતઃ વસ્તી વિશ્લેષણ*-2011, (2012) *કર્મસંઘ (ઇન્ડિયા), અમદાવાદ*

(7) *દેસાઈ અક્ષયકુમાર, સમાજ ખંડ*-1, (1960), *ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ*

(8) *પ્રો. પટેલ કેશવલાલ, વસ્તી વિસ્ફોટ અને પ્રદૂષણ,* (1996), *ગુર્જર ગ્રંથરત્ન, અમદાવાદ*

(9) *કાન્હેરે ઉષા શશીકાંત, સમાજશાસ્ત્ર* (1967), *ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ*

(10) *દેસાઈ જે.એન., વસ્તી શિક્ષણ* (1989), *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય*

(11) *નાળિયેરવાળા પી.એમ., ભારતની વસ્તી સમસ્યા* (1978) *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય*

(12) *સી.સી., ગુજરાત વસ્તીની રૂપરેખા* (1976) *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય*

(13) *રાવલ ચંદ્રિકા, અને શેલજા ધ્રુવ,* (2005) *વસ્તી-એક સામાજિક સમસ્યા પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ*

એકમ 6

# મૃત્યુદરનો અર્થ અને બાળ-મૃત્યુદરના કારણો

**-: રૂપરેખા :-**


**6.0** ઉદ્દેશ્યો

**6.1** પ્રસ્તાવના

**6.2** મૃત્યુદરનો અર્થ-વ્યાખ્યા

**6.3** મૃત્યુદરની ગણતરી કરવાની ફોર્મ્યુલા

**6.4** બાળ-મૃત્યુદરના કારણો

**6.5** સારાંશ

**6.6** તમારી પ્રગતિ ચકાસો

**6.7** સંદર્ભ-સૂચિ


## 6.0 ઉદ્દેશ્યો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે*

- *મૃત્યુદરનો અર્થ સમજી શકશો.*
- *મૃત્યુદરની ગણતરી કરવાની ફોર્મ્યુલા જાણી શકશો.*
- *બાળ-મૃત્યુદરના કારણો સમજી શકશો.*
- *સમાજશાસ્ત્રીય દષ્ટિકોણથી બાળ-મૃત્યુદર વિશે સમજી શકશો.*

## 6.1 પ્રસ્તાવના

*મૃત્યુ એ જૈવિક અને કુદરતી ઘટના હોવાની સાથે-સાથે અનિવાર્ય સામાજિક ઘટના છે. માનવસમાજને સંતુલિત બનાવી રાખવા માટે માનવીના મૃત્યુની ઘટના મહત્ત્વનો ભાગ ભજવે છે. સમાજશાસ્ત્રની વિવિધ શાખાઓમાં ખાસ કરીને કુટુંબનું સમાજશાસ્ત્ર તથા વસ્તીના સમાજશાસ્ત્રમાં જન્મદર, મૃત્યુદર, સ્ત્રી-પુરુષનું પ્રમાણ, બાળપ્રમાણ (જન્મદર-મૃત્યુદર) વગેરે વિષયક આંકડાકીય માહિતીને કેન્દ્રસ્થાને રાખવામાં આવે છે. સામાન્ય રીતે વધતો જતો મૃત્યુદર એ આરોગ્યની કથળેલી સ્થિતિ દર્શાવે છે. દેશના કોઈપણ શહેર કે ગ્રામીણ ક્ષેત્રમાં વધતો કે ઘટતો જતો મૃત્યુદર સમાજનો વિકાસ, સ્વાસ્થ્ય સુધારણા પ્રત્યેની જાગૃતિ દર્શાવે છે. મૃત્યુદર કોને કહી શકાય ? મૃત્યુદરની ગણતરી કરવાની ફોર્મ્યુલા એટલે કે રીત કઈ છે ? તેમજ બાળમૃત્યુદરના મુખ્ય કારણોની ચર્ચા આ એકમમાં કરીશું.*

## 6.2 મૃત્યુદરનો અર્થ

*અંગ્રેજીમાં* 'Mortality' *શબ્દ છે. જેનો ગુજરાતી અર્થ 'મરણાધીનતા' થાય છે. મરણાધીનતા એટલે મરણ અને તેનું પ્રમાણ એ મહત્ત્વની વસ્તીશાસ્ત્રીય ઘટના છે. વસ્તીમાં વર્ષ દરમિયાન જે મરણ થાય છે તેના આધારે પ્રત્યેક* 1000*ની વસ્તીદીઠ 'મૃત્યુદર' કાઢવામાં આવે છે. વસ્તીવૃદ્ધિ સાથે મૃત્યુદર નિકટનો સંબંધ ધરાવે છે. એટલે કે જો મૃત્યુદર ઊંચો હોય તો વસ્તીવૃદ્ધિનો દર નીચો રહે છે અને જો મૃત્યુદર નીચો હોય તો વસ્તીવૃદ્ધિનો દર ઊંચો રહે છે. કોઈપણ દેશમાં મરણપ્રમાણ એ જે તે રાષ્ટ્રની આરોગ્ય અને શારીરિક સુખાકારીના સ્તરનો નિર્દેશ કરે છે. મરણપ્રમાણ પરથી દેશની વસ્તીની ગુણવત્તાનો ખ્યાલ આવે છે. ભારતમાં આજથી આશરે* 70-80 *વર્ષ પહેલાં મૃત્યુદર ઘણો ઊંચો હતો. આરોગ્યની સુવિધાઓના અભાવમાં જન્મદરની સાથોસાથ મૃત્યુદર પણ ઊંચો હોવાથી વસ્તીમાં ઝડપી વધારો થતો નહોતો. પરંતુ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ આરોગ્ય સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થયો. આરોગ્ય સુધારણાના અનેક કાર્યક્રમો સરકારે હાથ ધર્યા. આ બધા પ્રયાસોને પરિણામે મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો થવા લાગ્યો. પરંતુ તેની સાથે જન્મદરમાં બહુ ઓછો ઘટાડો થયો. આમ, સ્વાતંત્ર્ય બાદ ભારતમાં વિસ્ફોટક વસ્તીવૃદ્ધિના એક મહત્ત્વના કારણ તરીકે જેમ ઊંચા જન્મદરને તેમ ઘટી ગયેલા મૃત્યુદરને પણ જવાબદાર ગણવામાં આવે છે.*

*વિશ્વના વિકસિત દેશોની તુલનામાં હજી ભારતમાં મૃત્યુદર અને બાળમૃત્યુદર ઊંચા છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન આ બંને દરમાં ભારતમાં સારો ઘટાડો થયો છે.*

### મૃત્યુદર એટલે શું ?

*મૃત્યુદર એ પ્રત્યેક* 1000 *માણસોની વસ્તીદીઠ વર્ષ દરમિયાન થયેલા મૃત્યુનું માપ દર્શાવે છે. કોઈપણ દેશ કે પ્રદેશની કુલ વસ્તીમાં વર્ષ દરમિયાન પ્રત્યેક* 1000*ની વસ્તીદીઠ થતા મરણને મૃત્યુદર કે મરણદર* (Death Rate) *કહેવામાં આવે છે.*

- *મૃત્યુદર એ વસ્તીમાં વર્ષ દરમિયાન થતાં મરણને રજૂ કરવાનું કાચું માપ છે. તેથી તેને 'કાચો મૃત્યુદર' પણ કહેવામાં આવે છે. વસ્તીમાં જુદા જુદા વયજૂથો અનુસાર થતા મરણના દરને 'વય અનુસાર મૃત્યુદર' કહેવામાં આવે છે.*
- *એ જ રીતે પુરુષોના અને સ્ત્રીઓના અલગ અલગ રીતે મૃત્યુદર કાઢવામાં આવે તો તેને 'લિંગ અનુસાર મૃત્યુદર' કહેવામાં આવે છે.*

### મૃત્યુદરની વ્યાખ્યા

*"કોઈપણ પ્રદેશમાં વર્ષના મધ્યભાગમાં જે વસ્તી હોય તેમાં પ્રત્યેક* 1000 *વ્યક્તિદીઠ જેટલાં વાર્ષિક મરણ થાય તે માપને કાચો મૃત્યુદર કહેવામાં આવે છે."*

## 6.3 મૃત્યુદરની ગણતરી કરવાની ફોર્મ્યુલા

*મૃત્યુદરની ગણતરી કરવા માટે આપણી પાસે નીચેની માહિતી હોવી આવશ્યક છે.*

1. *જે તે દેશ કે પ્રદેશની કુલ વસ્તી*

2. *જે તે દેશ કે પ્રદેશમાં વર્ષ દરમિયાન થયેલાં મરણની સંખ્યા*

*કોઈપણ દેશ કે પ્રદેશની વસ્તીમાં મૃત્યુદર કેટલો છે એની ગણતરી કરવા માટે નીચેના ફોર્મ્યુલાનો ઉપયોગ કરી શકાય.*

$$\text{કાચો મૃત્યુદર} = \frac{\text{વર્ષ દરમ્યાન થયેલાં કુલ મરણ}}{\text{વર્ષના મધ્યભાગમાં વસ્તી}} \times 1000$$

*આમ, કોઈપણ પ્રદેશ કે દેશની વસ્તીનો મૃત્યુદર જાણવા માટે જે તે પ્રદેશમાં વર્ષ દરમિયાન જેટલાં મરણ થયાં હોય તે આંકડાને પ્રદેશની વર્ષના મધ્યભાગની વસ્તીથી ભાગતાં જે આંકડો આવે તેનો 1000 વડે ગુણવાથી મૃત્યુદર મળી શકે. એટલે કે મૃત્યુદર એ કોઈ પણ દેશની વસ્તીમાં પ્રત્યેક 1000 વ્યક્તિદીઠ વર્ષ દરમિયાન કેટલાં મરણ થાય છે તેનું માપ દર્શાવે છે. આ ધોરણ આંતરાષ્ટ્રીય રીતે સ્વીકૃત છે અને તે અનુસાર બધા દેશોમાં મૃત્યુદર કાઢવામાં આવે છે.*

**બાળમૃત્યુદર : (Infant Mortality Rate)**

*જન્મ પછી 1 વર્ષની ઉંમર પૂરી કરતાં પહેલાં મૃત્યુ પામતા બાળકોનો બાળમૃત્યુદરમાં સમાવેશ કરવામાં આવે છે. દેશની વસ્તીમાં કુલ સરેરાશ મૃત્યુદરમાં બાળકોના મરણનો પણ સમાવેશ થઈ જાય છે.પરંતુ આપણી સમજ માટે બાળમૃત્યુદરને અલગ રીતે નીચે પ્રમાણે સમજી શકાય.*

**ડૉ. હંસરાજના મતે** *"જે તે વિસ્તારની વસ્તીમાં વર્ષ દરમિયાન પ્રત્યેક 1000 જીવતાં જન્મેલા બાળકો પૈકી જે બાળકો જન્મ પછી 1 વર્ષની અંદર મૃત્યુ પામે છે તે સંખ્યાને બાળમૃત્યુદર કહેવામાં આવે છે."*

*આમ, બાળમૃત્યુદર પ્રત્યેક 1000ની વસ્તીદીઠ નહીં પણ પ્રત્યેક 1000 જીવતાં જન્મેલા બાળકો દીઠ ગણવામાં આવે છે. મરેલાં જન્મેલા બાળકોનો તેમાં સમાવેશ થતો નથી.*

## 6.4 બાળ-મૃત્યુદરના કારણો

*વિવિધ દેશોમાં થયેલા અભ્યાસો પરથી મળેલી માાહિતીના આધારે જણાયું છે કે બાળમરણનું પ્રમાણ નિર્ધારિત કરવામાં કેટલાંક જૈવિક, આનુવંશિક અને સામાજિક સાંસ્કૃતિક પરિબળો ભાગ ભજવે છે જે નીચે મુજબ છે.*

### 1. જૈવિક-આનુવાંશિક પરિબળો

*જૈવિક-આનુવાંશિક પરિબળોમાં જૈવિક વારસો, માતાની ઉંમર, બાળકના જન્મનો ક્રમ, બાળકોના જન્મ વચ્ચેનો ગાળો વગેરે ગણાવી શકાય. જ્યારે માતાની ઉંમર 20 વર્ષ કરતાં નાની હોય છે ત્યારે બાળમરણનું પ્રમાણ ઊંચું રહે છે પરંતુ માતાની ઉંમર 25-30 વર્ષની હોય છે ત્યારે તેને જન્મતા બાળકોનું મરણપ્રમાણ ઓછામાં ઓછું રહે છે અને તે પછીની ઉંમરે તે વધવાની શરૂઆત થાય છે. બાળકોનાં જન્મક્રમની દૃષ્ટિએ જોતાં જણાયું કે બીજા ક્રમમાં જન્મેલાં બાળકોનું મરણપ્રમાણ નીચામાં નીચું રહે છે ત્યાર પછીના પાંચમા ક્રમ સુધી બાળમરણનું પ્રમાણ ધીમે ધીમે વધવા લાગે છે. બાળકોના જન્મ વચ્ચેનો ગાળો અને બાળકના જન્મનો ક્રમ, માતાની ઉંમર ગમે તે હોય તો પણ બાળકોના મરણની સંખ્યા પર અસર કરે છે.*

*મા-બાપની વાતાવરણ વિષયક પરિસ્થિતિ અને વસ્તીશાસ્ત્રીય લાક્ષણિકતાઓ પણ બાળમરણના પ્રમાણ પર અસર કરે છે.*

### 2. સામાજિક-સાંસ્કૃતિક પરિબળો

*બાળમરણના પ્રમાણ પર જૈવિક-આનુવાંશિક પરિબળો ઉપરાંત કેટલાંક સામાજિક-સાંસ્કૃતિક પરિબળો પણ અસર કરે છે. ભારતમાં આવા પરિબળોએ બાળમરણનો દર ઊંચો લઈ જવામાં ઓછે વત્તે અંશે ભાગ ભજવ્યો છે. પુત્રીના જન્મ વિરુદ્ધની લાગણી, તેના ઉછેર પ્રત્યેની ગંભીર બેદરકારીમાં પરિણમે છે. ઘણી વખત નવજાત બાળકીઓને શહેરોની ગટરોમાં, જંગલોમાં, દેવસ્થાન કે અનાથાશ્રમ પાસે છોડી દેવામાં આવતી હોય એવા કિસ્સા પ્રગટ થતા રહે છે. આવી રીતે ત્યજી દેવાયેલ નવજાત બાળકોમાં મોટાભાગની બાળકીઓ હોય છે.*

*પરંતુ સ્વાતંત્ર્ય પ્રાપ્તિના 50 વર્ષના ગાળા દરમિયાન બાળમૃત્યુદર લગભગ અડધો થઈ ગયો છે. બાળમૃત્યુદરમાં ઘટાડો થવાના અનેક કારણો હોય છે. જેમાં ખાસ કરીને બાળકલ્યાણ અને બાળકલ્યાણના કાર્યક્રમો, બાળકો માટે પોષક આહાર યોજનાઓ, બાળકોને ચેપી રોગો સામે રક્ષણ આપવાના રસીકરણના કાર્યક્રમો, જાહેર અને ખાનગી સ્વાસ્થ્ય સેવાઓનો વિકાસ, બાળકોના જન્મ વચ્ચે વધેલું અંતર, સ્ત્રી શિક્ષણમાં વૃદ્ધિ, બાળકોના આરોગ્ય તરફ રખાતી વધુ તકેદારી, બાળઉછેર અંગે લોકોમાં વિકસેલી જાગૃતિ વગેરે પરિબળોએ બાળમરણનો દર નીચો લઈ જવામાં ભાગ ભજવ્યો છે.*

## 6.5 સારાંશ

*મૃત્યુ એ જૈવિક અને કુદરતી ઘટના હોવાની સાથે-સાથે અનિવાર્ય સામાજિક ઘટના છે. સામાન્ય રીતે વધતો જતો મૃત્યુદર એ આરોગ્યની કથળેલી સ્થિતિ દર્શાવે છે. દેશના કોઈપણ શહેર કે ગ્રામીણ ક્ષેત્રમાં ઘટતો જતો મૃત્યુદર સમાજનો વિકાસ, સ્વાસ્થ્ય સુધારણા*

*પ્રત્યેની જાગૃતિ દર્શાવે છે. મૃત્યુદર એટલે શું ? મૃત્યુદરની ગણતરી કરવાની રીત કઈ છે ? તેમજ બાળમૃત્યુદરના મુખ્ય કારણોની વિસ્તૃત ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે.*

## 6.6 તમારી પ્રગતિ ચકાસો

**(ક) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. *મૃત્યુદરને અંગ્રેજીમાં કહેવાય છે.* (Mortality, Mortai, Morta)

2. ___________ *દેશમાં આશરે* 70-80 *વર્ષ પહેલાં મૃત્યુદર ઘણો ઊંચો હતો. (જાપાન, ભારત, ચીન)*

3. *બાળકો જન્મ પછી* ______ *વર્ષની અંદર મૃત્યુ પામે છે તે સંખ્યાને બાળમૃત્યુદર કહેવાય છે. (એક, બે, ત્રણ)*

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

1. *મૃત્યુદરનો અર્થ સમજાવો.*

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

2. *મૃત્યુદરની ગણતરી કરવાની ફોર્મ્યુલા સમજાવો.*

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

3. *બાળ-મૃત્યુદરના કારણો સમજાવો.*

..................................................................
..................................................................
..................................................................
..................................................................

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**(ક) તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

1. Mortality

2. *ભારત*

3. *એક*

## **6.7 સંદર્ભ-સૂચિ**


(1) *જોશી ભાસ્કર* (1995), *'ભારતની વસ્તી - એક વિશ્લેષણાત્મક અભ્યાસ', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ*

(2) *ઠાકોર રશ્મિન* (1980), *'વસ્તી શિક્ષણ', ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ*

(3) *દવે મંજુલાબેન* (2000), *'વસ્તી વિષયક સ્ત્રોત', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ*

(4) *પહેલ કેશવલાલ* (1992), *'વસ્તી શિક્ષણ અને આરોગ્ય શિક્ષણ', નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ*

(5) *શાહ એ.જી. અને દવે જે.કે.* (2004-05), *'વસ્તી અને સમાજ', અનડા પ્રકાશન, અમદાવાદ*

(6) *જોશી બી.એ.* (2001), *'ગુજરાતી વસ્તીની રૂપરેખા', અમદાવાદ*

(7) *પહેલ વિનુભાઈ* (2001) *'વસ્તી વૃદ્ધિ નિયંત્રણ', આજનો યુગધર્મ, સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટ, અમદાવાદ*

(8) *રાવલ ચંદ્રિકા અને ધ્રુવ શૈલજા* (2005), *'વસ્તી એક સામાજિક સમસ્યા', પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ*

એકમ 7

# ભારતમાં ઘટી રહેલા મૃત્યુદરના કારણો

**-: રૂપરેખા :-**


**7.0 ઉદ્દેશ્યો**

**7.1 પ્રસ્તાવના**

**7.2 ભારતમાં ઘટી રહેલાં મૃત્યુદરના કારણો**

**7.3 સારાંશ**

**7.4 તમારી પ્રગતિ ચકાસો**

**7.5 સંદર્ભ-સૂચિ**


## 7.0 ઉદ્દેશ્યો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે*

- *ભારતમાં મૃત્યુદરનું પ્રમાણ જાણી શકશો.*
- *ભારતમાં મૃત્યુદરનું પ્રમાણ કયા કારણે ઘટી રહ્યું છે તેની માહિતી મેળવી શકશો.*

## 7.1 પ્રસ્તાવના

*માનવીનું સ્વાસ્થ્ય કથળેલું, આરોગ્યપ્રદ સુવિધાઓનો અભાવ, સ્વાસ્થ્ય પ્રત્યેની અસભાનતા વગેરે મૃત્યુદર વધવાનું મુખ્ય કારણ ગણાવી શકાય.* 1989*ના નેશનલ ન્યુટ્રિશન મોનિટરિંગ બ્યૂરો* (National Nutrition Monitoring Bureau Report)*ના અહેવાલ મુજબ* 15 *ટકાથી ઓછી વસ્તીને પૂરતું પોષણ મળ્યું હતું. જો કે* 96 *ટકાને દરરોજ પૂરતી સંખ્યામાં કેલરી મળી હતી. ભારતના સંદર્ભમાં જોઈએ તો મોટાભાગની ગરીબ, પછાત વિસ્તારમાં રહેતા નાગરિકોને પૂરતું પોષણ મળતું નથી. ગરીબી, બેકારી, ભૂખમરાની સ્થિતિ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે, જેની સીધી અસર મૃત્યુદર પર થતી જોવા મળે છે. જો કે ભારત દેશ વિકાસ તરફ ગતિ કરી રહ્યો છે તેમજ ભારત સરકાર દ્વારા આરોગ્ય જાળવણી, પોષણ અંગે અનેક યોજનાઓ, કાર્યક્રમો તેમજ લાભો આપવામાં આવે છે ત્યારે ભારતમાં પોષણક્ષમ સ્થિતિ સુધરી રહી છે. જે ભારતમાં મૃત્યુદરનું પ્રમાણ ઘટાડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.*

## 7.2 ભારતમાં ઘટી રહેલાં મૃત્યુદરના કારણો

*ભારતના સંદર્ભમાં સ્વાતંત્ર્ય બાદ મૃત્યુદરમાં ઝડપી ઘટાડો થવા લાગ્યો. છેલ્લા* 90 *વર્ષોમાં મૃત્યુદર લગભગ ચોથા ભાગનો થઈ ગયો છે. ભારતમાં ઘટી રહેલા મૃત્યુદર પાછળ અનેક કારણોએ ભાગ ભજવ્યો છે જે નીચે પ્રમાણે જોઈ શકાય.*

**(1) ચેપી રોગો પર નિયંત્રણ**

*સ્વાતંત્ર્ય પહેલા ઊંચા મૃત્યુદરના અનેક કારણો હતા. જેમાં મુખ્યત્વે દુષ્કાળ અને ચેપી રોગોનો ફેલાવો એ મુખ્ય જવાબદાર કારણો હતા. નિયમિત રીતે પડતો દુષ્કાળ, વાહન વ્યવહારની અપૂરતી સુવિધાને કારણે દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં અનાજ પહોંચાડવાની અપૂરતી સુવિધાના પરિણામે વિશાળ સંખ્યામાં લોકોના મરણ થતાં. આ ઉપરાંત ચેપી રોગો જેવા કે પ્લેગ, કોલેરા, ઈન્ફલ્યુએન્ઝા વગેરેના ફેલાવામાં અનેક માણસો મૃત્યુ પામતા. ઉ.દા. 1901-10ના દશકામાં માત્ર પ્લેગના રોગમાં 65 લાખ લોકોના મરણ થયા હતા.*

*સમય જતાં શરૂઆતમાં ધીમે ઘટાડો થયો પણ ત્યારબાદ ઝડપી ઘટાડો થવા લાગ્યો. આજના સમયમાં અગાઉની જેમ દુષ્કાળમાં અસંખ્ય માણસો મરી જતા નથી. 1943ના બંગાળના ભયંકર દુષ્કાળ પછી ભારત વ્યવહારમાં દુષ્કાળોથી મુક્ત બની ગયું છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આ પરિસ્થિતિ લાવવામાં ઘણા પરિબળો સહાયક બન્યા છે. જેમકે કૃષિ સુધારણા માટેની યોજનાઓ, રાહત યોજનાઓ અને તેના વહીવટી માળખાનું દેશવ્યાપી વિસ્તરણ, અનાજની આયાત, સિંચાઈ સુવિધાનો વ્યાપ વગેરે બાબતોના કારણે, દુષ્કાળ જેવી કુદરતી આફતોને પહોંચી વળવા આપણે કેટલેક અંશે સફળ થયા છે જેના પરિણામ સ્વરૂપ મૃત્યુદરમાં ઘટાડો જોવા મળે છે.*

**(2) આરોગ્ય સુવિધાઓમાં વૃદ્ધિ**

*આરોગ્ય સારવારની સુવિધાઓ તથા સેવાઓમાં થયેલો વધારો એ મૃત્યુદરમાં ઘટાડો કરનારું મહત્ત્વનું કારણ છે. પંચવર્ષીય યોજનાઓ દ્વારા દેશમાં મેડિકલ અને આરોગ્ય સેવાઓનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. સાથોસાથ લોકોની આર્થિક અને સામાજિક પરિસ્થિતિમાં તુલનાત્મક રીતે સુધારો થયો છે. આના કારણે મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આની સાથોસાથ લોકોમાં જાગૃતિ આવવાના કારણે આરોગ્ય સુવિધાઓનો સમયસર લાભ લઈ અકાળ મૃત્યુથી બચી શક્યા છે. સરકાર દ્વારા પણ ભારતમાં આરોગ્ય સંબંધી યોજનાઓ, કાર્યક્રમો અને જાગૃતિવિષયક જાહેરાતોના પરિણામ સ્વરૂપે જનજન સુધી આરોગ્ય વિષયક જાગૃતિ આવવાના કારણે આરોગ્ય સંબંધિત સુવિધાઓ લોકો સુધી સમયસર પહોચાડવાના કારણે તેમજ માતાથી બાળક તેમજ વૃદ્ધો સુધીના સ્વાસ્થ્યને સંભાળ તથા સુવિધાઓ આપી મૃત્યુદરનું પ્રમાણ ઘટાડી શક્યા છે.*

*વર્તમાન સમયમાં આરોગ્યની સુવિધાઓ - તજ્જ્ઞ ડૉક્ટર્સ, નર્સની સંખ્યા, હોસ્પિટલની સંખ્યા, એમ્બ્યુલન્સ સેવા વગેરેમાં ખૂબ વૃદ્ધિ થઈ છે. સરકારશ્રીએ આ બાબતે વિશેષ ધ્યાન દીધું છે. તેથી સ્વાસ્થ્યની સ્થિતિમાં હવે પહેલા કરતા વધુ સુધારો જોવા મળે છે. આવી સ્થિતિમાં રોગગ્રસ્ત વ્યક્તિઓની યોગ્ય સમયે સારવાર થઈ જાય છે, જેથી લોકોનું કસમયે મૃત્યુ થતું અટકે છે.*

**(3) આરોગ્યપ્રદ જીવન જીવવાનો ખ્યાલ**

*આધુનિકતા, પશ્ચિમીકરણનાં ખ્યાલો, શહેરી જીવનશૈલીને કારણે લોકો પોતાના આરોગ્ય પ્રત્યે સભાન બન્યા છે. સ્વાસ્થ્ય પ્રત્યેની વિચારસરણીમાં બદલાવ આવતો જાય છે. લોકો પરંપરાગત સારવારની પદ્ધતિઓને સ્થાને આધુનિક જીવન માટે જરૂરી બાબતો જેવી કે, કસરત, સ્વાસ્થ્ય તપાસ, જરૂરી રસીઓ સમયસર કરાવતા જોવા મળે છે. લોકો પહેલાની સરખામણીમાં વધુ આરોગ્યપ્રદ ખોરાક, હવા, પાણી તરફ વધ્યા છે. આ બાબત લોકોનું આરોગ્યપ્રદ જીવન જીવવાની ટેવ ધીમે-ધીમે વિકસિત થઈ રહી છે તેનું સૂચન કરે છે. આ બાબતોને કારણે જ લોકોની આયુષ્ય મર્યાદામાં પણ વધારો થતો જોવા મળી રહ્યો છે. આમ, લોકોમાં હવે આરોગ્યપ્રદ જીવન જીવવાનો ખ્યાલ વિકસિત થતો જોવા મળે છે.*

**(4) સરકારશ્રી સઘન પ્રયાસો અને નીતિઓ**

*મૃત્યુદર ઘટાડવા માટે સરકારશ્રી દ્વારા અપનાવવામાં આ દિશામાં પ્રયાસો અને નીતિઓ, યોજનાઓ પણ આ દિશામાં કારગર રીતે કામ કરે છે. સરકાર દ્વારા કરવામાં આવતી નીતિલક્ષી અને યોજનાલક્ષી કામગીરીથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને લાભ થઈ રહ્યો છે. જે લોકો પહેલા આરોગ્ય માટે દેવા જેવી સ્થિતિમાં ફસાઈ જતા હતા તેમને સરકારના આ પગલાઓથી ખૂબ ફાયદા થઈ રહ્યા છે. જેની અસર ભારતમાં મૃત્યુદરમાં સતત ઘટાડા તરીકે જોઈ શકાય છે.*

**(5) આરોગ્યલક્ષી વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ**

*વર્તમાન સમયમાં આરોગ્ય વિજ્ઞાનોનો વિકાસ થઈ રહ્યો છે. સાથે સાથે તેમાં આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ વધતો જાય છે. આરોગ્યલક્ષી વિજ્ઞાનોમાં આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ વધતો જઈ રહ્યો છે તેથી વર્તમાન સમયમાં આધુનિક ટેક્નોલોજીથી સજ્જ હોસ્પિટલની સંખ્યામાં ખૂબ વધારો થયો છે. આ બધાને કારણે લોકોને સારી અને તાત્કાલિક સારવાર મળી શકે છે. આ બધાની અસર મૃત્યુદર પર પડેલી જોવા મળે છે.*

**(6) જટિલ રોગોની અસરકારક સારવાર**

*અગાઉ ઘણા રોગો એવા હતા જેમની સારવાર અશક્ય હતી. એવા અસાધ્ય રોગોને કારણે લોકોના મૃત્યુ પણ થઈ જતા હતા. આજે એવા ઘણા જટિલ રોગો જેવા કે, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, માનસિક તનાવ, આંતરિક ગુપ્ત રોગોની સારવાર થઈ શકે છે. ચિકિત્સકીય વિજ્ઞાનમાં ઘણી નવી દવાઓ, ઈન્જેક્શનો, અન્ય મેડીકલનાં સાધનો, ઉપકરણોની શોધ થઈ છે. જેના દ્વારા લોકોને જટિલ રોગોની અસરકારક સારવાર મળી*

જાય છે. ઉપરાંત ઘણા જટિલ રોગો તો હવે નાબૂદ થઈ ગયા છે, જે મૃત્યુદરનાં ઘટાડાનું મુખ્ય કારણ ગણાવી શકાય.

**ભારતમાં મૃત્યુદરનું પ્રમાણ દર્શાવતું કોષ્ટક**

| State/UT | 2016 | 2015 | 2014 | 2013 | 2012 | 2011 | 2010 | 2009 | 2008 | 2007 | 2006 | 2005 | 2004 | 2003 | 2002 | 2001 | 2000 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આંધ્રપ્રદેશ | 6.8 | 7.1 | 7.3 | 7.3 | 7.4 | 7.5 | 7.6 | 7.6 | 7.5 | 7.4 | 7.3 | 7.3 | 7.0 | 8.0 | 8.1 | 8.2 | 8.2 |
| અરૂણાચલ પ્રદેશ | 6.2 | 6.0 | 6.6 | 5.8 | 5.8 | 5.8 | 5.9 | 6.1 | 5.2 | 5.1 | 5.0 | 5.0 | 4.7 | 4.7 | 4.8 | 5.7 | 6.0 |
| આસામ | 6.7 | 7.1 | 7.2 | 7.8 | 7.9 | 8.0 | 8.2 | 8.4 | 8.6 | 8.6 | 8.7 | 8.7 | 8.8 | 9.1 | 9.2 | 9.6 | 9.6 |
| બિહાર | 6.0 | 6.2 | 6.2 | 6.6 | 6.6 | 6.7 | 6.8 | 7.0 | 7.3 | 7.5 | 7.7 | 8.1 | 8.1 | 7.9 | 7.9 | 8.2 | 8.8 |
| છત્તીસગઢ | 7.4 | 7.5 | 7.7 | 7.9 | 7.9 | 7.9 | 8.0 | 8.1 | 8.1 | 8.1 | 8.1 | 8.1 | 7.7 | 8.5 | 8.7 | 8.8 | 9.6 |
| દિલ્હી | 4.0 | 3.6 | 3.8 | 4.1 | 4.2 | 4.3 | 4.2 | 4.4 | 4.8 | 4.8 | 4.7 | 4.6 | 4.7 | 5.0 | 5.1 | 5.1 | 5.1 |
| ગોવા | 6.7 | 6.4 | 6.6 | 6.6 | 6.6 | 6.7 | 6.6 | 6.7 | 6.6 | 7.2 | 7.4 | 7.1 | 7.2 | 8.1 | 8.3 | 7.7 | 7.4 |
| ગુજરાત | 6.1 | 6.1 | 6.2 | 6.5 | 6.6 | 6.7 | 6.7 | 6.9 | 6.9 | 7.2 | 7.3 | 7.1 | 6.9 | 7.6 | 7.7 | 7.8 | 7.5 |
| હરિયાણા | 5.9 | 6.1 | 6.1 | 6.3 | 6.4 | 6.5 | 6.6 | 6.6 | 6.9 | 6.6 | 6.5 | 6.7 | 6.6 | 7.1 | 7.1 | 7.6 | 7.5 |
| હિમાચલ પ્રદેશ | 6.8 | 6.6 | 6.7 | 6.7 | 6.7 | 6.7 | 6.9 | 7.2 | 7.4 | 7.1 | 6.8 | 6.9 | 6.8 | 7.1 | 7.5 | 7.1 | 7.2 |
| જમ્મુ અને કાશ્મીર | 5.0 | 4.9 | 5.1 | 5.3 | 5.4 | 5.5 | 5.7 | 5.7 | 5.8 | 5.8 | 5.9 | 5.5 | 5.6 | 5.7 | 5.7 | 6.1 | 6.2 |
| ઝારખંડ | 5.5 | 5.8 | 5.9 | 6.8 | 6.8 | 6.8 | 7.0 | 7.0 | 7.1 | 7.3 | 7.5 | 7.9 | 8.0 | 8.0 | 7.9 | 8.8 | 9.0 |
| કર્ણાટક | 6.7 | 6.6 | 6.8 | 7.0 | 7.1 | 7.1 | 7.1 | 7.2 | 7.4 | 7.3 | 7.1 | 7.1 | 6.9 | 7.2 | 7.2 | 7.6 | 7.8 |
| કેરાલા | 7.6 | 6.6 | 6.6 | 6.9 | 6.9 | 7.0 | 7.0 | 6.8 | 6.6 | 6.8 | 6.7 | 6.4 | 6.1 | 6.3 | 6.4 | 6.6 | 6.4 |
| મધ્યપ્રદેશ | 7.1 | 7.5 | 7.8 | 8.0 | 8.1 | 8.2 | 8.3 | 8.5 | 8.6 | 8.7 | 8.9 | 9.0 | 9.2 | 9.8 | 9.8 | 10.1 | 10.3 |
| મહારાષ્ટ્ર | 5.9 | 5.8 | 6.0 | 6.2 | 6.3 | 6.3 | 6.5 | 6.7 | 6.6 | 6.6 | 6.7 | 6.7 | 6.2 | 7.2 | 7.3 | 7.5 | 7.5 |
| મણિપુર | 4.5 | 4.0 | 4.3 | 4.0 | 4.0 | 4.1 | 4.2 | 4.7 | 5.0 | 4.4 | 4.5 | 4.1 | 4.3 | 4.8 | 4.6 | 5.2 | 5.6 |
| મેઘાલય | 6.6 | 7.4 | 7.5 | 7.6 | 7.6 | 7.8 | 7.9 | 8.1 | 7.9 | 7.5 | 8.0 | 7.5 | 7.3 | 7.4 | 7.7 | 9.0 | 9.2 |
| મિઝોરમ | 4.2 | 4.2 | 4.3 | 4.3 | 4.4 | 4.4 | 4.5 | 4.5 | 5.1 | 5.2 | 5.5 | 5.1 | 5.2 | 5.1 | 4.8 | 4.4 | 5.2 |
| નાગાલેન્ડ | 4.5 | 3.0 | 3.1 | 3.1 | 3.2 | 3.3 | 3.6 | 3.6 | 4.6 | 5.0 | 4.8 | 3.8 | 3.7 | | | | |
| ઓરિસ્સા | 7.8 | 7.6 | 7.9 | 8.4 | 8.5 | 8.5 | 8.6 | 8.8 | 9.0 | 9.2 | 9.3 | 9.5 | 9.6 | 9.7 | 9.8 | 10.4 | 10.5 |
| પંજાબ | 6.0 | 6.2 | 6.4 | 6.7 | 6.8 | 6.8 | 7.0 | 7.0 | 7.2 | 7.0 | 6.8 | 6.7 | 6.4 | 7.0 | 7.1 | 7.0 | 7.4 |
| રાજસ્થાન | 6.1 | 6.3 | 6.4 | 6.5 | 6.6 | 6.7 | 6.7 | 6.6 | 6.8 | 6.8 | 6.9 | 7.0 | 7.0 | 7.6 | 7.7 | 8.0 | 8.5 |
| સિક્કિમ | 4.7 | 5.0 | 5.1 | 5.2 | 5.4 | 5.6 | 5.6 | 5.7 | 5.2 | 5.3 | 5.6 | 5.1 | 4.9 | 5.0 | 4.9 | 5.1 | 5.7 |
| તમિલનાડુ | 6.4 | 6.7 | 7.0 | 7.3 | 7.4 | 7.4 | 7.6 | 7.6 | 7.4 | 7.2 | 7.5 | 7.4 | 7.5 | 7.6 | 7.7 | 7.7 | 7.9 |
| તેલંગાણા | 6.1 | 6.5 | 6.7 | | | | | | | | | | | | | | |

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ત્રિપુરા | 5.5 | 5.2 | 4.7 | 4.7 | 4.8 | 5.0 | 5.0 | 5.1 | 5.9 | 6.5 | 6.3 | 5.7 | 5.5 | 5.5 | 5.7 | 5.6 | 5.4 |
| ઉત્તરપ્રદેશ | 6.9 | 7.2 | 7.4 | 7.7 | 7.7 | 7.9 | 8.1 | 8.2 | 8.4 | 8.5 | 8.6 | 8.7 | 8.8 | 9.5 | 9.7 | 10.1 | 10.3 |
| ઉત્તરાખંડ | 6.7 | 6.4 | 6.0 | 6.1 | 6.1 | 6.2 | 6.3 | 6.5 | 6.4 | 6.8 | 6.7 | 7.4 | 7.2 | 6.5 | 6.4 | 7.8 | 6.9 |
| પશ્ચિમી બંગાળ | 5.8 | 5.9 | 6.1 | 6.4 | 6.3 | 6.2 | 6.0 | 6.2 | 6.2 | 6.3 | 6.2 | 6.4 | 6.3 | 6.6 | 6.7 | 7.0 | 7.0 |
| અંદમાન અને નિકોબાર | 5.2 | 5.0 | 4.6 | 4.6 | 4.6 | 4.6 | 4.3 | 4.1 | 4.8 | 4.5 | 5.1 | 4.7 | 3.7 | 5.6 | 5.5 | 4.7 | 5.1 |
| ચંદીગઢ | 4.5 | 4.4 | 4.0 | 4.0 | 4.0 | 4.1 | 3.9 | 3.9 | 4.4 | 4.0 | 4.1 | 4.5 | 2.9 | 3.8 | 3.4 | 3.6 | 3.9 |
| દાદરા અને નગર હવેલી | 4.0 | 3.9 | 4.2 | 4.4 | 4.5 | 4.6 | 4.7 | 4.8 | 5.4 | 4.8 | 4.8 | 5.1 | 5.2 | 6.1 | 6.8 | 6.5 | 7.8 |
| દમણ અને દીવ | 4.6 | 4.7 | 4.6 | 4.9 | 4.8 | 4.9 | 4.9 | 5.1 | 5.3 | 5.5 | 5.5 | 5.6 | 5.8 | 6.6 | 6.6 | 6.7 | 6.6 |
| લક્ષદ્વીપ | 6.0 | 6.2 | 6.1 | 6.3 | 6.4 | 6.4 | 6.4 | 5.8 | 7.1 | 6.5 | 6.4 | 6.3 | 7.3 | 5.2 | 5.2 | 5.0 | 6.0 |
| પોંડિચેરી | 7.2 | 6.8 | 6.6 | 7.0 | 7.1 | 7.2 | 7.4 | 7.0 | 7.5 | 7.7 | 7.3 | 7.1 | 8.0 | 6.3 | 6.7 | 7.0 | 6.5 |
| ભારત | 6.4 | 6.5 | 6.7 | 7.0 | 7.0 | 7.1 | 7.2 | 7.3 | 7.4 | 7.4 | 7.5 | | | | | | |

- **મૃત્યુદર ઘટાડવા માટે સરકારશ્રીની મહત્વની યોજના તથા લાભો**

1. *ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાઃ ગુજરાતમાં* EMRI*ના સહયોગથી તત્કાલીન તબીબી સેવાઓ પૂરી પાડવા માટે* 108-*ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવામાં આવેલ છે. હાલમાં આશરે* 607 *જેટલી* 108-*એમ્બ્યુલન્સ ગુજરાતમાં તત્કાલીન તબીબી સેવાઓ પૂરી પાડી રહી છે.*
2. *સલામત માતૃત્વ માટે થયેલ કામગીરીઃ ગુજરાતમાં સલામત માતૃત્વ માટે મમતા અભિયાન અમલમાં મૂકવામાં આવ્યું છે. જેમાં ઔદ્યોગિક એકમોમાં કામ કરતા કામદારો સહિત તમામ વિસ્તારો આવરી લેવામાં આવ્યાં છે. મમતા અભિયાનમાં સગર્ભા બહેનોની પૂર્વ તપાસ, પૂર્વ પ્રસૂતિ તપાસ, ધનૂરવિરોધી રસી તથા સગર્ભા અને ધાત્રી માતાઓને આયોડીનયુક્ત મીઠું તેમજ માર્ગદર્શન અને સેવા આપવામાં આવે છે.*
3. *સંસ્થાકીય પ્રસૂતિની માત્રા વધારવા માટે કોમ્પ્રીહેન્સીવ ઈમરજન્સી ઓબસ્ટેરટીક કેસ અને ઈમરજન્સી ઓપરેશન કેરની તાલીમ, લાઈફ સેવિંગ્સ સ્કીલ, એનેસ્થેસિયા ઈન પ્રેગનન્સીની તાલીમ તબીબો/પેરા મેડિકલ સ્ટાફને આપવામાં આવી છે.*
4. *બાળ સંભાળ માટે થયેલ કામગીરીઃ નવજાત શિશુ અને બાળકોની યોગ્ય સારવાર અને નિદાન માટે ઈન્ટીગ્રેટેડ મેનેજમેન્ટ ઑફ નિયોનેટલ એન્ડ ચાઈલ્ડહુડ ઈલનેશ* (E.M.N.I.C.) *પ્રોટોકોલનો અમલ 18 જિલ્લાઓમાં શરૂ કરવામાં આવ્યો છે.*

*મમતા અભિયાન અને સંકલિત બાળવિકાસ યોજનાના આંગણવાડી બહેનોના સહયોગથી કુપોષિત બાળકોનું નિદાન કરી યોગ્ય આહાર અને લોહતત્ત્વ જેવા માઈક્રોન્યુટ્રીઅન્ટ આપવામાં આવે છે. કુપોષણવાળા બાળકોની સારવાર માટે પછાત વિસ્તારોમાં 14 ચાઈલ્ડ ડેવલપમેન્ટ એન્ડ ન્યુટ્રીશન સેન્ટર શરૂ કરવામાં આવ્યાં છે.*

5. *હોસ્પિટલો અને રેફરલ યુનિટોમાં નવજાત શિશુ સારવાર ઉપલબ્ધ કરાવવાની તથા* 1 *થી* 5 *વર્ષના બાળકોને સંપૂર્ણ રસીકરણ, વિટામીન-* A *આપવાની કાર્યવાહી, નવજાત શિશુની સારવાર માટે બાળસખા યોજનાનું આયોજન કરવામાં આવી છે. સગર્ભા મહિલાઓને ધનૂરની રસી, બાળકોને પોલીયો, બી.સી.જી., ત્રિગુણી રસી, વિટામીન-*A *માટેની રસી, ઓરીની રસી વગેરે જેવી રસી સરકારી દવાખાનાઓમાં મફત આપવામાં આવે છે.*
6. *એનેમીયાથી બાળકો અને મહિલાઓને રક્ષણ આપવા માટે એનેમીયા પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ પ્રોગ્રામ શરૂ કરવામાં આવેલ છે. હૃદય, કિડની અને કેન્સર જેવી ગંભીર બિમારી ધરાવતાં બાળકોને સુપર સ્પેશીયાલીસ્ટ હોસ્પિટલમાં વિના મૂલ્યે સઘન સારવાર આપવામાં આવે છે. ઉપરાંત ગુજરાતમાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા સગર્ભા મહિલાઓને થેલેસેમિયાની અને ગુજરાતમાં એઈડ્ઝ કંટ્રોલ પ્રોગ્રામ* I.C.T.C.P.-*સંકલિત સમજણ તપાસ કાઉન્સિલિંગ કાર્યક્રમ દ્વારા એઈડ્ઝની મફત સારવાર આપવામાં આવે છે.*
7. *અગરિયા વિસ્તારમાં મોતિયાના ઓપરેશનો, બાલસખા, ચિરંજીવી સ્કીમ, નિરોગી બાળવર્ષ, મમતાકીટ વગેરેનું આયોજન કરવામાં આવેલ છે.*
8. *'મુખ્યમંત્રી અમૃતમ - મા યોજના' દ્વારા ગુજરાતમાં સરકારી ખર્ચે હેલ્થકાર્ડ દ્વારા ગરીબમાં ગરીબ કુટુંબ અને માતા-બાળકને ગંભીરમાં ગંભીર રોગમાં* 2 *લાખ સુધીની તબીબી સારવારનો, દવાઓનો ખર્ચો, મફત તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.*
9. *ક્ષયરોગ : ગુજરાતમાં* W.H.O. *દ્વારા* R.N.T.C.P.-, *સુધારેલ રાષ્ટ્રીય ક્ષયનિવારણ કેન્દ્ર અંતર્ગત દર્દીના ગળફાની તપાસ,* X-rays *સારવાર વગેરે મફત કરી આપવામાં આવે છે.*
10. *મલેરિયાઃ ગુજરાતમાં મલેરિયાના નિવારણ માટે* N.V.B.D.C.P.-*રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ સરકારી દવાખાનામાં મફત સારવાર આપવામાં આવે છે.*

*ટૂંકમાં કહી શકાય કે ભારતમાં અન્ય દેશોની તુલના કરતા મૃત્યુદરનું પ્રમાણ ખૂબ ઓછું ન કહી શકાય પરંતુ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ સરકારી તેમજ સ્વૈચ્છિક સંસ્થા તથા જનજનના પ્રયાસના ભાગરૂપે મૃત્યુદરનો આંક નીચો લાવવામાં આપણે કંઈક અંશે સફળતા હાંસલ કરી છે.*

## 7.3 સારાંશ

*ભારત દેશ વિકાસ તરફ ગતિ કરી રહ્યો છે તેમજ ભારત સરકાર દ્વારા આરોગ્ય જાળવણી, પોષણ અંગે અનેક યોજનાઓ, કાર્યક્રમો તેમજ લાભો આપવામાં આવે છે, ત્યારે ભારતમાં પોષણક્ષમ સ્થિતિ સુધરી રહી છે. જે ભારતમાં મૃત્યુદરનું પ્રમાણ ઘટાડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ એકમમાં ભારતના ઘટી રહેલા મૃત્યુદરના કારણોની ચર્ચા કરવામાં આવી છે.*

## 7. 4 તમારી પ્રગતિ ચકાસો

**(ક) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. *નેશનલ ન્યુટ્રિશન મોનિટરિંગ બ્યુરોએ વર્ષ __________માં પોષણ વિષયક અહેવાલ આપ્યો.* (1789, 1889, 1989)
2. *નેશનલ ન્યુટ્રિશન મોનિટરિંગ બ્યુરોનાં અહેવાલ મુજબ __________ટકાથી ઓછી વસ્તીને પૂરતું પોષણ મળ્યું હતું.* (15, 25, 35)
3. 1901-10*ના દશકામાં માત્ર પ્લેગનાં રોગમાં --- લાખ લોકો મૃત્યુ પામ્યા હતા.* (60, 65, 70)

**(ખ) નીચેના પ્રશ્નનો જવાબ લખો.**

1. *ભારતમાં ઘટી રહેલા મૃત્યુદરના કારણો સવિસ્તાર સમજાવો.*

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………

**(ક) તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

1. 1989

2. 15

3. 65

## 7.5 સંદર્ભ-સૂચિ


1. Library of Congress, 1995 "Life expectancy and mortality in India" Source: The Prajnopaya Foundation, http://www.prajnopaya.org
2. *જોશી ભાસ્કર* (1995), *'ભારતની વસ્તી - એક વિશ્લેષણાત્મક અભ્યાસ', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ*
3. *જોશી બી.એ.* (2001), *'ગુજરાતી વસ્તીની રૂપરેખા', અમદાવાદ*
4. *પહેલ વિનુભાઈ* (2001) *'વસ્તી વૃદ્ધિ નિયંત્રણ', આજનો યુગધર્મ, સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટ, અમદાવાદ*
5. *રાવલ ચંદ્રિકા અને ધ્રુવ શૈલજા* (2005), *'વસ્તી એક સામાજિક સમસ્યા', પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.*

એકમ 8

# વસ્તીનો સિદ્ધાંત - ઈષ્ટવસ્તીનો સિદ્ધાંત

-: રૂપરેખા :-

**8.0** **ઉદ્દેશ્યો**

**8.1** **પ્રસ્તાવના**

**8.2** **ઈષ્ટવસ્તીનો સિદ્ધાંત**

**8.3** **ઈષ્ટવસ્તીનાં સિદ્ધાંતનું મહત્ત્વ**

**8.4** **ઈષ્ટવસ્તીનાં સિદ્ધાંતની સમીક્ષા**

**8.5** **સારાંશ**

**8.6** **તમારી પ્રગતિ ચકાસો**

**8.5** **સ્વાધ્યાયના પ્રશ્નો**

**8.7** **સંદર્ભ-સૂચિ**

## 8.0 ઉદ્દેશ્યો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે*

- *ઈષ્ટવસ્તીનો સિદ્ધાંત સમાજશાસ્ત્રીય દષ્ટિકોણથી સમજી શકશો.*
- *ઈષ્ટવસ્તીનાં સિદ્ધાંતનું મહત્ત્વ સમજી શકશો.*
- *ઈષ્ટવસ્તીનાં સિદ્ધાંતની સમીક્ષા કરી શકશો.*

## 8.1 પ્રસ્તાવના

*વસ્તીને સંતુલિત રાખવી તેમજ વસ્તીની પ્રાથમિક, શારીરિક, સામાજિક જરૂરિયાતો પરિપૂર્ણ થઈ રહે તે વસ્તીને ઈષ્ટતમ વસ્તી કે શ્રેષ્ઠતમ વસ્તી ગણાવી શકાય. જેમાં ગરીબ, મધ્યમ કે ઉચ્ચ જીવનધોરણ ધરાવતા તમામ લોકો માટે જીવનના શ્રેષ્ઠ ધોરણો સાથે મહત્તમ વસ્તીના કદને જાળવવા માટે સંતુલિત કરવામાં સક્ષમતા ધરાવતા હોય તે ઈષ્ટવસ્તી છે. વસ્તીના સંદર્ભમાં જુદા-જુદા સિદ્ધાંતો પૈકી ઈષ્ટવસ્તીનો સિદ્ધાંત મહત્ત્વનો છે, જેની આ એકમમાં ચર્ચા કરીશું.*

## 8.2 ઈષ્ટવસ્તીનો સિદ્ધાંત

*આધુનિક વિદ્વાનો માલ્થસના વસ્તી સિદ્ધાંતને સંતોષકારક ગણતા નથી. આથી વસ્તી અંગેના અન્ય સિદ્ધાંતો રજૂ થયા છે. આવા સિદ્ધાંતમાં એડવીન, કેમન, કાર, ઓડર્સ વગેરે સિદ્ધાંતોએ રજૂ કરેલા ઈષ્ટવસ્તીનો સિદ્ધાંત વધારે લોકપ્રિય બન્યો છે.*

*કેનન ઈષ્ટવસ્તીનો સિદ્ધાંત રજૂ કરતા કહે છે કે, કોઈ એક ચોક્કસ સમયે દેશમાં વસ્તીનું પ્રમાણ એવું હોય કે જેથી માથાદીઠ આવક વધુમાં વધુ હોય ત્યારે વસ્તીના તે પ્રમાણને 'ઈષ્ટવસ્તી' કે 'આદર્શ વસ્તી' ગણી શકાય.*

**ઈષ્ટવસ્તી એટલે કેટલી વસ્તી ?**

*આ સિદ્ધાંતમાં માથાદીઠ આવકને અનુલક્ષીને વસ્તીનું 'ઈષ્ટ' પ્રમાણ નક્કી કરવાની રજૂઆત કરવામાં આવી છે. આથી તેને વસ્તીના ઈષ્ટ પ્રમાણનો સિદ્ધાંત પણ કહેવામાં આવે છે. ઈષ્ટવસ્તી દેશના કુદરતી સાધનો, સંપત્તિ, રાજકીય આવક, માથાદીઠ આવક વગેરે સંજોગોના સંદર્ભમાં આદર્શ પ્રમાણ સૂચવે છે. એટલે કે ઈષ્ટવસ્તી એ વસ્તીની એવી સંખ્યા છે જે હોવી જોઈએ. અમુક ચોક્કસ સમયે દેશની કુલ સંપત્તિ અને ઉપલબ્ધ સાધનોના સંદર્ભમાં જે વસ્તી આદર્શ સંખ્યાની ગણાય તેટલી વસ્તીને ઈષ્ટવસ્તી કહેવાય. દેશમાં વાસ્તવિક માથાદીઠ આવક મહત્તમ હોય ત્યારે તેટલી વસ્તીને દેશની ઈષ્ટવસ્તી ગણી શકાય. ટૂંકમાં કહીએ તો દેશમાં માથાદીઠ આવક સૌથી વધુ હોય ત્યારે જેટલી વસ્તી હોય તેટલી વસ્તુને ઈષ્ટ પ્રમાણ તરીકે ગણી શકાય. એટલે કે ઈષ્ટવસ્તી ધરાવતાં દેશમાં માથાદીઠ વાસ્તવિક આવક મહત્તમ હોય છે. ઈષ્ટ પ્રમાણ કરતાં વસ્તી વધારે હોય તો દેશમાં અતિવસ્તીનો પ્રશ્ન ઉદ્ભવે. આને પરિણામે બેકારી વધે. માથાદીઠ આવક ઘટે અને ઘટતા જતા મળતરનો અનુભવ થાય. વસ્તી ઈષ્ટ પ્રમાણ કરતાં ઓછી હોય તો દેશમાં અલ્પ વસ્તીનો પ્રશ્ન ઊભો થાય અને તેને પરિણામે દેશની સાધનસામગ્રીનો ઉત્તમ કે પૂરેપૂરો ઉપયોગ થઈ શકે નહીં.*

## 8.3 ઈષ્ટવસ્તીનાં સિદ્ધાંતનું મહત્ત્વ

*માલ્થસના સિદ્ધાંત કરતાં ઈષ્ટ વસ્તીનો સિદ્ધાંત વધુ પ્રગતિશીલ અને વૈજ્ઞાનિક હોવાનું સ્વીકારવામાં આવ્યું છે. કારણ કે ઈષ્ટ વસ્તીના સિદ્ધાંતમાં વસ્તીનું આદર્શ કદ નક્કી કરવામાં દેશની કુલ સંપત્તિ, ઉત્પાદનના તમામ સાધનો અને કુલ રાષ્ટ્રીય આવકને ધ્યાનમાં લેવામાં આવે છે. વળી આ સિદ્ધાંતમાં વસ્તીવૃદ્ધિને હંમેશા ભયજનક ગણવામાં આવતી નથી પણ દેશના ઉત્પાદનના ઉપલબ્ધ સાધનોના સંદર્ભમાં કેટલીક વખત વસ્તીવધારો લાભદાયક હોવાનું માનવામાં આવે છે. આ સિદ્ધાંત મુજબ વસ્તીવૃદ્ધિની સાથે સાથે જો સરાસરી માથાદીઠ આવકમાં વધારો થતો હોય તો વસ્તીવૃદ્ધિને સારી બાબત ગણવામાં આવે છે. વળી આ સિદ્ધાંત જુદા જુદા દેશોમાં જુદા જુદા સમયે વસ્તીનું જે પ્રમાણ છે તે ઓછું છે, વધારે છે કે ઈષ્ટ છે તે નક્કી કરવાનો વૈજ્ઞાનિક આધાર પૂરો પાડે છે. આમ વસ્તીના પ્રમાણની વૈજ્ઞાનિક દૃષ્ટિએ સમજૂતી મેળવવામાં પણ ઈષ્ટ વસ્તીનો સિદ્ધાંત ઉપયોગી નીવડે તેમ છે. આ ઉપરાંત ઈષ્ટ વસ્તીના સિદ્ધાંતનું એક ઉપયોગી લક્ષણ એ પણ છે કે તેમાં વસ્તીનું ઈષ્ટ પ્રમાણ નક્કી કરવામાં કેવળ ખોરાકનો પુરવઠો ધ્યાનમાં લેવાને બદલે ખોરાક ઉપરાંત ઔદ્યોગિક ઉત્પાદન અને કુલ રાષ્ટ્રીય સંપત્તિને ધ્યાનમાં લેવામાં આવે છે. આ દૃષ્ટિએ જોતાં આ સિદ્ધાંત વધુ વાસ્તવદર્શી છે.*

## 8.4 ઈષ્ટવસ્તીનાં સિદ્ધાંતની સમીક્ષા

*માલ્થસના વસ્તી સિદ્ધાંતની સરખામણીમાં ઈષ્ટ વસ્તીનો સિદ્ધાંત વધુ પ્રગતિશીલ છે. માલ્થસનો સિદ્ધાંત અતિ વસ્તીના ભયને જ આગળ ધરે છે. કારણ કે વસ્તી ખોરાકના પુરવઠા કરતાં વધારે ઝડપથી વધે છે. એવા અનુમાન પર એ સિદ્ધાંત રચાયો છે. જ્યારે ઈષ્ટ વસ્તીનો સિદ્ધાંત કેવળ અનાજના પુરવઠાને જ ધ્યાનમાં લેવાને બદલે અન્ય ચીજવસ્તુઓ રાષ્ટ્રીય ઉત્પાદનને પણ ધ્યાનમાં લે છે અને વધતી વસ્તીને હંમેશા ભયરૂપ ગણતો નથી. વસ્તીમાં વધારો થાય તો કેવળ નિરાશાજનક પરિણામો જ લાવશે એવી આગાહી ઈષ્ટ વસ્તીનો સિદ્ધાંત કરતો નથી. વસ્તીના વધારાની સાથે સાથે માથાદીઠ સરાસરી આવકમાં વધારો થતો હોય તો તે સારી બાબત છે એમ આ સિદ્ધાંત ગણાવે છે. એટલે કે અમુક સંજોગોમાં વસ્તીવધારો આવકારદાયક અને ઈચ્છનીય છે એ હકીકતનો આ સિદ્ધાંત નિર્દેશ કરે છે. જેથી તે માલ્થસના સિદ્ધાંત કરતાં વધુ વૈજ્ઞાનિક છે.*

*ઈષ્ટ વસ્તીના સિદ્ધાંતની એક મર્યાદા એ છે કે જ્યાં સુધી અર્થવ્યવસ્થામાં ફેરફાર ન થાય ત્યાં સુધી જ વસ્તીના ઈષ્ટ પ્રમાણ અંગે બાંધવામાં આવેલો અંદાજ સાચો ઠરે છે. વસ્તીનું ઈષ્ટ પ્રમાણ સિદ્ધ કરવામાં લાંબો સમય પસાર થઈ જાય છે અને તેટલા સમયગાળા દરમિયાન દેશના અર્થતંત્રમાં ઘણા ફેરફારો થઈ જતા હોય છે. ઉ.દા. તરીકે યંત્રવિજ્ઞાનમાં કોઈ નોંધપાત્ર શોધ થતાં ફેરફાર થઈ જાય. આવું બને ત્યારે વસ્તીનું ઈષ્ટબિંદુ બદલાઈ જાય છે. વસ્તીનું ઈષ્ટ પ્રમાણ બદલાઈ જાય છે. આખી સદી કે અડધી સદી પછી વસ્તીનું કયું પ્રમાણ ઈષ્ટ હશે તે કહેવું મુશ્કેલ બની જાય છે. આ સંજોગોમાં વસ્તી અંગેની કોઈ ચોક્કસ નીતિ ઘડવામાં આ સિદ્ધાંત બહુ ઉપયોગી બની શકતો નથી. વળી આ સિદ્ધાંત વસ્તીમાં કઈ રીતે વધઘટ થતી રહે છે એ પ્રક્રિયા સમજાવતો નથી, પણ રાષ્ટ્રના કુલ ઉત્પાદનના સંદર્ભમાં કેટલી વસ્તી હોય તો તેને ઈષ્ટ પ્રમાણ ગણાય એટલું જ સૂચવે છે.*

## 8.5 સારાંશ

*વસ્તીને સંતુલિત રાખવી તેમજ વસ્તીની પ્રાથમિક, શારીરિક, સામાજિક જરૂરિયાતો પરિપૂર્ણ થઈ રહે તે વસ્તીને ઈષ્ટતમ વસ્તી કે શ્રેષ્ઠતમ વસ્તી કહેવામાં આવે છે. વસ્તીના સંદર્ભમાં જુદા-જુદા સિદ્ધાંતો પૈકી ઈષ્ટવસ્તીનો સિદ્ધાંત મહત્ત્વનો છે. જેની આ એકમમાં ચર્ચા કરવામાં આવી છે.*

## 8. 6 તમારી પ્રગતિ ચકાસો

**(ક) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. *ઈષ્ટ વસ્તીને _________ વસ્તી તરીકે ઓળખવામાં આવે છે.*
   *(પછાત, આદર્શ, એકપણ નહીં)*

2. *આધુનિક વિદ્વાનો _________ નાં વસ્તી સિદ્ધાંતને સંતોષકારક ગણતા નથી. (માલ્થસ, એડવીન, એડર્સ)*
3. *માલ્થસનાં વસ્તી સિદ્ધાંતની સરખામણીમાં _________ વસ્તીનો સિદ્ધાંત વધુ પ્રગતિશીલ છે. (સંક્રાંતિ, ઈષ્ટ, એકપણ નહીં)*

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

1. *ઈષ્ટવસ્તીનાં સિદ્ધાંતનો અર્થ સમજાવો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

2. *ઈષ્ટવસ્તીનાં સિદ્ધાંતનું મહત્ત્વ સમજાવો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

3. *ઈષ્ટવસ્તીનાં સિદ્ધાંતની સમીક્ષા સમજાવો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**(ક) તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

1. *આદર્શ*

2. *માલ્થસ*

3. *ઈષ્ટ*

## 8.7 સંદર્ભ-સૂચિ

(1) *જોશી ભાસ્કર* (1995), *'ભારતની વસ્તી - એક વિશ્લેષણાત્મક અભ્યાસ', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ*

(2) *ઠાકોર રશ્મિન* (1980), *'વસ્તી શિક્ષણ', ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ*

(3) *દવે મંજુલાબેન* (2000), *'વસ્તી વિષયક સ્ત્રોત', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ*

(4) *પહેલ કેશવલાલ* (1992), *'વસ્તી શિક્ષણ અને આરોગ્ય શિક્ષણ', નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ*

(5) *શાહ એ.જી. અને દવે જે.કે.* (2004-05), *'વસ્તી અને સમાજ', અનડા પ્રકાશન, અમદાવાદ*

(6) *જોશી બી.એ.* (2001), *'ગુજરાતી વસ્તીની રૂપરેખા', અમદાવાદ*

(7) *પહેલ વિનુભાઈ* (2001) *'વસ્તી વૃદ્ધિ નિયંત્રણ', આજનો યુગધર્મ, સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટ, અમદાવાદ*

(8) *રાવલ ચંદ્રિકા અને ધ્રુવ શૈલજા* (2005), *'વસ્તી એક સામાજિક સમસ્યા', પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ*

એકમ 9

# વસ્તીનો સિદ્ધાંત - વસ્તી સંક્રાંતિનો સિદ્ધાંત

**-: રૂપરેખા :-**


**9.0** ઉદ્દેશ્યો

**9.1** પ્રસ્તાવના

**9.2** વસ્તી સંક્રાંતિનો સિદ્ધાંત

**9.3** વસ્તીની સંક્રાંતિ

**9.4** આર્થિક વિકાસના ત્રણ તબક્કા અને વસ્તીનું કદ

**9.5** સારાંશ

**9.6** તમારી પ્રગતિ ચકાસો

**9.6** સંદર્ભ-સૂચિ


## 9.0 ઉદ્દેશ્યો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે*

- *વસ્તી સંક્રાંતિના સિદ્ધાંતની સમજૂતી મેળવી શકશો.*
- *વસ્તી સંક્રાંતિ વિષયક માહિતી મેળવી શકશો.*
- *આર્થિક વિકાસના ત્રણ તબક્કા અને વસ્તીનું કદ સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી સમજી શકશો.*

## 9.1 પ્રસ્તાવના

*માનવીના જન્મદર અને મૃત્યુદર સાથે વસ્તીનું પ્રમાણ વધ-ઘટ થતું જ રહે છે. આદિમ સમાજથી માંડી આધુનિક સમાજ સુધીના સમયગાળા દરમિયાન સમાજ આર્થિક, સામાજિક, રાજકીય રીતે વિકસિત થતો ગયો તેમ વસ્તીવૃદ્ધિના કદમાં પણ પરિવર્તન આવતું ગયું. વસ્તીની સ્થિરતા, વસ્તીવૃદ્ધિમાં વધારો કે ઘટાડાનો પ્રભાવ વસ્તી સંક્રમણ પર થાય છે. એ રીતે જોતા વસ્તી સંક્રમણ થવા માટે માનવવસ્તી જન્મદર અને મૃત્યુના વધારા કે ઘટાડા સાથે સંબંધિત છે. આ સિદ્ધાંતની વિસ્તૃત સમજૂતી, તેના તબક્કાઓ અને વસ્તીના કદની ચર્ચા પ્રસ્તુત એકમમાં કરીશું.*

## 9.2 વસ્તી સંક્રાંતિનો સિદ્ધાંત

*વિકસતા દેશોમાં વસ્તીમાં થતી વધઘટની વિગતે સમજૂતી આપવા માટે કોલ અને હુવર નામના લેખકોએ વસ્તી સંક્રાંતિનો સિદ્ધાંત રજૂ કર્યો છે. આ સિદ્ધાંતને બીજા શબ્દોમાં "વસ્તી સંક્રાંતિનો સિદ્ધાંત" પણ કહેવામાં આવે છે. વિકસતા દેશોમાં આર્થિક*

*વિકાસની પ્રક્રિયાના વિવિધ તબક્કાઓ દરમિયાન વસ્તીમાં કઈ રીતે વધારો ઘટાડો થતો રહે છે એ હકીકત આ સિદ્ધાંતમાં દર્શાવવામાં આવી છે.*

## 9.3 વસ્તીની સંક્રાંતિ

*વસ્તીની સંક્રાંતિના સિદ્ધાંત પ્રમાણે વિકસતા રાષ્ટ્રની વસ્તી આર્થિક વિકાસના વિવિધ ગાળા દરમિયાન ત્રણ તબક્કામાંથી પસાર થાય છે. એટલે કે વિકસતા રાષ્ટ્રમાં વસ્તીનું કદ સ્થિર રહેતું નથી પણ આર્થિક વિકાસની સાથોસાથ વસ્તીના કદમાં પરિવર્તન આવતું રહે છે. વસ્તીનું કદ સંક્રાંતિની અવસ્થામાં રહે છે. આ સિદ્ધાંત મુખ્યત્વે એવી રજૂઆત કરે છે કે વિકસતા રાષ્ટ્રમાં આર્થિક વિકાસ એકીસાથે થઈ જતો નથી પણ તબક્કાવાર થાય છે અને આર્થિક વિકાસના મુખ્ય ત્રણ તબક્કા અનુસાર જન્મદર અને મૃત્યુદરમાં પણ તબક્કાવાર વધારો ઘટાડો થતા વસ્તીના કદમાં ફેરફાર થતો રહે છે. આમ, આ સિદ્ધાંત વસ્તીના કદનો સંબંધ આર્થિક વિકાસની કક્ષા સાથે રહેલો હોવાનું જણાવે છે.*

## 9.4 આર્થિક વિકાસના ત્રણ તબક્કા અને વસ્તીનું કદ

*વસ્તી સંક્રાંતિના સિદ્ધાંત પ્રમાણે વિકસતા રાષ્ટ્રનું અર્થતંત્ર વિકાસની પ્રક્રિયા દરમિયાન મુખ્યત્વે ત્રણ તબક્કાઓમાંથી પસાર થાય છે. આ ત્રણે તબક્કાઓ આર્થિક વિકાસની અમુક ચોક્કસ કક્ષાનો નિર્દેશ કરે છે. દરેક તબક્કામાં આર્થિક વિકાસની જે કક્ષા હોય તે અનુસાર જન્મદર અને મૃત્યુદર રહે છે. આર્થિક વિકાસનો તબક્કો બદલાતાં જન્મદર અને મૃત્યુદર પણ બદલાઈ જાય છે. જેને પરિણામે વસ્તીના કદમાં ફેરફાર થતો રહે છે. આ સિદ્ધાંત મુજબ વિકસતા દેશોમાં વિકાસની પ્રક્રિયા દરમિયાન આર્થિક વિકાસ મુખ્યત્વે નીચે મુજબના ત્રણ તબક્કાઓ પ્રમાણે થાય છે અને તે પ્રત્યેક તબક્કા સાથે વસ્તીનું કદ પણ સંબંધિત રહે છે.*

**પ્રથમ તબક્કોઃ**

*આર્થિક વિકાસનો પ્રથમ તબક્કો આર્થિક પછાતપણાનો પ્રથમ તબક્કો છે. આ તબક્કામાં જન્મદર અને મૃત્યુદર બંને ઊંચા રહેતા હોવાથી વસ્તીવૃદ્ધિનો દર નીચો રહે છે. જે આ તબક્કાની લાક્ષણિકતા છે. આર્થિક વિકાસનો આ પ્રથમ તબક્કો ખેતીપ્રધાન અર્થવ્યવસ્થાનો છે. પરંતુ આ તબક્કામાં ખેતી પછાત અવસ્થામાં રહે છે, જેથી અર્થ વ્યવસ્થાનું પરંપરાગત માળખું યથાવત્ ટકી રહે છે. આ તબક્કામાં સામાજિક માળખું પણ પછાત દિશામાં રહે છે. આર્થિક પછાતપણાને લીધે લોકો મોટેભાગે નિરક્ષર રહે છે. નાની ઉંમરે લગ્ન, કુટુંબ નિયોજનનો અભાવ, મોટા કુટુંબની ઈચ્છા, અજ્ઞાન વગેરે સામાજિક વલણો સ્વીકારાયેલાં હોય છે. આથી આ તબક્કામાં જન્મદર ઊંચો રહે છે. સામાજિક, આર્થિક રીતે પછાત એવા આ તબક્કામાં મોટા કુટુંબને લોકો લાભકારક ગણતા હોય છે. ઊંચા જન્મદરની સાથોસાથ આ તબક્કામાં મૃત્યુદર પણ ઊંચો રહે છે. કારણ કે આર્થિક પછાતપણામાંથી ઉદ્‌ભવતી ગરીબી અને ઓછી આવકને લીધે લોકોના પૌષ્ટિક ખોરાક, આરોગ્ય અને તબીબી સારવાર જેવી સગવડ પ્રાપ્ત થતી નથી. એટલે કે આર્થિક*

*પછાતપણાના આ તબક્કામાં લોકો અને નવા જન્મતાં બાળકો યોગ્ય પોષણ, જીવનિર્વાહના જરૂરી સાધનો, દવાઓ અને તબીબી સગવડો વગેરેથી વંચિત રહે છે. જેથી મૃત્યુદર ઊંચો રહે છે. આમ જન્મદર અને મૃત્યુદર બંને ઊંચા રહેતા હોવાથી વસ્તીમાં થતો ચોખ્ખો વધારો પણ ઓછો હોય છે.*

**આર્થિક વિકાસનો બીજો તબક્કોઃ**

*આર્થિક પછાતપણું ધરાવતા પ્રથમ તબક્કાવાળા સમાજમાં આર્થિક વિકાસની શરૂઆત થતાં જે નવો તબક્કો ઉદ્‌ભવે છે તે આ બીજો તબક્કો છે. બીજા તબક્કામાં આર્થિક વિકાસની પ્રક્રિયા શરૂ થતાં જન્મદર અને મૃત્યુદરમાં ફેરફાર થવા લાગે છે અને તેને પરિણામે વસ્તીના કદમાં પણ ફેરફાર થાય છે. આ બીજા તબક્કામાં આર્થિક વિકાસ થવા લાગતા લોકોની આવકમાં વધારો થાય છે. પરિણામે તેમનું જીવનધોરણ સુધરે છે. લોકોને પૌષ્ટિક ખોરાક મળવા લાગે છે. સામાજિક સેવાઓ પાછળ વધુ ખર્ચ કરવા લોકો શક્તિમાન બને છે. તબીબી સગવડોમાં સુધારો થાય છે. જાહેર આરોગ્ય સેવાઓ વિસ્તરે છે. આથી લોકોના આરોગ્યની સુધારણા થાય છે. તબીબી સગવડોની પ્રાપ્તિ, પૌષ્ટિક ખોરાક અને આરોગ્યમાં સુધારણાને લીધે બાળકો અને સ્ત્રીઓના મૃત્યુપ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો થાય છે, એટલું જ નહીં સમગ્રપણે મૃત્યુદર ઘટે છે.*

*આ તબક્કા દરમિયાન સામાજિક માળખામાં અને સામાજિક વલણોમાં હજી કોઈ ખાસ ફેરફાર થયેલ હોતો નથી. જેથી મૃત્યુદરના ઘટાડાની સાથોસાથ જન્મદરમાં ઘટાડો થતો નથી. એટલે કે પ્રથમ તબક્કાની સામાજિક રીતે પછાતપણાની અવસ્થા બીજા તબક્કામાં પણ મહદ્ અંશે ચાલુ રહેતી હોવાથી જન્મદર ઊંચો રહે છે. લોકોએ હજી નવા સામાજિક વલણો અને નવા મૂલ્યો સ્વીકારેલાં હોતા નથી. જેથી નાની ઉંમરે લગ્ન, મોટા કુટુંબની ઈચ્છા, વધુ બાળકો જન્માવવાનું વલણ ચાલુ રહે છે. આવા સામાજિક વલણોને પરિણામે બીજા તબક્કામાં જન્મદર ઊંચો રહેતો હોવાથી અને મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો થતો હોવાથી વસ્તી તીવ્ર રીતે વધે છે. આમ બીજા તબક્કામાં અતિવસ્તીની સમસ્યા ગંભીર બને છે. ટૂંકમાં કહી શકાય કે આર્થિક વિકાસનો બીજો તબક્કો તીવ્ર વસ્તી વૃદ્ધિનો તબક્કો છે.*

**આર્થિક વિકાસનો ત્રીજો તબક્કોઃ**

*આ તબક્કામાં આર્થિક વિકાસ વધુ વેગ પકડે છે અને દેશ વિકસિત તથા સમૃદ્ધ બને છે. ત્રીજા તબક્કામાં અર્થવ્યવસ્થાનું જૂનું માળખું મૂળભૂત રીતે બદલાઈ જાય છે. ઉદ્યોગીકરણ થતાં ખેતીપ્રધાન અર્થવ્યવસ્થા ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ પામવા લાગે છે. ઉદ્યોગીકરણની પ્રક્રિયા શહેરીકરણને ઉત્તેજન આપે છે. લોકો ગામડામાંથી સ્થળાંતર કરીને શહેરોમાં રહેવા આવે છે. આમ ત્રીજા તબક્કામાં ઝડપી આર્થિક વિકાસને લીધે સમાજરચનાના માળખામાં પણ પરિવર્તન આવે છે. શહેરી-ઔદ્યોગિક અર્થવ્યવસ્થામાં પુરુષો અને સ્ત્રીઓ બંનેને આર્થિક ક્ષેત્રે વિકાસની નવી તક સાંપડે છે. આ નવી અને વિકસિત અર્થવ્યવસ્થામાં લોકો કુટુંબનું કદ મર્યાદિત કરવાની જરૂરિયાત સમજવા લાગે*

*છે. આર્થિક વિકાસને પરિણામે શિક્ષણ ક્ષેત્રે પણ વધુ વિકાસ થાય છે. લોકો શિક્ષિત બનતાં હોવાથી તેમના જૂના વલણોમાં પરિવર્તન આવે છે. નાના કુટુંબ રચવાનું વલણ વિકસે છે. આમ, આર્થિક વિકાસના ત્રીજા તબક્કામાં જન્મદર અને મૃત્યુદર બંને નીચા રહેતા હોવાથી વસ્તીવધારો સ્થિર બને છે. આમ ત્રીજા તબક્કામાં વસ્તી ઘટાડા તરફનું વલણ ધરાવે છે.*

**સિદ્ધાંતની સમીક્ષા :**

*વસ્તીની સંક્રાતિના સિદ્ધાંતમાં વસ્તીની વધઘટનો વિચાર આર્થિક વિકાસના તબક્કા અનુસાર કરવામાં આવે છે. પ્રથમ તબક્કામાં અર્થવ્યવસ્થાના જૂના માળખામાં જન્મદર અને મૃત્યુદર બંને ઊંચા રહે છે. જેથી વસ્તીમાં નોંધપાત્ર વધારો થતો નથી. બીજા તબક્કામાં આર્થિક વિકાસને લીધે આરોગ્ય સેવાઓમાં સુધારો થાય છે. આથી મૃત્યુદર ઘટે છે. પરંતુ લગ્ન, કુટુંબ અને બાળકોની સંખ્યા વિશેના લોકોના સામાજિક વલણો હજી બદલાયેલા હોતા નથી. જેથી જન્મદરમાં ઘટાડો થતો નથી અને તેને પરિણામે બીજા તબક્કામાં વસ્તીમાં તીવ્ર વધારો થાય છે. ત્રીજા તબક્કામાં અર્થવ્યવસ્થા વધુ વિકાસ પામતાં લોકોનું શૈક્ષણિક સ્તર અને સામાજિક સ્તર ઊંચું આવે છે. ઓછા બાળકોની તરફેણવાળા નવા મૂલ્યો અને વલણો વિકસે છે. પરિણામે જન્મદરમાં ઘટાડો થાય છે. વસ્તીની વધઘટ સંક્રાંતિની અવસ્થામાં રહે છે. આ સિદ્ધાંત મુખ્યત્વે એવું પ્રતિપાદિત કરવા માગે છે કે રાષ્ટ્રની વિકાસયાત્રા દરમિયાન વધતી જતી વસ્તી વિકાસની પ્રક્રિયાનું આનુષંગિક અને અનિવાર્ય પરિણામ છે. એટલે કે આ સિદ્ધાંતમાં સામાજિક-આર્થિક વિકાસની સાથે જન્મદર અને મૃત્યુદરનો સંબંધ ઓવાનું જણાવીને વસ્તીના કદની વધઘટનો વિચાર રજૂ કરવામાં આવ્યો છે.*

*કોલ અને હુવરના આ સિદ્ધાંતની એવી ટીકા કરવામાં આવી છે કે તેમનું તારણ યુરોપના દેશોના અનુભવ ઉપર રચાયું છે જેથી વિકસતા દેશોને તે સંપૂર્ણપણે લાગુ પાડી શકાય નહીં.*

## 9.5 સારાંશ

*માનવીના જન્મદર અને મૃત્યુદર સાથે વસ્તીનું પ્રમાણ વધ-ઘટ થતું જ રહે છે. જેથી વસ્તીના કદમાં પરિવર્તન થતું જ રહે છે. વસ્તીની સ્થિરતા, વસ્તીવૃદ્ધિમાં વધારો કે ઘટાડાનો પ્રભાવ વસ્તી સંક્રમણ પર થાય છે. આ એકમમાં વસ્તી સંક્રાંતિના સિદ્ધાંતની સમજૂતી આપવામાં આવી છે. વસ્તીના સંક્રાંતિના સિદ્ધાંતમાં વસ્તીની વધઘટનો વિચાર આર્થિક વિકાસના ત્રણ તબક્કા અનુસાર કરવામાં આવ્યો છે. આ સિદ્ધાંત એવું પ્રતિપાદિત કરે છે કે રાષ્ટ્રની વિકાસયાત્રા દરમિયાન વધતી જતી વસ્તી વિકાસની પ્રક્રિયાનું આનુષંગિક અને અનિવાર્ય પરિણામ છે.*

## 9.6 તમારી પ્રગતિ ચકાસો

**(ક) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. *કૉલ અને હુવરે __________ સિદ્ધાંત રજૂ કર્યો.*
   *(ઈષ્ટ વસ્તી, વસ્તી સંક્રાંતિ, એકપણ નહીં)*
2. *આર્થિક વિકાસનો પ્રથમ તબક્કો __________ પછાતપણાનો છે.*
   *(સામાજિક, ધાર્મિક, આર્થિક)*
3. *આર્થિક વિકાસનો બીજો તબક્કો __________ વસ્તીવૃદ્ધિનો તબક્કો છે.*
   *(ધીમી, મંદ, તીવ્ર)*

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

1. *વસ્તી સંક્રાંતિના સિદ્ધાંતની સમજૂતી આપો.*

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

2. *વસ્તી સંક્રાંતિ વિષયક માહિતી સવિસ્તાર સમજાવો.*

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

3 *આર્થિક વિકાસના ત્રણ તબક્કાની સમજૂતી આપો.*

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

4. *વસ્તી સંક્રાંતિ સિદ્ધાંતની સમીક્ષા કરો.*

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

**(ક) તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

1. *વસ્તી સંક્રાંતિ*

2. *આર્થિક*

3. *તીવ્ર*

## 9.6 સંદર્ભ-સૂચિ

(1) *જોશી ભાસ્કર* (1995), *'ભારતની વસ્તી - એક વિશ્લેષણાત્મક અભ્યાસ', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ*

(2) *દવે મંજુલાબેન* (2000), *'વસ્તી વિષયક સ્ત્રોત', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ*

(3) *શાહ એ.જી. અને દવે જે.કે.* (2004-05), *'વસ્તી અને સમાજ', અનડા પ્રકાશન, અમદાવાદ*

(4) *જોશી બી.એ.* (2001), *'ગુજરાતી વસ્તીની રૂપરેખા', અમદાવાદ*

(5) *રાવલ ચંદ્રિકા અને ધ્રુવ શૈલજા* (2005), *'વસ્તી એક સામાજિક સમસ્યા', પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ*

એકમ 10

# વસ્તીનો સિદ્ધાંત - માલ્થસનો સિદ્ધાંત

**-: રૂપરેખા :-**

**10.0 ઉદ્દેશ્યો**

**10.1 પ્રસ્તાવના**

**10.2 માલ્થસનો વસ્તીનો સિદ્ધાંત**

**10.3 માલ્થસના સિદ્ધાંતની સમીક્ષા**

**10.4 સારાંશ**

**10.5 તમારી પ્રગતિ ચકાસો**

**10.6 સંદર્ભ સૂચિ**

## 10.0 ઉદ્દેશ્યો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે,*

- *માલ્થસનો વસ્તીનો સિદ્ધાંત સમાજશાસ્ત્રીય દષ્ટિકોણથી સમજી શકશો.*
- *માલ્થસના સિદ્ધાંતની સમીક્ષા કરી શકશો.*

## 10.1 પ્રસ્તાવના

*વસ્તીનાં સિદ્ધાંતોની વૈજ્ઞાનિક સમજૂતીમાં માલ્થસનો વસ્તીનો સિદ્ધાંત ઉપયોગી બની રહે છે. માલ્થસના સિદ્ધાંત મુજબ વસ્તી ખૂબ જ ઝડપી વધે છે ત્યારે તેની સામે ઉત્પાદનના સાધનો, ખોરાકનો પુરવઠો એટલી જ ઝડપી ગતિથી વધતો નથી. જેના કારણે સમાજમાં વસ્તીનું પ્રમાણ સતત વધે છે છતાં પ્રત્યેક વ્યક્તિને પૂરતું પોષણ મળી રહેતું નથી. જેના લીધે અનેક નવી સામાજિક સમસ્યાઓ જેમ કે ગરીબી, બેકારી ભૂખમરો, ચોરી, લૂંટફાટ, ભિક્ષુકોમાં વધારો, બીમારી વગેરેનું પ્રમાણ વધે છે. માલ્થસે વસ્તીવૃદ્ધિ અને સંસાધનો વચ્ચેના સંબંધનો અભ્યાસ કર્યો છે. પ્રસ્તુત એકમમાં માલ્થસનો વસ્તીનો સિદ્ધાંત અને સિદ્ધાંતની સમીક્ષા કરીશું.*

## 10.2 માલ્થસનો વસ્તીનો સિદ્ધાંત

*વસ્તીના કદમાં થતી વધઘટની સમજૂતી આપવા માટે વિવિધ સિદ્ધાંતો રજૂ થતા રહ્યા છે. માલ્થસે વસ્તી ઉપરના પોતાના નિબંધની પ્રથમ આવૃત્તિ 1998માં પ્રગટ કરી હતી. આ નિબંધ ચર્ચાનિબંધ હતો અને એનો હેતુ ઈંગ્લેન્ડના ગોડવીન નામના લેખકના વસ્તી અંગેના વિચારોને રદિયો આપવાનો હતો. હ્યુમ, વોલેસ, ડૉ. એડમસ્મિથ, ડૉ. પ્રાઈસ વગેરે લેખકોની દલીલોના જવાબરૂપે માલ્થસે પોતાનો વસ્તીનો સિદ્ધાંત રજૂ કર્યો હતો. 1803માં તેમણે પોતાના નિબંધની બીજી આવૃત્તિ પ્રગટ કરી હતી અને તેમાં*

*વસ્તીનો સિદ્ધાંત વધુ સ્પષ્ટ રીતે રજૂ કર્યો. આથી માલ્થસને આધુનિક વસ્તી વિજ્ઞાનના પિતા તરીકે પણ ઓળખવામાં આવે છે.*

**માલ્થસની બે મૂળભૂત ધારણાઓઃ**

*માલ્થસે તેના નિબંધની પ્રથમ આવૃત્તિમાં નીચે મુજબ બે મૂળભૂત ધારણાઓ બાંધી હતી.*

1. *માણસનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ખોરાક જરૂરી છે.*
2. *સ્ત્રી અને પુરુષ વચ્ચેનું જાતીય આકર્ષણ જરૂરી છે અને તે લગભગ હાલના સ્વરૂપે ટકી રહેશે.*

*આ બે ધારણાઓ બાંધીને માલ્થસે કહ્યું કે મનુષ્યની પ્રજનનશક્તિ કરતાં જીવનનિર્વાહ માટે જરૂરી અનાજ ઉત્પાદન કરવાની જમીનની શક્તિ ઓછી છે. માલ્થસે તેના આ વિચારને ગાણિતિક પરિભાષામાં રજૂ કર્યો છે. માલ્થસના મત પ્રમાણે જો વસ્તીવૃદ્ધિ પર કોઈ અંકુશો ન મૂકવામાં આવે તો વસ્તીનો વધારો ભૂમિતિની રીતે થાય છે. જ્યારે જીવનનિર્વાહના સાધનો કે ખોરાકનો પુરવઠો ગણિતની રીતે વધે છે.એટલે કે વસ્તીમાં થતો વધારો* 1, 2, 4, 8, 16, 32, 64, 128*ના પ્રમાણમાં વધે છે અને જીવનનિર્વાહના સાધનો કે ખોરાકનો પુરવઠો* 1, 2, 3, 4, 5, 6, 7*ના દરે વધે છે. આને લીધે વસ્તી અને ખોરાકના પુરવઠા વચ્ચે અસમતુલા પેદા થાય છે. માલ્થસ કહે છે કે જમીનનું પ્રમાણ સ્થિર રહે છે. વળી મર્યાદિત જમીન ઉપર વધુ પ્રમાણમાં મૂડી અને શ્રમનો ઉપયોગ કરવા છતાં ઉત્પાદનમાં થતો વધારો ક્રમશઃ ધીમો રહે છે. જ્યારે એની સરખામણીમાં માણસની પ્રજનનશક્તિ અમર્યાદિત હોવાથી વસ્તીમાં થતી વૃદ્ધિ અનાજના ઉત્પાદનમાં થતી વૃદ્ધિ કરતાં ઘણી વધારે હોય છે.*

*માલ્થસ તેના નિબંધની બીજી આવૃત્તિમાં કહે છે કે જીવનનિર્વાહના સાધનો અનિવાર્ય રીતે વસ્તીની મર્યાદા બાંધી આપે છે. એટલે કે વસ્તીમાં થતી સતત વૃદ્ધિ અટકાવવા માટે કોઈ અંકુશો ન મૂકવામાં આવે તો કુદરતી અંકુશો જેવા કે દુષ્કાળ, રોગચાળો, અતિવૃષ્ટિ અને અન્ય કુદરતી હોનારતો દ્વારા વસ્તી નિયંત્રણ થાય છે. આથી માલ્થસ કહે છે કે વસ્તી નિયંત્રણ માટે કુદરતી અંકુશોને અસરકારક બનતા અટકાવવા માટે લોકોએ બુદ્ધિપૂર્વક અને સમજદારીપૂર્વક વસ્તીવૃદ્ધિ પર અંકુશો મૂકવા જોઈએ. વસ્તીવૃદ્ધિ પર કુદરત દ્વારા મૂકાતા અંકુશોને માલ્થસ 'કુદરતી અંકુશો' તરીકે અને લોકો દ્વારા સમજદારીપૂર્વક મૂકાતા અંકુશોને 'અટકાયતી અંકુશો' તરીકે ઓળખાવે છે.*

*આમ માલ્થસ વસ્તી નિયંત્રણ માટેના બે પ્રકારના અંકુશો દર્શાવે છે.*

1. *કુદરતી અંકુશો* (Positive Checks)

2. *અટકાયતી અંકુશો* (Preventive Checks)

**1. કુદરતી અંકુશો**

*કુદરતી અંકુશો એટલે વસ્તીવૃદ્ધિ પર કુદરત દ્વારા આપોઆપ આવતું નિયંત્રણ. માલ્થસ કહે છે કે ખોરાકના પુરવઠા કરતાં વસ્તી વધી જાય અને લોકો વસ્તીવૃદ્ધિ અટકાવવા માટેના સમજદારીપૂર્વકના કોઈ અંકુશો ન મૂકે તો વસ્તી અને ખોરાક વચ્ચે સમતુલા સ્થાપવાનું કાર્ય કુદરત દ્વારા થાય છે. એટલે કે દુષ્કાળ, રોગચાળો, અતિવૃષ્ટિ વગેરે કુદરતી આફતો ઉતરી આવતાં વધારાની વસ્તીનો નાશ થાય છે અને આ રીતે ખોરાક અને વસ્તી વચ્ચે સમતુલા સ્થપાય છે.*

**2. અટકાયતી અંકુશો**

*લોકો સમજદારીપૂર્વક વસ્તીવૃદ્ધિ અટકાવવાના પગલાં લે તેને માલ્થસ અટકાયતી અંકુશો તરીકે ઓળખાવે છે. આવા અંકુશોમાં મોટી ઉંમરે લગ્ન, અવિવાહિત જીવન, ઈન્દ્રિય સંયમ વગેરેનો સમાવેશ થાય છે. એટલે કે માલ્થસના મત પ્રમાણે માણસની અમર્યાદિત પ્રજનન શક્તિને લીધે સતત વધતી રહેતી વસ્તીને અંકુશમાં રાખવા માટે લોકોએ સમજદારીપૂર્વક અટકાયતી ઈલાજો કરવા જોઈએ. આ ઈલાજો દ્વારા વસ્તીવૃદ્ધિને કાબૂમાં રાખવાનું માલ્થસ જણાવે છે.*

*અહીં એ હકીકત પણ નોંધપાત્ર છે કે માલ્થસે સંતતિ નિયમનના કૃત્રિમ સાધનોનો સંભવિત અટકાયતી અંકુશ તરીકે વિચાર કર્યો નથી. પ્લેઈસ નામના લેખકના મતે માલ્થસ માને છે કે સંતતિ નિયમનના કૃત્રિમ સાધનોએ માત્ર લગ્ન બહારના જાતીય સંબંધોથી નીપજતા પરિણામો અટકાવવાનું સાધન છે. આથી તેમણે આવા સાધનો તરફ પોતાની નાપસંદગી વ્યક્ત કરી છે અને એની હિમાયત કરી નથી. માલ્થસ જન્મદરને ઘટાડવા માટે અવિવાહિત જીવન કે મોટી વયે લગ્ન સિવાયના હેતુપૂર્વકના અન્ય તમામ પ્રયાસોને હલકા કૃત્ય તરીકે ગણે છે. આથી* Postpond Marriage *મોટી વયે લગ્નને જ તેમણે મહત્ત્વના અટકાયતી અંકુશ તરીકે ગણાવેલ છે. આમ છતાં પ્લેઈસના જણાવ્યા પ્રમાણે અહીં એ બાબત પણ નોંધપાત્ર છે કે અટકાયતી અંકુશોએ જન્મદરમાં અસરકારક ઘટાડો કરવાની ગંભીર શક્યતા ધરાવે છે એમ માલ્થસ માનતા નથી.*

*ટૂંકમાં માલ્થસ પોતાના વસ્તી સિદ્ધાંતમાં જણાવે છે કે લોકો જાતે જો અટકાયતી પગલાં લઈને વસ્તીવૃદ્ધિ પર અંકુશ નહીં મૂકે તો કુદરતી હોનારતો દ્વારા એ કાર્ય આપોઆપ થશે પરંતુ તેમ ન બનવા પામે એટલા માટે માલ્થસ અટકાયતી અંકુશોને વધુ ઈચ્છનીય ગણે છે અને તેવા અંકુશો અપનાવવાની ભલામણ પણ કરે છે.*

## 10.3 માલ્થસના સિદ્ધાંતની સમીક્ષા

*માલ્થસના વસ્તી સિદ્ધાંતની કેટલીક ક્ષતિઓ છે. તેમના સિદ્ધાંતની ઘણા વિદ્વાનો દ્વારા ટીકા કરવામાં આવી છે જે નીચે પ્રમાણે જોઈ શકાય.*

1. *વસ્તી અને ખોરાકના વધારાની રજૂઆત માલ્થસે ગણિતની પરિભાષામાં કરી છે તે યોગ્ય નથી. વસ્તી હંમેશા ભૂમિતિના દરે વધે છે અને ખોરાકનો પુરવઠો અંકગણિતના દરે વધે છે એમ કહેવું સાચું નથી. ખેતી ક્ષેત્રે વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરીને ખોરાકના ઉત્પાદનમાં ક્રાંતિકારી વધારો કરી શકાય છે. કેટલાક વિકસિત દેશો અને વિકસતા દેશો પડતર જમીનો નવસાધ્ય કરીને તથા ખેતીની યાંત્રિક પદ્ધતિનો ઉપયોગ કરીને ખોરાકના ઉત્પાદનમાં ક્રાંતિકારી વધારો કરવામાં સફળ બન્યા છે.*
2. *માલ્થસે વસ્તીનો સિદ્ધાંત ઘટતી પેદાશનાનિયમને આધારે રચ્યો છે પરંતુ ઉપર જણાવ્યા મુજબ વૈજ્ઞાનિક શોધખોળોને પરિણામે ખેતીનો પરંપરાગત પદ્ધતિઓમાં અનેક સુધારા થયા છે. આથી ખેતીક્ષેત્રે ઘટતી પેદાશનો નિયમ અમલમાં આવ્યો નથી. માલ્થસના સમયમાં જે વસ્તી હતી એના કરતાં આજે વસ્તી ચાર ગણી વધી છે અને તે વધેલી વસ્તીને શાસ્ત્રીય પદ્ધતિથી ખેતી કરીને ખોરાક પૂરો પાડવાનું શક્ય બન્યું છે. આ હકીકત માલ્થસના સિદ્ધાંતને સમર્થન આપતી નથી.*
3. *વધારાની વસ્તીનો કુદરતી આફતો દ્વારા નાશ થશે એવી માલ્થસની નિરાશાજનક આગાહી પણ સાચી પડી નથી. ખાસ કરીને પશ્ચિમના દેશોમાં વસ્તીના વધારા પર નિયંત્રણ આવ્યું છે. તે માલ્થસે જણાવેલ અંકુશો કે કુદરતી આફતો દ્વારા નહીં પરંતુ સંતતિ નિયમનના કૃત્રિમ સાધનો દ્વારા આવ્યું છે. એટલે માલ્થસે જણાવેલા અટકાયતી અંકુશો લોકો સ્વેચ્છાથી અમલમાં ન મૂકે તો ગંભીર પરિસ્થિતિ ઊભી થવાનો માલ્થસે દેખાડેલો ભય હજી સુધી ઊભો થયો નથી. જેમ જેમ લોકોના જીવનધોરણમાં સુધારો થતો જાય છે તેમ તેમ નાનાં કુટુંબોની ભાવના વધારે પ્રબળ બનતી હોવાનું કેટલાક સમાજોમાં બન્યું છે.*
4. *માલ્થસે ખોરાક તરીકે અનાજના ઉત્પાદન પર જ ભાર મૂક્યો છે પરંતુ માણસ અનાજ ઉપરાંત દૂધ, માંસ, માછલી, ઈંડા વગેરેનો પણ ખોરાક તરીકે ઉપયોગ કરે છે. આવી પ્રાણી સૃષ્ટિનું પ્રજનન તો માણસના પ્રજનન કરતાં પણ વધારે હોય છે. આથી અનાજ કે ખોરાકની બાબતમાં બધા દેશોએ સ્વાવલંબી બનવું જ જોઈએ એવી પરિસ્થિતિ આજે રહી નથી.*

## 10. 4 સારાંશ

*માલ્થસના વસ્તી સિદ્ધાંતની અનેક ટીકાઓ થઈ છે. આમાંની કેટલીક ટીકાઓમાં તથ્ય પણ છે પરંતુ તેને લીધે માલ્થસનો સિદ્ધાંત સંપૂર્ણપણે ખોટો અને અવાસ્તવિક છે એમ કહી શકાય તેમ નથી. માલ્થસે જે ભયસ્થાનો દર્શાવ્યા છે તે અતિશયોક્તિભર્યા છે અને ખાસ કરીને પશ્ચિમના વિકસિત દેશોના માટે તે સાચાં પડ્યાં નથી. આમ માલ્થસનો વસ્તી સિદ્ધાંત શબ્દશઃ સાચો ન ગણીએ તો પણ દુનિયાના ગરીબ દેશોમાં ઝડપથી વધતી જતી વસ્તીના સંદર્ભમાં જોતા આ સિદ્ધાંતનું વાજબીપણું કે ઉપયોગિતા સ્વીકારવાપાત્ર લાગે છે. માલ્થસનો વસ્તીસિદ્ધાંત રજૂ થયા પછી આ દિશામાં વૈજ્ઞાનિક રીતે વિચારવાની, વસ્તી*

*અંગેના નવા નવા સંશોધનો વિકસાવવાની શરૂઆત થઈ એ દષ્ટિએ પણ માલ્થસનો સિદ્ધાંત મોટા પ્રદાન તરીકે ગણી શકાય.*

## 10.5 તમારી પ્રગતિ ચકાસો

**(ક) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. *માલ્થસે વસ્તી ઉપરનાં પોતાનાં નિબંધની પ્રથમ આવૃત્તિ __________ વર્ષમાં પ્રગટ કરી હતી.* (1798, 1898, 1998)
2. __________*ને આધુનિક વસ્તી વિજ્ઞાનનાં પિતા તરીકે ઓળખવામાં આવે છે. (વેબર, માલ્થસ, કોમ્ટ)*
3. __________ *એટલે વસ્તીવૃદ્ધિ પર કુદરત દ્વારા આપોઆપ આવતું નિયંત્રણ. (માનવ અંકુશ, અટકાયતી અંકુશ, કુદરતી અંકુશ)*

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

1. *માલ્થસનો વસ્તીનો સિદ્ધાંત સમાજશાસ્ત્રીય દષ્ટિકોણથી સમજાવો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

2. *માલ્થસના સિદ્ધાંતની સમીક્ષા કરો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**(ક) તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

1. 1998

2. *માલ્થસ*

3. *કુદરતી અંકુશ*

## 10.6 સંદર્ભ સૂચિ

(1) *જોશી ભાસ્કર* (1995), *'ભારતની વસ્તી - એક વિશ્લેષણાત્મક અભ્યાસ', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ*

(2) *ઠાકોર રશ્મિન* (1980), *'વસ્તી શિક્ષણ', ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ*

(3) *દવે મંજુલાબેન* (2000), *'વસ્તી વિષયક સ્ત્રોત', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ*

(4) *પહેલ કેશવલાલ* (1992), *'વસ્તી શિક્ષણ અને આરોગ્ય શિક્ષણ', નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ*

(5) *શાહ એ.જી. અને દવે જે.કે.* (2004-05), *'વસ્તી અને સમાજ', અનડા પ્રકાશન, અમદાવાદ*

(6) *જોશી બી.એ.* (2001), *'ગુજરાતી વસ્તીની રૂપરેખા', અમદાવાદ*

(7) *પહેલ વિનુભાઈ* (2001) *'વસ્તી વૃદ્ધિ નિયંત્રણ', આજનો યુગધર્મ, સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટ, અમદાવાદ*

(8) *રાવલ ચંદ્રિકા અને ધ્રુવ શૈલજા* (2005), *'વસ્તી એક સામાજિક સમસ્યા', પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ*

**સંપાદક:**

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય** નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

**ડૉ. સંજય પટેલ** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ડૉ. પરેશ ચૌહાણ** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ડૉ. જયેશ પરમાર** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**વિષય સમિતિ:**

**ડૉ. સંજય પટેલ** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ** (નિવૃત્ત) પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**પ્રો. (ડૉ.) મહેશ ગામીત** પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

**પરામર્શન (વિષય):**

**પ્રો. (ડૉ.) મહેશ ગામીત** પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

**પ્રો. (ડૉ.) જે. સી. પટેલ** પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**લેખન:**

**ડૉ. યોગેશ ચડસણીયા** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગવર્નમેન્ટ આર્ટ્સ કોલેજ, ઉમરપાડા, સુરત.

**ડૉ. ઈશ્વર સુતરિયા** આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મુળી.

**પરામર્શન (ભાષા):**

**પ્રિ.ધનશ્યામ કે. ગઢવી** નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા.

**પ્રકાશક:**

**ડૉ. ભાવિન ત્રિવેદી** કુલસચિવ (કાર્યકારી) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ :** **2022 (પ્રથમ આવૃત્તિ)**

**ISBN NO:** **978-93-5598-283-4**

: સર્વાધિકાર સુરક્ષિત :

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

B.A./ B.A. (Hons.) સમાજશાસ્ત્ર

વસ્તીનું સમાજશાસ્ત્ર

SOCM-310

SOMJ-402/SOMN-402

વિભાગ

# 2

## વસ્તીનુ સમાજશાસ્ત્ર


| | |
|---|---|
| **એકમ-11** વસ્તીવૃદ્ધિનો આર્થિક વિકાસ સાથે સંબંધ | **01** |
| **એકમ-12** વસ્તીની આર્થિક વિકાસ પર અને આર્થિક વિકાસની વસ્તી પર અસર | **09** |
| **એકમ-13** વસ્તીવૃદ્ધિનો સામાજિક વિકાસ સાથે સંબંધ | **24** |
| **એકમ-14** કુટુંબ નિયોજનનો અર્થ અને લાક્ષણિકતાઓ | **42** |
| **એકમ-15** કુટુંબ નિયોજનના સહાયક પરિબળો | **49** |
| **એકમ-16** દક્ષિણ એશિયાઈ સમાજોમાં વસ્તીશાસ્ત્રીય ખાસિયતો | **57** |
| **એકમ-17** વસ્તી ગણતરી અને નેશનલ સેમ્પલ સર્વે ઑફ ઈન્ડિયા | **70** |


# વસ્તીવૃદ્ધિનો તેના વિવિધ પાસાઓ સાથેનો સંબંધ - 2

**SOCM – 310 : વિભાગ – 2 'વસ્તીવૃદ્ધિનો તેનાં વિવિધ પાસાંઓ સાથેનો સંબંધ' વિભાગીય પરિચય**

વિદ્યાર્થીમિત્રો, કોઇપણ સમાજની જરૂરીયાત જે-તે સમાજની વસ્તીવૃદ્ધિ અને સમાજનો આર્થિક વિકાસ કેટલાં પ્રમાણમાં થયો છે, તેના આધારે જાણી શકાય. માનવવસ્તીની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે, ખોરાક, પોશાક, રહેઠાણ, શિક્ષણ, શુદ્ધ આબોહવા, રોજગાર વગેરેની વિધાયક કે વિઘાતક અસર વસ્તીવૃદ્ધિ અને સમાજનાં આર્થિક વિકાસ પર થતી જોવા મળે છે. આવી અસરો અવિકસિત, અલ્પવિકસિત, વિકસિત, ગ્રામીણ, શહેરી, આદિવાસી સમાજોમાં જુદી જુદી હોઈ શકે. વિઘાતક અસરોને નિવારવા સરકારી અને સંસ્થાગત પ્રયત્નો દ્વારા અનેક નવી કલ્યાણકારી નીતિઓ, યોજનાઓ અમલમાં મુકાય છે. વસ્તી વિષયક યોજનાઓ, વસ્તીવૃદ્ધિનો આર્થિક વિકાસ સાથેનો સંબંધ વિષયક સંપૂર્ણ સમજ આપણે આ પાઠ્યક્રમ – 310 'વસ્તીનું સમાજશાસ્ત્ર' દ્વારા મેળવીશું. આ પાઠ્યક્રમને 'સામાજિક વસ્તીશાસ્ત્રનાં સિદ્ધાંતો' અને 'વસ્તીવૃદ્ધિનો તેનાં વિવિધ પાસાંઓ સાથેનો સંબંધ' એમ બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં પ્રથમ વિભાગમાં એકમ – 1 થી 10 અને બીજા વિભાગમાં એકમ – 11 થી 17નો સમાવેશ કરવામાં આવ્યો છે. વ્યક્તિની માથાદીઠ આવક તેના કુટુંબનાં આર્થિક વિકાસ સાથે સંકળાયેલ છે. જેવી માથાદીઠ આવક તેવો જ વ્યક્તિ અને તેના કુટુંબનો આર્થિક વિકાસ હશે તેમ કહી શકાય. સમગ્ર વસ્તી વૃદ્ધિનો આર્થિક વિકાસ સાથે સંબંધની સમજૂતી એકમ – 11માં કરવામાં આવેલ છે. વસ્તી અને આર્થિક વિકાસ પરસ્પર એકબીજાની પૂરક છે. આથી વસ્તીની આર્થિક વિકાસ પર અને આર્થિક વિકાસની વસ્તી પર અસરો થતી જ રહે છે, જેની વિગતવાર ચર્ચા એકમ – 12માં થયેલ છે. વસ્તીની જાળવણી કરવી, સમતુલા રાખવી એ માનવીની ફરજ છે. જૈવિક પ્રક્રિયાઓ દ્વારા વસ્તીના કદમાં સતત પરિવર્તન આવતું રહે છે, જે સામાજિક વિકાસને શક્ય બનાવે છે. વસ્તી વૃદ્ધિનો સામાજિક વિકાસ સાથે સંબંધ કેવા પ્રકારનો છે, તેની ચર્ચા એકમ – 13માં કરેલ છે. વસ્તી વૃદ્ધિ સમાજમાં સમસ્યા પણ જન્માવે છે આથી વધતી જતી વસ્તીને નિયંત્રણમાં રાખવા કુટુંબ નિયોજન કાર્યક્રમને વધુ વેગ મળે તેવા પ્રયત્નો થતા જોવા મળે છે. કુટુંબ નિયોજનનો અર્થ અને લાક્ષણિકતાઓની વિસ્તૃત સમજૂતી એકમ – 14માં આપેલ છે.

વિદ્યાર્થીમિત્રો, સમાજમાં માતા અને બાળકનું સ્વાસ્થ્ય જળવાઈ રહે, તથા જરૂરી અને ઈચ્છિત બાળકો જ જન્મે તે માટે કુટુંબ નિયોજન આવશ્યક છે. કુટુંબ નિયોજનનો સતત ફેલાવો થાય તે માટે અનેક સહાયક પરિબળો મહત્વનો ભાગ ભજવે છે. જેની વિસ્તૃત ચર્ચા એકમ – 15માં કરેલ છે. સમગ્ર વિશ્વમાં વસ્તીએ-વસ્તીએ ભાષા, બોલી, પહેરવેશ, દેખાવ, ચામડીનો રંગ, વાળનો રંગ, આંખોનો રંગ વગેરેમાં જુદાપણું જોવા મળે છે. દક્ષિણ એશીયાઈ સમાજો જેમ કે, હિંદ મહાસાગર, અફઘાનિસ્તાન, ભૂતાન, શ્રીલંકા, માલદીવ બાંગ્લાદેશમાં વસ્તીશાસ્ત્રીય ખાસિયતો કેવી છે, તેની ચર્ચા એકમ – 16માં કરીશું. જે તે પ્રદેશોમાં વસ્તીનું પ્રમાણ કેટલું છે, તે જાણવું હોય તો વસ્તી ગણતરી કરવી આવશ્યક છે. ભારતમાં દર દસ વર્ષે જે વસ્તીગણતરી કરવામાં આવે છે, તેને સેન્સસ તરીકે ઓળખવામાં આવે છે. સેન્સસની જેમ જ 'રાષ્ટ્રીય નિદર્શ મોજણી' દ્વારા વસ્તી વિષયક માહિતીનું એકત્રીકરણ કરવામાં આવે છે. એકમ – 17માં વસ્તીગણતરી અને નેશનલ સેમ્પલ સર્વે ઓફ ઇન્ડિયા વિષયક માહિતીની રજૂઆત કરેલ છે.

એકમ 11

# વસ્તીવૃદ્ધિનો આર્થિક વિકાસ સાથે સંબંધ

**-: રૂપરેખા :-**

**11.0 ઉદ્દેશ્યો**

**11.1 પ્રસ્તાવના**

**11.2 વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસમાં સહાયક**

**11.3 વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસમાં અવરોધક પરિબળ તરીકે**

**11.4 સારાંશ**

**11.5 તમારી પ્રગતિ ચકાસો**

**11.6 સંદર્ભ-સૂચિ**

## 11.0 ઉદ્દેશ્યો

*વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે*

- *વસ્તીવૃદ્ધિ અને આર્થિક વિકાસનો ખ્યાલ સમજશો*
- *વસ્તીવૃદ્ધિનો આર્થિક વિકાસ સાથેનો સંબંધ જાણશો*
- *વસ્તીવૃદ્ધિને આર્થિક વિકાસમાં સહાયક બનાવવા પ્રયત્ન કરશો*
- *વસ્તીવૃદ્ધિનો આર્થિક વિકાસમાં બને છે તે અંગે માહિતી મેળવશો*

## 11.1 પ્રસ્તાવના

*વસ્તીવૃદ્ધિ એ આર્થિક અને સામાજિક વિકાસ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. આથી કોઈપણ દેશના આર્થિક અને સામાજિક વિકાસમાં વસ્તીનું કદ અને તેની ગુણવત્તા ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. શિક્ષિત, કેળવાયેલી, તાલીમ પામેલી, ખંતીલી પ્રજા રાષ્ટ્રનું મોટામાં મોટું સંસાધન છે. જે દેશની આર્થિક આબાદી અને સમૃદ્ધિ વધારવામાં અગત્યની ભૂમિકા નિભાવે છે. વસ્તીનું કદ અને આર્થિક-સામાજિક વિકાસ વચ્ચે ક્રિયા-પ્રતિક્રિયા થતી રહે છે. વસ્તીવૃદ્ધિ દેશના આર્થિક અને સામાજિક વિકાસ પર અસર કરે છે. વસ્તીવૃદ્ધિના દરમાં થતી વધઘટની અસર દેશના આર્થિક વિકાસ પર થાય છે. વસ્તીવૃદ્ધિ એ આર્થિક વિકાસનું એક મહત્ત્વનું નિર્ણાયક પરિબળ છે. વસ્તીનું યોગ્ય અને ઈષ્ટ કદ એ રાષ્ટ્ર માટે અસ્કયામતરૂપ છે. પરંતુ જો તેનું કદ અર્થતંત્રની ક્ષમતા કરતાં વધુ હોય તો તે બોજારૂપ નીવડે છે.*

*ભારતમાં વસ્તીનું કદ ઉત્તરોત્તર ઝડપી રીતે વધતું જાય છે. 1921 પછી ભારતમાં ઝડપી અને સતત વસ્તીવૃદ્ધિ થતી રહી છે. આ કારણથી 1921ના વર્ષને "મહાવિભાજક વર્ષ" તરીકે ઓળખવામાં આવે છે. 1921 થી 2011 સુધીના 90 વર્ષમાં ભારતની વસ્તીમાં 96 કરોડ લોકોનો વધારો થયો. ભારતમાં ઝડપી વસ્તીવૃદ્ધિ એક પાયાની સમસ્યા છે. આ સમસ્યા એ આર્થિક-સામાજિક વિકાસ પર વિપરીત અસરો પહોંચાડી છે તો બીજી બાજુ વસ્તીવૃદ્ધિની પ્રક્રિયામાં ભારતમાં યુવાવસ્તી વધતી જાય છે, જે એક મોટી અસ્કયામત બની દેશના આર્થિક અને સામાજિક વિકાસમાં પોતાનું પ્રદાન આપે છે અને ભારતને વિકસિત દેશની હરોળમાં લાવવાની સંભાવના ઊભી કરે છે.*

*આમ, વસ્તીવૃદ્ધિની આર્થિક વિકાસ પર કેવી અસર પડશે તેનો આધાર જે તે દેશની અર્થવ્યવસ્થા પર છે.*

## 11.2 વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસમાં સહાયક

*વસ્તીવૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચે ગાઢ સંબંધ છે. વસ્તીવૃદ્ધિની પ્રક્રિયામાં ભારતમાં યુવાવસ્તી વધતી જાય છે, જે એક મોટી અસ્કયામત બની દેશના આર્થિક અને સામાજિક વિકાસમાં પોતાનું પ્રદાન આપે છે અને ભારતને વિકસિત દેશની હરોળમાં લાવવાની સંભાવના ઊભી કરે છે. આમ, વસ્તીવૃદ્ધિ એ આર્થિક વિકાસના સંસાધન તરીકે કુશળ અને બિનકુશળ શ્રમિકો પૂરા પાડે છે. ખેતરો, ખાણો, જંગલો, કારખાનાં વગેરેમાં કામ કરનારા શ્રમિકો વસ્તીમાંથી મળે છે. દેશમાં ઉપલબ્ધ કુદરતી સાધનોનો મહત્તમ ઉપયોગ કરવા માટે કુશળ શ્રમિકોની જરૂર પડે છે, જે વસ્તીમાંથી મળે છે. આ ઉપરાંત ઉદ્યોગ સાહસિકો, ટેક્નિશિયન્સ, શિક્ષણકારો, મેનેજરો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ વગેરે પણ વસ્તીમાંથી મળે છે. આમ કુદરતી સાધનો સાથે માનવસંસાધનનું જોડાણ થતાં આર્થિક વિકાસ શક્ય બને છે. વસ્તીવૃદ્ધિ થાય તો પ્રાકૃતિક સાધનોના મહત્તમ ઉપયોગ માટે વધુ શ્રમિકો મળી રહે છે, તેમજ ચીજવસ્તુઓ અને સેવાઓ માટે વધુ માંગ પેદા થાય છે. આમ વધતી માંગ વધતો જતો શ્રમિકોનો પુરવઠો અને વિશાળ ભૂમિસ્ત્રોતો વધુ કમાણી કરવા માટે વધુ ઉત્પાદન કરવાનો ઉત્સાહ જગાડે છે. આ પ્રક્રિયામાં મૂડીનું નિર્માણ થાય છે. શ્રમવિભાજનનો વિકાસ થાય છે અને વિશેષીકરણમાં વૃદ્ધિ થાય છે, જે આર્થિક વિકાસ માટે જરૂરી ગણાય છે.*

*આમ વસ્તીવૃદ્ધિ વિવિધ રીતે આર્થિક વિકાસમાં સહાયક બને છે, જે મુખ્યત્વે નીચે મુજબ દર્શાવી શકાય.*

- વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસના તબક્કે ખૂબ સહાયક બને છે, કારણ કે વસ્તીવૃદ્ધિ અસરકારક માંગમાં વધારો કરે છે અને બજારને વિસ્તૃત કરે છે. બજાર વિસ્તૃત થતાં શ્રમવિભાજન પણ વિસ્તૃત બને છે અને મૂડીની સીમાંત કાર્યક્ષમતા જળવાઈ રહે છે. આના પરિણામે આર્થિક સ્થગિતતા અટકાવી શકાય છે.
- વસ્તીવૃદ્ધિના ઊંચા દરના કારણે વેતનના દરોમાં ઘટાડો થાય છે અને તેના પરિણામે નફામાં વધારો થાય છે જે છેવટે રહેઠાણ, આવક અને ઉત્પાદનના વધારામાં પરિણમે છે.
- વસ્તીવૃદ્ધિનો ઊંચો દર ધરાવતા દેશમાં ઉત્પાદન માટે સસ્તી મજૂરી ઉપલબ્ધ બને છે. વધતી જતી વસ્તીને કુશળ કાર્યોની તાલીમ આપીને આર્થિક વિકાસને વેગ આપી શકાય છે. કુશળ કામદારોને મૂડીના વિકલ્પ તરીકે મોટા પ્રમાણમાં ઉપયોગ કરી શકાય. અલ્પવિકસિત દેશોમાં કુશળ મજૂરોનો પુરવઠો ઓછો જોવા મળે છે.
- જે દેશમાં વસ્તીનો વધારો થાય છે ત્યારે શ્રમદળમાં યુવાન માણસોની સંખ્યામાં પણ સતત વધારો થવાની પ્રક્રિયા ચાલુ રહે છે. સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરવા માટે યુવાન શ્રમિકોની સંખ્યામાં વધારો થાય એ આર્થિક વિકાસ માટે લાભદાયી નીવડે છે. સાથોસાથ સમાજના વલણ-પરિવર્તનમાં પણ યુવાનોની વધુ સંખ્યા સહાયક બને છે.
- વસ્તીવૃદ્ધિ થવાથી શ્રમિકોનું કૃષિક્ષેત્રમાંથી ઉદ્યોગક્ષેત્રમાં તથા એક ઉદ્યોગમાંથી બીજા ઉદ્યોગમાં સ્થળાંતર થાય છે, પરિણામે સામાજિક ગતિશીલતાને ઉત્તેજન મળે છે.
- વસ્તીવૃદ્ધિ એ પરંપરાગત આર્થિક પદ્ધતિમાં પરિવર્તન લાવનારું તથા અર્થવ્યવસ્થાને વધુ ઉત્પાદકતા તરફ લઈ જનારું શક્તિશાળી પરિબળ છે. લોકો પોતાના બાળકો માટે કામ કરે છે. આથી બાળકોની સંખ્યામાં વધારો થતાં લોકોને વધુ કામ કરવાની પ્રેરણા મળે છે.
- હીર્શમેન કહે છે કે અર્થવ્યવસ્થામાં મંદીના વલણો પ્રવર્તતા હોય ત્યારે વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસને ઉત્તેજન આપે છે.
- અનેક દેશોમાં ઝડપી વસ્તીવૃદ્ધિના કારણે કૃષિવિકાસ શક્ય બન્યો છે. કૃષિવિકાસ એ વસ્તીવૃદ્ધિનું કારણ પણ છે ને પરિણામ પણ છે.
- વસ્તીવૃદ્ધિથી ફક્ત ખાનારાં મોઢાં જ વધતા નથી, પણ ઉત્પાદક કામોમાં ઉપયોગમાં આવે તેવા હાથ પણ વધે છે.

*આમ, વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસમાં સહાયક બને છે એવો મત કેટલાક અર્થશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓ ધરાવે છે.*

## 11.3 વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસમાં અવરોધક પરિબળ તરીકે

*વસ્તીવૃદ્ધિની કેટલીક વિપરીત અસરો આર્થિક વિકાસમાં અવરોધક બને છે. વસ્તીવૃદ્ધિની વિપરીત અસરો તરફ ધ્યાન દોરનાર સૌપ્રથમ માલ્થસ હતા. માલ્થસે તેમના વસ્તી સિદ્ધાંતમાં જણાવ્યું છે કે જમીનની ખોરાકની ઉત્પાદન કરવાની ક્ષમતા કરતા મનુષ્યની પ્રજનનક્ષમતા અનેકગણી વધારે છે. આથી અનાજના ઉત્પાદન કરતાં વસ્તીમાં ઝડપથી વધારો થાય છે. ઝડપથી વધતી જતી વસ્તીને ખોરાકના પુરવઠા સામે સમતોલ કરવાના પ્રયાસો મનુષ્ય નહીં કરે તો કુદરતી અંકુશો દ્વારા વસ્તીવૃદ્ધિનું નિયંત્રણ થશે. જો મનુષ્ય બુદ્ધિપૂર્વક વસ્તીવૃદ્ધિ પર અંકુશ નહીં મૂકે તો દુષ્કાળ, રોગચાળો, ભૂખમરો, અતિવૃષ્ટિ જેવાં કુદરતી પરિબળો દ્વારા વસ્તીવૃદ્ધિ પર અંકુશ આવશે.*

*ટૂંકમાં માલ્થસે વસ્તીવૃદ્ધિના ભયસ્થાનો તરફ અંગુલિનિર્દેશ કર્યો. માલ્થસના વસ્તી સિદ્ધાંતને પરિણામે સમગ્ર વિશ્વમાં સતત વધતી જતી વસ્તી તરફ વિદ્વાનોનું ધ્યાન ખેંચાયું. વસ્તીનિયંત્રણનો અભિગમ વિકસાવવામાં માલ્થસનું ઘણું પ્રદાન ગણવામાં આવે છે.*

*વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસ પર વિપરીત અસરો કરે છે એ બાબતનો હવે સાર્વત્રિક રીતે સ્વીકાર થયો છે. આથી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પણ વસ્તીનિયંત્રણની હિમાયત કરે છે. વિકસિત દેશોમાં પણ તે સ્વીકાર્ય બનેલ છે. 18મી અને 19મી સદીમાં કેટલાક દેશોમાં વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસમાં સહાયક બનતી હતી તે બરાબર હશે. કારણ કે તે સમયે વસ્તી ઓછી હતી, લોકોની જરૂરિયાતો પણ ઓછી હતી પરંતુ વર્તમાન સમયમાં વસ્તીવૃદ્ધિને આર્થિક વિકાસમાં સહાયક માનવામાં આવતી નથી. આથી વિકાસ પામેલા દેશો પણ વસ્તીનિયંત્રણ દ્વારા વસ્તીવૃદ્ધિને અંકુશમાં રાખતા થયા છે.*

*વિકસતા દેશોમાં વસ્તીવૃદ્ધિને વિકાસના મોટા અવરોધક પરિબળ તરીકે ગણવામાં આવે છે. વસ્તી ઈષ્ટતમ કદથી ઓછી હોય ત્યાં સુધી જ વસ્તીવૃદ્ધિ વિકાસમાં સહાયક બને છે પરંતુ ઈષ્ટતમ કદ પ્રાપ્ત કર્યા પછી વસ્તીવૃદ્ધિ વિકાસમાં અવરોધક બને છે. વિકાસ પર તેની વિપરીત અસરો પડે છે.*

*વસ્તીવૃદ્ધિની અર્થવ્યવસ્થા પર હંમેશા લાભદાયક અસરો જ પડે છે એવું નથી. પછાત અર્થવ્યવસ્થા પર વસ્તીવૃદ્ધિની વિપરીત અસરો પડે છે. એટલે કે પછાત અર્થવ્યવસ્થામાં મૂડી ઓછી હોય છે, મજૂરો 'સરપ્લસ' હોય છે અને લોકો ગરીબ હોય છે.*

*આમ, વસ્તીવૃદ્ધિની અર્થવ્યવસ્થા પર વિપરીત અસરો નીચે મુજબ દર્શાવે છે.*

- *જ્યારે વસ્તીમાં વધારો થાય છે ત્યારે રાષ્ટ્રીય આવક વધુ માણસો વચ્ચે વહેંચાય છે. આથી માથાદીઠ આવકમાં ઘટાડો થાય છે. માથાદીઠ આવકમાં ઘટાડાની અનેક અસરો પડે છે. જેમકે, ઓછી બચત, ઓછું મૂડીરોકાણ અને ઓછું ઉત્પાદન વગેરે.*
- *વસ્તીવૃદ્ધિથી જમીનના પુરવઠા પર ભારે બોજો પડે છે. પરિણામે ઘટતા જતા મળતરનો નિયમ લાગુ પડે છે. વસ્તી વધારાની સાથે જમીન પર વસ્તીનું દબાણ વધતાં વ્યક્તિદીઠ જમીનનું પ્રમાણ ઘટે છે. માથાદીઠ આવક અને ઉત્પાદન પણ ઘટે છે. ખેતી એ બિનઆર્થિક વ્યવસાય બની રહે છે. પરિણામે ખેતીની સુધારેલી પ્રયુક્તિઓ અને ઉત્પાદનની વધુ સારી પદ્ધતિઓ દાખલ કરી શકાતી નથી.*
- *વસ્તીનું દબાણ વધતાં જીવનધોરણ નીચું ઉતરે છે. કારણ કે, અન્ય પરિબળોના અભાવમાં ઉત્પાદનમાં પૂરતો વધારો મેળવી શકાતો નથી. વસ્તી વધતાં માંગ વધે છે, પરંતુ પુરવઠામાં પૂરતો વધારો થતો નહીં હોવાથી ચીજવસ્તુઓના ભાવો ઊંચા જાય છે. આથી ગરીબ માણસોને પારાવાર હાડમારી ભોગવવી પડે છે. ગરીબીથી ગરીબી વધે છે. આમ વિષચક્ર ચાલ્યા કરે છે.*
- *ઝડપથી વધતી જતી વસ્તીને માટે સામાજિક કલ્યાણ, વસવાટનાં મકાનો, વાહનવ્યવહાર, આરોગ્ય અને સામાજિક-માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે વધુ મૂડીરોકાણ જરૂરી બને છે. આથી ઉત્પાદક મૂડીરોકાણમાં ઘટાડો થતાં આર્થિક વિકાસમાં અવરોધ થાય છે.*
- *વસ્તીવૃદ્ધિનું દબાણ ચીજવસ્તુઓના વ્યક્તિદીઠ વપરાશમાં ઘટાડો કરે છે. અન્ય પરિબળોમાં પરિવર્તન ન આવે તો વસ્તીવૃદ્ધિથી વપરાશી વસ્તુઓ પાછળના માથાદીઠ ખર્ચમાં ઘટાડો થાય છે. આથી જીવનની ગુણવત્તા નીચે ઉતરે છે. લોકોનાં આરોગ્ય અને ઉત્પાદક કાર્યક્ષમતા પર વિપરીત અસર પડે છે.*
- *વધતી જતી વસ્તીના કારણે સમાજમાં કામ કરતા વયસમૂહો કરતાં બાળકો અને વૃદ્ધોનું પ્રમાણ વધતું જાય છે. વસ્તીવૃદ્ધિને પરિણામે સમાજ અને સરકાર પર આધારિત વસ્તીનો મોટો બોજો પડે છે.*
- *ઝડપી વસ્તીવધારાના ગાળા દરમિયાન નવી મૂડીના સર્જન માટે મોટાભાગનાં સાધનો બચાવી શકાતાં નથી. બચત અને મૂડીરોકાણો નીચાં જતાં ઈચ્છનીય પ્રમાણમાં મૂડીસર્જન થતું નથી. મૂડીસર્જનનો નીચો દર યંત્રવિજ્ઞાનની કક્ષાને પણ નીચી રાખે છે. જેથી ઝડપી પ્રગતિ અવરોધાય છે.*

- *ઝડપથી વધતી જતી વસ્તીને કારણે સામાન્ય રીતે વપરાશી ચીજવસ્તુઓની આયાત કરવાની જરૂર ઊભી થાય છે પરંતુ તેની સાથેસાથ ઘરગથ્થુ વપરાશ પણ વધતી હોવાથી નિકાસમાં ઘટાડો થાય છે.*
- *વધતી જતી વસ્તીને માટે વસવાટનાં મકાનો, આરોગ્યસંભાળ, શિક્ષણ વગેરે પૂરા પાડવા માટે રોકાણો વધારવાની જરૂર પડે છે. આને પરિણામે આર્થિક વિકાસ માટેનાં જરૂરી રોકાણોમાં ઘટાડો થાય છે.*
- *વસ્તીવધારો ખોરાકની અછત સર્જે છે. આથી ખોરાકની વિદેશથી આયાત કરવા માટે દેશના નાણાકીય સાધનો ખર્ચવા પડે છે.*
- *વસ્તીવૃદ્ધિનો ઊંચો દર બેકારી અને અર્ધબેકારીમાં વધારો કરે છે.*
- *આમ, ઝડપથી વધતી જતી વસ્તી વિવિધ રીતે આર્થિક વિકાસમાં અવરોધક બને છે. એટલે કે, વસ્તીવૃદ્ધિની આર્થિક વિકાસ પર અનેક વિપરીત અસરો પડે છે.*

## 11.4 સારાંશ

*વસ્તીવૃદ્ધિ એ આર્થિક અને સામાજિક વિકાસ સાથે ઘનિષ્ઠ સંબંધ રહેલો છે. ભારતમાં વસ્તીનું કદ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. ભારતમાં ઝડપી વસ્તીવૃદ્ધિ એક પાયાની સમસ્યા છે. ભારતમાં જે યુવાવસ્તી વધતી જાય છે. જે એક મોટી અસ્ક્યામત બની દેશના આર્થિક અને સામાજિક વિકાસમાં પોતાનું પ્રદાન આપે છે. વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસ પર વિપરીત અસરો કરે છે. તેનો સાર્વત્રિક રીતે સ્વીકાર કર્યો છે. વસ્તીવધારાના કારણે ઘણા બધા પ્રશ્નો સર્જાતા હોય છે. જે વર્તમાન સમયમાં નવી સમસ્યાઓને જન્મ આપી શકે છે.*

## 11. 5 તમારી પ્રગતિ ચકાસો

**(ક) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

**(1) 1921ના વર્ષને _____________ તરીકે ઓળખવામાં આવે છે.**

(A) *વસ્તીવૃદ્ધિ* (B) *મહાવિનાશક*

(C) *મહાવિભાજક* (D) *વિકાસાત્મક*

**(2) વિકસતા દેશમાં વસ્તીવૃદ્ધિને વિકાસના કયા પરિબળ તરીકે ગણવામાં આવે છે.**

(A) *સહાયક* (B) *અવરોધક*

(C) *વિનાશક* (D) *વિકાસાત્મક*

**(3)** **વસ્તીનું દબાણ વધતાં જીવનધોરણ કેવું બને છે ?**

(A) *ઊંચું* (B) *નીચું*

(C) *મધ્યમ* (D) *ઈષ્ટતમ*

**(4)** **કુટુંબનિયોજન કાર્યક્રમ કયા વર્ષે સ્વીકારાયો ?**

(A) 1952 (B) 1955

(C) 1958 (D) 1962

**(5)** **1921 થી 2011 સુધીના 90વર્ષમાં ભારતની વસ્તીમાં કેટલા કરોડ લોકોનો વધારો થયો ?**

(A) 92*કરોડ* (B) 94 *કરોડ*

(C) 96 *કરોડ* (D) 98*કરોડ*

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(1) *'વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસમાં સહાયક' સવિસ્તાર જણાવો.*

...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................

(2) *'વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસમાં અવરોધક' સવિસ્તાર જણાવો.*

...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................

**(ક) તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

1-C, 2-B, 3-B, 4-A, 5-C

## 11.6 સંદર્ભ સૂચિ


(1) *જોશી ભાસ્કર* (1995), *'ભારતની વસ્તી - એક વિશ્લેષણાત્મક અભ્યાસ', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ*

(2) *ઠાકોર રશ્મિન* (1980), *'વસ્તી શિક્ષણ', ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ*

(3) *દવે મંજુલાબેન* (2000), *'વસ્તી વિષયક સ્ત્રોત', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ*

(4) *પહેલ કેશવલાલ* (1992), *'વસ્તી શિક્ષણ અને આરોગ્ય શિક્ષણ', નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ*

એકમ 12

# વસ્તીની આર્થિક વિકાસ પર અને આર્થિક વિકાસની વસ્તી પર અસર

**-: રૂપરેખા :-**

**12.0 ઉદ્દેશ્યો**

**12.1 પ્રસ્તાવના**

**12.2 વસ્તીવૃદ્ધિની આર્થિક વિકાસ પર અસર**

**12.3 આર્થિક વિકાસની વસ્તી પર અસર**

**12.4 આર્થિક વિકાસ અને વસ્તી સંક્રાંતિના સિદ્ધાંતની સમીક્ષા**

**12.5 સારાંશ**

**12.6 તમારી પ્રગતિ ચકાસો**

**12.7 સંદર્ભ-સૂચિ**

## 12.0 ઉદ્દેશ્યો

*આ એકમમાં વિદ્યાર્થીમિત્રો, નીચના ઉદ્દેશો પ્રાપ્ત કરશે.*

- *વસ્તીવૃદ્ધિની આર્થિક વિકાસ પર અસર જાણશે.*
- *આર્થિક વિકાસની વસ્તી પર અસર જાણશે.*
- *આર્થિક વિકાસ અને વસ્તી સંક્રાંતિના સિદ્ધાંતની સમીક્ષા કરતા શીખશે.*

## 12.1 પ્રસ્તાવના

*વસ્તીવૃદ્ધિ અને આર્થિક વિકાસ એ એક સિક્કાની પરસ્પર બે બાજુઓ છે. વસ્તીવૃદ્ધિ એ આર્થિક વિકાસ અને આર્થિક વિકાસ એ વસ્તીવૃદ્ધિ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. આથી કોઈપણ દેશના આર્થિક વિકાસમાં વસ્તીનું કદ અને તેની ગુણવત્તા ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. વસ્તીવૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચે ક્રિયા-પ્રતિક્રિયા થતી રહે છે. વસ્તીવૃદ્ધિ દેશના આર્થિક વિકાસ પર અસર કરે છે. વસ્તીવૃદ્ધિના દરમાં થતી વધઘટની અસર દેશના આર્થિક વિકાસ પર થાય છે. આર્થિક વિકાસનું એક મહત્ત્વનું નિર્ણાયક પરિબળ વસ્તીનું યોગ્ય અને ઈષ્ટ કદ એ રાષ્ટ્ર માટે અસ્કયામતરૂપ છે. પરંતુ જો તેનું કદ અર્થતંત્રની ક્ષમતા કરતાં વધુ હોય તો તે બોજારૂપ નીવડે છે.*

*આર્થિક વિકાસ અને વસ્તીવૃદ્ધિ વચ્ચે ગાઢ સંબંધ છે. વસ્તીવૃદ્ધિની પ્રક્રિયામાં ભારતમાં યુવાવસ્તી વધતી જાય છે. આમ વસ્તી વધારો આર્થિક વિકાસ ઉપર પ્રતિકૂળ અસરો કરે છે. પરંતુ સામી બાજુએ આર્થિક વિકાસ વસ્તી વધારા પર અનુકૂળ અસરો કરે*

*છે. આમ વસ્તી વધારો અને આર્થિક વિકાસ એકબીજા પર સામસામી અસરો પેદા કરે છે. આ બંને અસરોનાં ભેદને સ્પષ્ટ કરવા માટે આપણે આ અસરોને નીચે પ્રમાણે બે વિભાગમાં વિભાજિત કરીને તપાસીશું.*

- *વસ્તીવૃદ્ધિની આર્થિક વિકાસ પર અસરો*
- *આર્થિક વિકાસની વસ્તીવૃદ્ધિ પર અસરો*

## 12.2 વસ્તીવૃદ્ધિની આર્થિક વિકાસ પર અસર

*કેટલાક વિચારકો એમ ભારપૂર્વક માને છે કે વસ્તીવૃદ્ધિની દેશના આર્થિક વિકાસ પર વિપરીત અસરો પડે છે. ભારતમાં વર્તમાન વસ્તીનું કદ જોતાં માલૂમ પડે છે કે હાલમાં આપણો દેશ "વસ્તી વિસ્ફોટ"નો સામનો કરી રહેલ છે. વસ્તી વિસ્ફોટની સમગ્ર અર્થતંત્ર પર જુદી-જુદી અસરો પડે છે. દેશના આર્થિક વિકાસ પર તે કેવા પ્રકારની પ્રતિકૂળ અસરો સર્જે છે તેના પૃથક્કરણ દ્વારા જ એ જાણી શકાય કે ભારતે કેવા પ્રકારની ચોક્કસ અને નક્કર વસ્તીનીતિ અપનાવવી જોઈએ. ભારતને લક્ષમાં રાખીને જોઈએ તો વસ્તીવધારો વિસ્ફોટક દરથી થતો રહ્યો છે.* 1901*માં ભારતની વસ્તી* 23.83 *કરોડ હતી. જે* 2001*માં વધીને* 100 *કરોડથી વધુ થઈ.* 2011*માં જે વધીને* 121 *કરોડથી પણ વધુ થવા પામી છે. આ અત્યંત ઝડપી વસ્તીવધારાની ભારતીય અર્થતંત્ર પર અનેક વિપરીત અસરો પડે છે. આમ, ભારતમાં વસ્તીવૃદ્ધિની આર્થિક વિકાસ પર નીચે મુજબ વિપરીત અસરો જોવા મળે છે.*

### 12.2.1 જમીન પર વધુ દબાણ

*ઝડપી વસ્તી વધારાને કારણે આપણા દેશની જમીન વસ્તીનું દબાણ સતત વધતું રહ્યું છે. પરિણામે ખેતી ક્ષેત્રે ઉત્પાદકતા ઘટી છે. જમીન ખેડવિભાજન અને ઉપવિભાજન વધવા પામ્યું છે. જે પ્રદેશોમાં વસ્તીની ગીચતા ઓછી હોય ત્યાં વસ્તી વધારો આવકારદાયક બની રહે છે અને તેનાથી કુદરતી સાધન-સંપત્તિ તથા જમીનનો પૂરતો ઉપયોગ શક્ય બને છે. અહીં વધતી માંગ, વધતો શ્રમ પુરવઠો અને વિશાળ ભૂમિ સાધનો વધુ ઉત્પાદકતાને પ્રેરે છે. પરિણામે આર્થિક વિકાસની પ્રક્રિયા ઝડપી બને છે પરંતુ ભારત જેવા દેશમાં વધતી વસ્તીએ જમીન પરના દબાણમાં વધારો કર્યો છે અને માનવ-જમીન ગુણોત્તર તથા શ્રમ મૂડી ગુણોત્તર પર તેની વિપરીત અસરો પાડી છે.*

*ખેતીની જમીન અને કુદરતી સાધનો પર વસ્તીનું ભારે દબાણ ભૂમિ વિસ્તાર પર વસ્તીના દબાણનો ખ્યાલ ગીચતા પરથી આવી શકે. ભારતમાં વસ્તીની ગીચતા વધારે છે અને તેમાં વધારો થતો રહ્યો છે. વસ્તીની ગીચતા વધતી જાય છે. વ્યક્તિદીઠ જમીનનું પ્રમાણ ઘટ્યું છે. ખેતીની જમીનની બાબતમાં જોતાં વ્યક્તિદીઠ જમીનનું પ્રમાણ ઘટ્યું છે.*

ખેતીની જમીનની પર વસ્તીવૃદ્ધિના ભારે દબાણથી અત્યંત વિપરીત એવા ત્રણ પરિણામો દૃષ્ટિગોચર થાય છે. એક ખેતી સુધારણામાં અવરોધ પેદા થયો છે. ખેતરોનું નાના ટુકડાઓમાં વિભાજન એ વસ્તીનું જમીન પરના દબાણનું સીધું પરિણામ છે. નાનાં ખેતરોના કારણે ખેતરોના કારણે ખેડૂતોની ખેતીની નવી પદ્ધતિ અપનાવવાની ઈચ્છા નબળી પડે છે.બીજું ખેતીની સુધારણાના અભાવે ખેતીક્ષેત્રમાં વિશાળ પ્રમાણમાં પ્રચ્છન્ન બેકારી અને અર્ધબેકારી સર્જાય છે. વસ્તીવૃદ્ધિનું ત્રીજું પરિણામ એ આવ્યું છે કે વધતી જતી વસ્તીને કારણે ખોરાકી ચીજવસ્તુઓની માંગમાં ઝડપી વધારો અને તેના ઉત્પાદનમાં ધીમો વધારો થતાં તે બંને વચ્ચે મોટી ખાઈ સર્જાઈ છે. ભારતમાં ઊંચી ગીચતા અને ઝડપી વસ્તીવૃદ્ધિ દેશના આર્થિક વિકાસમાં મુશ્કેલી પેદા કરે છે. ભારતમાં ઝડપી વસ્તી વધારાથી ખેતીની જમીનનો વધારે પડતો ઉપયોગ થવાથી જમીનને નુકસાન થાય છે અને તેના પરિણામે ખેતઉત્પાદન ઘટવા લાગે છે. આ ઉપરાંત ગરીબ લોકો જંગલ કાપીને લાકડાનો બળતણ તરીકે ઉપયોગ કરે છે. આથી જંગલો કે જે અત્યંત સમૃદ્ધ કુદરતી સંપત્તિ છે તેનું ઈકોલોજીકલ ફંકશન જેમકે, વહેતું પાણી અટકાવવું, પ્રાણીઓને જીવાડવાં વગેરેને નુકસાન થાય છે.

2011ની વસ્તી ગણતરી અનુસાર દેશમાં વસ્તીની ગીચતા દર ચો.કી. મીટરે 385 થઈ છે. જે 2001માં 325, 1991માં 237 હતી. આ હકીકત પરથી જાણી શકાય છે કે ભારતમાં વસ્તીની ગીચતા ઉત્તરોત્તર વધતી જાય છે. આથી વિરુદ્ધ દેશમાં વપરાશયુક્ત કુદરતી સાધનોનું પ્રમાણ અને ટેકનોલોજીકલ જ્ઞાનમાં તેના પ્રમાણમાં વધારો થયો નથી. 1921 થી 2011 સુધીમાં 90 વર્ષના ગાળામાં આપણે ત્યાં વસ્તી ગીચતા ચાર ગણી થઈ છે. આમ વિશ્વના ઘણા દેશો કરતા ભારતની વસ્તી વધુ ગીચ છે.

### 12.2.2 વસ્તીની ગુણવત્તા પર માઠી અસર

વસ્તી વધારાનાં પરિણામે દેશમાં લોકોની માથાદીઠ આવક અને માથાદીઠ અનાજનું વપરાશનું પ્રમાણ ઘટે છે. તેથી લોકોમાં સરેરાશ જીવનધોરણમાં ઘટાડો થયો છે. વિકસિત દેશોની સરખામણીએ લોકોનાં રોજિંદા ખોરાકમાં કેલરી અને પ્રોટીનનું પ્રમાણ પણ ઓછું રહે છે. ભારતના રોજબરોજના ખોરાકમાંથી વ્યક્તિને 2000 કરતા પણ ઓછી કેલરી પ્રાપ્ત થાય છે. વિકસિત દેશોમાં આ પ્રમાણે 3000 કેલરી કરતા પણ વિશેષ હોય છે. સાથોસાથ રહેઠાણ, શિક્ષણ, તબીબી સવલતો વગેરે પૂરતા પ્રમાણમાં લોકોને પ્રાપ્ત થતાં નથી. આથી સ્વાભાવિક રીતે જ વસ્તીની ગુણવત્તા અને કાર્યક્ષમતા નીચી રહે છે.

### 12.2.3 બેરોજગારીમાં વધારો

*ભારતીય અર્થતંત્રમાં બેરોજગારીના અસ્તિત્વ માટે શ્રમની માંગ અને પુરવઠાની સમગ્રલક્ષી અસમતુલા જવાબદાર છે. શ્રમનો પુરવઠો વધુ છે અને શ્રમની માંગ ઓછી છે. તેથી બધા કામદારોને કામ આપી શકાતું નથી. વસ્તીવૃદ્ધિને લીધે શ્રમનો પુરવઠો ઝડપથી વધે છે અને તેથી બેરોજગારી વધે છે. નેશનલ સેમ્પલ સર્વે* (NSS)*ના લેબર ફોર્સ સર્વેએ ભારતમાં બેરોજગારીનો દર વર્ષ* 2017-2018*માં* 6.1% *નોંધ્યો છે. હાલ જાહેર થયેલા નવા આંકડા મુજબ એપ્રિલ* 2019 *સુધીમાં ભારતમાં બેરોજગારી દર વધીને* 7.6% *સુધી પહોંચી ગયો છે જે* 1972-73 *બાદ* 45 *વર્ષની સર્વોચ્ચ ટોચે બેરોજગારીનો દર છે.* 1982-83*માં બેરોજગારીનો દર* 2.88% *હતો, જે* 1993-94*માં* 2.62% *હતો. જ્યારે વર્ષ* 1999-2000*માં* 2.78 *હતો. વર્ષ* 2004-05*માં બેરોજગારીનો દર* 3.19 *હતો. વર્ષ* 2009-10*માં બેરોજગારીનો દર* 2.51 *હતો. વર્ષ* 2011-12*માં બેરોજગારીનો દર* 2.2% *હતો.*

*ભારતમાં આર્થિક વિકાસ ધીમો છે. તેથી શ્રમની માંગ એટલી ઝડપથી વધતી નથી કે જેટલી ઝડપથી વસ્તીવૃદ્ધિના લીધે શ્રમનો પુરવઠો વધી રહ્યો છે. વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસને મંદ પાડીને શ્રમની માંગને વધતી અટકાવે છે. ભારતનાં આર્થિક આયોજનમાં રોજગારી સર્જનને પૂરતી મહત્તા આપવામાં આવી નથી. ઉપરાંત માનવશક્તિ આયોજનની પણ ઉપેક્ષા થઈ છે. મૂડીજીવીઓને પ્રોત્સાહન મળ્યું છે.*

*આ ઉપરાંત ગ્રામવિસ્તારોમાં ખેતીક્ષેત્રે પ્રચ્છન્ન બેકારો અને અર્ધબેકારોની સંખ્યા અતિવિશાળ છે. દેશોમાં શિક્ષિત બેકારોની સંખ્યામાં પણ પ્રતિવર્ષ વધારો થતો રહ્યો છે. પ્રત્યેક પંચવર્ષીય યોજના શરૂ થાય છે ત્યારે બેકારોની જે સંખ્યા હોય છે તેના કરતાં વધુ બેકારો યોજનાના અંતે હોય છે. જેઓને બિનઉત્પાદક વપરાશકારો કહી શકીએ એવા આ બેકાર લોકોને ખવડાવવા-પીવડાવવા અને પહેરવા-ઓઢવા માટે ઉત્પાદક સાધનોનું રોકાણ કરવું પડે છે, જેથી આર્થિક વિકાસ માટે જરૂરી સાધનોની તંગી સર્જાય છે અને આર્થિક વિકાસ મંદ રહે છે.*

### 12.2.4 રાષ્ટ્રીય આવકમાં ધીમો વધારો

*ભારતમાં ઝડપી વસ્તીવૃદ્ધિના કારણે માથાદીઠ આવકમાં ઓછો વધારો થાય છે. વસ્તીના કદમાં થતા ઝડપી વધારાના કારણે માથાદીઠ આવકનો વધારો મર્યાદિત રહેવા પામ્યો છે. આમ, એકંદરે ભારતમાં ઝડપથી વધતી જતી વસ્તીને કારણે માથાદીઠ આવકમાં સંતોષકારક વધારો થયો નથી. આર્થિક વિકાસનો વેગ મંદ રહેવા પામે તો માથાદીઠ આવકમાં ધાર્યો વધારો થતો નથી. માથાદીઠ નીચી આવકને કારણે ગરીબી,*

*બેકારી, નીચું જીવનધોરણ, નીચું આરોગ્યસ્તર, અપોષણ અને કુપોષણ, નિરક્ષરતા વગેરે સમસ્યાઓ ટકી રહે છે.*

*વર્ષ* 2012-13 *અને વર્ષ* 2013-14 *માટે વાસ્તવિક ચોખ્ખી રાષ્ટ્રીય આવક* (NNI) *ચાલુ ભાવે* 88.04 *લાખ કરોડ અને* 100.06 *લાખ કરોડ થઈ છે. જે વર્ષ* 2012-13 *અને વર્ષ* 2013-14 *દરમિયાન અનુક્રમે* 12.07% *અને* 13.07%*નો વધારો દર્શાવે છે. વર્ષ* 2014-15 *દરમિયાન* NNI 112.18 *લાખ કરોડ અંદાજવામાં આવેલ છે. જે* 11.05%*ની વૃદ્ધિ દર્શાવે છે.*

*આમ ઉપરોક્ત બાબતો પરથી જોઈ શકાય છે કે રાષ્ટ્રીય આવકમાં ધીમો વધારો થવા પામ્યો છે એમ ધારવામાં આવે છે કે ભવિષ્યમાં વસ્તીવૃદ્ધિના દરમાં ઘટાડો થતાં માથાદીઠ આવકમાં વધારો થશે. પરંતુ વર્તમાન સંજોગોમાં તો વસ્તીવૃદ્ધિની રાષ્ટ્રીય આવકની વૃદ્ધિ પર વિપરીત અસર પડી જ છે.*

### 12.2.5 મૂડી રોકાણનાં સાધનોમાં થતો ઘટાડો

*દેશના અર્થતંત્રના વિકાસ માટે મૂડીનિર્માણનો દર ઊંચો હોવો જોઈએ. ઝડપી વસ્તીવૃદ્ધિથી મૂડીનિર્માણનાં સાધનોમાં ઘટાડો થવા પામે છે. મૂડીઓ આર્થિક વિકાસ માટે પાયાનું પરિબળ છે. આથી મૂડીનિર્માણ ઓછું થાય તો આર્થિક વિકાસનો દર નીચો રહેવા પામે છે. ભારતમાં ઝડપી વસ્તીવૃદ્ધિને કારણે મૂડીનું નિર્માણ ઓછું થાય છે.*
*આ હકીકત નીચે મુજબ બે રીતે જોવા મળે છે.*

**(1) મૂડીરોકાણનાં સાધનો વધતી જતી વસ્તી ખાઈ જાય છે :**

*વધતી જતી વસ્તીની પ્રવર્તમાન માથાદીઠ આવકની કક્ષા જાળવી રાખવા માટે મૂડીનાં સાધનો વપરાઈ જતાં હોવાથી મૂડીનિર્માણ માટેનાં કુલ સાધનોમાં ઘટાડો થાય છે. વધતી જતી વસ્તીને જીવાડવા માટે અને તેનું હાલનું જીવનધોરણ જાળવી રાખવા માટે ઘણાં નાણાકીય સાધનો ખર્ચવા પડતાં હોવાથી વધુ આર્થિક વિકાસ સાધવા માટે સાધનોની તંગી ભોગવવી પડે છે. પરિણામે નવું મૂડીસર્જન મર્યાદિત રહેવા પામે છે. ભારતમાં ઊંચો વસ્તીવૃદ્ધિનો દર આર્થિક વિકાસ માટેનાં રોકાણોમાં ઘટાડો કરે છે એટલે કે વસ્તીવૃદ્ધિનો ઊંચો દર વિકાસ વધારવા માટે જરૂરી મૂડીનિર્માણની પ્રક્રિયામાં ભારે મોટો અવરોધ પેદા કરે છે.*

**(2) ઓછી બચતો (Lower Saving)**

*ઓછા મૂડીનિર્માણનું બીજું કારણ છે ઓછી બચતો. ઝડપથી વધતી જતી વસ્તી બચતો પર વિપરીત અસર કરે છે. ઓછી બચતોથી ઓછું રોકાણ થાય છે અને ઓછા રોકાણથી ઓછું મૂડીસર્જન થાય છે. ભારતમાં ઝડપથી વધતી જતી વસ્તીને કારણે વપરાશોમાં વધારો થયો છે. વસ્તીમાં વધારો થાય એનો અર્થ એ કે વપરાશકારોમાં વધારો થયો છે. નવા જન્મેલાં બાળકો કામ કરવાની ઉંમરે પહોંચે ત્યાં સુધી અર્થાત્ વર્ષો સુધી એમને ખવડાવવું પડે છે. વપરાશોમાં વધારો થતાં અને આવકમાં વધારો ન થતાં બચતમાં ઘટાડો થાય છે.*

*ભારતમાં રાષ્ટ્રીય આવકના આશરે* 10 *ટકા જેટલી બચત થાય છે. વપરાશી જરૂરિયાતો બે સ્વરૂપની છે. એક અંગત ખર્ચવાળી જરૂરિયાતો અને બીજી જાહેર જરૂરિયાતો. અંગત ખર્ચવાળી જરૂરિયાતોમાં ખોરાક, કપડાં, મકાન વગેરેનો સમાવેશ થાય છે અને જાહેર ખર્ચવાળી જાહેર જરૂરિયાતોમાં પીવાનું પાણી, શિક્ષણ, દાક્તરી સુવિધાઓ, વાહનવ્યવહાર વગેરેનો સમાવેશ થાય છે. આ બંને પ્રકારની જરૂરિયાતો પાછળના ખર્ચને કારણે બચતો ઓછી થાય છે.*

*આમ ભારતમાં વધતી જતી વસ્તી મૂડીનિર્માણમાં અવરોધક છે. મૂડીનિર્માણનો નીચો દર યંત્રવિજ્ઞાનની કક્ષાને પણ નીચી રાખે છે, પરિણામે ઝડપી પ્રગતિ અવરોધાય છે અને આર્થિક વિકાસનો વેગ મંદ રહે છે.*

**12.2.6 અનુત્પાદક ઉપભોક્તાઓનો બોજ**

*દેશના રાષ્ટ્રીય ઉત્પાદનમાં જે લોકો પોતાનો હિસ્સો આપી શકતા હોય તેઓ રાષ્ટ્ર માટે બોજારૂપ બનતા નથી પરંતુ ભારતમાં જે બેરોજગારો અને અર્ધબેરોજગારોની સંખ્યા વધતી જાય છે તે બધા વિશાળ અર્થમાં અનુત્પાદક ઉપભોક્તાઓ કહેવાય છે. તેઓ રાષ્ટ્રીય આવકના સર્જનમાં કશું પ્રદાન કરી શકતા નથી. તે ઉપરાંત બાળકો, વૃદ્ધો, અશક્તોનો પણ અનુત્પાદક ઉપભોક્તાઓમાં સમાવેશ થાય છે.* 2011*માં દેશમાં આવા અનુત્પાદક ઉપભોક્તાની સંખ્યા આશરે* 45.5 *કરોડની હશે. જેમાં* 0 *થી* 6 *વર્ષના બાળકોનું પ્રમાણ* 13.12% *છે જ્યારે* 6 *થી* 14 *વર્ષના બાળકોનું પ્રમાણ* 12.8% *છે. આમ આપણા દેશની વસ્તીનું વય બંધારણ પણ દેશનાં આર્થિક વિકાસ પર માઠી અસર પાડે છે.*

*ભારતમાં ઊંચી પ્રજનનશીલતાને કારણે વિશાળ સંખ્યામાં બાળકોને અને વૃદ્ધોને ખવાડાવવાની જરૂર ઊભી થાય છે. બાળકો અને વૃદ્ધોનો ઉત્પાદક પ્રવૃત્તિમાં કોઈ ફાળો હોતો નથી. વસ્તીમાં વૃદ્ધિ જેટલી વધારે પ્રમાણમાં થાય છે તેટલો વધારો પ્રમાણમાં કામ*

કરતા કામદારો પર બિનકામદાર આધારિત વસ્તીનો બોજો આવે છે. આધારિત વસ્તીનું પ્રમાણ ભારતમાં વધુ છે. આધારિત વસ્તીનું ઊંચું પ્રમાણ બચતો અને રોકાણોમાં ઘટાડો કરે છે. જેને પરિણામે આર્થિક વિકાસનો વેગ મંદ રહે છે. ભારતમાં આર્થિક વિકાસની ગતિને મંદ રાખવામાં આધારિત વસ્તીનું મોટું પ્રમાણ પણ કારણભૂત છે. આ ઉપરાંત ઝડપી વસ્તીવૃદ્ધિને લીધે કેટલીક ખાદ્યચીજોની તંગી ઊભી થઈ છે.

આમ, ભારતમાં ઝડપથી વધતી જતી વસ્તીએ અર્થવ્યવસ્થા પર અનેક વિપરીત અસરો કરી છે. ઝડપી વસ્તીવધારાના કારણે દેશનો જેટલા પ્રમાણમાં આર્થિક વિકાસ થવો જોઈતો હતો તે થઈ શક્યો નહીં. ગરીબી અને બેકારીની સમસ્યાઓ ચિંતાજનક બની છે અને લોકોના જીવનધોરણ અને જીવન ગુણવત્તા ઉપર તેની અનેક વિપરીત અસરો પડી છે.

### 12.2.7 મૂડીસર્જનમાં અવરોધ

અતિવસ્તીવૃદ્ધિ એક દલીલ કે જેને વિશાળ પાયા પર વિદ્વાનો અને અન્ય વર્ગ તરફથી ટેકો સાંપડે છે તે એ છે કે ઝડપી વધતી વસ્તી બિનઉત્પાદકીય હેતુસરના ઉત્પાદન માટે સાધનોની માંગમાં વધારો કરે છે. તેના પરિણામે દેશમાં મૂડી સર્જનની પ્રક્રિયા અવરોધાય છે. જ્યારે એમ ધારવામાં આવે છે કે આર્થિક વિકાસ એ મૂડીસંચયનું વિધેય છે ત્યારે ભારત જેવા દેશોમાં કે જ્યાં વસ્તીવૃદ્ધિનો દર ઊંચો રહેવાનું વલણ ધરાવે છે તથા આર્થિક વિકાસ ઝડપી સિદ્ધ કરી શકે નહી. આ માટે મુખ્ય બે કારણો રજૂ કરી શકાય. પ્રથમ તો એ કે અર્થતંત્રમાં મોટા પાયા પર મૂડીરોકાણ કરવું પડે છે અને તે માટે આવા દેશોમાં પૂરતી બચત ક્ષમતા હોતી નથી. આ પ્રકારનું પ્રથમ મૂડીરોકાણ અર્થતંત્રના વિકાસની પ્રવર્તમાન સપાટીને જાળવી રાખવા અને વધારાની વસ્તીના નિભાવ માટેનું મૂડીરોકાણ કહી શકાય. આ ઉપરાંત આર્થિક વિકાસની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે બીજું વધારાનું મૂડીરોકાણ પણ કરવું પડે છે. જેને આર્થિક વિકાસ માટેનું મૂડીરોકાણ કહી શકાય. કેટલાક નિષ્ણાંતોના મંતવ્ય મુજબ પ્રથમ પ્રકારનું મૂડીરોકાણ થાય તો જ વધતી વસ્તી સાથે આર્થિક વિકાસની ઝડપે તાલ મિલાવી શકે. પરંતુ આપણા દેશમાં આટલા મોટા પાયા પર આંતરિક બચતો કરી મૂડીસર્જનનો દર વધારી પણ શકાયો નથી. કારણ કે વસ્તીવધારો વધારાની બચતોને ગણતો જાય છે. તેથી નવા મૂડીસર્જન માટે પૂરતી બચતો પ્રાપ્ત થતી નથી. આમ વસ્તીવધારો મૂડી સર્જનમાં અવરોધરૂપ બની રહ્યો છે.

આ રીતે વસ્તીવૃદ્ધિ ભારત જેવા વિકાસ સાધતા દેશમાં આર્થિક વિકાસ પર પ્રતિકૂળ અસરો પેદા કરે છે. તેથી વિકાસમાન દેશો આર્થિક વિકાસના નક્કર પરિણામોની

*અપેક્ષા રાખતા હોય તો કોઈપણ ભોગે વસ્તીવૃદ્ધિના દરમાં ઘટાડો કરવા માટે નક્કર પ્રયત્નો હાથ ધરવા જોઈએ.*

## 12.3 આર્થિક વિકાસની વસ્તી પર અસર

*આર્થિક વિકાસની વસ્તીવૃદ્ધિ ઉપર કેવી અસર પડે છે તેની સમજૂતી વસ્તી સંક્રાંતિના સિદ્ધાંત દ્વારા આપવામાં આવી છે. વસ્તીવૃદ્ધિનો આધાર જન્મદર અને મૃત્યુદર પર રહે છે. જન્મદર અને મૃત્યુદર પર આર્થિક વિકાસની કક્ષા અસર કરે છે એવો સિદ્ધાંત વિકસતા દેશોને લક્ષમાં રાખીને વિદ્વાનોએ રજૂ કર્યો છે. આર્થિક વિકાસની જન્મદર અને મૃત્યુદર પર થતી અસરને વસ્તી-સંક્રાંતિના સિદ્ધાંતમાં દર્શાવી છે. એટલે કે વસ્તી-સંક્રાંતિનો સિદ્ધાંત આર્થિક વિકાસની વસ્તીવૃદ્ધિ પર થતી અસર અંગેનો સિદ્ધાંત છે. વિકસતા દેશોમાં આર્થિક વિકાસ તબક્કાવાર થાય છે. આર્થિક વિકાસના વિવિધ તબક્કાઓ દરમિયાન જન્મદર અને મૃત્યુદરમાં કેવો ફેરફાર થાય છે તેનું નિરૂપણ વસ્તી-સંક્રાંતિના સિદ્ધાંતમાં કરવામાં આવ્યું છે.*

*વસ્તી-સંક્રાંતિના સિદ્ધાંત પ્રમાણે વિકસતા રાષ્ટ્રનું અર્થતંત્ર વિકાસની પ્રક્રિયા દરમિયાન મુખ્યત્વે ત્રણ તબક્કાઓમાંથી પસાર થાય છે. આ ત્રણે તબક્કાઓ આર્થિક વિકાસની અમુક ચોક્કસ કક્ષાનો નિર્દેશ કરે છે. દરેક તબક્કામાં આર્થિક વિકાસની જે કક્ષા હોય તે અનુસાર જન્મદર અને મૃત્યુદર પણ બદલાઈ જાય છે. જેને પરિણામે વસ્તીના કદમાં ફેરફાર થતો રહે છે. આ સિદ્ધાંત મુજબ વિકસતા દેશમાં વિકાસની પ્રક્રિયા દરમિયાન આર્થિક વિકાસ મુખ્યત્વે નીચે મુજબના ત્રણ તબક્કાઓ પ્રમાણે થાય છે અને તે પ્રત્યેક તબક્કા સાથે વસ્તીનું કદ પણ સંબંધિત રહે છે.*

12.3.1 *ઊંચો જન્મદર અને ઊંચો મૃત્યુદર*
12.3.2 *મૃત્યુદરમાં ઘટાડો*
12.3.3 *નીચો જન્મદર અને નીચો મૃત્યુદર*

### 12.3.1 ઊંચો જન્મદર અને ઊંચો મૃત્યુદર

*આર્થિક વિકાસનો પ્રથમ તબક્કો આર્થિક પછાતપણાનો તબક્કો છે અને આ તબક્કામાં જન્મદર અને મૃત્યુદર બંને ઊંચા રહેતા હોવાથી વસ્તીવૃદ્ધિનો દર નીચો રહે છે જે આ તબક્કાની લાક્ષણિકતા છે. આર્થિક વિકાસનો આ પ્રથમ તબક્કો ખેતીપ્રધાન અર્થવ્યવસ્થાનો છે પરંતુ આ તબક્કામાં ખેતી પછાત અવસ્થામાં રહે છે. જેથી અર્થવ્યવસ્થાનું પરંપરાગત માળખું યથાવત ટકી રહે છે. આ તબક્કામાં સમાજિક માળખું*

*પણ પછાત દશામાં રહે છે. આર્થિક પછાતપણાને લીધે લોકો મોટેભાગે નિરક્ષર રહે છે. નાની ઉંમરે લગ્ન, કુટુંબનિયોજનનો અભાવ, મોટા કુટુંબની ઈચ્છા, અજ્ઞાન વગેરે સામાજિક વલણો સ્વીકારેલાં હોય છે. આથી આ તબક્કામાં જન્મદર ઊંચો રહે છે. સામાજિક-આર્થિક રીતે પછાત એવા આ તબક્કામાં મોટા કુટુંબને લોકો લાભકારક ગણતા હોય છે. બાળકો મા-બાપની નાની ઉંમરે થયા હોય તો આર્થિક પ્રવૃત્તિમાં કુટુંબને મદદરૂપ બની શકે એવી માન્યતાને લીધે વહેલાં લગ્નોની તરફેણ કરવામાં આવે છે. આને લીધે સ્વાભાવિક રીતે જ જન્મદર ઊંચો રહે છે પરંતુ ઊંચા જન્મદરની સાથોસાથ આ તબક્કામાં મૃત્યુદર પણ ઊંચો રહે છે કારણ કે આર્થિક પછાતપણામાંથી ઉદ્‌ભવતી ગરીબી અને ઓછી આવકને લીધે લોકોને પૌષ્ટિક ખોરાક આરોગ્ય અને તબીબી સારવાર જેવી સગવડો પ્રાપ્ત થતી નથી. એટલે કે આર્થિક પછાતપણાના આ પ્રથમ તબક્કામાં લોકો અને નવા જન્મતાં બાળકો યોગ્ય પોષણ, જીવનનિર્વાહનાં જરૂરી સાધનો, દવાઓ અને તબીબી સગવડો વગેરેથી વંચિત રહે છે. જેથી મૃત્યુદર ઊંચો રહે છે. આમ જન્મદર અને મૃત્યુદર બંને ઊંચા રહેતા હોવાથી વસ્તીમાં થતો ચોખ્ખો વધારો પણ ઓછો હોય છે. જન્મદર ઊંચો હોય અને મૃત્યુદર નીચો હોય તો જ વસ્તીના કદમાં ઝડપી વૃદ્ધિ થવા પામે, પરંતુ જન્મદર અને મૃત્યુદર બંને ઊંચા હોય તો વસ્તીવૃદ્ધિની પ્રક્રિયા ધીમી રહે છે.*

### 12.3.2 મૃત્યુદરમાં ઘટાડો

*આર્થિક પછાતપણું ધરાવતા પ્રથમ તબક્કાવાળા સમાજમાં આર્થિક વિકાસની શરૂઆતમાં થતાં જે નવો તબક્કો ઉદ્‌ભવે છે તે આ બીજો તબક્કો છે. બીજા તબક્કામાં આર્થિક વિકાસની પ્રક્રિયા શરૂ થતાં જન્મદર અને મૃત્યુદરમાં ફેરફાર થવા લાગે છે અને તેને પરિણામે વસ્તીના કદમાં પણ ફેરફાર થાય છે. આ બીજા તબક્કામાં આર્થિક વિકાસ થવા લાગતા લોકોની આવકમાં વધારો થાય છે, પરિણામે તેમનું જીવનધોરણ સુધરે છે. લોકોને પૌષ્ટિક ખોરાક મળવા લાગે છે. સામાજિક સેવાઓ પાછળ વધુ ખર્ચ કરવા લોકો શક્તિમાન બને છે, તબીબી સગવડોમાં વધારો થાય છે, જાહેર આરોગ્ય સેવાઓ વિસ્તરે છે, આથી લોકોના આરોગ્યની સુધારણા થાય છે. તબીબી સગવડોની પ્રાપ્તિ, પૌષ્ટિક ખોરાક અને આરોગ્યમાં સુધારણાને લીધે બાળકો અને સ્ત્રીઓના મૃત્યુ પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. એટલું જ નહીં સમગ્રપણે મૃત્યુદર ઘટે છે.*

*પરંતુ આ તબક્કા દરમ્યાન સામાજિક માળખામાં અને સામાજિક વલણોમાં હજી કોઈ ખાસ ફેરફાર થયેલો હોતો નથી, જેથી મૃત્યુદરના ઘટાડાની સાથોસાથ જન્મદરમાં ઘટાડો થતો નથી. એટલે કે પ્રથમ તબક્કાની સામાજિક રીતે પછાતપણાની અવસ્થા બીજા તબક્કામાં પણ મહ્દ અંશે ચાલુ રહેતી હોવાથી જન્મદર ઊંચો રહે છે. લોકોએ હજી નવા*

*સામાજિક વલણો અને નવા મૂલ્યો સ્વીકારેલાં હોતા નથી, જેથી નાની ઉંમરે લગ્ન મોટા કુટુંબની ઈચ્છા, વધુ બાળકો જન્માવવાનું વલણ વગેરે ચાલુ રહે છે. આવા સામાજિક વલણોને પરિણામે બીજા તબક્કામાં જન્મદર ઊંચો રહેતો હોવાથી અને મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો થતો હોવાથી વસ્તી તીવ્ર રીતે વધે છે. આમ, બીજા તબક્કામાં અતિવસ્તીની સમસ્યા ગંભીર બને છે.*

*ઉદાહરણ તરીકે જોઈએ તો ભારતીય સમાજ હાલ આર્થિક વિકાસના આ બીજા તબક્કામાં હોવાનું ગણી શકાય. છેલ્લાં કેટલાક વર્ષો દરમિયાન ભારતમાં આર્થિક વિકાસની પ્રક્રિયા વેગીલી બની છે. ઉદ્યોગીકરણને પરિણામે નવા નવા ઉદ્યોગો સ્થપાય છે. ખેતીક્ષેત્રે યાંત્રીકરણ અને આધુનિકરણને લીધે વિકાસ થવા લાગ્યો છે. લોકોની આવકમાં વૃદ્ધિ થઈ છે, જાહેર આરોગ્યની સગવડો વધી છે, ચેપી રોગો પર અંકુશ મૂકતી દવાઓ, તબીબી સગવડો ઉપલબ્ધ બનવા લાગી છે. આ બધી સુવિધાઓને પરિણામે ભારતમાં મૃત્યુદર નોંધપાત્ર રીતે ઘટ્યો છે. અત્યારે ભારતમાં મૃત્યુદર એક હજારની વસ્તી દીઠ લગભગ 8-4 હોવાનું અંદાજવામાં આવે છે પરંતુ બીજી તરફ સામાજિક માળખામાં હજી નોંધપાત્ર પરિવર્તન આવ્યું નહી હોવાથી ઊંચો જન્મદર ટકી રહ્યો છે. ગ્રામીણ સમાજોમાં હજી છોકરીને નાની ઉંમરે પરણાવી દેવામાં આવે છે. મોટા કુટુંબની ઈચ્છા ગ્રામજનોમાં હજી પણ ટકી રહી છે. જન્મ અંગેની ધાર્મિક માન્યતાઓ અને પરંપરાઓ પણ ટકી રહેલી છે, આને લીધે ભારતમાં જન્મદર ઊંચો રહ્યો છે.*

### 12.3.3 નીચો જન્મદર અને નીચો મૃત્યુદર

*આર્થિક વિકાસના તબક્કામાં આર્થિક વિકાસ વધુ વેગ પકડે છે અને દેશ વિકસિત તથા સમૃદ્ધ બને છે. ત્રીજા તબક્કામાં અર્થવ્યવસ્થાનું જૂનું માળખું મૂળભૂત રીતે બદલાઈ જાય છે. ઉદ્યોગીકરણ થતાં ખેતીપ્રધાન અર્થવ્યવસ્થા ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ પામવા લાગે છે. ઉદ્યોગીકરણની પ્રક્રિયા શહેરીકરણને ઉત્તેજન આપે છે. લોકો ગામડામાંથી સ્થળાંતર કરીને શહેરોમાં રહેવા આવે છે. આમ, ત્રીજા તબક્કાના ઝડપી આર્થિક વિકાસને લીધે સમાજના માળખામાં પણ પરિવર્તન આવે છે. શહેરી-ઔદ્યોગિક અર્થવ્યવસ્થામાં પુરુષો અને સ્ત્રીઓ બંનેને આર્થિક ક્ષેત્રે વિકાસની નવી તક સાંપડે છે. આ નવી અને વિકસિત અર્થવ્યવસ્થામાં લોકો કુટુંબનું કદ મર્યાદિત કરવાની જરૂરિયાત સમજવા લાગે છે. આર્થિક વિકાસને પરિણામે શિક્ષણક્ષેત્રે પણ વધુ વિકાસ થાય છે. લોકો શિક્ષિત બનતાં હોવાથી તેમનાં જૂના વલણોમાં પરિવર્તન આવે છે. વધુ બાળકોનો જન્મ પોતાના વિકાસમાં અવરોધક બનશે એવી માન્યતા સ્વીકારવામાં આવે છે. એટલે કે ઊંચું જીવનધોરણ ટકાવી રાખવાની ઈચ્છાને લીધે બાળકોની સંખ્યા ઘટાડીને નાનું કુટુંબ રચવાનું વલણ વિકસે છે.*

*આમ આર્થિક વિકાસના આ ત્રીજા તબક્કામાં જન્મદર નીચો ઉતરે છે. વળી આ તબક્કામાં જન્મદર નીચો ઉતરે છે. વળી આ તબક્કામાં આરોગ્ય સગવડોનો વધુ વિકાસ થયેલો હોવાથી મૃત્યુદર પણ ઘટી ગયો હોય છે. આમ, ત્રીજા તબક્કામાં જન્મદર અને મૃત્યુદર બંને નીચા રહેતા હોવાથી વસ્તવધારો સ્થિર બને છે. વધુ સ્પષ્ટ રીતે કહીએ તો ત્રીજા તબક્કામાં જન્મદર અને મૃત્યુદર બંને નીચા રહેતા હોવાથી બીજા તબક્કામાં વસ્તીનું જે કદ હોય છે તેમાં આ ત્રીજા તબક્કા દરમિયાન ઘટાડો થાય છે. ત્રીજા તબક્કામાં વસ્તીવૃદ્ધિ ઘટાડા તરફનું વલણ ધરાવે છે.*

## 12.4 આર્થિક વિકાસ અને વસ્તી સંક્રાંતિના સિદ્ધાંતની સમીક્ષા

*વસ્તીની સંક્રાંતિના સિદ્ધાંતમાં વસ્તીની વધઘટનો વિચાર આર્થિક વિકાસના તબક્કા અનુસાર કરવામાં આવ્યો છે. પ્રથમ તબક્કામાં અર્થવ્યવસ્થાના જૂના માળખામાં જન્મદર અને મૃત્યુદર બંને ઊંચા રહે છે. જેથી વસ્તીમાં નોંધપાત્ર વધારો થતો નથી. બીજા તબક્કામાં આર્થિક વિકાસને લીધે આરોગ્ય સેવાઓમાં સુધારો થાય છે. આથી મૃત્યુદર ઘટે છે. પરંતુ લગ્ન, કુટુંબ અને બાળકોની સંખ્યા વિશેના લોકોનાં સામાજિક વલણો હજી બદલાયેલાં હોતાં નથી. જેથી જન્મદરમાં ઘટાડો થતો નથી અને તેને પરિણામે બીજા તબક્કામાં વસ્તીમાં તીવ્ર વધારો થાય છે. ત્રીજા તબક્કામાં અર્થવ્યવસ્થા વધુ વિકાસ પામતાં લોકોનું શૈક્ષણિક સ્તર અને સામાજિક સ્તર ઊંચું આવે છે. ઓછાં બાળકોની તરફેણવાળા નવાં મૂલ્યો અને વલણો વિકસે છે. પરિણામે જન્મદરમાં ઘટાડો થાય છે. સાથોસાથ આરોગ્ય સેવાઓમાં વધુ સુધારો થતાં મૃત્યુદર પણ ઘટે છે. આમ જન્મદર અને મૃત્યુદર પણ ઘટે છે. આમ જન્મદર અને મૃત્યુદર બંનેમાં ઘટાડો થતાં વસ્તીનું કદ સ્થિર રહેતું નથી પરંતુ તેમાં સંક્રમણ થાય છે. વસ્તીની વધઘટ સંક્રાંતિની અવસ્થામાં રહે છે. આ સિદ્ધાંત મુખ્યત્વે એવું પ્રતિપાદિત કરવા માગે છે કે રાષ્ટ્રની વિકાસયાત્રા દરમિયાન વધતી જતી વસ્તી વિકાસની પ્રક્રિયાનું આનુષાંગિક અને અનિવાર્ય પરિણામ છે. એટલે કે આ સિદ્ધાંતમાં સામાજિક, આર્થિક વિકાસની સાથે જન્મદર અને મૃત્યુદરનો સંબંધ હોવાનું જણાવીને વસ્તીના કદની વધઘટનો વિચાર રજૂ કરવામાં આવ્યો છે.*

*ભારત હાલ વસ્તી-સંક્રાંતિના બીજા તબક્કામાં છે. જેમાં મૃત્યુદર નીચો છે, પણ જન્મદર ઊંચો છે. જો કુટુંબનિયોજન કાર્યક્રમને ઘનિષ્ઠ કરવામાં આવે તો એવી આશા રાખી શકાય કે આગામી એકાદ બે દસકામાં ભારત વસ્તી-સંક્રાંતિના ત્રીજા એટલે કે છેલ્લા તબક્કામાં આવી જાય. આ છેલ્લા તબક્કામાં દેશ આર્થિક રીતે વિકસિત હોય છે અને જન્મદર અને મૃત્યુદર બંને નીચા રહેતા હોવાના કારણે વસ્તીનું કદ મર્યાદિત રહે છે તથા સમાજનો સામાજિક, આર્થિક, શૈક્ષણિક વગેરે તમામ ક્ષેત્રોમાં વિકાસ થાય છે.*

*ભારતીય સમાજ હવે વિકાસના બીજા તબક્કામાંથી ત્રીજા તબક્કામાં સંક્રાંત થઈ રહ્યો છે. પ્રથમ પંચવર્ષીય યોજના* (1951-61) *દરમિયાન ભારતનો વાર્ષિક વિકાસ દર* 3.6% *હતો તે છઠ્ઠી પંચવર્ષીય યોજના* (1980-85) *દરમિયાન* 5.54% *થવા પામ્યો હતો અને* 2004-2012*ની અગિયારમી પંચવર્ષીય યોજનામાં* 8.2% *અંદાજવામાં આવ્યો હતો રાષ્ટ્રીય ઉત્પાદનમાં સાત ગણો વધારો થયો છે. માથાદીઠ આવકમાં ત્રણ ગણો વધારો થયો છે. આ રીતે જોતા ભારતની આર્થિક વિકાસની કક્ષા વિકાસના ત્રીજા તબક્કાને અનુરૂપ બદલાઈ રહી છે.*

*શિક્ષણનું સાર્વત્રિકરણ સ્ત્રીસશક્તિકરણ, સૌ માટે સ્વાસ્થ્યના કાર્યક્રમોનું વિસ્તૃતીકરણ થઈ રહ્યું છે. શિક્ષણનું પ્રમાણ વધી રહ્યું છે અને સાક્ષરતા દર ઊંચો જવા લાગ્યો છે. સ્વાસ્થ્ય સુધારણા કાર્યક્રમોને ટકાઉ અને સમતોલ આર્થિક અને સામાજિક વિકાસ માટે મૂળભૂત ગણવામાં આવે છે. આથી આરોગ્યની કક્ષા બદલાતી જાય છે. સ્ત્રીઓ અને બાળકોના આરોગ્ય અને પોષણ કાર્યક્રમો, કુટુંબ કલ્યાણ કાર્યક્રમો વગેરેને લીધે તમામ ક્ષેત્રોમાં વિકાસની કક્ષા બદલાતી જાય છે. ભારતીય સમાજ વિકાસના બીજા તબક્કામાંથી ત્રીજા તબક્કામાં સંક્રાંત થઈ રહ્યો છે. આ પ્રક્રિયામાં નાના કુટુંબના ધોરણના સ્વીકારમાં વૃદ્ધિ થવા લાગી છે. જન્મદરમાં ઘટાડો થઈ રહ્યો છે. મૃત્યુદરમાં ઘટાડો થઈ રહ્યો છે. વાર્ષિક વસ્તીવૃદ્ધિ દર* 1971*માં* 2.2 *હતો તે* 2001*માં* 1.93% *થયો અને* 2011*માં તે ઘટીને* 1.64 *થયો છે.*

*આમ ભારતીય સમાજ વિકાસના બીજા તબક્કામાંથી ત્રીજા તબક્કામાં સંક્રાંત થઈ રહ્યો છે. સંક્રાંતિની આ પ્રક્રિયામાં ભારતની વસ્તીવૃદ્ધિ સ્થિરીકરણ પ્રક્રિયામાં પ્રવેશી હોવાનું જણાય છે. જેને એક શુભ સંકેત ગણી શકાય.*

## 12.5 સારાંશ

*ભારતમાં આરોગ્ય મંત્રાલય દ્વારા બાળકો, મહિલાઓ, પુરુષો, તથા વૃદ્ધોનાં આરોગ્ય માટે અનેક નવીન સવલતો ઉપલબ્ધ અને સરળ બની છે. મલ્ટીસ્પેશિયાલિસ્ટ હૉસ્પિટલોમાં સુધારેલી અને અસરકારક તબીબી સારવાર, દેખરેખ હેઠળ હોમ આઈસોલેશન, નોન-ઈન્વેઝિવ ઑક્સિજનની સુવિધા અને દર્દીઓને તાત્કાલિક લઈ જવા માટે એમ્બ્યુલન્સ સેવાઓમાં સુધારા અને સમયસર સારવાર પર કેન્દ્ર તેમજ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારો દ્વારા થતા પ્રયત્નોથી લોકોની સુખાકારી વધતા વસ્તીની આર્થિક વિકાસ પર અને આર્થિક વિકાસની વસ્તી પર અસર થતી જોવા મળે છે.*

## 12.6 તમારી પ્રગતિ ચકાસો

**(ક) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.**

**1. વસ્તીવૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચે શું થાય છે ?**

(A) *વૃદ્ધિવિકાસ* (B) *ક્રિયા-પ્રતિક્રિયા*

(C) *વધઘટ* (D) *વિરોધાભાસ*

**2. વસ્તીવૃદ્ધિની પ્રક્રિયામાં ભારતમાં કઈ વસ્તી વધતી જાય છે ?**

(A) *બાળકોની વસ્તી* (B) *કિશોરની વસ્તી*

(C) *યુવાવસ્તી* (D) *વૃદ્ધોની વસ્તી*

**3. 1901માં ભારતી વસ્તી કેટલી હતી ?**

(A) 21.80 *કરોડ* (B) 22.83 *કરોડ*

(C) 23.83 *કરોડ* (D) 24.80 *કરોડ*

**4. શાના લીધે શ્રમનો પુરવઠો વધી રહ્યો છે ?**

(A) *વસ્તીવૃદ્ધિ* (B) *યંત્રોના કારણે*

(C) *ટેક્નોલોજી* (D) *વાહનવ્યવહાર*

**5. ઓછા મૂડીનિર્માણનું કારણ શું છે ?**

(A) *બેરોજગારી* (B)*ટેક્નોલોજીનો અભાવ*

(C) *શ્રમનો અભાવ* (D) *ઓછી બચતો*

**(ખ) સવિસ્તાર જવાબ આપો.**

(1) *વસ્તીની આર્થિક વિકાસ પર અસર*

....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................

(2) *આર્થિક વિકાસની વસ્તી પર અસર*

....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

**(ગ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(1) *વસ્તીવૃદ્ધિના કારણે જમીન પર વધુ દબાણ સમજાવો.*

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(2) *વસ્તીવૃદ્ધિના કારણે મૂડીરોકાણના સાધનોમાં થતો ઘટાડો જણાવો.*

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(3) *વસ્તીવૃદ્ધિના કારણે બેરોજગારીમાં વધારો જણાવો.*

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(4) *આર્થિક વિકાસ અને વસ્તી સંક્રાંતિના સિદ્ધાંતની સમીક્ષા કરો.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

1. B *ક્રિયા-પ્રતિક્રિયા*
2. C *યુવાવસ્તી*
3. C 23.83 *કરોડ*
4. A *વસ્તીવૃદ્ધિ*
5. D *ઓછી બચતો*

## 12.7 સંદર્ભ સૂચિ

(1) *પહેલ કેશવલાલ* (1992), *'વસ્તી શિક્ષણ અને આરોગ્ય શિક્ષણ', નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ*

(2) *શાહ એ.જી. અને દવે જે.કે.* (2004-05), *'વસ્તી અને સમાજ', અનડા પ્રકાશન, અમદાવાદ*

(3) *જોશી બી.એ.* (2001), *'ગુજરાતી વસ્તીની રૂપરેખા', અમદાવાદ*

(4) *પહેલ વિનુભાઈ* (2001) *'વસ્તી વૃદ્ધિ નિયંત્રણ', આજનો યુગધર્મ, સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટ, અમદાવાદ*

(5) *રાવલ ચંદ્રિકા અને ધ્રુવ શૈલજા* (2005), *'વસ્તી એક સામાજિક સમસ્યા', પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ*

એકમ 13

# વસ્તીવૃદ્ધિનો સામાજિક વિકાસ સાથે સંબંધ

**-: રૂપરેખા :-**

**13.0 ઉદ્દેશ્યો**

**13.1 પ્રસ્તાવના**

**13.2 વસ્તીવૃદ્ધિનો સામાજિક વિકાસ સાથે સંબંધ**

**13.3 વસ્તીવૃદ્ધિની સામાજિક વિકાસ પર અસરો**

**13.4 સામાજિક વિકાસની વસ્તીવૃદ્ધિ ઉપર અસરો**

**13.5 સારાંશ**

**13.6 તમારી પ્રગતિ ચકાસો**

**13.7 સંદર્ભ-સૂચિ**

## 13.0 ઉદ્દેશ્યો

*આ એકમમાં વિદ્યાર્થીમિત્રો નીચેના ઉદ્દેશો પ્રાપ્ત કરશે.*

- *વસ્તીવૃદ્ધિનો સામાજિક વિકાસ સાથે સંબંધ જાણશે.*
- *વસ્તીવૃદ્ધિની સામાજિક વિકાસ પર અસર જાણશે.*
- *સામાજિક વિકાસની વસ્તીવૃદ્ધિ ઉપર અસરો જાણશે.*

## 13.1 પ્રસ્તાવના

*સમાજનો પાયો જૈવિક બાબતો પર રહેલો છે. જન્મ, મરણ અને તેને પરિણામે થતો વસ્તીવધારો કે ઘટાડો જૈવિક પ્રક્રિયાનું પરિણામ છે. સમાજના અસ્તિત્વનો આધાર સમાજમાં રહેલી જનસંખ્યા અથવા વસ્તી પર રહેલો છે. સમાજમાં સ્વીકૃત રીતો વડે પ્રજોત્પાદન થતું રહે છે અને એ રીતે વસ્તી વધતી રહે છે. પ્રજોત્પાદનની પદ્ધતિ પર સામાજિક નિયંત્રણ હોય છે અને સામાજિક ધોરણો કે નીતિનિયમો દ્વારા તે નક્કી થાય છે. આનો અર્થ એ કે પ્રજોત્પાદનથી થતો વસ્તીવધારો એ માત્ર જૈવિક ઘટના નથી, પરંતુ સામાજિક-સાંસ્કૃતિક ઘટના છે. દરેક સમાજમાં પ્રજોત્પાદનનું કાર્ય કુટુંબ દ્વારા થાય છે અને કુટુંબમાં વધારે કે ઓછા સંતાનો હોવા તે વિશે સમાજમાં અમુક નિયત ધોરણો પ્રવર્તતા હોય છે. સમાજશાસ્ત્રમાં વસ્તીનો અભ્યાસ અનિવાર્ય છે. કારણ કે સમાજનું અસ્તિત્વ અને જાળવણી પર અવલંબિત છે. પ્રજનન અને મૃત્યુની પ્રક્રિયા દ્વારા વસ્તીનું*

*કદ નક્કી થતું હોય છે. વસ્તી અને સમાજ વચ્ચે પારસ્પરિક આંતરક્રિયાઓ ચાલતી હોય છે, કારણ કે એકબીજાની એકબીજા પર અસર પડતી હોય છે.*

*વસ્તીવૃદ્ધિ અને સામાજિક વિકાસ વચ્ચે આંતરક્રિયા થતી રહે છે. આંતરક્રિયાની આ પ્રક્રિયામાં વસ્તીવૃદ્ધિ સામાજિક વિકાસ ઉપર અસર કરે છે અને સામાજિક વિકાસ વસ્તીવૃદ્ધિ ઉપર અસર કરે છે. આમ વસ્તીવૃદ્ધિ અને સામાજિક વિકાસ પરસ્પરને અસર કરે છે. ઝડપી વસ્તીવૃદ્ધિ સામાજિક વિકાસની ગતિને મંદ પાડે છે અને સામાજિક વિકાસ વસ્તીવૃદ્ધિના દરને નીચો લાવી વસ્તીના દરને સ્થિરીકરણ તરફ દોરી જાય છે.* 1971 *વસ્તીનો સરેરાશ વૃદ્ધિદર* 2.20 *ટકા હતો તે અનુગામી દાયકાઓમાં ઘટતો રહ્યો છે અને* 2011*ની વસ્તી ગણતરીના પ્રાથમિક અહેવાલ અનુસાર* 1.64 *ટકા જણાયો છે. વસ્તીવૃદ્ધિ દરમાં થતો ઘટાડો સામાજિક વિકાસની ગતિને સાપેક્ષ રીતે આગળ ધપાવે છે.*

## 13.2 વસ્તીવૃદ્ધિનો સામાજિક વિકાસ સાથે સંબંધ

*વસ્તીવૃદ્ધિનો સામાજિક વિકાસ સાથે સંબંધ નીચેના મુદ્દાઓ વડે સ્પષ્ટ કરી શકાય.*

### 1. વસ્તીની જાળવણી એક સામાજિક જરૂરિયાત

*સમાજ વસ્તીનો બનેલો છે. વસ્તી વગર સમાજ સંભવી શકે નહીં. સમાજના સાતત્ય અને અસ્તિત્વ માટે વસ્તીની જાળવણી પોષણ, રક્ષણ અને પ્રજનની જરૂરિયાત દ્વારા થાય છે. પોષણ અને રક્ષણની જરૂરિયાતો સંતોષવાથી માનવીને જીવન ટકાવી રાખવાની અને જીવન જીવવાની તક ઉપલબ્ધ થાય છે. પ્રજનન કાર્ય વડે પ્રજોત્પાદન થાય છે. વસ્તી વધે અને સમાજનું અસ્તિત્વ ટકી રહે છે.*

### 2. જૈવિક પ્રક્રિયાઓ અને સામાજિક પરિવર્તન

*જન્મ, મરણ, પ્રજોત્પાદન વગેરે જૈવિક જરૂરિયાતો સમાજમાં સતત ચાલતી પ્રક્રિયા છે. આ પ્રક્રિયાઓમાં પરિવર્તન આવે તો તેની સાથે જ સમાજમાં પરિવર્તન આવે છે. આ ત્રણ જૈવિક જરૂરિયાતોમાં સમાજ દખલગીરી કરે તો વસ્તીના કદ કે બંધારણમાં ફેરફાર થાય છે. પ્રત્યેક સમાજમાં જાતીય સંબંધોની સ્વાભાવિક અભિવ્યક્તિ પર નિયંત્રણો, લગ્નનો પ્રકાર, લગ્નની વય, લગ્નમાં બાળકોની સંખ્યા વગેરે પર નિયંત્રણ હોય છે. બાલિકાઓની હત્યા કે ભ્રૂણહત્યા સ્ત્રી-પુરુષના પ્રમાણને અસંતુલિત કરે છે. આમ સમાજના જૈવિક બાબતો પરના નિયંત્રણો વસ્તી પર પ્રત્યક્ષ રીતે અસર કરે છે.*

### 3. વસ્તીના કદમાં ફેરફાર અને સામાજિક પરિવર્તન

*વસ્તીવિસ્ફોટ થાય કે તેનું કદ વધી જાય તો સમાજમાં પરિવર્તન થાય છે. વસ્તીનું કદ વધી જવાથી વસ્તી માટે ખોરાક, શિક્ષણ વગેરેની સમસ્યાઓ ઉપસ્થિત થાય છે. કેટલાક જનસમુદાયમાં વસ્તી ઘટી જવાથી અમુક જાતિના અસ્તિત્વને ટકાવી રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. વસ્તી પ્રમાણ કરતા ઘણી વધી જાય છે ત્યારે તેને ઘટાડવા વૈજ્ઞાનિક ઉપાયો શોધવામાં આવે છે.*

### 4. વસ્તીનું બંધારણ (પ્રમાણ) અને સામાજિક પરિવર્તન

*પ્રત્યેક સમાજમાં સ્ત્રી-પુરુષ, બાળકો, યુવાનો અને વૃદ્ધોનું પ્રમાણ જુદું જુદું હોય છે. આવા પ્રમાણને વસ્તીનું બંધારણ કહેવામાં આવે છે. વસ્તીના બંધારણના પ્રમાણમાં પરિવર્તન આવે ત્યારે સામાજિક પરિવર્તનો આવે છે. વસ્તીનું પ્રમાણ જળવાઈ ન રહે તો સમાજમાં એક પ્રકારની અસમતુલા પેદા થાય છે. પુરુષો કરતા સ્ત્રીઓનું પ્રમાણ એકદમ ઘટી જાય તો લગ્ન માટે જીવનસાથીની પસંદગીનો પ્રશ્ન જટિલ બને છે. બાળકો, વૃદ્ધો કે યુવાનોના પ્રમાણમાં ફેરફારો થવાથી વિવિધ સમસ્યાઓ ઉપસ્થિત થાય છે.*

### 5. વારસો અને સામાજિક પરિવર્તન

*વ્યક્તિને માતાપિતા પાસેથી મળેલા વારસાગત ઘટકો સમાજમાં પરિવર્તન લાવે છે. દરેક નવી પેઢીના બાળકો તેના મા-બાપ કરતા ઘણી રીતે ભિન્ન હોય છે. નવી પેઢી સામાજિક વારસો અને પરંપરાઓને પણ અમુક અંશે બદલી નાખે છે. નવી પેઢી, શોધખોળ અને નવાં મૂલ્યો સમાજમાં પરિવર્તન લાવે છે. શારીરિક કે માનસિક રોગ વારસામાં મળેલ હોય અથવા કોઈ કારણથી બાળક વિકલાંગ બની ગયું હોય ત્યારે જુદી જુદી સામાજિક સમસ્યાઓ ઉપસ્થિત થાય છે.*

## 13.3 વસ્તીવૃદ્ધિની સામાજિક વિકાસ પર અસરો

*વસ્તીના કદને સામાજિક વિકાસ સાથે સંબંધ રહેલો છે. વસ્તીનું કદ પ્રમાણસર હોય અથવા અતિશય નાનું કે મોટું હોઈ શકે છે. વસ્તીનું કદ અતિશય મોટું હોય તો સમાજમાં આર્થિક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે અને લોકોની જરૂરિયાતો પરિપૂર્ણ થતી નથી. વસ્તીનું કદ અતિશય નાનું હોય તો પણ સમાજમાં ઓછી વસ્તીને લીધે સમસ્યાઓ ઉત્પન્ન થાય છે. વસ્તીનું પ્રમાણસર કદ હોય તો આર્થિક અને સામાજિક વિકાસ યોગ્ય રીતે થાય છે. ભારતમાં વસ્તીવધારાનો પ્રશ્ન છે અને વસ્તીને નિયંત્રિત કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. આમ, વસ્તીવૃદ્ધિને સામાજિક વિકાસ સાથે સંબંધ રહેલો છે.*

*સામાજિક વિકાસ એ વિવિધલક્ષી ખ્યાલ છે. સમાજની આર્થિક, રાજકીય, વૈચારિક, શૈક્ષણિક અને સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિમાં આવતા ઊર્ધ્વગામી પરિવર્તનને માટે 'સામાજિક વિકાસ' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે.*

*સામાન્ય રીતે એમ કહી શકાય કે સમાજમાં વ્યક્તિઓ વચ્ચેના સંબંધો સુમેળપૂર્ણ હોય, દરેક વ્યક્તિ શિક્ષિત હોય, લોકોનું જીવનધોરણ ઊંચું હોય, આરોગ્યની જાળવણી થાય એવો પોષણક્ષમ ખોરાક બધાને મળી રહેતો હોય, દરેક કુટુંબને રહેવાનું મકાન હોય, વ્યક્તિની સલામતી જળવાતી હોય, પ્રદૂષણવિહીન સ્વચ્છ વાતાવરણ મળતું હોય, દરેકને પોતાનો દરજ્જો સુધારવાની તક મળતી હોય, લોકશાહી અને સ્વાતંત્ર્યનાં મૂલ્યોનો સ્વીકાર થયેલો હોય, સ્ત્રી અને પુરુષ સમાનતા પ્રવર્તતી હોય તેવા સમાજને વિકસિત સમાજ કહેવામાં આવે છે. આ બધી બાબતોમાં આગળ વધી રહેલા સમાજોને વિકસતા કે વિકાસશીલ સમાજ તરીકે ઓળખવામાં આવે છે.*

*ભારત વિકાસશીલ દેશ છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ભારતમાં આયોજિત પ્રયાસો દ્વારા સામાજિક વિકાસની પ્રક્રિયા સતત ચાલી રહી છે. પરંતુ છેલ્લાં 70 વર્ષો દરમિયાન દેશમાં વિસ્ફોટક અને અનિયંત્રિત વસ્તીવૃદ્ધિ થતી રહી છે. એને પરિણામે વિકાસની પ્રક્રિયા મંદ પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો સામાજિક વિકાસની પ્રક્રિયા પર ઝડપી વસ્તીવૃદ્ધિની વિપરીત અસરો પડી છે. ભારતમાં ઝડપી વસ્તીવૃદ્ધિની સામાજિક વિકાસ પર થતી વિપરીત અસરકો નીચે મુજબ સામાજિક સમસ્યાઓ સર્જાવા પામી છે. સામાજિક સમસ્યાઓ એ સામાજિક વિકાસ સામેની પડકારરૂપ પરિસ્થિતિ છે. અહીં એ નોંધવું જરૂરી છે કે આ સમસ્યારૂપ અસરો પેદા કરવામાં માત્ર વસ્તીનું વધતું જતું કદ જ નિર્ણાયક પરિબળ નથી પરંતુ અન્ય પરિબળોએ પણ તેમાં ભાગ ભજવ્યો છે. આમ છતાં વસ્તીવૃદ્ધિએ તેમાં અગત્યનો ભાગ ભજવ્યો હોવાનું માનવામાં આવે છે. કારણ કે વસ્તીના કદને નિયંત્રિત કરવાના પ્રયાસોની સાથે સામાજિક વિકાસ માટે પગલાં લેવામાં આવતા હોવા છતાં તેમાં ધારી સફળતા મળતી નથી.*

*વસ્તીવૃદ્ધિની સામાજિક વિકાસ પર નીચે મુજબ અસરો થાય છે.*

**1. સામાજિક સંબંધોમાં વિક્ષેપ**

*અતિશય ઝડપી વસ્તીવૃદ્ધિએ ભારતીય સમાજમાં સામાજિક સંબંધોમાં વિક્ષેપ પેદા કર્યો છે. સામાજિક સુમેળ અને સામાજિક એકતા સામે અવરોધ ઊભો કર્યો છે. અગાઉ જણાવી ગયા તેમ ઝડપી વસ્તીવૃદ્ધિએ વ્યાપક પ્રમાણમાં ગરીબી અને બેકારી સર્જ્યા છે. ગરીબી અને બેકારીને કારણે સમાજજીવનમાં ગુનાખોરી, સંઘર્ષ અને તંગદિલી પેદા થયા છે. ગરીબો અને બેકારો નોકરી કે રોજગારીની તક મેળવવા માટે ગળાકાપ*

*સ્પર્ધા કરે છે અને તેનાથી લાંચરુશ્વતને ઉત્તેજન મળે છે. ગરીબી સામાજિક વિઘટન સર્જતું પરિબળ છે. ગરીબ કુટુંબમાં વધુ બાળકોનાં જન્મ બોજારૂપ બને છે. આથી કૌટુંબિક શાંતિ અને સ્થિરતામાં ખલેલ પડે છે. ગરીબી અને બેકારી સમાજનાં નૈતિક મૂલ્યોના પાયાને નુકસાન કરે છે. અનિયંત્રિત પ્રજોત્પાદન પર અંકુશ મૂકવામાં ન આવે તો લાંબા ગાળે સામાજિક માળખું છિન્નભિન્ન થાય છે.*

**2. શહેરીકરણ અને શહેરી ગીચતામાં વૃદ્ધિ**

1961*થી ભારતમાં શહેરી વસ્તીમાં ઝડપી વધારો થતો રહ્યો છે.* 1961-71*ના દસકામાં શહેરી વસ્તીવૃદ્ધિનો દર* 38 *ટકા જેટલો હતો.* 1971-81*ના દસકામાં શહેરી વસ્તીમાં* 46 *ટકાનો વધારો થયો. જો કે* 1981-91*ના દસકામાં સહેજ ઓછો વધારો થયો. આમ છતાં તે* 36 *ટકા કરતાં વધારે હતો.* 1941-51*ના દસકામાં શહેરી વસ્તીમાં ઘણો ઝડપી વધારો થયો હતો અને તે* 41 *ટકા જેટલો હતો. આમ, ભારતમાં છેલ્લા* 40 *વર્ષોમાં શહેરી વસ્તીમાં તીવ્ર વધારો થતો રહ્યો છે.* 1961*માં શહેરી વસ્તી* 6 *કરોડથી થોડી વધારે હતી.* 1991*માં શહેરી વસ્તી લગભગ* 23 *કરોડ થઈ. આમ,* 1961-91*ના ત્રણ દાયકામાં તેમાં લગભગ ચાર ગણો વધારો થયો. છેલ્લાં* 90 *વર્ષોનો વિચાર કરતાં જણાય છે કે* 1901*માં શહેરી વસ્તી માત્ર* 3 *કરોડ હતી તે* 1991*માં વધીને સાત ગણી ઉપરાંત થઈ. ટકાવારીમાં જોઈએ તો,* 1901*માં શહેરી વસ્તી* 11 *ટકા,* 1961*માં* 19 *ટકા અને* 1991*માં આશરે* 26 *ટકા થઈ છે.* 1901*માં શહેરી વિસ્તારો અને શહેરોની સંખ્યા* 1827 *હતી તે* 1961*માં* 2365 *અને* 1991*માં* 3768 *થઈ છે.* 2001*ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં* 7742 *નગરો અને શહેરો છે. દેશની* 31.6 *ટકા વસ્તી શહેરી વિસ્તારોમાં વસવાટ કરે છે.*

*ઊંચા જન્મદરના કારણે કુદરતી રીતે થતો વસ્તીવધારો અને બીજી બાજુ ગામડાંઓમાંથી શહેરોમાં થતું અવિરત સ્થળાંતર એ બંને કારણોસર શહેરીકરણમાં સતત વધારો થતો રહ્યો છે.*

*શહેરી વસ્તીવૃદ્ધિની સાથોસાથ શહેરોમાં વસ્તીની ગીચતાની સમસ્યા અત્યંત તીવ્ર બની છે. તેમાં પણ મહાનગરોની ગીચતામાં અત્યંત તીવ્ર વધારો થયો છે.* 1991*માં કલકત્તામાં પ્રતિ* 1 *ચો.કિ.મી. દીઠ આશરે* 40,000 *માણસો અને મુંબઈમાં* 25000 *માણસોની ગીચતા હોવાનો અંદાજ છે. ભારતના બધાં રાજ્યોમાં વસ્તીની ગીચતા ઉત્તરોત્તર વધતી જાય છે.* 2011*ની વસ્તીગણતરી મુજબ ભારતમાં સરેરાશ વસ્તીની ગીચતા પ્રત્યેક એ.કિ.મી. દીઠ* 382 *વ્યક્તિઓની જવા પામી છે.*

*વિશ્વમાં અને ભારતમાં શહેરીકરણને વિકાસની પ્રક્રિયાના અંગરૂપ ગણવામાં આવે છે અને તેમાં થતી વૃદ્ધિને આવકારવામાં આવે છે. પરંતુ ભારતમાં જે રીતે શહેરી વસ્તીવૃદ્ધિ થઈ રહી છે તે અનેક રીતે સમસ્યારૂપ બનેલ છે. શહેરી વસ્તીવૃદ્ધિની સાથોસાથ શહેરોમાં ભીડ અને ગીચતા વધતાં રહ્યાં છે તે અનેક સ્વરૂપે દષ્ટિગોચર થાય છે. મોટા શહેરોમાં સંખ્યાબંધ વાહનો રસ્તા પર દોડતાં હોવાથી ટ્રાફિક જામ થાય છે અને લોકોની અવરજવર ધીમી પડી જાય છે. વાહનોની સંખ્યામાં પ્રમાણમાં રસ્તા સાંકડા પડે છે. રસ્તા પહોળા કરવા, ઈલેક્ટ્રોનિક ટ્રાફિક સિગ્નલો નાખવા, પાર્કીંગના નિયમોનું પાલન કરાવવું વગેરે સુવિધાઓ વિકસાવવા પુષ્કળ નાણાકીય ખર્ચ કરવો જરૂરી બને, પરંતુ સરકાર માટે શહેરોની ભીડ માથાના દુખાવા જેવી બની છે. વળી શહેરી વિસ્તારોમાં રોજગારીનું કેન્દ્રીકરણ, વ્યાપારી કેન્દ્રોનો વિકાસ વગેરે કારણોસર વાહનવ્યવહારની સુવિધા ઊભી કરવી પડે છે.*

*શહેરીકરણનું બીજું સમસ્યારૂપ પાસું એ છે કે શહેરોમાં વધારાની વસ્તીને નોકરીઓ, મકાન, શિક્ષણ અને જરૂરી મેડિકલ સુવિધા વગેરે મળતાં નથી. શહેરી વિસ્તારોમાં વસ્તી તેની ક્ષમતા કરતાં ઘણી વધારે હોવાથી બેકારી, ગંદા વસવાટો અને શિક્ષણ સંસ્થાઓમાં અશાંતિ તથા હિંસાખોરીની સમસ્યા પેદા થાય છે. શહેરોમાં વસ્તીની ભીડના કારણે અનેક દૂષણો, રોગો, ગુનાઓ, પ્રદૂષણ વગેરેનો ઉદ્ભવ થયો છે.*

*ઘણી શહેરી વસ્તી ગામડાંઓમાંથી શહેરોમાં સ્થળાંતર કરીને આવે છે. દેશના અનેક ગ્રામવિસ્તારોમાંથી તંદુરસ્ત અને બુદ્ધિશાળી યુવાનો શહેરોમાં સ્થળાંતર કરી જાય છે. આના પરિણામે ગામડાંઓમાં ઉત્પાદકતા ઘટી જાય છે. જે લોકોને શહેરમાં નોકરી મળે છે તેઓ વધુ કમાય છે તે સારું પરંતુ તેના કારણે ગામડાંઓને જે ઉત્પાદકતા ગુમાવવી પડે છે તેનાથી દેશને ચોખ્ખી કમાણી ઓછી થાય છે. વળી, ઘણા લોકોને શહેરમાં નોકરી મળતી નથી ત્યારે તો દેશને ઉત્પાદકતા સંપૂર્ણ ગુમાવવી પડે છે. સ્થળાંતર પછી ગામડામાં પાછળ રહી જનારા લોકોમાં મોટેભાગે સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધો જ હોય છે. આના પરિણામે ગામડામાં અનેક કૌટુંબિક અને સામાજિક સમસ્યાઓ સર્જાય છે તેમ જ સામાજિક વિકાસની પ્રક્રિયામાં અવરોધ પેદા થાય છે. ભારતમાં ગ્રામીણ અર્થવ્યવસ્થા, કે જે અગાઉથી પછાત તો છે જ, તેના પછાતપણામાં સ્થળાંતરથી વધારો થાય છે. સંક્ષેપમાં કહીએ તો ભારતમાં ઝડપી વસ્તીવૃદ્ધિએ શહેરીકરણને પણ ઝડપી બનાવ્યું છે, પરંતુ શહેરીકરણનાં જે અનેક અનિચ્છનીય પરિણામો આવ્યાં છે. તેનાથી સામાજિક વિકાસની પ્રક્રિયામાં અવરોધ પેદા થયો છે.*

**3. પ્રદૂષણની સમસ્યા**

*ઝડપી વસ્તીવૃદ્ધિ, વસ્તીની ભીડ અને ગીચતામાં થયેલો વધારો શહેરીકરણ વગેરે કારણોસર ભારતમાં હવા અને પાણીનું પ્રદૂષણ પેદા થયું છે. પ્રદૂષણમુક્ત ગ્રામીણ અને શહેરી જીવન સામાજિક વિકાસ માટેની પૂર્વશરત છે. ગ્રામીણ વિસ્તારો અને જંગલોની આસપાસમાં રહેતા લાખો લોકો રોજગારીનાં અન્ય સાધનોના અભાવે જંગલમાંથી લાકડાં કાપીને તેના પર ગુજરાન ચલાવે છે. આથી દેશમાં જંગલોનો વિનાશ થતો રહ્યો છે. પ્રદૂષણમુક્ત વાતાવરણ જાળવવા માટે જંગલો અને ઝાડપાન અત્યંત જરૂરી છે. શહેરના ઉદ્યોગોમાંથી અને વાહનોમાંથી નીકળતો ધુમાડો અને રસાયણયુક્ત ગંદું પાણી હવા-પાણીનું પ્રદૂષણ પેદા કરે છે. શહેરોમાં વસ્તીની ગીચતાના કારણે પણ હવા-પાણીનું પ્રદૂષણ થયું છે. મહાનગરોમાં અસંખ્ય લોકોને પીવાનું ચોખ્ખું પાણી મળતું નથી. મુંબઈમાં દૈનિક* 1145 *મિલિયન લિટરથી વધુ ગંદુ પાણી દરિયામાં ઠલવાય છે. ઘણાં શહેરોમાં પીવાના પાણીમાં ગટરનું ગંદું પાણી મળી જતું હોવાથી અવારનવાર કમળો, કોલેરા, ઝાડા-ઊલટી વગેરે રોગોનો ફેલાવો થાય છે.*

**4. રહેઠાણના સ્થળોની અછત**

*ભારતમાં કુટુંબોના પ્રમાણમાં રહેઠાણ માટેના મકાનો ઓછા છે. તેમાંયે કુટુંબના કદની દૃષ્ટિએ વસવાટલાયક મકાનોની તીવ્ર તંગી છે. આ પ્રશ્ન કેવળ શહેરી વિસ્તારો પૂરતો મર્યાદિત નથી. ગામડાઓમાં પણ વસવાટનાં મકાનોની તંગી છે. ગામડામાં કરોડો લોકો ઝૂંપડાં જેવા કાચાં મકાનોમાં રહે છે. શહેરોમાં આ પ્રશ્ન વધુ જટિલ છે. શહેરી વિસ્તારોમાં હજી અનેક કુટુંબોને અસહ્ય ભાડા આપીને ચાલીઓ, ગંદા વિસ્તારો અને ઝૂંપડાં જેવા મકાનોમાં આશ્રય લેવો પડે છે. શહેરોમાં ફૂટપાથ પર જીવન ગુજરાનારાઓની પણ વિશાળ સંખ્યા છે. શ્રી ગુપ્તા જણાવે છે કે મુંબઈમાં હોવા જોઈએ તે કરતાં* 6 *લાખ રહેઠાણો ઓછાં છે. એ જ રીતે મદ્રાસમાં* 2 *લાખ* 40 *હજાર અને દિલ્હીમાં* 1 *લાખ* 50 *હજાર જેટલાં રહેઠાણોની તંગી છે.* 60 *ટકા રહેઠાણોમાં પોતાનું અલગ બાથરૂમ નથી અને ઘણાં ઘરોમાં વીજળી નથી. આમ, ભારતમાં ઝડપથી વધતી જતી વસ્તીએ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રહેઠાણની સમસ્યાને અત્યંત તીવ્ર બનાવી છે. દરેક કુટુંબને રહેવા માટે યોગ્ય મકાન પૂરું પાડવું એ સામાજિક વિકાસની પ્રક્રિયાનું મહત્ત્વનું અંગ છે. પરંતુ ઝડપી વસ્તીવૃદ્ધિના કારણે બધા કુટુંબોને રહેઠાણો પૂરાં પાડી શકાતાં નથી.*

**5. ગંદા વિસ્તારમાં વધારો**

*ભારતમાં ઝડપી અને તીવ્ર વસ્તીવધારાએ ઉપર જણાવ્યા મુજબ રહેઠાણોનો પ્રશ્ન સર્જ્યો છે. શહેરી વિસ્તારોમાં રહેઠાણની તંગીએ ગંદા વસવાટો કે ઝૂંપડપટ્ટીઓની વૃદ્ધિને ઉત્તેજન આપ્યું છે. ગંદા વિસ્તારો એ મુખ્યત્વે શહેરી સમસ્યા છે અને તેનો સંબંધ સમગ્ર દેશની અને શહેરોની વસ્તીવૃદ્ધિ સાથે રહેલો છે. ભારતમાં* 2007*માં* 24.7 *મિલિયન રહેઠાણોની તંગી હતી. એક હજારની વસ્તીએ* 5 *નવા રહેઠાણોની જરૂરિયાત વસ્તીવૃદ્ધિને લીધે ઊભી થાય છે, જે પૂરી પાડી શકાતી નથી.*

*શહેરોમાં મકાનોનાં ઊંચા ભાડાં તથા જમીન અને બાંધકામની સામગ્રીના આસમાને જતા ભાવોને કારણે ગામડામાંથી સ્થળાંતર કરીને આવતા લાખો માણસો શહેરોમાં ઝૂંપડાઓ બનાવીને વસવાટ કરે છે. શ્રી ગુપ્તા કહે છે કે વિશ્વમાં સૌથી વધુ ખરાબ ગંદા વિસ્તારો ભારતનાં મહાનગરોમાં જોવા મળે છે. ભારતનાં નગરોમાં ચોથા કે પાંચમા ભાગની વસ્તી ગંદા વિસ્તારોમાં રહે છે. આ ગંદા વિસ્તારોમાં વસ્તીની ગીચતા, ગંદકી અને જરૂરી સુવિધાઓનો અભાવ પારાવાર હોય છે. આથી ગંદા વિસ્તારોમાં આરોગ્ય, સલામતી અને નૈતિક મૂલ્યો સામે ખતરો પેદા થાય છે. દરેક નગર અને શહેરમાં ગંદા વસવાટો અને તેમાં રહેતા લોકોની સંખ્યા વધતી જાય છે તેમાં ખાસ કરીને મેગા સિટીમાં ગંદા વસવાટો ઝડપથી વધતા જાય છે. ગંદા વિસ્તારોમાં રહેતી વસ્તીમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. અતિશય ગીચ ઔદ્યોગિક શહેરોમાં ગંદા વિસ્તારો હિંસાત્મક વિસ્ફોટો સર્જે છે. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી વી.પી. ગિરિએ મુંબઈ શહેરના ગંદા વિસ્તારોના સંદર્ભમાં કહ્યું હતું કે આવા વિસ્તારો માનવગૌરવના ભંગ સમાન છે. તે તિરસ્કાર, હિંસાખોરી અને અપરાધી વૃત્તિનાં જન્મસ્થળો છે. બાળકો, યુવાનો અને સ્ત્રીઓના વિકાસમાં ગંદા વિસ્તારો મોટો અવરોધ પેદા કરે છે.*

**6. વ્યાપક પ્રમાણમાં નિરક્ષરતા**

*શિક્ષણ એ સામાજિક વિકાસની પૂર્વશરત બની રહે છે. એટલે કે નિરક્ષરતાનું વ્યાપક પ્રમાણ સામાજિક વિકાસની પ્રક્રિયામાં દેશનું પછાતપણું સૂચવે છે. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી શિક્ષણમાં વધારો થયો છે. છતાં ઝડપી વસ્તીવૃદ્ધિના કારણે અભણ લોકોની સંખ્યામાં વધારો થતો જાય છે.*

1951*માં દેશની કુલ* 361 *મિલિયન વસ્તીમાં* 83 *ટકા કરતા વધુ લોકો (*30 *કરોડ) અભણ હતા.* 1951*માં દેશમાં* 92 *ટકા સ્ત્રીઓ અભણ હતી.* 1951 *પછીનાં* 30 *વર્ષોના આયોજિત સામાજિક વિકાસના પ્રયાસો કારણે* 1981*માં દેશની કુલ* 685 *મિલિયન વસ્તીમાં નિરક્ષર લોકોનું પ્રમાણ* 63.8 *ટકા હતું. આમાં પુરુષોમાં નિરક્ષરતા* 53

*ટકા હતી અને સ્ત્રીઓમાં 75 ટકા હતી. 1991ના વસ્તીગણતરીના આંકડા મુજબ દેશની 844 મિલિયન એટલે કે 84 કરોડ ઉપરાંતની વસ્તીમાં નિરક્ષર વ્યક્તિઓ 48 ટકા જેટલી છે. જ્યારે શિક્ષિતો 52 ટકા છે. સ્ત્રીઓ અને પુરુષો એ બંનેની નિરક્ષરતાને જુદી પાડીને જોતાં જણાય છે કે 40 કરોડ 60 લાખ સ્ત્રીઓમાંથી 60.6 ટકા સ્ત્રીઓ હજી નિરક્ષર છે અને 43 કરોડ 80 લાખ પુરુષોમાંથી 36.2 ટકા પુરુષો નિરક્ષર છે. એકંદરે જોતાં જણાય છે કે નિરક્ષરતાની ટકાવારી છેલ્લાં 40 વર્ષો દરમિયાન ઉત્તરોત્તર ઘટતી રહી છે. જેમ કે, 1951માં કુલ 83.3 ટકા લોકો નિરક્ષર હતા જે ઘટીને 2001માં 35 ટકા થયા છે. એટલે કે 50 વર્ષોમાં નિરક્ષરતા 48 ટકા ઘટી છે. આમ, દેશની કુલ વસ્તીમાં નિરક્ષરતા ટકાવારી પ્રમાણે જોતાં ઘટી છે, પરંતુ આનો વિરોધાભાસ એ જોવા મળે છે કે એક વસ્તીગણતરી અને બીજી વસ્તીગણતરીના વચ્ચેના ગાળામાં નિરક્ષર લોકોની સંખ્યામાં વધારો થયો છે. જેમ કે, 1951માં દેશમાં નિરક્ષર લોકોની સંખ્યા 24.66 કરોડ હતી તે 1981માં વધીને 30.20 કરોડ થઈને અને 1991માં 32.40 કરોડ થઈ છે. 2011ની વસ્તીગણતરી મુજબ દેશમાં હજુ 21 ટકા જેટલા લોકો નિરક્ષર છે. જ્યારે નબળા વર્ગના લોકોમાં તેનાથી ઘણી વ્યાપક નિરક્ષરતા છે. આ અભણ લોકોમાં સ્ત્રીઓ, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને ગ્રામીણ વિસ્તારોમાં વસવાટ કરતા લોકોની સંખ્યા ઘણી મોટી છે. સ્વાતંત્ર્ય પછીના ગાળામાં એકંદરે શિક્ષણમાં ટકાવારીની દૃષ્ટિએ વધારો થયો છે પરંતુ ઝડપી વસ્તીવૃદ્ધિના કારણે નિરક્ષર લોકોની સંખ્યામાં વધારો થયો ગયો છે. 6 થી 14 વર્ષની ઉંમરના બધા બાળકો માટે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવવામાં આવ્યું છે એ સામાજિક વિકાસની દિશામાં મહત્ત્વનું કદમ છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે દેશમાં હજી શાળાએ જવાની ઉંમર ધરાવતા કરોડો બાળકોને પ્રાથમિક શિક્ષણ ઉપલબ્ધ બનતું નથી. આટલા વ્યાપક પ્રમાણમાં પ્રવર્તતી નિરક્ષરતા એ સામાજિક વિકાસની પ્રક્રિયામાં ભારતીય સમાજની પછાત અવસ્થા તરફ અંગુલિનિર્દેશ કરે છે.*

### 7. નીચું જીવનધોરણ અને આરોગ્યનું નિમ્ન સ્તર

*કોઈપણ દેશની પ્રજાના સામાજિક અને આર્થિક વિકાસનું સ્તર તેમના જીવનધોરણની કક્ષા પરથી જાણી શકાય. એટલે કે લોકોનો સામાજિક અને આર્થિક વિકાસ કેટલા પ્રમાણમાં થયો છે, લોકો સામાજિક-આર્થિક રીતે કેટલા આગળ વધેલા છે અથવા કેટલા પછાત છે તેનો ખ્યાલ લોકોના જીવનધોરણ પરથી આવી શકે. ભારતમાં વસ્તીવૃદ્ધિને લીધે લોકોનું અને તેમાં ખાસ કરીને નબળા વર્ગના લોકોના આરોગ્યસ્તરની કક્ષા ઘણી નીચી રહેવા પામી છે. નીચા આરોગ્યસ્તરને લીધે તેમની ઉત્પાદકતા ઓછી રહે છે અને શિક્ષણ મેળવી શકતા નથી.*

*ભારતમાં અત્યંત ઝડપથી વધતી જતી વસ્તીના કારણે લોકોના જીવનધોરણમાં સુધારણા કરવાના પ્રયાસોના પૂરતાં ફળ મળી શક્યાં નથી. જો કે, સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીના ગાળામાં લોકોના જીવનધોરણમાં સુધારો થયો છે પણ તે અપૂરતો છે. શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. કૃષિ અને અને ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ થયો છે અને તેના પરિણામે ઘણા માણસોને રોજગારીની તકો મળી છે એનો સ્વીકાર કરવો જ રહ્યો પરંતુ ઝડપી વસ્તીવૃદ્ધિના કારણે બધા લોકોના જીવનધોરણમાં ઈચ્છિત સુધારણા થઈ નથી. ભારતમાં 27 ટકા લોકો ગરીબીરેખા નીચે જીવન જીવે છે. 25 કરોડથી વધુ લોકો નિરક્ષર છે, જે લોકોના નીચા જીવનધોરણ અને નીચા આરોગ્ય સ્તરને સૂચિત કરે છે.*

*ભારત જેવા વિકાસશીલ દેશમાં 70 ટકા લોકો ગામડાંઓમાં રહીને ખેતી કામ કરે છે. આમાંના મોટાભાગના લોકો ગરીબ હોવાથી જીવનધોરણ ઘણું નીચું જોવા મળે છે. ભારત સહિત બધા વિકાસશીલ દેશોમાં આર્થિક વિકાસ સાધીને લોકોનું જીવનધોરણ ઊંચું લઈ જવું એ મુખ્ય સમસ્યા છે. જીવનધોરણ ઊંચું લઈ જવું એનો અર્થ એ કે લોકોની આર્થિક સ્થિતિમાં સુધારો કરવો જેથી તેઓ જીવન જીવવાની વધુ સારી સગવડો પ્રાપ્ત કરી શકે. ભારતમાં મોટાભાગના લોકોને સારો ખોરાક, વસ્ત્રો, રહેઠાણો, શિક્ષણ અને આરોગ્ય સેવાઓની સગવડ વગેરે પૂરાં પાડીને જીવનધોરણ ઊંચું લઈ જવાનો પ્રયાસ આયોજન દ્વારા ધરાયો છે પણ સતત વધતી જતી વસ્તીએ તેમાં મોટો અવરોધ પેદા કર્યો છે.*

*લોકોનું જીવનધોરણ સુધારવા માટે વસ્તીવધારાના દર કરતા આર્થિક વિકાસનો દર ઊંચો હોવો જરૂરી છે. પરંતુ ઝડપથી વધતી જતી વસ્તી આર્થિક વિકાસના પગલામાં મુશ્કેલી પેદા કરે છે. હકીકતમાં મોટાભાગના વિકાસશીલ દેશોને એમ લાગે છે કે આધુનિક ઔદ્યોગિક યુગમાં પ્રવેશવાના તેમના પ્રયત્નોને ઝડપથી થતી વસ્તીવૃદ્ધિ પાંગળા બનાવી મૂકે છે. એટલું જ નહિ પણ પોતાના ચાલુ જીવનધોરણને જાળવી રાખવા માટે જ તેમણે સતત મહેનત કરવી પડે છે. આનું કારણ એ છે કે વધતી જતી વસ્તીને ખોરાક, રહેઠાણ, વસ્ત્રો અને અન્ય સામાજિક સેવાઓ પૂરી પાડવામાં એટલાં બધાં આર્થિક સાધનો રોકાઈ જતા હોય છે કે જેથી ઉત્પાદક પ્રવૃત્તિઓ માટે મૂડીરોકાણ કરવાની શક્યતાઓ મર્યાદિત બની જાય છે. આર્થિક રોકાણ વિના આગળ આર્થિક વિકાસ થઈ શકતો નથી. વિકાસશીલ દેશોમાં વધતી જતી વસ્તીની પાયાની જરૂરિયાતો સંતોષવા માટે મોટાભાગનું રોકાણ થઈ જતું હોવાથી આર્થિક વિકાસ કરવા માટે નાણાંની અને અન્ય સાધનોની તંગી અનુભવાય છે. આ કારણથી ભારતમાં માથાદીઠ આવકમાં કોઈ નોંધપાત્ર વધારો થયાનું દેખાતું નથી. મોટાભાગનું રોકાણ વધતી જતી વસ્તીનું ચાલું જીવનધોરણ ટકાવી રાખવા માટે થાય છે. આથી સામાજિક વિકાસની પ્રક્રિયા મંદ રહેવા પામી છે.*

**8. ગુનાખોરીમાં વૃદ્ધિ**

*સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ ભારતમાં ગુનાનું પ્રમાણ વધ્યું છે. ભારતનાં મોટા શહેરોના ગુનાખોરીને લગતા અભ્યાસમાં જણાયું હતું કે ગુનાનું પ્રમાણ વધ્યું છે. મદ્યપાન, મદ્યનું ઉત્પાદન, ખૂન, સ્ત્રીઓ સામેના વિવિધ ગુના, શ્વેતગુના, સંગઠિત ગુના, સાયબર ક્રાઈમ, અપહરણ, જુગાર, ચોરી, છેતરપિંડી વગેરે પ્રકારના ગુનાઓનું પ્રમાણ શહેરમાં વધતું જાય છે. પૂરતી રોજીના અભાવમાં વ્યક્તિ આજીવિકાના સાધન તરીકે સમાજ સ્વીકૃત નહીં તેવા ગુનાઈત માર્ગે વળે છે. પરિણામે અનેક અનિચ્છનીય અને સમસ્યારૂપ ગણાતા કાર્યોની શ્રેણી વિકસી આવે છે. ગંદા વસવાટો ઘણા ગુનાઓનું કેન્દ્ર બને છે. મેન્ડલ બોમને ટાંકીને શાન્તરી, ટાન્ગરી નોંધે છે કે જુગાર, મદ્યપાન, વેશ્યા વ્યવસાય વગેરે સામાજિક દૂષણો શહેરમાં ઝડપથી ફેલાય છે. આનું પરિણામ એ આવે છે કે મોટાભાગના લોકો અનૈતિક, બિનઆરોગ્યપ્રદ અને દયાજનક જીવન જીવે છે. રિચર્ડ પાર્ક જણાવે છે કે શહેરમાં સમાજ વિરોધી ગુનાઓનું પ્રમાણ વધારે હોય છે અને ખાસ કરીને ગંદા વસવાટોમાં ગુનાખોરી વધુ થાય છે.*

**9. વેશ્યાઓ અને ભિક્ષુકોની સંખ્યામાં વધારો**

*છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન ભારતમાં વેશ્યાઓ અને ભિક્ષુકોની સંખ્યામાં વધારો થયો છે. આ સમયાઓ ખાસ કરીને શહેરી-ઔદ્યોગિક સમાજમાં ગંભીરતા પેદા કરી છે. આ સંદર્ભમાં શહેરોમાં સ્ત્રી-પુરુષના પ્રમાણની અસમાનતા નોંધવા જેવી લાગે છે.*

*મુંબઈનો* 1901 *થી* 1961 *સુધીનો વિચાર કરીએ તો ત્યાં સ્ત્રીઓનું પ્રમાણ પુરુષો કરતાં* 45 *ટકાથી* 34 *ટકા રહ્યું છે. કલકત્તામાં સ્ત્રીઓ કરતાં પુરુષોનું પ્રમાણ દોઢથી પોણા બેગણું વધારે માલૂમ પડ્યું છે. મેન્ડલબોમ જણાવે છે કે ભારતમાં ચાર શહેરોમાં* 60 *ટકા વસ્તી પુરુષોની છે. સ્ત્રીઓ કરતા પુરુષોનું વધુ પ્રમાણ વેશ્યાવ્યવસાયને ઉત્તેજન આપે છે. એક બાજુ એકલા રહેતા પુરુષોને જાતીય સંતોષની જરૂર ઊભી થાય છે તો બીજી બાજુ, ઘણી સ્ત્રીઓને આજીવિકાના સાધનની જરૂર હોય છે. આમ, માંગ અને પુરવઠાની સ્થિતિ ઊભી થતાં ઘણી સ્ત્રીઓ દેહના વેચાણનો માર્ગ ગ્રહણ કરે છે. જો કે, વેશ્યાવ્યવસાય માટે આ એક જ પરિબળ જવાબદાર નથી, પરંતુ અન્ય સામાજિક-સાંસ્કૃતિક પરિબળો પણ જવાબદાર છે. વેશ્યાવ્યવસાય અન્ય સામાજિક દૂષણોને પણ જન્મ આપે છે.*

*બીજી બાજુ ભારતમાં ભિક્ષુકોની સંખ્યા પણ લાખોની છે. તેઓ હીનકક્ષાનું જીવન જીવે છે. ગરીબાઈના કારણે ભિક્ષાવ્યવસાય સ્વીકાર્યો હોય તેવા લોકોનું પ્રમાણ*

*સવિશેષ છે. શહેરોમાં ભિક્ષા એક વ્યવસાય તરીકે વિકસી આવે છે. ભીખ માગવી, ભિક્ષુકો તૈયાર કરવા, તેમને તાલીમ આપવી અને દયાજનક બનાવી લોકો પાસે ભીખ માંગવા મોકલવાની એક પદ્ધતિ વિકસી છે. વધતી જતી ગરીબી અને બેકારીએ ભિક્ષુકોની સંખ્યામાં વધારો કર્યો છે.*

## 13.4 સામાજિક વિકાસની વસ્તીવૃદ્ધિ ઉપર અસરો

*વસ્તીવૃદ્ધિની સામાજિક વિકાસ પર અસર થાય છે તેમ સામાજિક વિકાસની વસ્તીવૃદ્ધિ પર અસર થાય છે. જેમ જેમ સામાજિક વિકાસ થતો જાય છે તેમ તેમ વસ્તીવૃદ્ધિનો દર ઘટવા લાગે છે. આ હકીકત વસ્તી-સંક્રાંતિના સિદ્ધાંતમાં પ્રતિપાદિત કરવામાં આવી છે.*

*સામાજિક વિકાસનાં અનેક પાસાં છે. જેમ કે, શિક્ષણનો વિકાસ એ સામાજિક વિકાસનું એક પાસું છે. એ જ રીતે લગ્નની ઉંમરમાં વધારો થવો એ પણ સામાજિક વિકાસ છે. વર્તમાન સમયમાં ઉદ્યોગીકરણ અને શહેરીકરણના વિકાસને પણ સામાજિક વિકાસ ગણવામાં આવે છે. સામાજિક જાગૃતિનો વિકાસ, કુટુંબ નિયોજનનો સ્વીકાર, લોકશાહી અને સ્વાતંત્ર્યનાં મૂલ્યોનો વિકાસ, સ્ત્રીઓના સામાજિક દરજ્જામાં સુધારો, સામાજિક ગતિશીલતામાં વધારો વગેરે સામાજિક વિકાસનાં વિવિધ પાસાં છે. આ બધાં ક્ષેત્રોમાં થતા વિકાસને સામાજિક વિકાસ કહેવામાં આવે છે.*

*સામાજિક વિકાસથી વસ્તીવૃદ્ધિનો વેગ ધીમો પડે છે એ હકીકત છે. પ્રો. ડ્યુમન્ટે તેમના* 'Social Capillarity'*ના સિદ્ધાંતમાં વર્ણવી છે.* 'Social Capillarity'*નો અર્થ ગુજરાતીમાં 'સામાજિક ગતિશીલતા' જેવો થાય છે. જેમ દીવાના કોડિયામાં પૂરેલું તેલ દિવેટ મારફત ઊંચે ચઢી દિવાની જ્યોત સુધી પહોંચે છે તેમ સમાજમાં વ્યક્તિઓ સામાજિક રીતે પોતાનો દરજ્જો ઊંચો લઈ જવા સતત પ્રયત્ન કરતા હોય છે. જેમ ભૌતિક જગતમાં ગુરુત્વાકર્ષણનો નિયમ પ્રવર્તે છે તેમ સામાજિક જગતમાં વ્યક્તિ પોતાના હાલના સ્થાનથી ઊંચું સ્થાન મેળવવાનું આકર્ષણ અનુભવે છે. સભ્ય જગતમાં વ્યક્તિ નામ અને કીર્તિ મેળવવા ઝંખતી હોય છે. પરંતુ ઝાઝાં બાળકો હોય તો માણસ સામાજિક દરજ્જાની સીડીનાં પગથિયાં ઝડપથી ચઢી શકતો નથી. એટલે કે, વધુ બાળકોનો બોજો વ્યક્તિનો સામાજિક વિકાસ અટકાવે છે. ઊંચી સામાજિક પ્રતિષ્ઠા એટલે કે ઊંચો સામાજિક દરજ્જો પ્રાપ્ત કરવા માટે વ્યક્તિ ઓછાં બાળકો ઈચ્છે છે. પરિણામે સામાજિક વિકાસ માટે નાનું કુટુંબ એક જરૂરિયાત બની રહે છે. માણસ પોતાની પરિસ્થિતિ વધુ ઊંચે લઈ જવા ઈચ્છે છે. આથી વિકસિત સમાજમાં પ્રજનનશીલતા ઘટે છે. પ્રો. ડ્યુમન્ટ કહે છે*

*કે જન્મદર અને સામાજિક વિકાસ વચ્ચે ઊલટો સંબંધ છે. સામાજિક વિકાસ વધે તો જન્મદર ઘટે અને જન્મદર વધે તો સામાજિક વિકાસ ઘટે. ટૂંકમાં સામાજિક વિકાસ થતાં પ્રજનનશીલતામાં ઘટાડો થાય છે. જન્મદર નીચો ઊતરે છે અને વસ્તીવૃદ્ધિના દરમાં ઘટાડો જણાય છે.*

*ભારતમાં છેલ્લા* 70 *વર્ષો દરમિયાન સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં સામાજિક વિકાસની પ્રક્રિયા શરૂ થઈ છે. આના પરિણામે વસ્તીવૃદ્ધિના દરમાં થોડો ઘટાડો થવા લાગ્યો છે. જન્મદર થોડો નીચો ઊતર્યો છે. જો કે, હજી વસ્તીવૃદ્ધિના દરમાં બહુ નોંધપાત્ર ઘટાડો થયો નથી. આનું કારણ એ છે કે હજી સામાજિક વિકાસની દિશામાં ભારતીય સમાજની ગતિ ધીમી છે. પરંતુ જેમ જેમ સામાજિક વિકાસમાં ઝડપ આવશે તેમ તેમ વસ્તીવૃદ્ધિના દરમાં પણ વધુ ઘટાડો થશે એવું મંતવ્ય નિષ્ણાંતો દ્વારા વ્યક્ત થાય છે.*

*અહીં આપણે ભારતના સંદર્ભમાં વિવિધ ક્ષેત્રોમાં સામાજિક વિકાસની વસ્તીવૃદ્ધિ પર થતી અસરો મુદ્દાસર વિચાર કરીશું.*

**1. શૈક્ષણિક વિકાસ**

*શૈક્ષણિક વિકાસ એ સામાજિક વિકાસનું મહત્ત્વનું પાસું છે. સામાજિક વિકાસના બધાં ક્ષેત્રો પર શૈક્ષણિક વિકાસની અનુકૂળ અસર પડે છે.*

*ભારતમાં સ્વાતંત્ર્ય બાદ શિક્ષણનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો છે.* 1951*માં શિક્ષણનું પ્રમાણ* 16.7 *ટકા હતું તે* 1991*માં વધીને* 52.1 *ટકા થયું છે. સ્ત્રી-શિક્ષણ* 1951*માં* 7.9 *ટકા હતું તે* 1991*માં વધીને* 39.11 *ટકા થયું છે અને* 2001*માં તે વધીને* 65 *ટકાથી વધુ થયું છે અને* 2011*માં તે વધીને* 79.3 *થયું છે. સમગ્ર રીતે શિક્ષણમાં વધારો થયો છે. શાળાઓ, કૉલેજીસ, યુનિવર્સિટીઝ, મેડિકલ કૉલેજીસ, સંશોધનની સંસ્થાઓ વગેરેમાં વિકાસ થયો છે. શૈક્ષણિક વિકાસની અસર વસ્તીવૃદ્ધિના દર પર પડવા લાગી છે. શિક્ષિત સ્ત્રીઓ અને પુરુષો હવે નાના કુટુંબનું ધોરણ સ્વીકારતાં થયાં છે. શિક્ષિત સ્ત્રીઓની પ્રજનનશીલતામાં ઘટાડો થયો છે.*

**2. લગ્નવયમાં વૃદ્ધિ**

*લગ્નવયમાં વૃદ્ધિ એ સામાજિક વિકાસનું પાસું છે. ભારતમાં છેલ્લાં* 50 *વર્ષોમાં લગ્નવય ઊંચી આવી છે.* 1901*માં છોકરીને સરેરાશ* 12 *વર્ષની ઉંમરે પરણાવી દેવામાં આવતી.* 1951*માં સ્ત્રીની સરેરાશ લગ્નવય આશરે* 15 *વર્ષ હતી જે* 1971*માં* 17-20 *વર્ષની થઈ અને આજે લગભગ* 18 *વર્ષની થઈ છે. સ્ત્રીઓની લગ્નવયમાં વૃદ્ધિ થતાં*

*પ્રજનનશીલતામાં ઘટાડો થાય છે. મોટી ઉંમરે લગ્ન કરતી સ્ત્રીઓ ઓછાં બાળકોને જન્મ આપે છે. પરિણામે વસ્તીવૃદ્ધિ દરમાં ઘટાડો થાય છે. શિક્ષિત સ્ત્રીઓ ઓછા બાળકો પસંદ કરે છે. આ માટે તેઓ કુટુંબ નિયોજન અપનાવે છે. સ્ત્રી શિક્ષણ લગ્નવય ઊંચી લઈ જાય છે અને તે વસ્તીવૃદ્ધિનો દર નીચો લાવવામાં ફાળો આપે છે.*

**3. શહેરીકરણનો વિકાસ**

*શહેરીકરણ વસ્તીવૃદ્ધિના દરને ઘટાડતું પરિબળ છે. શહેરોમાં મકાનોની તંગીને કારણે મોટા કદનું કુટુંબ લોકો ઈચ્છતા નથી. શહેરના યાંત્રિક જીવનમાં વધુ બાળકો બોજારૂપ લાગે છે. શહેરોમાં શિક્ષણનું પ્રમાણ પણ વધારે હોય છે. શહેરોમાં સ્ત્રીઓને નોકરીની તક મળે છે. નોકરી કરતી સ્ત્રીઓ ઓછાં બાળકો ઈચ્છે છે. શહેરી લોકો આગળ વધવાની તકો અને ગતિશીલતા ઝંખતા હોય છે. આથી તેઓ નાનું કુટુંબ પસંદ કરે છે. નાના કુટુંબનું ધોરણ શહેરીજનોમાં વધુ સ્વીકાર્ય બન્યું છે.*

*ભારતમાં ધીમે ધીમે શહેરીકરણમાં વધારો થતો ગયો છે.* 1951*માં શહેરી વસ્તી આશરે* 18 *ટકા હતી.* 2011*માં વધીને લગભગ* 31.62 *ટકા થઈ છે. ઉદ્યોગીકરણના વિકાસ સાથે શહેરીકરણના વિકાસનો દર પણ વધવા તરફ છે. આમ, શહેરીકરણ અથવા શહેરી જીવનશૈલીનો વિકાસ વસ્તીવૃદ્ધિના દરને નીચો ઊતરવામાં ભાગ ભજવે છે.*

**4. સામાજિક જાગૃતિનો વિકાસ**

*ભારતમાં શિક્ષણવિકાસ, શહેરીકરણ, સંચારસાધનોનો વિકાસ વગેરે કારણોસર લોકોમાં સામાજિક જાગૃતિમાં વધારો થતો રહ્યો છે. સામાજિક જાગૃતિ અનિયંત્રિત પ્રજોત્પાદનનું સહાયક પરિબળ છે. સામાજિક રીતે જાગૃત લોકો ઓછાં બાળકો ઈચ્છે છે. વધુ બાળકોને તેઓ બોજારૂપ અને જવાબદારીરૂપ ગણે છે. તેઓ જૂનાં વહેમો અને અંધશ્રદ્ધાઓનો અસ્વીકાર કરે છે. તેમનું વર્તન તાર્કિક અને બુદ્ધિયુક્ત હોય છે. આમ, વસ્તીવૃદ્ધિનો દર ઘટાડવામાં સામાજિક જાગૃતિ મહત્ત્વનો ફાળો આપે છે.*

**5. લોકશાહી અને સ્વાતંત્ર્યના મૂલ્યોનો વિકાસ**

*લોકશાહી અને વ્યક્તિસ્વાતંત્ર્ય એ સામાજિક વિકાસનું મહત્ત્વનું પાસું પણ છે અને પાયો પણ છે. ભારત* 1947 *સુધી અંગ્રેજોની ગુલામીમાં હતું. સ્વાતંત્ર્ય પ્રાપ્તિથી દેશમાં લોકશાહી અને વ્યક્તિ સ્વાતંત્ર્યનો ઉદ્ભવ થયો અને ધીમે ધીમે આ મૂલ્યો વિકસવા લાગ્યાં. રાજકારણ, જ્ઞાતિ, ધર્મ, કુટુંબ, સમાજજીવન વગેરે બધાં ક્ષેત્રોમાં લોકશાહી સંસ્થાઓ, લોકશાહી મૂલ્ય અને વ્યક્તિ સ્વાતંત્ર્યના વિચારો સ્વીકૃત બનવા લાગ્યાં છે.*

*લોકશાહી અને વ્યક્તિ સ્વાતંત્ર્યનાં મૂલ્યો સ્વીકારતા સમાજમાં ઊંચી પ્રજનનશીલતા અનિચ્છનીય ગણાય છે. વધુ સંતાનોથી વ્યક્તિના સ્વાતંત્ર્યમાં અવરોધ પેદા થાય છે. આથી આ મૂલ્યોને સ્વીકારતા લોકો ઓછાં બાળકો પસંદ કરે છે. આના પરિણામે વસ્તીવૃદ્ધિના ઊંચા દરમાં ઘટાડો થાય છે.*

**6. સ્ત્રીના દરજ્જામાં સુધારણા**

*ભારતમાં સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી સ્ત્રીઓના દરજ્જામાં સુધારણા થવા લાગી છે. સ્ત્રીઓને શિક્ષણનો હક મળ્યો છે અને સ્ત્રી શિક્ષણનું પ્રમાણ વધ્યું છે.* 1951*માં સ્ત્રી-શિક્ષણ માત્ર* 8 *ટકા હતું તે* 2011*માં વધીને* 70 *ટકા ઉપરાંત થયું છે. લગભગ બધાં ક્ષેત્રોમાં સ્ત્રીઓનો નોકરીઓમાં પ્રવેશ થયો છે. કાયદાઓ દ્વારા સ્ત્રીઓને પુરુષની સમકક્ષ હક્કો મળ્યા છે. સ્ત્રીના દરજ્જામાં સુધારણાની સીધી અસર તેમની પ્રજનનશીલતા પર પડી છે. શૈક્ષણિક અને આર્થિક વ્યાવસાયિક રીતે ઊંચો દરજ્જો ધરાવતી સ્ત્રીઓ ઓછા બાળકોને જન્મ આપે છે. આ સ્ત્રીઓ પુખ્ત ઉંમરે લગ્ન કરે છે. તેઓ વધુ બાળકોને પોતાના વિકાસમાં અવરોધરૂપ ગણે છે. આમ, સ્ત્રીઓના દરજ્જામાં સુધારણા એ વસ્તીવૃદ્ધિના દરને નીચો લઈ જવામાં ભાગ ભજવતું મહત્ત્વનું પરિબળ છે. આથી નિષ્ણાતો અને દેશના આયોજકો વિસ્ફોટક વસ્તીવૃદ્ધિને ખાળવા માટે સ્ત્રીઓના દરજ્જામાં સુધારણાની બાબતોને ઘણું મહત્ત્વ આપે છે.*

**7. આરોગ્ય સુવિધાઓનો વિકાસ**

*આરોગ્ય અને કુટુંબ નિયોજનની સુવિધાઓમાં સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ ઠીક ઠીક વધારો થયો છે. જો કે, હજી વસ્તીના પ્રમાણમાં તે અપૂરતાં છે. પરંતુ આજથી* 50 *વર્ષ પહેલાં આ ક્ષેત્રે જે સ્થિતિ હતી. તેમાં સુધારો થયો છે. મેડિકલ કૉલેજીસ, મેડિકલ સાયન્સનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા, ઉપચારનાં ઉપકરણો, નર્સ, દવાઓ અને દવાખાના, આરોગ્યકેન્દ્રો, કુટુંબનિયોજન કેન્દ્રો, કુટુંબનિયોનનાં સાધનો વગેરેમાં વધારો થતો રહ્યો છે. આ પણ સામાજિક વિકાસનું જ એક અંગ છે. આરોગ્ય સુવિધાઓમાં વધારો થતાં મૃત્યુદર નોંધપાત્ર રીતે ઘટ્યો છે. જો કે, જન્મદરમાં હજી નોંધપાત્ર ઘટાડો થયો નથી. પરંતુ કુટુંબનિયોજન કાર્યક્રમ હેઠળ દેશમાં આશરે* 48 *ટકા દંપતીઓને ગર્ભાધાનથી સુરક્ષિત કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમની શરૂઆત થઈ ત્યારથી* 1993 *સુધીમાં* 168.78 *મિલિયન નવા જન્મોને અટકાવી શકાયા છે. આમ, આરોગ્ય અને કુટુંબનિયોજનની સુવિધાઓના વિકાસથી વસ્તીવૃદ્ધિના દરમાં થોડો ઘટાડો કરી શકાયો છે.* 1991*માં સરેરાશ વાર્ષિક વસ્તી વૃદ્ધિદર* 2.14 *હતો તે* 2001*ની સાલમાં*

*ઘટીને* 1.93 *થયો છે.* 1951*માં જન્મદર લગભગ* 4 *ટકા હતો તે* 2001*ની સાલમાં* 25.4 *થવા પામ્યો છે.* 2004*માં સરેરાશ વાર્ષિક વૃદ્ધિદર ઘટીને* 1.64 *ટકા થયો છે.*

*આમ, સામાજિક જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં થતો વિકાસ વસ્તી વૃદ્ધિદર ઘટાડવામાં સહાયક બને છે. જો કે, અહીં એ બાબત ધ્યાનમાં રાખવાની છે કે સામાજિક વિકાસનાં ઉપર જણાવેલા પાસાં એકમેકથી અલગ કે ભિન્ન નથી. તે બધાં પાસાં પરસ્પર સંબંધિત છે. માત્ર સમજવાની દૃષ્ટિએ આપણે તેને અલગ અલગ મુદ્દા તરીકે મૂક્યા છે.*

*ભારતમાં સ્વાતંત્ર્ય બાદ સામાજિક વિકાસની પ્રક્રિયા ઉત્તરોત્તર વેગ પકડતી રહી છે. જો કે, હજી સામાજિક પછાતપણાની માત્રા પણ ઓછી નથી, પરંતુ ચાલુ સદીની શરૂઆતમાં જે સામાજિક પરિસ્થિતિ હતી તેમાં ઘણો સુધારો થયો છે. સ્વાતંત્ર્ય બાદ સામાજિક વિકાસ ઝડપી બન્યો છે. સામાજિક અને આર્થિક વિકાસના પરિણામે સ્વાતંત્ર્ય બાદ વસ્તીવૃદ્ધિનો વેગ ધીમો પડ્યો છે. તેનો દર ઘટવા લાગ્યો છે. જેમ કે વસ્તીનો વાર્ષિક વૃદ્ધિદર આશરે* 2.5 *ટકા જેટલો હતો તે* 2010*માં* 1.93 *જેટલો નીચે ઊતર્યો છે અને* 2011*માં તે* 1.76 *ટકા જેટલો થયો છે.* 1951*માં જન્મદર* 41.7 *હતો તે* 1993*માં ઘટીને* 28.7 *થયો છે. કુલ પ્રજનનશીલતા દર* 1951-61*માં* 5.97 *હતો તે* 1999*માં ઘટીને* 3.2 *થયો છે. આમ, વસ્તીવૃદ્ધિનો દર ઘટાડવામાં સામાજિક વિકાસની પ્રક્રિયા સહાયભૂત બની છે. ધારો કે આટલો સામાજિક વિકાસ ન થયો હોત અને* 1951*માં આપણા સામાજિક જીવનની જે કક્ષા હતી તે અત્યાર સુધી ચાલી રહી હોત તો જન્મદર અત્યારે છે તેના કરતાં દોઢો કે બમણો હોત અને વસ્તીનું કદ* 1991*માં* 100 *કરોડ ઉપરાંતનું થઈ ગયું હોત. ટૂંકમાં સામાજિક વિકાસ વસ્તીવૃદ્ધિના દરને ઘટાડવામાં મહત્ત્વનો ભાગ ભજવતું પરિબળ છે.*

## 13.5 સારાંશ

*ભારતીય સમાજમાં જોવા મળતી ઉપરોક્ત પરિસ્થિતિ કે સમસ્યાઓ સમાજના વિકાસનું એક ચિત્ર રજૂ કરે છે. આ ચિત્ર સંતોષકારક નથી. સામાજિક અને આર્થિક પછાતપણું મહદ્ અંશે ઝડપી વસ્તીવૃદ્ધિ સાથે સંબંધ ધરાવે છે. ભારત એક વિકસતો એટલે કે વિકાસશીલ દેશ છે. સામાજિક-આર્થિક જીવનનાં તમામ ક્ષેત્રોમાં વિકાસ કરવા માટે ભારતીય સમાજ સતત હકીકતથી સભાન બનીને ભારતે વસ્તીનિયંત્રણ માટે કુટુંબનિયોજન કાર્યક્રમ તથા અન્ય ઉપાયો તરફ કદમ માંડ્યા છે. તેમાં થોડી સફળતા પણ મળી છે. વધુ સફળતા મેળવવા ભારતીય સમાજ કટિબદ્ધ થયો છે. આમ, વિકાસની કેડી પર પગરણ શરૂ થયું છે. જો વસ્તીનિયંત્રણમાં સફળતા મેળવી શકાય તો ભારત આગામી*

*બે-ત્રણ દાયકામાં વિકસિત દેશોની હરોળમાં આવી જાય છે તેવો આશાવાદ અસ્થાને નથી.*

## 13.6 તમારી પ્રગતિ ચકાસો

**(ક) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.**

**(1) 2011 ની વસ્તી ગણતરીના પ્રાથમિક અહેવાલ અનુસાર વસ્તી વૃદ્ધિદર કેટલા ટકા જણાયો છે ?**

(A) 1.64 % (B) 2.62 %
(C) 3.21 % (D) 1.28 %

**(2) સ્ત્રી-પુરુષ, બાળકો, યુવાનો અને વૃદ્ધોના પ્રમાણને શું કહેવામાં આવે છે ?**

(A) *વસ્તીવૃદ્ધિ* (B) *વસ્તીનું કદ*
(C) *વસ્તી* (D) *વસ્તીનું બંધારણ*

**(3) 2011ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં કેટલા ટકા વસ્તી શહેરોમાં વસવાટ કરે છે ?**

(A) 30.61 % (B) 31.6 %
(C) 32.6 % (D) 33.3 %

**(4) નીચેનામાંથી શું સામાજિક વિકાસની પૂર્વશરત બની રહે છે ?**

(A) *આર્થિક વિકાસ* (B) *જીવનધોરણ*
(C) *શિક્ષણ* (D) *વસ્તી*

**(5) સામાજિક વિકાસથી વસ્તીવૃદ્ધિનો વેગ કેવો રહે છે ?**

(A) *ઝડપી* (B) *ધીમો*
(C) *સ્થિર* (D) *ઈષ્ટતમ*

**(ખ) સવિસ્તાર જવાબ આપો.**

(1) *વસ્તીવૃદ્ધિનો સામાજિક વિકાસ સાથે સંબંધ*

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(2) *વસ્તીવૃદ્ધિની સામાજિક વિકાસ પર અસર*

……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………

(3) *સામાજિક વિકાસની વસ્તીવૃદ્ધિ પર અસર*

……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………

**(ક) તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

1. A 1.64 %
2. D *વસ્તીનું બંધારણ*
3. B 31.6 %
4. C *શિક્ષણ*
5. B *ધીમો*

## 13.7 સંદર્ભ-સૂચિ


(1) https://www.census2011.co.in

(2) https://en.wikipedia.org/wiki/Demographics of India

(3) Mitra Asok, Implications of Declining Sex Ratio in India's Population (1979) ICSSR, Allied Publishers, Bombar.

(4) Petrov Victor, India Spotlight on Population-a Demographic outline (1978) progress publishers, Moscow.

(5) *જાની ગૌરાંગ, ગુજરાતઃ વસ્તી વિશ્લેષણ*-2011, (2012) *કર્મસંઘ (ઇન્ડિયા), અમદાવાદ*

(6) *સી.સી., ગુજરાત વસ્તીની રૂપરેખા* (1976) *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય*

(7) *રાવત હરિકૃષ્ણ, સમાજશાસ્ત્ર કોશ* VOL-1 (1986) *રાવત પબ્લિકેશન, જયપુર (હિન્દી)*

એકમ 14

# કુટુંબ નિયોજનનો અર્થ અને લાક્ષણિકતાઓ

-: રૂપરેખા :-


**14.0 ઉદ્દેશ્યો**

**14.1 પ્રસ્તાવના**

**14.2 કુટુંબ નિયોજનનો અર્થ**

**14.3 કુટુંબ નિયોજનની લાક્ષણિકતાઓ**

**14.4 સારાંશ**

**14.5 તમારી પ્રગતિ ચકાસો**

**14.6 સંદર્ભ સૂચિ**


## 14.0 ઉદ્દેશ્યો

*વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે*

- *કુટુંબ નિયોજનનો અર્થ સમજી શકશો*
- *કુટુંબ નિયોજનનો પરિચય સમજી શકશો*
- *કુટુંબ નિયોજનની લાક્ષણિકતાઓ સમજી શકશો*

## 14.1 પ્રસ્તાવના

*વધતી જતી વસ્તીને નિયંત્રણમાં રાખવા માટે દુનિયાના ઘણા દેશોએ વધતી જતી વસ્તીને નિયંત્રણમાં રાખવા માટે કુટુંબ નિયોજન કાર્યક્રમને ઝડપથી અપનાવવાનો પ્રયત્ન કરી અમલમાં લાવવાનું શરૂ કર્યું છે. જ્યાં સુધી દુનિયાના દેશોમાં જન્મ નિયંત્રણ માટેની વૈજ્ઞાનિક પદ્ધતિઓ શોધાઈ ન હતી ત્યાં સુધી જન્મને કુદરતી ઈચ્છા માનવામાં આવી રહી હતી પણ માનવીનો બૌદ્ધિક વિકાસ અને વૈજ્ઞાનિક સિદ્ધિઓએ આ માન્યતાને બદલાવી નાખેલી છે. જન્મ પર નિયંત્રણ મૂકવાની કૃત્રિમ અને વૈજ્ઞાનિક શોધોને કારણે બાળકોનો જન્મ એ ભગવાનની ઈચ્છા નહીં પરંતુ મનુષ્યની હાથની વાત બનતી જાય છે. તેમની સાથે બાળજન્મ ઉછેરની પદ્ધતિઓમાં પણ બદલાવ આવવા લાગ્યો છે. બાળકોને પોષણદાયી ખોરાક આપી બાળકો કુપોષણનો ભોગ ન બને તેનો પણ ખ્યાલ રાખવામાં આવી રહ્યો છે. ભારતમાં વધતી જતી વસ્તીને નિયંત્રણ કરવા માટે તેમના માટેની યોગ્ય યોજનાઓ બનાવી તેને અમલમાં લાવવા માટેના પ્રયત્નો શરૂ કરવા જરૂરી છે અને સખતાઈથી તેનો અમલ કરાવવો સમાજ માટે ખૂબ જ જરૂરી છે.*

*વિશ્વમાં ભારત વસ્તીની દષ્ટિએ બીજા નંબરનું સ્થાન ધરાવે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આપણા દેશમાં વસ્તીને નિયંત્રણમાં કરવાની જરૂરિયાતનો સ્વીકાર કરવામાં આવ્યો છે. માટે આપણા દેશની અંદર વસ્તીનીતિમાં કુટુંબ નિયોજનને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. કુટુંબ નિયોજન એ વસ્તીવૃદ્ધિ પર નિયંત્રણ મૂકવાની એક સારી પદ્ધતિ છે. અકસ્માતથી જન્મતા બાળકો પર માતા-પિતા નિયંત્રણ મૂકી શકે છે. એકથી બે બાળકો થયા બાદ કુટુંબને નિયંત્રણ કરવા માટે કુટુંબ નિયોજનની પદ્ધતિઓ ઉપયોગી બને છે. આમ વિવિધ ફાયદાઓના કારણે કુટુંબ નિયોજનનો ખ્યાલ ઉપયોગી બને છે.*

## 14.2 કુટુંબ નિયોજનનો અર્થ

*કુટુંબ નિયોજનને 'પરિવાર નિયોજન' પણ કહેવામાં આવે છે. શાબ્દિક રીતે જોઈએ તો 'કુટુંબ નિયોજન' એટલે કુટુંબનું આયોજન કરવું એવો અર્થ તારવી શકાય. આ અર્થને વધુ સ્પષ્ટ રીતે કહીએ તો કહી શકાય કે 'ગર્ભાધાન નિયંત્રણની કોઈક એવી પદ્ધતિનો ઉપયોગ કરીને બુદ્ધિપૂર્વકના આયોજન દ્વારા જરૂર હોય તે પ્રમાણે બાળકોની સંખ્યા મર્યાદિત કરવાની પ્રવૃત્તિને 'કુટુંબ નિયોજન' તરીકે ઓળખાવી શકાય.*

*ડૉ. દેરાસરી કહે છે કે કુટુંબ નિયોજનનો સાચો અર્થ કુટુંબને સુખ, શાંતિ અને સમૃદ્ધિ મળે એવી અનુકૂળતા સર્જવી એવો થાય છે. તેનો અર્થ યોગ્ય અંતરે થોડા જ બાળકો ઉત્પન્ન કરવા એટલો જ નથી. કુટુંબ નિયોજનના અનેક પાસાઓ છે. જો કે તેમાં વધારે અગત્યની બાબત મર્યાદિત બાળકો હોય તે છે. કુટુંબ નિયોજન પાછળનો મૂળભૂત વિચાર એ છે કે માતા-પિતાએ બાળકો અકસ્માતથી નહીં પરંતુ પસંદગીથી મેળવવા જોઈએ.*

*ડૉ. મેમોરિશ કુટુંબ નિયોજનનો અર્થ સમજાવતા નોંધે છે કે, કુટુંબના સુખ અને આરોગ્યમાં વૃદ્ધિ થાય તેવા વાતાવરણનું સર્જન કરવાનો ખ્યાલ કુટુંબ નિયોજનમાં રહેલો છે. તેઓ જણાવે છે કે કુટુંબના સામાજિક, આર્થિક અને જૈવિક પાસાઓ આ આયોજન કરીને ઘણી મુશ્કેલીઓનું નિવારણ કરી શકાય છે. કુટુંબ નિયોજનમાં કુટુંબ કલ્યાણનો ખ્યાલ પણ તેટલો જ અભિપ્રેત છે.*

*ભારત સરકારે* 1951*થી કુટુંબ નિયોજન કાર્યક્રમની નીતિ સ્વીકારેલી છે. પંચવર્ષીય યોજનામાં સરકારીશ્રી દ્વારા કરોડો રૂપિયાની ફાળવણી કુટુંબ નિયોજન કાર્યક્રમ માટે કરવામાં આવે છે અને તેના પરિણામે સરકારી દવાખાનાઓમાં અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓમાં કુટુંબ નિયોજન અપનાવવા માટેના ફાયદાઓ અને આપવામાં આવતી લાભોની જાણ કરવામાં આવે છે.*

## 14.3 કુટુંબ નિયોજનની લાક્ષણિકતાઓ

*કુટુંબ નિયોજન કાર્યક્રમની કેટલીક મહત્ત્વની લાક્ષણિકતાઓ નીચે મુજબ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.*

### 14.3.1 જન્મદર નીચો લાવી, વધતી જતી વસ્તી નિયત્રંણ કરવી

*ભારત વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશોમાં બીજા નંબરનું સ્થાન વસ્તીની દૃષ્ટિએ ધરાવે છે. ભારત વિશ્વના કુલ જમીન વિસ્તારની બાબતમાં સાતમું સ્થાન ધરાવે છે. આપણો દેશ વિશ્વના કુલ ભૂમિ વિસ્તારના 2.4 ભાગમાં વિશ્વની કુલ વસ્તીના 15% થી વધુ લોકોને નિભાવે છે. ભારતમાં વસતીનું કદ દિવસે ને દિવસે વધતું જ જાય છે. ભારતમાં વસ્તીનું જે કદ છે તેના કરતા વધુ ચિંતા જન્માવે એવો પ્રશ્ન વસ્તીવૃદ્ધિનો છે. આ રીતે અમર્યાદિત પ્રમાણમાં વાર્ષિક વસ્તીવૃદ્ધિ, ભારતીય અર્થતંત્ર પર ભારે મોટું દબાણ સર્જે છે. શહેરની જેમ કૂદકે ને ભૂસકે આગળ વધતી જતી વસ્તીએ ભારતના આર્થિક વિકાસના પ્રશ્નોને અત્યંત ગંભીર બનાવી મૂક્યા છે. માટે કુટુંબ નિયોજન કાર્યક્રમનો અમલ કરી વસ્તીને નિયંત્રણ કરવી ખૂબ જ આવશ્યક છે.*

### 14.3.2 લગ્નવય ઊંચી લઈ જવી

*લગ્ન સમયેની ઉંમર સ્ત્રીની પ્રજનનશીલતા પર ઊંડી અસર કરે છે. 24 થી વધુ ઉંમરની વય વટાવી લગ્ન કરનાર સ્ત્રીઓ મોટાભાગે ઓછા બાળકોને જન્મ આપે છે. જ્યારે નાની વયે લગ્ન કરનાર સ્ત્રીઓની પ્રજનનશીલતા વધુ હોય છે. સ્ત્રીઓ તેના રજોદર્શનમાં આવવાની સાથે જ તે સંતાનોને જન્મ આપવાની ક્ષમતા ધરાવે છે. જો સ્ત્રીઓને નાની ઉંમરે લગ્ન કરી આપવામાં આવ્યા હોય તો તેનો પ્રજનનક્ષમ લગ્નજીવનનો ગાળો વધુ લાંબો ચાલે છે. પરિણામે તે વધુ સંતાનોને જન્મ આપે છે. એટલે કે પ્રજનનક્ષમ લગ્નજીવનનો ગાળો જેટલો વધારે તેમ સ્ત્રીને બાળકો વધુ સંખ્યામાં જન્મવાનો સંભવ રહેલો છે. આમ, લગ્નવય સમયની સ્ત્રીની ઉંમર પ્રજનનક્ષમતા પર વધુ અસર કરતું મહત્ત્વનું પરિબળ છે. માટે લગ્નવય ઊંચી લઈ જવી જોઈએ. જેથી કરીને આપણે વધતી જતી વસ્તીને નિયંત્રણ કરી શકીએ છીએ. કુટુંબ નિયોજન કાર્યક્રમ અંતર્ગત લોકોને યોગ્ય માહિતી આપી તેમને બાળલગ્ન અટકાવવા અને લગ્નવય માટે માર્ગદર્શન આપી શકાય.*

### 14.3.3 શૈક્ષણિક સ્તર અગત્યનો ભાગ ભજવે છે

*શૈક્ષણિક સ્તર અને પ્રજનનશીલતા વચ્ચે વિરુદ્ધનો સંબંધ છે. એટલે શૈક્ષણિક સ્તર ઊંચું તો પ્રજનનશીલતા નીચી અને શૈક્ષણિક સ્તર નીચું હોય ત્યાં મોટાભાગે*

*પ્રજનનશીલતા ઊંચી હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો મોટાભાગે નિરક્ષર દંપતીઓ શિક્ષિત દંપતીઓ કરતા વધુ સંતાનોને જન્મ આપે છે. નિરક્ષરતા ઊંચી પ્રજનનશીલતાનનું સહાયક પરિબળ છે. કારણ કે નિરક્ષરતા સાથે એવા વલણો અને વર્તનો સંકળાયેલા છે જે વધુ પ્રજનનને ઉત્તેજન આપે છે. નિરક્ષર લોકો સામાન્ય રીતે જન્મ નિયંત્રણની આધુનિક પદ્ધતિઓની જાણકારીથી વંચિત રહે છે. વળી તેઓ શિક્ષણના અભાવે નવા મૂલ્યોનાં સંપર્કમાં આવી શકતા નથી માટે તેમના વલણો, વર્તનો, વિચારો પર રીતિ-રિવાજો અને અંધશ્રદ્ધાઓનું પ્રભુત્વ હોય છે. આથી નિરક્ષરતા વૈજ્ઞાનિક વલણના વિકાસમાં અવરોધક અમુક અંશે બનતા હોય છે. જ્યારે શિક્ષિત લોકો નવા વિચારો અને નવા મૂલ્યો મોટાભાગે ઝડપથી અપનાવી લે છે. માટે શૈક્ષણિક સ્તર ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે.*

### 14.3.4 પુત્ર જન્મનું વિશેષ મહત્ત્વ ખોટી માન્યતાઓ

*ધાર્મિક માન્યતાઓ સાંસ્કૃતિક પરિબળ છે. વાર્ષિક માન્યતાઓ વસ્તીશાસ્ત્રીય પ્રક્રિયાઓ પર અસર કરે છે. અનેક અભ્યાસો પરથી જણાયું છે કે લગ્નની વય, પુનર્લગ્ન અને બાળકના જન્મ પ્રત્યેના વલણો વગેરે પર ધાર્મિક માન્યતાઓની ઊંડી અસર પડે છે. ભારતમાં વિવિધ ધાર્મિક સમૂહો વસવાટ કરે છે. ધર્મના કારણે ઘણી વખત પ્રજનનશીલતાનો દર ઊંચો હોય છે. એના માટે અમુક અંશે પુત્રજન્મનું ધાર્મિક મહત્ત્વ કારણભૂત છે. પરંપરાગત રીતે હિન્દુ સમાજમાં પુત્રી કરતા પુત્રનો જન્મ વધુ આવકારદાયક માનવામાં આવે છે. ઘણી ધાર્મિક માન્યતાઓમાં કહ્યું છે કે પુત્રનો જન્મ ન થાય તો પિતા નર્કમાં જાય છે. પિતાને નર્કમાંથી તારે તે પુત્ર એવી વ્યાખ્યાઓ ઘણાએ કરી હતી. આ ધાર્મિક પરંપરા હજી પણ નામશેષ થઈ નથી. વળી પુત્ર હોય તો વૃદ્ધાવસ્થામાં મા-બાપને ટેકારૂપ બનશે એમ પણ લોકો માનતા હોય છે. આથી આજે પણ ઘણા દંપતી જ્યાં સુધી પુત્રનો જન્મ ન થાય ત્યાં સુધી પ્રજનન પર નિયંત્રણ મૂકતા નથી. એટલે કે બે પુત્રીઓનો જન્મ થયો હોય તો પણ પુત્રનો જન્મ ન થયો હોય તો ત્રીજા સંતાન તરીકે પુત્રપ્રાપ્તિ થશે એ આશાએ કુટુંબ નિયોજન અપનાવતા નથી. ઘણા શિક્ષિત કુટુંબો પણ આવી માન્યતા ધરાવતા જોવા મળે છે. માટે કુટુંબ નિયોજન કાર્યક્રમનો વધુમાં વધુ ફેલાવો કરી પુત્ર જન્મના મહત્ત્વની ખોટી માન્યતાઓ દૂર કરી નાનું કુટુંબ રાખવું જોઈએ.*

### 14.3.5 કુદરતી કરતા કૃત્રિમ પદ્ધતિને વધુ મહત્ત્વ આપવું

*કુટુંબ નિયોજન માટે ગર્ભધાન નિયંત્રણની કુદરતી કે કૃત્રિમ પદ્ધતિનો ઉપયોગ કરવાનું જરૂરી માનવામાં આવે છે. કુદરતી પદ્ધતિને બહુ ભરોસાપાત્ર નથી. એટલે કૃત્રિમ સાધનોના ઉપયોગ પર ભાર મૂકવામાં આવે છે. બે બાળકોના જન્મ પછી પતિ કે પત્ની*

*વંધ્યીકરણનું ઓપરેશન કરાવે લે તે વધુ ઈચ્છનીય પદ્ધતિ ગણવામાં આવે છે. જેના કારણે દંપતી પોતાની ઈચ્છા પ્રમાણે પોતાના કુટુંબનું કદ સ્થિર કરી શકે છે. એટલે કે ભગવાનની ઈચ્છાથી જન્મેલ બાળક છે. એવું કહેવાની પરિસ્થિતિ પેદા ન થાય એટલા માટે કૃત્રિમ પદ્ધતિનો ઉપયોગ કરી કુટુંબની સંખ્યા મર્યાદિત કરવામાં કુટુંબનિયોજન કાર્યક્રમ ઉપયોગી પૂરવાર થાય છે.*

**14.3.6 વસ્તીની ગુણવત્તાની સુધારણા માટે**

*કુટુંબનિયોજન માનવજાતિની ગુણવત્તા સુધારવાનું સાધન છે. ભારતમાં શારીરિક અને માનસિક રીતે ખોડખાંપણવાળા અસંખ્ય લોકો નવા બાળકો જન્માવે છે. માતા-પિતાના કેટલાક વારસાગત રોગોના કારણે તેમને જન્મતા બાળકો પણ ખોડખાંપણવાળા જન્મે છે. પરિણામે આવા લોકોની સંખ્યા ઘટવાને બદલે વધતી રહે છે. આમાંથી ગુન્હાખોરી, અનૈતિકતા, વેશ્યાવૃત્તિ જેવી સામાજિક સમસ્યાઓ સર્જાય છે. આથી વસ્તીની ગુણવત્તા સુધારવા માટે કુટુંબનિયોજન જરૂરી છે.*

**14.3.7 નાના કુટુંબનું ધોરણ પ્રચલિત કરવામાં ફાળો**

*કુટુંબનિયોજન કાર્યક્રમે ખાસ કરીને દેશના નાનામાં નાના ગામડા સુધી કુટુંબનિયોજન કાર્યક્રમનો પ્રચાર કરી મહત્ત્વનો ફાળો આપ્યો છે અને વસ્તીની સમસ્યા વિશે જાગૃતિ પેદા કરવામાં ફાળો આપ્યો છે. કુટુંબનું કદ મર્યાદિત રાખવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. આકાશવાણી, સમાચારપત્રો, ફિલ્મો, પ્રચાર સાહિત્ય, કોન્ફરન્સો વગેરેના માધ્યમથી સમાજમાં નાના કુટુંબના ધોરણને પ્રચલિત કરવાનો પ્રયાસ સતત થતો રહ્યો છે. આના કારણે શહેરી અને શિક્ષિત વર્ગોમાં નાના કુટુંબની સ્વીકાર્યતામાં વધારો થતો જોવા મળે છે. જે વસ્તીનિયંત્રણની દિશામાં એક મહત્ત્વનો ભાગ ભજવે છે.*

## 14.4 સારાંશ

*કુટુંબનિયોજન કાર્યક્રમ એ ભારત સરકારે* 1951 *થી સત્તાવાર રીતે સ્વીકારેલ કાર્યક્રમ છે. તે આપણા દેશની વસ્તીનીતિનું આવશ્યક અંગ છે.* 1977 *થી કુટુંબનિયોજન કાર્યક્રમને કુટુંબ કલ્યાણ કાર્યક્રમ તરીકે પણ ઓળખવામાં આવે છે. કુટુંબનિયોજન કાર્યક્રમનો મુખ્ય હેતુ જન્મદર નીચો લાવી વધી જતી વસ્તી પર નિયંત્રણ મૂકવાનો છે. કુટુંબનિયોજન કાર્યક્રમને લોકો સુધી પહોંચાડવા માટે અને લોકપ્રિય બનાવવા માટે 'નાનું કુટુંબ-સુખી કુટુંબ' જેવા સૂત્રો દ્વારા જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. દરેક યુવાનો-યુવતિઓને મોડા લગ્ન અને બે બાળકોવાળું કુટુંબ તેમજ બે બાળકોનાં જન્મ વચ્ચે*

ઓછામાં ઓછો 3-4 વર્ષનો ગાળો રાખવો એ કુટુંબના વ્યવસ્થિત આયોજન માટે જરૂરી ગણવામાં આવે છે. કુટુંબનિયોજન એ માત્ર ઓછા બાળકો મેળવવા માટેનો જ કાર્યક્રમ નથી પરંતુ તેની સાથો-સાથ માતા-બાળકનું આરોગ્ય, પોષાક-આહાર, માતૃત્વ સંભાળ, બાળ-સંભાળ વગેરે બાબતોનો ખ્યાલ સંકળાયેલ હોય છે.

કુટુંબનિયોજન એ સ્વૈચ્છિક કાર્યક્રમ છે, એટલે કે દંપતી પોતાના સુખ અને કલ્યાણ માટે સ્વૈચ્છિક રીતે બેથી વધુ બાળકોને ન જન્માવે તેવી હિમાયત કરવામાં આવે છે. એ જ રીતે કુટુંબનિયોજન કરવા માટે કઈ પદ્ધતિ અપનાવવી તે પણ પરિણિત યુગલની પસંદગી પર છોડી દેવામાં આવેલ છે. સરકારી દવાખાના અને આરોગ્ય કેન્દ્રમાં કુટુંબનિયોજનનાં સાધનો જેવા કે, સ્ત્રીઓ માટે મોઢેથી લેવાની ગોળીઓ, પુરુષો માટે નિરોધ વગેરે મફત આપવામાં આવે છે. વંધ્યીકરણનાં ઓપરેશનો સરકારી દવાખાનાઓમાં વિનામૂલ્યે કરી આપવામાં આવે છે.

## 14.5 તમારી પ્રગતિ ચકાસો

**નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

1. કુટુંબનિયોજન કાર્યક્રમનો અર્થ સંક્ષિપ્તમાં આપો.

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………

2. કુટુંબનિયોજન કાર્યક્રમની લાક્ષણિકતાઓ ટૂંકમાં જણાવો.

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………

.........................................................................

3. *કુટુંબનિયોજન કાર્યક્રમના લાભા-લાભ જણાવો.*

.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................

## 14.6 સંદભ-સૂચિ

(1) Agarwala S. N. India's Population Problems Second Edition (1977)

(2) Kapdia K. M. Marriage and Family in India

(3) *શાહ એ. જી. સામાજિક વસ્તીશાસ્ત્ર અને ભારતમાં કુટુંબનિયોજન*

એકમ 15

# કુટુંબ નિયોજનના સહાયક પરિબળો

-: રૂપરેખા :-


**15.0 ઉદ્દેશ્યો**

**15.1 પ્રસ્તાવના**

**15.2 કુટુંબ નિયોજનનો અર્થ**

**15.3 કુટુંબ નિયોજનના સહાયક પરિબળો**

**15.4 સારાંશ**

**15.5 તમારી પ્રગતિ ચકાસો**

**15.6 સંદર્ભ સૂચિ**


## 15.0 ઉદ્દેશ્યો

*વિદ્યાર્થીમિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે*

- *કુટુંબ નિયોજનનો પરિચય મેળવવો.*
- *કુટુંબ નિયોજનના સહાયક પરિબળો સમજવા.*

## 15.1 પ્રસ્તાવના

*કુટુંબ નિયોજન એ ભારત દેશની વસ્તીનીતિનું એક મહત્ત્વનું અંગ છે. ભારતમાં છેલ્લા વર્ષો દરમિયાન ઝડપથી વસ્તીમાં સતત વધારો થતો રહ્યો છે. દેશની અંદર સતત વધતી જતી વસ્તી પર અસરકારક યોગ્ય નિયંત્રણ મૂકવા માટે પ્રયત્ન કરવો ખૂબ જ જરૂરી છે. નહિતર સતત વધતી જતી વસ્તીના કારણે આવનારા સમયમાં ભારત દેશમાં બેકારી, મોંઘવારી, ગરીબી, આરોગ્ય વિષયક પ્રશ્નો પોતાનું સ્થાન ઝડપથી લેશે અને દેશમાં અનેક સામાજિક સમસ્યાઓ જન્મ લેશે. આપણો દેશ એક વિકાસની દિશામાં આગળ વધતો દેશ છે. આપણા દેશ પાસે જીવનનિર્વાહના સાધનો છે. તેના પ્રમાણ કરતા વસ્તીમાં સતત વધારો થતો જાય છે. આપણા દેશની 1951માં વસ્તી અંદાજિત 36 કરોડની હતી જે આજે 2019માં 130કરોડથી પણ વધારે થઈ ગઈ છે. દેશમાં થતા વસ્તી વધારાને કારણે અનેક નવા સામાજિક, આર્થિક, શૈક્ષણિક, આરોગ્ય વિષયક પ્રશ્નોએ જન્મ લીધો છે.*

*આ સમગ્ર વસ્તી વધારાના પ્રશ્નોને ધ્યાનમાં રાખી આપણે આપણા દેશની વધતી જતી વસ્તીને નિયંત્રણ કરવાની આવશ્યકતાઓ ઊભી થઈ છે. આ આવશ્યકતાના ભાગરૂપે દેશમાં કુટુંબ નિયોજન કાર્યક્રમની ખૂબ જ જરૂરિયાત છે. દેશના કુટુંબો બાળકોના*

*જન્મ પર નિયંત્રણ મૂકી દેશની વસ્તીને નિયંત્રણમાં મૂકવામાં સહયોગ કરે અને કુટુંબનું કદ મર્યાદિત બનાવે તેમજ ઓછા બાળક હોવાને કારણે માતા-પિતા પોતાના બાળકોનો યોગ્ય ઉછેર કરી શકે અને દેશમાં આ બાળકો આવતીકાલે દેશના વિકાસના ક્ષેત્રોમાં પોતાનો ફાળો આપી દેશના વિકાસને આગળ વધારે.*

*આમ, વિવિધ હેતુઓને ધ્યાનમાં રાખીને કુટુંબ નિયોજન કાર્યક્રમને આપણા દેશની વસ્તીનીતિ અને પંચવર્ષીય યોજનામાં પણ મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. ભારતમાં 1951માં પ્રથમ પંચવર્ષીય યોજનામાં સત્તાવાર રીતે સરકારી ધોરણે કુટુંબ નિયોજન કાર્યક્રમનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ જોઈએ તો ભારત દેશમાં વધતી જતી વસ્તીને નિયંત્રણમાં રાખવાનો હતો. કુટુંબ નિયોજન કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધીમાં તેના પર અબજો રૂપિયાની સરકાર દ્વારા ફાળવણી કરવામાં આવી છે. તેના કારણે આપણે ઘણી સિદ્ધિઓ પણ પ્રાપ્ત કરી છે અને કેટલીક મર્યાદાઓ પણ ટકી જવા પામી છે. કુટુંબ નિયોજન કાર્યક્રમને સફળ બનાવવા માટે તેમની પાછળ કેટલાક સહાયક પરિબળો પણ રહેલા છે. આવા સહાયક પરિબળોની ચર્ચા આપણે આ એકમમાં કરીએ.*

## 15.2 કુટુંબ નિયોજનનો અર્થ

*કુટુંબ નિયોજનને 'પરિવાર નિયોજન' તરીકે ઓળખવામાં આવે છે. શાબ્દિક દૃષ્ટિએ જોઈએ તો 'કુટુંબ નિયોજન' એટલે 'કુટુંબનું આયોજન કરવું' એવો અર્થ આપણે સામાન્ય રીતે તારવી શકીએ છીએ. આ કુટુંબ નિયોજનના અર્થને વધુ સ્પષ્ટ રીતે કહીએ તો એવું કહી શકાય કે 'ગર્ભધાન નિયંત્રણની કોઈક એવી પદ્ધતિનો ઉપયોગ કરીને બુદ્ધિપૂર્વકના આયોજન દ્વારા જરૂર હોય તે પ્રમાણે બાળકોની સંખ્યા મર્યાદિત કરવાની પ્રવૃત્તિઓ 'કુટુંબ નિયોજન' તરીકે ઓળખાવી શકાય.*

*ડૉ. મેમોરિયાના મત મુજબ કુટુંબના સુખ અને આરોગ્યમાં વૃદ્ધિ થાય તેવા વાતાવરણને સર્જન કરવાનો ખ્યાલ કુટુંબ નિયોજનમાં રહેલો છે. તેઓ જણાવે છે કે, કુટુંબના સામાજિક, આર્થિક અને જૈવિક પાસાઓ આ આયોજન કરીને ઘણી મુશ્કેલીઓનું નિવારણ કરી શકાય છે. કુટુંબ નિયોજનમાં કુટુંબ કલ્યાણનો ખ્યાલ પણ તેટલો જ છે.*

*ડૉ. દેરાસરી 'કુટુંબ નિયોજન'ની વ્યાખ્યા આપતાં નોંધે છે કે કુટુંબ નિયોજનનો સાચો અર્થ કુટુંબને સુખ, શાંતિ અને સમૃદ્ધિ મળે એવી અનુકૂળતા સર્જવી એવો થાય છે. તેનો અર્થ યોગ્ય અંતરે થોડા જ બાળકોને ઉત્પન્ન કરવા એટલો જ નથી પણ તેનો યોગ્ય ઉછેર થાય એ પણ છે. કુટુંબ નિયોજનના અનેક પાસાઓ છે. જો કે તેમાં વધારે અગત્યની*

બાબત મર્યાદિત બાળકો હોય તે છે. કુટુંબ નિયોજન પાછળનો મૂળભૂત વિચાર એ છે કે માતા-પિતાએ બાળકો અકસ્માતથી નહીં પરંતુ પસંદગીથી મેળવવા જોઈએ.

આપણી પંચવર્ષીય યોજનાઓ અને વસ્તીનીતિમાં ભારત સરકારે વસ્તી નિયંત્રણ ઉપર ખાસ ભાર મૂક્યો છે તેમજ ભારત સરકારે અત્યાર સુધીમાં ઘણા રૂપિયાની ફાળવણી વસ્તી નિયંત્રણ માટે કરી છે માટે કુટુંબ નિયોજન માટેના ઘણા સહાયક પરિબળોએ જન્મ લીધો છે. જેમની ચર્ચા આપણે પ્રસ્તુત એકમમાં કરીએ.

## 15.3 કુટુંબ નિયોજનના સહાયક પરિબળો

કુટુંબ નિયોજનના કેટલાક સહાયક પરિબળો નીચે પ્રમાણે છે.

### 15.3.1 શિક્ષણ

અનિયંત્રિત રીતે વધી રહેલી આપણી વસ્તીને નિયત્રિંત કરવા માટે શિક્ષણ ખૂબ જ આવશ્યક છે. કુટુંબ નિયોજન કાર્યક્રમને સારી રીતે અમલમાં મૂકવા તેમજ વધુમાં વધુ લોકો નાના કુટુંબના ધોરણોને સ્વીકારે તેના માટે વસ્તીશિક્ષણ આપવું એ પણ એક વિચારવા જેવો મુદ્દો છે. ભારતમાં 30% કરતા વધુ લોકો નિરક્ષર હશે આથી આવા નિરક્ષર લોકોને શૈક્ષણિક અભ્યાસક્રમો દ્વારા વસ્તીશિક્ષણ આપવું શક્ય નથી. ઘણા અભ્યાસો પરથી એવું પણ સ્પષ્ટ થાય છે કે નિરક્ષરતા ઊંચા જન્મદરનું સહાયક પરિબળ છે. નિરક્ષર સ્ત્રીઓની પ્રજનનશીલતા ઊંચી જોવા મળી છે. આથી સરકારશ્રી દ્વારા શિક્ષણમાં વધારો કરવાના પ્રયાસો થયા છે અને આઝાદી બાદ દેશમાં શિક્ષણના પ્રમાણમાં વધારો થયો છે. સરકારશ્રી દ્વારા દરેક બાળક માટે મફત અને ફરજિયાત શિક્ષણ કરવાની કાનૂની જોગવાઈ પણ કરવામાં આવી છે. સ્ત્રી શિક્ષણ પર પણ ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. કન્યા કેળવણી વધારવા માટે સ્ત્રી-શિક્ષણ સરકારશ્રી દ્વારા વિનામૂલ્યે કરવાના સરકારશ્રી દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યા છે. સ્ત્રીને શિક્ષણ આપવાથી પ્રજનનશીલતા દર ઘટી શકે છે એવો કેરાલા રાજ્યનો અનુભવ છે. શિક્ષિત અને નોકરી કરતી સ્ત્રીઓ મોટાભાગે ઓછા બાળકોને પસંદ કરે છે. આથી વસ્તીશાસ્ત્રીઓના મત પ્રમાણે વસ્તીનિયંત્રણના ઉપાય તરીકે સ્ત્રીશિક્ષણમાં વધારો કરવો અને સ્ત્રીઓને વ્યવસાયોમાં દાખલ કરવી એ બંને બાબતો પર સવિશેષ ભાર મૂકે છે.

### 15.3.2 સંચાર માધ્યમો

કુટુંબ નિયોજન કાર્યક્રમ અંતર્ગત વસ્તીનિયંત્રણ માટે નાના કુટુંબનું ધોરણ લોકોમાં પ્રચલિત કરવા અને સ્વીકાર્ય બનાવવા માટે વિવિધ સંચાર માધ્યમોનો ઉપયોગ

*થતો રહ્યો છે. આવા માધ્યમોમાં સરકારશ્રી દ્વારાકુટુંબ નિયોજન અપનાવવા માટેની પ્રોત્સાહિક જાહેરાતો કરવામાં આવતી હોય છે. કુટુંબ નિયોજન કેન્દ્રો દ્વારા પ્રચાર સાહિત્યનું લોકોમાં વિતરણ કરવામાં આવે છે. નાટકો, ફિલ્મો, કાયદાઓ, પત્રિકાઓ, પોસ્ટરો, રેડિયો, ટી.વી., ફેસબુક, વોટ્સએપ વગેરેના માધ્યમથી લોકો સુધી કુટુંબ નિયોજન અપનાવવા માટેની વાત સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે અને લોકોને તેમની જાહેરાતોમાં કુટુંબ નિયોજન અપનાવવાના અનેક ફાયદાઓ સારી રીતે સમજી શકે તેમ સમજાવવામાં આવે છે. એટલે સરકારશ્રી દ્વારા અને કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ પોતાની કુટુંબ નિયોજન અંગેની વાત લોકો સુધી પહોંચાડવા માટે આવા સંચાર માધ્યમોનો ઉપયોગ કરતા હોય છે. ઘણી વખત સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ કુટુંબ નિયોજન કાર્યક્રમનો પ્રચાર-પ્રસાર કરવા માટે સંચાર માધ્યમો દ્વારા અવનવા નુસખાઓ અપનાવતા હોય છે અને સંચાર માધ્યમોના માધ્યમથી પોતાની વાત લોકો સુધી પહોંચાડતા હોય છે. ટૂંકમાં સંચાર માધ્યમો કુટુંબ નિયોજન કાર્યક્રમના સહાયક પરિબળ તરીકે સારી એવી ભૂમિકા ભજવી રહ્યા છે.*

### 15.3.3 હકારાત્મક પ્રોત્સાહકો

*'અમે બે, અમારા બે', 'ઓછા બાળ જય ગોપાળ' જેવા હકારાત્મક પ્રોત્સાહક સૂત્રો દ્વારા તેમજ મોટીવેશન દ્વારા લોકોને કુટુંબ નિયોજન અપનાવવા માટે સમજાવવામાં આવે છે. તેમજ નાના કુટુંબના અનેકવિધ ફાયદાઓ પણ સમજાવવામાં આવે છે. કુટુંબ નિયોજન અપનાવવા માટે બીજાને પ્રોત્સાહક આપી સંસ્થાઓ સુધી પહોંચાડનાર વ્યક્તિ અને કુટુંબ નિયોજન અપનાવનાર લાભાર્થી બંને પ્રોત્સાહક-નાણાકીય સહાય આપી તેમને પ્રોત્સાહન આપવામાં આવે છે. કુટુંબ નિયોજન ક્ષેત્રે વધુ સારી કામગીરી કરનાર રાજ્યોને કેન્દ્ર સરકાર તરફથી પુરસ્કાર અને સન્માન આપવામાં આવે છે. શાળા, કૉલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ તેમના અભ્યાસક્રમમાં વસ્તીશિક્ષણ આપવાથી કામ ઘણું સરળ રહે છે. ગ્રામીણ વિસ્તારોમાં ડાયરાઓ, શેરીનાટકો દ્વારા લોકોને પ્રોત્સાહન આપવામાં આવે છે. આમ, વધતી જતી વસ્તીને પ્રોત્સાહન કાર્યક્રમો દ્વારા અમુક અંશે નિયંત્રિત કરી શકાય.*

### 15.3.4 સ્વૈચ્છિક સંસ્થાઓ

*ભારતમાં કુટુંબ નિયોજન કાર્યક્રમ એ મુખ્યત્વે સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમ છે. સાથોસાથ કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ પણ આ કાર્યક્રમને લોકો સુધી પહોંચાડવામાં પોતાનું યોગદાન આપે છે.* 1960 *થી* 1970*ના સમયગાળા દરમ્યાન વિવિધ ક્ષેત્રોમાં સ્વૈચ્છિક સેવાકાર્યો વિસ્તરવા લાગ્યા હતા. કુટુંબ નિયોજન ક્ષેત્રે પણ સ્વૈચ્છિક રીતે*

*કામગીરી કરવા માટે અનેક સંસ્થાઓ તૈયારી દાખવવા લાગ્યા હતા. બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ કુટુંબ નિયોજનના વિવિધ પાસાઓ અંગેની કામગીરી સંભાળી હતી. આમ છતાં સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યક્રમો દ્વારા કુટુંબ નિયોજન માટે લોકોને જાગૃત અને તૈયાર કરવામાં સારી કામગીરી હતી. સ્વૈચ્છિક સંસ્થાઓને ભોગવવી પડતી તકલીફો વિશે સરકારમાં અનેકવાર રજૂઆતો થઈ હતી. ખાસ કરીને કુટુંબ નિયોજન કામગીરી પાછળ થનાર ખર્ચનું સરકારી અનુદાન મેળવવાની મોટી મુશ્કેલી ઊભી થતી હતી. પરંતુ નાણાકીય સાધનો અને કેટલીક અન્ય મુશ્કેલીઓના કારણે તેમાં ધાર્યા મુજબ પ્રગતિ થઈ શકતી ન હતી. આમ છતાં, સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યક્રમો દ્વારા પરિણામો ઘણા સારા આવતા થયા. પરિણામે સરકારશ્રીએ નાણાકીય મુશ્કેલીઓ સ્વૈચ્છિક સંસ્થાઓની નિવારવા માટે ઘણા પગલાઓ યોગ્ય દિશામાં લીધા છે.*

### 15.3.5 સરકારની ભૂમિકા

1951*માં પ્રથમ પંચવર્ષીય યોજનાથી ભારત સરકારે સત્તાવાર રીતે સરકારી કક્ષાએ કુટુંબ નિયોજન કાર્યક્રમનો સ્વીકાર કર્યો હતો ત્યારથી માંડીને આજ દિન સુધી આ કાર્યક્રમ મહદ્અંશે સરકારી કાર્યક્રમ તરીકે ઓળખાય છે. પંચવર્ષીય યોજનાઓમાં કુટુંબ નિયોજનને સર્વોચ્ચ અગ્રતા આપવામાં આવી છે.* 1976 *અને* 1977*માં સરકારે જાહેર કરેલી વસ્તીનીતિમાં કુટુંબ નિયોજનને અત્યંત મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. કુટુંબ નિયોજન કાર્યક્રમને જુદા-જુદા સ્તરે વિકસાવવામાં અને અમલીકરણ કરવામાં કેન્દ્ર અને રાજ્યોની સરકારે અગ્રભૂમિકાઓ ભજવી છે. પ્રથમ યોજનાથી માંડીને પ્રવર્તમાન સમય સુધીમાં ભારત સરકારે આ કાર્યક્રમના અમલ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે. કાર્યક્રમ સો ટકા કેન્દ્ર સરકાર પ્રેરીત છે. રાજ્ય સરકારને ખર્ચની રકમ કેન્દ્ર કરકાર આપે છે.*

*કુટુંબ નિયોજનના શહેરી કેન્દ્રો, દવાખાના, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પેટાકેન્દ્રો વગેરે પાછળ તેમની સુવિધાઓ પૂર્ણ કરવા સરકાર દર વર્ષે કરોડો રૂપિયા ખર્ચ કરે છે અને તેનો નિભાવ અને જાળવણી પણ કરે છે. કુટુંબ નિયોજનના સાધનો જેવા કે નિરોધ, મોઢેથી લેવાની ગોળીઓ, વંધ્યીકરણ, શસ્ત્રક્રિયાઓ વગેરે સરકારી દવાખાના અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મફત પૂરા પાડવામાં આવે છે. સોશ્યલ માર્કેટીંગ સ્કીમ હેઠળ કુટુંબ નિયોજનના સાધનો સસ્તા ભાવે લોકોને પૂરા પાડવા માટે ભારત સરકાર સબસીડી આપે છે. કુટુંબ નિયોજન માટે પ્રજનનક્ષમ દંપતિઓને પ્રેરિત કરનારા મોટીવેટરો, ખાનગી ડૉક્ટરો વગેરેને સરકાર તરફથી રોકડ પુરસ્કાર આપવામાં આવે છે. ખાનગી સ્વૈચ્છિક સંસ્થાઓને કુટુંબ નિયોજનની પ્રવૃત્તિઓ કરવા માટે સરકાર દ્વારા અનુદાન આપવામાં આવે છે.*

*ભારત એક વિશાળ વસ્તીવાળો દેશ છે. આથી કુટુંબ નિયોજન કાર્યક્રમમાં વિસ્તરણ માટે વહીવટ તંત્રનું અત્યંત વિશાળ અને જટિલ નેટવર્ક ઊભું કરવું જરૂરી બને. આ ઉપરાંત વિસ્તૃત પાયા પર આંતર માળખાકીય સુવિધાઓ પણ પૂરી પાડવી જરૂરી બને છે પરંતુ માત્ર સરકાર દ્વારા જ બધી કામગીરી એકલા હાથે થઈ શકે નહીં. સમાજના લોકોની લોકભાગીદારીથી આ કાર્યક્રમને વધુ ઝડપથી હાંસલ કરી શકાય.*

### 15.3.6 ટોચઅગ્રતા આપવી

*ભારત વિશ્વનો પ્રથમ એવો દેશ છે જ્યાં બિનસત્તાવાર રીતે 1925થી કુટુંબ નિયોજન કાર્યક્રમની શરૂઆત થઈ. 1925માં શ્રી આર.ડી. કર્વેએ લોકોનો ઘણો વિરોધ હોવા છતાં મુંબઈમાં કુટુંબ નિયોજનનું પ્રથમ કેન્દ્ર ખોલ્યું. ત્યારબાદ મૈસુર સરકારે 1930માં ફેમિલી પ્લાનિંગ ક્લિનિક ખોલ્યું. 1932માં મદ્રાસ રાજ્યે કુટુંબ નિયોજન કેન્દ્ર શરૂ કર્યુ. પંડિત જવાહરલાલ નહેરુના અધ્યક્ષપદે 'નેશનલ પ્લાનીંગ કમિટી'ની રચના કરી. કુટુંબ નિયોજન કાર્યક્રમને સબળ ટેકો આપ્યો અને 1936માં સ્ત્રીઓ માટેનું પ્રથમ કુટુંબ નિયોજન કેન્દ્ર ખોલ્યું. 1937માં ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ રાજ્યમાં કુટુંબ નિયોજન ક્લિનિક્સ ખોલ્યા અને કુટુંબ નિયોજન એ ભારત સરકારે સત્તાવાર રીતે 1951 થી સ્વીકારેલી નીતિ છે. કુટુંબ નિયોજનને પરિવાર નિયોજન પણ કહેવામાં આવે છે. 1977 થી તેને કુટુંબ નિયોજન કાર્યક્રમ તરીકે ઓળખવામાં આવે છે. નાનું કુટુંબ હોય તો જ કુટુંબ જીવનનો આનંદ માણી શકાય એ હકીકત દંપતીઓને સમજાવવી તે કુટુંબ નિયોજનનું એક પાસું છે. 'નાનું કુટુંબ' એ કુટુંબ નિયોજનનું સૂત્ર છે. કુટુંબમાં બાળકોની સંખ્યા મર્યાદિત હોય તો જ મા-બાપ તેમનું સારી રીતે પોષણ કરી શકે એવી બાબતો લોકમાનસમાં ઉતારી અને કુટુંબ નિયોજનને લોકો ટોચ અગ્રતા આપે તેવા પ્રયાસો કરાવવા જોઈએ.*

## 15.4 સારાંશ

*ભારત દેશ આઝાદ થયો પરંતુ તેને આબાદ કરવાનું બાકી હતું. સ્વતંત્રતા બાદ દેશની કેટલીક નડતરરૂપ પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. જે આપણા વિકાસને અટકાવે છે. તેમજ મંદ પાડે છે. આવા પ્રશ્નોમાં ઉડીને આંખે વળગે અને માંગે તેવો પ્રશ્ન તે વસ્તી વિસ્ફોટનો રહ્યો છે. ભારતમાં ઈ.સ. 1921 બાદ વસ્તીવૃદ્ધિ તીવ્ર બની છે. તે પાછળનું મુખ્ય અને પાયાનું કારણ વધતો જતો જન્મદર છે. જેને નિયંત્રણ કરવા માટે વિવિધ પંચવર્ષીય યોજનામાં વસ્તી સમસ્યા નિવારણ કાર્યક્રમને સ્થાન અપાયું છે. સતત વધતી જતી વસ્તી પર અંકુશ મૂકવામાં ન આવે તો ભવિષ્યમાં ગરીબી, બેકારી, નિરક્ષરતા વગેરે સમસ્યાઓ બહુ ગંભીર સ્વરૂપ પકડે એ નિશ્ચિત છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં*

*રાખીને વસ્તીને નિયંત્રણ કરવાની જરૂરિયાતનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને દેશની વસ્તીનીતિમાં કુટુંબ નિયોજનને પાયાનું સ્થાન આપવામાં આવ્યું છે. કુટુંબ નિયોજન એ વસ્તીવૃદ્ધિ પર નિયંત્રણ મૂકવાની એક પદ્ધતિ છે, એક માર્ગ છે. આમ, વિવિધ હેતુઓને ધ્યાનમાં રાખીને ભારતમાં કુટુંબ નિયોજનને એક મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ તરીકે વસ્તીનીતિમાં અને પંચવર્ષીય યોજનાઓમાં મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. સમાજમાં નાના કુટુંબનું ધોરણ લોકો સ્વીકારે અને તે માટે ગર્ભાધાન નિયંત્રણની કોઈક પદ્ધતિ અપનાવે તેવો ખ્યાલ કુટુંબ નિયોજન કાર્યક્રમ પાછળ રહેલો છે.*

## 15.5 તમારી પ્રગતિ ચકાસો

- **નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

(1) *કુટુંબ નિયોજન કાર્યક્રમનો ટૂંકમાં પરિચય આપો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(2) *કુટુંબ નિયોજનના કોઈપણ ત્રણ સહાયક પરિબળો જણાવો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(3) *કુટુંબ નિયોજન કાર્યક્રમમાં સરકારની ભૂમિકા વર્ણવો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………

## 15.6 સંદર્ભ સૂચિ

1. Agarwala S. N. India's Population problems second edition (1977)
2. Kapadia K. M. Marriage and Family in India
3. *શાહ એ.જી. સામાજિક વસ્તીશાસ્ત્ર અને ભારતમાં કુટુંબ નિયોજન*
4. *સુતરિયા આઈ.જે. કુટુંબ નિયોજન*

# એકમ 16 દક્ષિણ એશિયાઈ સમાજોમાં વસ્તીશાસ્ત્રીય ખાસિયતો

-: રૂપરેખા :-


**16.0 ઉદ્દેશ્યો**

**16.1 પ્રસ્તાવના**

**16.2 સામાજિક વસ્તીશાસ્ત્રનો પરિચય**

**16.3 દક્ષિણ એશિયાઈ સમાજનો પરિચય**

**16.4 દક્ષિણ એશિયાઈ સમાજોમાં વસ્તીશાસ્ત્રીય ખાસિયતો**

**16.5 સારાંશ**

**16.6 તમારી પ્રગતિ ચકાસો**

**16.7 સંદર્ભ સૂચિ**


## 16.0 ઉદ્દેશ્યો

*વિદ્યાર્થીમિત્રો, એકમ વાંચ્યા પછી નીચેના મુદ્દાઓનું વર્ણન કરી શકશો.*

- *સામાજિક વસ્તીશાસ્ત્રનો અર્થ સમજી શકશો.*
- *દક્ષિણ એશિયાઈ દેશોની વસ્તીશાસ્ત્રીય લાક્ષણિકતાઓ જાણી શકશો.*
- *દક્ષિણ એશિયાઈ દેશોમાં વસ્તીવૃદ્ધિની સમસ્યા સમજી શકશો.*
- *દક્ષિણ એશિયાઈ સમાજોની વસ્તીના ગુણાત્મક અને સંખ્યાત્મક પાસાં વિષયક માહિતી મેળવી શકશે.*

## 16.1 પ્રસ્તાવના

"Man if not merely a resident of this earth but he is builder and geographic agent and earth changer also"

**- Rusel Smith**

*"માનવ માત્ર પૃથ્વીવાસી-નિવાસી જ રહ્યો નથી પરંતુ તે પ્રાકૃતિક પર્યાવરણમાં પરિવર્તન કરનાર અને સાંસ્કૃતિક પર્યાવરણનો વિશ્વકર્મા પણ બન્યો છે."*

**- રસેલ સ્મિથ**

*સમાજ વસ્તીનો બનેલો છે. વસ્તી વિના સમાજની કલ્પના સંભવી શકે નહિ. આથી સમાજના વિકાસ અને આયોજન માટે વસ્તીને લગતી આધારભૂત માહિતી વિના કોઈપણ દેશ સામાજિક, આર્થિક કે શૈક્ષણિક વિકાસ કરી શકે નહિ. જુદા જુદા વિસ્તારોમાં અલગ અલગ વસ્તીશાસ્ત્રીય ખાસિયતો જોવા મળે છે. વિશ્વની વસ્તીની એક મહત્ત્વપૂર્ણ*

*ખાસિયત છે કે તેનું વિતરણ અસમાન રીતે થયેલું છે. વિશ્વની વસ્તીમાં સતત વધારો થઈ રહ્યો છે તેમાં પણ વિકસતા દેશોમાં વસ્તીવૃદ્ધિનો દર તીવ્ર છે.*

*માનવ ઈતિહાસના શરૂઆતના વર્ષોમાં વસ્તીવધારાનો દર ખૂબ જ નીચો હતો. ત્યારપછીના વર્ષોમાં કૃષિ ક્રાંતિ અને ઔદ્યોગિક ક્રાંતિ થઈ. જેના લીધે વિશ્વની વસ્તીમાં ખૂબ વધારો થયો. શરૂઆતના સમયમાં જન્મદર અને મૃત્યુદર બંને ઊંચા હતા. જેના લીધે વસ્તીવધારો ઓછો હતો. સમય જતાં આરોગ્ય સુવિધાઓનો વિકાસ થતા મૃત્યુદરમાં ઘટાડો થયો પરંતુ તેની સરખામણીમાં જન્મદરમાં નજીવો ઘટાડો થયો. પરિણામે વસ્તીવૃદ્ધિ થઈ. વર્તમાન સમયમાં વિશ્વના મોટાભાગના વિકાસશીલ રાષ્ટ્રો વસ્તી સંક્રમણના બીજા તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. જેમાં જન્મદર ઊંચો અને મૃત્યુદર નીચો રહે છે. તેથી વસ્તીમાં વધારો થાય છે. સમગ્ર વિશ્વમાં ચીનની વસ્તી સૌથી વધુ છે જ્યારે વિશ્વ વસ્તીમાં બીજા ક્રમે દક્ષિણ એશિયાઈ દેશ ભારત છે. માનવવસ્તીના વસવાટ પર આર્થિકની સાથે સામાજિક પરિબળોનો પણ પ્રભાવ પડે છે.*

## 16.2 સામાજિક વસ્તીશાસ્ત્રનો પરિચય

*સામાજિક વસ્તીશાસ્ત્ર વસ્તીનું કદ, વસ્તીની પ્રાદેશિક વહેંચણી, વસ્તીની રચના, તેમાં આવતા પરિવર્તનો. આ પરિવર્તનો નિપજાવતાં જન્મદર, મૃત્યુદર, પ્રાદેશિક સ્થળાંતર અને સામાજિક ગતિશીલતા જેવા પરિબળોનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે.*

*સામાજિક વસ્તીશાસ્ત્ર માનવવસ્તીના જૈવિક સામાજિક પાસાંઓનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે. માનવવસ્તી સાથે સંબંધ ધરાવતી વિવિધ સામાજિક અને જૈવિક ઘટનાઓ, હકીકતો અને સમસ્યાઓને વૈજ્ઞાનિક પદ્ધતિથી તપાસવામાં આવે છે. સામાજિક વસ્તીશાસ્ત્ર વસ્તીના સંખ્યાત્મક પાસાંનો અભ્યાસ કરવાની સાથોસાથ તેના ગુણાત્મક પાસાંનો તેમજ તેમની વચ્ચેના પારસ્પરિક સંબંધોનો પણ અભ્યાસ કરે છે. સમગ્ર વિશ્વની વસ્તીમાં વધારો થઈ રહ્યો છે ત્યારે વસ્તીશાસ્ત્રીય અભ્યાસોનું મહત્ત્વ વધ્યું છે.*

## 16.3 દક્ષિણ એશિયાઈ સમાજનો પરિચય

*દક્ષિણ એશિયા એક એવો વિશાળ પ્રદેશ છે કે જ્યાં પ્રાચીનકાળથી આંતરવ્યવહાર પર અસર પાડતા માનવસમાજના મૂળ પડેલા છે. દક્ષિણ એશિયાના ઉપખંડમાં ઈ.સ. પૂર્વે 1000 વર્ષ પહેલા માનવવસાહતો પૂરેપૂરી સ્થપાઈ ચૂકી હતી. દક્ષિણ એશિયા પ્રાચીનકાળથી જ દુનિયાનો ગીચ વસ્તીવાળો ભાગ હતો.*

*દક્ષિણ એશિયામાં એવા દેશોનો સમાવેશ થાય છે જે એશિયા ખંડનો દક્ષિણ વિસ્તાર બનાવે છે. દક્ષિણ એશિયા, એશિયા ખંડના મુખ્ય ભાગથી હિંદ મહાસાગર સુધી વિસ્તરેલો છે. દક્ષિણ એશિયાની મુખ્ય સીમાઓ હિંદ મહાસાગર, હિમાલય અને અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, માલદીવ, નેપાળ, ભૂતાન વગેરે દક્ષિણ એશિયાના મુખ્ય દેશો છે. શ્રીલંકા, માલદીવ જેવા ટાપુ દેશો દક્ષિણ એશિયાનો ભાગ છે.*

*દક્ષિણ એશિયામાં બહુધર્મી લોકો વસે છે. જુદા જુદા ધર્મો પાળતા અને ભાષા બોલતા વિશાળ જૂથો દક્ષિણ એશિયામાં નિવાસ કરે છે. દક્ષિણ એશિયા વિશ્વના બે મહાન ધર્મો હિન્દુ અને બૌદ્ધ ધર્મનું જન્મસ્થળ હતું પરંતુ અહીં મુસ્લિમ વસ્તી અને અન્ય ઘણા ધર્મોના અનુયાયીઓના વિશાળ જૂથો પણ વસવાટ કરે છે.*

*વિશ્વની કુલ વસ્તીની અંદાજિત 24% જેટલી વસ્તી દક્ષિણ એશિયાના દેશોમાં વસવાટ કરે છે જ્યારે તેની સરખામણીમાં દક્ષિણ એશિયાનો વિસ્તાર વિશ્વના આશરે 4% ભાગ જેટલો જ છે.*

## 16.4 દક્ષિણ એશિયાઈ સમાજોમાં વસ્તીશાસ્ત્રીય ખાસિયતો

*વિશ્વના દેશોની જુદી જુદી વસ્તીશાસ્ત્રીય ખાસિયતો જોવા મળે છે. દક્ષિણ એશિયાઈ સમાજના દેશો અન્ય દેશો કરતા કેટલીક વિશિષ્ટ વસ્તીશાસ્ત્રીય ખાસિયતો ધરાવે છે, જે નીચે પ્રમાણે છેઃ*

### 1. વસ્તીનું મોટું કદ

*સામાન્ય રીતે વસ્તીનું કદ એટલે જે તે નિશ્ચિત વિસ્તારમાં નિવાસ કરતી વ્યક્તિઓની કુલ સંખ્યા. કોઈપણ પ્રદેશ, રાજ્ય કે રાષ્ટ્રની વસ્તીનું કદ અને આકાર પરિવર્તનશીલ છે. કારણ કે દરેક વિસ્તારની ચોક્કસ ખાસિયતો, પરંપરાગત રિવાજો, સામાજિક-આર્થિક પરિસ્થિતિ, સાંસ્કૃતિક વાતાવરણ, આરોગ્યની સેવાઓ વગેરે બાબતો વસ્તીના કદ અને આકાર પર અસર કરે છે.*

*દક્ષિણ એશિયાઈ સમાજમાં વસ્તીનો મોટો ભાગ વસવાટ કરે છે. વિશ્વમાં દર ચોથી વ્યક્તિ દક્ષિણ એશિયાઈ સમાજમાં રહેનાર છે એમ કહી શકાય. ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા દક્ષિણ એશિયાઈ દેશો વિશ્વની સૌથી વધુ વસ્તી ધરાવતા 10 દેશોમાં સામેલ છે. ભારત જે દક્ષિણ એશિયાનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે. જેની વસ્તી છેલ્લા પચાસ વર્ષોમાં બમણી કરતાં પણ વધુ થઈ ગઈ છે. ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ.મોરારજી દેસાઈના શબ્દોમાં ભારતની વસ્તીમાં પ્રતિવર્ષ સરેરાશ એક ઓસ્ટ્રેલિયાનો*

ઉમેરો થાય છે અર્થાત્ આ વધારો આશરે 1 કરોડ 30 લાખ જેટલો છે. આમ, દક્ષિણ એશિયાઈ દેશોમાં વસ્તી ખૂબ વધી રહી છે.

**2. વસ્તીની વધુ ઘનતા**

વસ્તીની ગીચતા વસ્તીના કદ સાથે સંબંધ ધરાવે છે. વસ્તીની ઘનતા એટલે સમાજમાં વ્યક્તિઓની કુલ સંખ્યા. જે પ્રદેશમાં વસવાટની અનુકૂળતા હોય, હવામાન આરોગ્યપ્રદ હોય, જમીન ફળદ્રુપ હોય, પાણીની પૂરતી સગવડો હોય ત્યાં વસ્તીની ઘનતા જોવા મળે છે. દક્ષિણ એશિયાઈ દેશોના કેટલાક વિસ્તારોમાં વસ્તીની ઘનતા ઘણી છે.

દક્ષિણ એશિયાના દેશોમાં પ્રાદેશિક વસ્તી ઘનતામાં તફાવતો જોવા મળે છે. કેટલાક પ્રદેશોમાં ગીચ વસ્તી છે જ્યારે કેટલાક પ્રદેશોમાં બહુ ઓછી છૂટીછવાઈ વસ્તી રહે છે. ઉદાહરણ તરીકે દક્ષિણ એશિયાના ભારત દેશના બિહાર અને પશ્ચિમ બંગાળ રાજ્યોમાં વસ્તીની ઘનતા વધારે છે જ્યારે સિક્કિમ અને અરુણાચલ પ્રદેશ જેવા રાજ્યોમાં વસ્તી વસવાટ માટે અનુકૂળ પરિબળો ન હોવાથી ત્યાં વસ્તી ગીચતા ખૂબ ઓછી છે. આમ છતાં વિશ્વના અન્ય વિસ્તારો કરતા દક્ષિણ એશિયાના દેશોમાં વસ્તીની ઘનતા વધુ છે.

**3. વસ્તી વિતરણની અસમાનતાઓ**

વસ્તીની ગીચતા અને વસ્તી વિતરણ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. વસવાટ માટે અનુકૂળ પરિબળો હોય ત્યાં વસ્તી વધુ હોય છે જ્યાં રણપ્રદેશ છે, ટાપુપ્રદેશ છે ત્યાં વસ્તી ઓછી હોય છે. ઉદાહરણ તરીકે ગંગા-યમુનાના ફળદ્રુપ મેદાનોના લીધે ભારતના ઉત્તરના રાજ્યોમાં વસ્તી વધુ છે જ્યારે તેની સરખામણીમાં રાજસ્થાનના રણપ્રદેશોમાં ખૂબ ઓછી વસ્તી છે. દક્ષિણ એશિયામાં ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ વગેરે દેશો વધુ વસ્તીવાળા દેશ છે જ્યારે માલદીવ, ભૂતાન જેવા રાષ્ટ્રોની વસ્તી ઓછી છે. માલદીવ દક્ષિણ એશિયાનો સૌથી ઓછી વસ્તી ધરાવનાર દેશ છે. નેપાળના પહાડી વિસ્તારોમાં પણ વસ્તી ઓછી છે. દક્ષિણ એશિયાના જુદા જુદા દેશોમાં વસ્તી વિતરણની અસમાનતાઓ છે તેમજ દરેક દેશમાં પણ પ્રાદેશિક વસ્તી વિતરણની પ્રાદેશિક અસમાનતાઓ જોવા મળે છે.

**4. વસ્તીવૃદ્ધિનો ઊંચો દર**

વસ્તીવૃદ્ધિનો દર એ એકમ સમયગાળામાં વસ્તીમાં થતા ફેરફારો સૂચવે છે. સંયુક્ત રાષ્ટ્રના 2007ના અહેવાલ અનુસાર વિશ્વનો અંદાજિત વાર્ષિક વસ્તીવૃદ્ધિ દર 1.1% હતો જ્યારે દક્ષિણ એશિયાના વધુ વસ્તીવાળા દેશોનો વાર્ષિક વસ્તીવૃદ્ધિ દર આશરે 2% જેટલો ઊંચો હતો. આમ, વિશ્વના દેશોની સરખામણીમાં દક્ષિણ એશિયાના દેશોની

*વસ્તીવૃદ્ધિનો દર ખૂબ જ ઊંચો જોવા મળે છે. વસ્તીવૃદ્ધિ બે રીતે થાય છેઃ* (1) *કુદરતી વુદ્ધિ* (2) *સ્થળાંતરિત વૃદ્ધિ. દક્ષિણ એશિયાના વધુ વસ્તીવાળા ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ વગેરેમાં કુદરતી વસ્તીવૃદ્ધિ વધારે થાય છે.*

*દક્ષિણ એશિયાના મોટાભાગના દેશો વસ્તી સંક્રમણના બીજા તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. જેથી મૃત્યુદરની સરખામણીમાં જન્મદર ઊંચો છે. આથી વસ્તીવધારો થાય છે. જાપાન, રશિયા જેવા દેશોમાં વસ્તીવૃદ્ધિ દર નકારાત્મક છે. તેની સરખામણીએ દક્ષિણ એશિયાના દેશોનો વસ્તીવૃદ્ધિ દર તીવ્ર છે.*

*દક્ષિણ એશિયાઈ દેશોમાં સતત વધી રહેલ વસ્તીના કારણે કુદરતી સંસાધનોની અછત વર્તાયે છે. વધુ વસ્તીને રહેઠાણ, શિક્ષણ, આરોગ્ય જેવા પાયાની સુવિધાઓ પૂરી પાડી શકાતી નથી. વસ્તીવૃદ્ધિ નિવારણ માટે દક્ષિણ એશિયાના દેશોએ વસ્તીનીતિ અમલી બનાવી છે.*

*વસ્તીવૃદ્ધિનો દર નિયંત્રણમાં લાવવા માટે પરિવાર નિયોજનના કાર્યક્રમોનો વ્યાપ વધારવો જોઈએ. લગ્નવયમાં વધારો, સાક્ષરતામાં વધારો, આરોગ્ય સુવિધાઓમાં સુધારો વગેરે દ્વારા વસ્તીનિયંત્રણ કરી શકાય. હાલના સમયમાં દક્ષિણ એશિયાના વધુ વસ્તીવાળા દેશોમાં આવા કાર્યક્રમો ચાલી રહ્યા છે.*

**5. ઊંચો જન્મદર**

*લગ્નની વય, લગ્ન અંગેના રિવાજો, આરોગ્યની સેવાઓ, સ્ત્રી સાક્ષરતા, કામ કરતા લોકોની વર્કીંગ કન્ડીશન, લોકોની આર્થિક સ્થિતિ વગેરે બાબતો જન્મદર પર અસર કરે છે. દક્ષિણ એશિયાના વધુ વસ્તીવાળા દેશોનો જન્મદર અમેરિકા જેવા વિકસિત દેશો કરતા ઘણો વધારે છે. વધુ જન્મદરના કારણે વસ્તી સતત વધતી રહે છે અને વસ્તીને પાયાની જીવનજરૂરી સુવિધાઓ પહોંચાડી શકાતી નથી. અફઘાનિસ્તાન, પાકિસ્તાન, ભારત જેવા આ દેશોમાં જન્મદરનું પ્રમાણ ઊંચું છે. વર્તમાન સમયમાં જન્મદર ઘટાડવા માટે આ દેશોની સરકારો કાર્યરત છે.*

**6. વધુ પ્રજનનશીલતા**

*પ્રજનનક્ષમ સ્ત્રી પોતાના પ્રજનનક્ષમતાના ગાળા દરમિયાન જેટલા બાળકોને જન્મ આપે તે બાળકોની સંખ્યાને તે સ્ત્રીની પ્રજનનશીલતા કહેવામાં આવે છે. દક્ષિણ એશિયાના દેશોમાં પ્રજનનશીલતા દર વધારે છે. કેટલાક ધાર્મિક કારણો, સામાજિક રૂઢિચુસ્તતા, નિરક્ષરતા જેવા પરિબળો વધુ પ્રજનનશીલતા માટે જવાબદાર છે. વધુ પ્રજનનશીલતા જન્મદર વધારે છે અને વસ્તીવધારો થતો રહે છે.*

### 7. નીચું લિંગપ્રમાણ

*દર એક હજાર પુરુષોની સંખ્યાએ સ્ત્રીઓની સંખ્યાને લિંગપ્રમાણ કહે છે. સ્ત્રી-પુરુષનું પ્રમાણ સમાજમાં સરખું હોવું જોઈએ પરંતુ મોટાભાગના દેશોમાં એવું જોવા મળતું નથી. દક્ષિણ એશિયાના ભારત અને ભૂતાન જેવા દેશોમાં લિંગપ્રમાણ ખૂબ ઓછું છે. રશિયા, જાપાન, બ્રાઝિલ જેવા દેશોમાં લિંગપ્રમાણમાં થતા ઘટાડાના કારણે સ્ત્રીઓ પરના અત્યાચારો વધે છે અને સામાજિક સમસ્યાઓ ઉદ્ભવે છે.*

*દક્ષિણ એશિયાઈ દેશ ભારતમાં ઈ.સ. 2011ની વસ્તીગણતરી મુજબ લિંગપ્રમાણ 940 છે. લિંગપ્રમાણમાં પ્રાદેશિક અસમાનતાઓ જોવા મળે છે. ઉદાહરણ તરીકે દક્ષિણ એશિયાઈ દેશ ભારતના કેરળ રાજ્યમાં લિંગપ્રમાણ 1058 જેટલું ઊંચું છે જ્યારે હરિયાણા રાજ્યમાં 877 જેટલું નીચું લિંગપ્રમાણ જોવા મળે છે. નીચા લિંગપ્રમાણના કારણે સામાજિક વિઘટન પેદા થાય છે.*

### 8. નીચું જીવનધોરણ અને કુપોષણ

*યુરોપ અને અમેરિકા જેવા રાષ્ટ્રોની સરખામણીમાં જીવનની ગુણવત્તા નીચી જોવા મળે છે. દક્ષિણ એશિયામાં વધારે વસ્તી હોવાથી પાયાની સુવિધાઓ પણ લોકોને મળી શકતી નથી. દક્ષિણ એશિયાના વધુ વસ્તી ધરાવતા દેશોમાં આવાસ સુવિધા એક મોટો પડકાર બની ગઈ છે. રહેઠાણના અભાવે ઝૂંપડપટ્ટી વિસ્તારો વધી રહ્યા છે. પોષણક્ષમ આહારના અભાવે નાના બાળકો કુપોષણનો ભોગ બને છે.*

*સ્વાસ્થ્ય સેવાઓનો અભાવ, નિરક્ષરતા, ગરીબી, બેરોજગારી વગેરે નિમ્ન જીવનધોરણ માટે જવાબદાર કારણો છે. દક્ષિણ એશિયામાં અનેક લોકો ભૂખમરાના શિકાર બન્યા છે. ગ્લોબલ હંગર ઈન્ડેક્ષના જણાવ્યા મુજબ દક્ષિણ એશિયામાં વિશ્વમાં સૌથી વધુ બાળકુપોષણનો દર છે. વૈશ્વિક ભૂખમરો અંગેનો યુનિસેફનો 2006નો અહેવાલ સૂચવે છે કે 'દક્ષિણ એશિયાના દેશોમાં મહિલાઓનો નીચો દરજ્જો અને તેમના પોષણ બાબતે જાગૃતતાના અભાવે ઓછા વજનવાળા બાળકો મોટી સંખ્યામાં આ ક્ષેત્રમાં છે.''*

### 9. સામાજિક રૂઢિચુસ્તતા

*દક્ષિણ એશિયાના દેશોના ગ્રામીણ વિસ્તારોમાં રૂઢિચુસ્તતા વધુ જોવા મળે છે. રૂઢિચુસ્તતાના લીધે તેઓ નવીન વિચારોને અપનાવતા નથી. પ્રાચીન ભારતના ગ્રામીણ સમાજમાં વ્યવસાય પસંદગી પર નિયંત્રણ હતું. સરકાર દ્વારા ચલાવવામાં આવતા કુટુંબનિયોજનના કાર્યક્રમો રૂઢિચુસ્ત લોકો અપનાવતા નથી. પરિણામે વસ્તી સતત વધતી*

*રહે છે અને વિકાસની ગતિ ધીમી પડે છે. અંધવિશ્વાસ અને રૂઢિચુસ્તતાને દૂર કરવા માટે શિક્ષણનું પ્રમાણ વધારવું જોઈએ.*

**10. વધતી બેરોજગારી**

*દક્ષિણ એશિયાના દેશોની વધુ વસ્તી ગ્રામીણ સમાજમાં વસવાટ કરે છે. ગ્રામીણ વસ્તી રોજગારી માટે ખેતી પર આધારિત છે. ખેતીમાં સિંચાઈનો અભાવ, નવીન ટેક્નોલોજીનો ઓછો ઉપયોગ વગેરે કારણે કૃષિઉત્પાદન ઓછું થાય છે. મોસમી કૃષિના કારણે ચોમાસા સિવાયના સમયમાં ગ્રામીણ લોકોને રોજગારી મળતી નથી. ગામડામાં રોજગારીના અભાવે આ ગ્રામીણ અકુશળ મજૂરો શહેરોમાં સ્થળાંતર કરે છે ત્યાં પણ તેમને રોજગારી મળતી નથી.*

*અમેરિકા જેવા વિકસિત દેશો ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરે છે તેની સરખામણીમાં દક્ષિણ એશિયાના દેશોમાં ટેક્નોલોજીનો મર્યાદિત ઉપયોગ થાય છે. પરિણામે અહીં વધતી વસ્તીને રોજગારી પૂરી પાડી શકાતી નથી. આ ઉપરાંત અમેરિકા, યુરોપ જેવા દેશોમાં કુશળ શ્રમિકો છે જ્યારે દક્ષિણ એશિયાઈ દેશોમાં પ્રશિક્ષણની યોગ્ય વ્યવસ્થાના અભાવે બિનકુશળ શ્રમિકોનું પ્રમાણ વધુ છે. જેથી તેઓ વધુ બેરોજગાર છે.*

**11. બહુઆયામી ગરીબી**

*બહુઆયામી ગરીબીમાં એવા લોકોનો સમાવેશ થાય છે જે સ્વાસ્થ્ય, શિક્ષણ, જીવનસ્તર જેવા એક કરતા વધુ આયામોથી વંચિત છે. પાછલા એક દાયકામાં દક્ષિણ એશિયાઈ સમાજોમાં વિશ્વના અન્ય ક્ષેત્રોની તુલનામાં બહુઆયામી ગરીબોની સંખ્યા વધુ છે. દક્ષિણ એશિયાના ભારત, બાંગ્લાદેશ, નેપાળ જેવા દેશોમાં દક્ષિણ એશિયાની સરેરાશ બહુઆયામી ગરીબી કરતાં પણ વધુ ગરીબી છે. આ દેશોમાં બહુઆયામી ગરીબી દૂર કરવા માટે મફત શિક્ષણ, સ્વાસ્થ્ય સેવાઓને લગતા કાર્યક્રમો સરકાર દ્વારા ચલાવવામાં આવી રહ્યા છે.*

**12. ડેમોગ્રાફિક ડિવિડન્ડનો અભાવ**

*વધુ વસ્તીનો રાષ્ટ્રના વિકાસમાં ફાયદો થવો જોઈએ. ગુણવત્તાયુક્ત વસ્તી એ દરેક રાજ્યના વિકાસ માટે આવશ્યક બાબત છે. પરિશ્રમી, વિકાસની ઈચ્છા રાખનાર અને કુશળ વસ્તી સ્વરૂપ વાહન પર સવારી કરીને જ જાગૃત દેશ સીમિત સંસાધનોમાં પણ વિશ્વના સૌથી ધનવાન દેશોમાંનો એક બન્યો છે. આજે સરકારો પણ વિકાસ માટે પ્રથમ ચરણના રૂપે માનવશક્તિને જાગૃત કરે છે. ''માનવ સંસાધન''ની શ્રેષ્ઠ ક્ષમતા જ વિકાસના ભારની પ્રથમ ચાવી છે.*

*દક્ષિણ એશિયાઈ દેશોમાં વસ્તી વધુ છે. પરંતુ વધુ વસ્તીના લાભો આ દેશોને મળ્યા નથી. આ દેશોમાં સાક્ષરતા અને તાલીમના અભાવે ડેમોગ્રાફી ડિવિડન્ડના લાભ મળ્યા નથી. યુરોપીય સમૂહના દેશોની વસ્તી કુશળ હોવાથી બધા ક્ષેત્રોમાં આ દેશોએ વિકાસ કર્યો છે.*

*ડેમોગ્રાફિક ડિવિડન્ડ મેળવવા માટે વસ્તીને તાલીમબદ્ધ અને શિક્ષિત કરવી પડે. હાલના સમયમાં દક્ષિણ એશિયાઈ દેશોની સરકારો આ માટે સતત પ્રયત્નશીલ છે.*

**13. ઔદ્યોગિક ક્ષેત્રની ધીમી ગતિ**

*સ્થાનિક મૂડીનો અભાવ, અકુશળ શ્રમિકો, અપૂરતી બજારવ્યવસ્થા વગેરેના લીધે ઔદ્યોગિક ક્ષેત્રની પ્રગતિ દક્ષિણ એશિયાઈ દેશોમાં ધીમી જોવા મળે છે. વધુ વસ્તી ઉત્પાદિત વસ્તુઓ માટે મોટું બજાર પૂરું પાડે છે. પરંતુ દક્ષિણ એશિયાના વધુ લોકો નિર્ધન છે. જેથી તેઓ વસ્તુઓ ખરીદી શકતા નથી. અલ્પ ઔદ્યોગિક વિકાસના કારણે કૃષિ પર વસ્તીનું ભારણ વધુ જોવા મળે છે. કૃષિક્ષેત્ર પણ કાયમી રોજગારી પૂરી પાડી શકતું નથી. પરિણામે માથાદીઠ આવકમાં ઘટાડો થાય છે. ઉદ્યોગોમાં આધુનિક અને નવીન ટેકનોલોજીનો અભાવ પણ જોવા મળે છે. જેથી ઔદ્યોગિક વિકાસ અવરોધાય છે અને દેશની* GDP *માં ઉદ્યોગોનો હિસ્સો ઘટે છે.*

**14. ગ્રામીણ વસ્તીની અગ્રતા**

*દક્ષિણ એશિયાના દેશોની મોટાભાગની વસ્તી ગ્રામીણ સમાજમાં વસવાટ કરે છે. આ ગ્રામીણ વસ્તી મોટાભાગે કૃષિ સાથે સંકળાયેલી છે. પ્રાથમિક ક્ષેત્રની પ્રવૃત્તિઓ જેવી કે શિકાર, પશુપાલન, મત્સ્યપાલન, ખાદ્યસંગ્રહ વગેરે જે કૃષિ સાથે સંકળાયેલ છે તે ગ્રામીણ લોકોના વ્યવસાયો છે. ગ્રામીણ લોકોને કૃષિ પૂરતી રોજગારી પૂરી પાડી શકતી નથી. પરિણામે તેમનું જીવનધોરણ નિમ્ન જોવા મળે છે. વિશ્વબેંકના એક અહેવાલ મુજબ દક્ષિણ એશિયાની* 70% *વસ્તી ગ્રામીણ છે અને કુલ ગરીબોના* 75% *ગરીબો આ ગ્રામીણ વિસ્તારોમાં વસવાટ કરે છે. જેમની આજીવિકા મોટાભાગે કૃષિ પર નભે છે.*

*ગ્રામીણ ગરીબો રોજગારી માટે શહેરોમાં સ્થળાંતર કરે છે તેથી જ છેલ્લા દાયકાઓથી દક્ષિણ એશિયાના દેશોમાં પણ શહેરીકરણનું પ્રમાણ વધી રહ્યું છે. જે અનેક નવી સામાજિક આર્થિક અને પર્યાવરણીય સમસ્યાઓને જન્મ આપે છે.*

**15. સ્થળાંતર અને વસ્તીવધારો**

*સ્થળાંતર એ કોઈપણ પ્રદેશની વસ્તીના વધારા કે ઘટાડામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. દક્ષિણ એશિયાની પ્રજાઓ તેમના પૂર્વજો જ્યાં વસતા હતા ત્યાં જ વસતી રહી છે. દક્ષિણ એશિયાના ઉપખંડમાં ઈ.સ. 1947માં ભારત અને પાકિસ્તાનની રચના વખતે તેમજ ઈ.સ. 1971માં બાંગ્લાદેશની રચના વખતે લોકોએ મોટી સંખ્યામાં સામૂહિક હિજરતો કરી જે ખાસ મહત્ત્વની અને નોંધપાત્ર રહી. એક સંયુક્ત દેશના ભાગલા પડે ત્યારે વસ્તીની મોટા પ્રમાણમાં હેરફેર થતી જોવા મળે છે.*

*દક્ષિણ એશિયાના દેશોમાં પ્રાદેશિક સ્થળાંતર પણ થતું રહે છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મોટી જમીન સરહદ છે તેથી બાંગ્લાદેશના લોકો આસામ અને પશ્ચિમ બંગાળ જેવા ભારતીય રાજ્યોમાં સ્થળાંતર કરીને વસ્યા છે. નેપાળમાંથી પણ અનેક લોકો રોજગારી માટે ભારતમાં આવ્યા છે. સ્થળાંતરના કારણે સામાજિક-સાંસ્કૃતિક બાબતોમાં પરિવર્તન આવે છે અને નવી મિશ્ર સંસ્કૃતિ નિર્માણ પામે છે.*

**16. વંશીય, ધાર્મિક અને ભાષાકીય વૈવિધ્ય**

*દક્ષિણ એશિયન સમાજ વંશીય, ધાર્મિક અને ભાષાકીય વૈવિધ્ય ધરાવતો સમાજ છે. આ પ્રદેશમાં કેટલાક વંશો અબજોની સંખ્યામાં છે તો કેટલાક માત્ર નાના આદિવાસી જૂથો પણ છે. સદીઓથી દક્ષિણ એશિયા પર ઘણા વંશીય જૂથો દ્વારા આક્રમણો થયા અને તેઓ અહીં સ્થાયી પણ થયા. તેમાં દ્રવિડિયન ભારતીય આર્ય તથા ઈરાનીય જૂથોનો સમાવેશ થાય છે. મધ્ય એશિયામાંથી આવેલ વગેરે લોકોએ સ્થાનિક સંસ્કૃતિ પર પ્રભાવ પાડ્યો છે. દક્ષિણ એશિયામાં છેલ્લા પ્રવેશેલ વંશીય જૂથોમાં આરબો, તૂર્કો અને માધવોનો સમાવેશ થાય છે.*

*દક્ષિણ એશિયામાં હિંદુ, મુસ્લિમ, બૌદ્ધ, ખ્રિસ્તી, જૈન, યહૂદી વગેરે ધર્મના લોકો વસવાટ કરે છે. લગભગ 85% હિન્દુઓ ભારતમાં રહે છે. બાંગ્લાદેશ અને પાકિસ્તાન મોટાભાગે ઈસ્લામિક રાષ્ટ્રો છે. શ્રીલંકામાં મુખ્યત્વે બૌદ્ધધર્મીઓ વસે છે. હિન્દી, બંગાળી, તમિલ, પર્શિયન, સિંહોલી વગેરે ભાષાઓ દક્ષિણ એશિયાના દેશોમાં બોલાય છે. આ ઉપરાંત અનેક પ્રાદેશિક ભાષાઓ પણ બોલાય છે.*

**17. વસ્તીની સામાજિક-આર્થિક સમસ્યાઓ**

*સમાજશાસ્ત્રીય દષ્ટિબિંદુથી જોતા સામાજિક સમસ્યા સમાજમાં ઉદ્‌ભવતી એવી પરિસ્થિતિ છે જે વસ્તીની નોંધપાત્ર સંખ્યા પર અનિચ્છનીય અસર પહોંચાડે છે. દક્ષિણ એશિયાઈ દેશોમાં નિરક્ષરતા, અપૂરતું પોષણ, ગુનાખોરી, માનવ તસ્કરી, ગરીબી જેવી*

*સામાજિક સમસ્યાઓ વધુ વસ્તીના કારણે ઉદ્ભવી છે. બેરોજગારી જેવી આર્થિક સમસ્યાઓ ગરીબી, ગુનાખોરી જેવી સમસ્યાઓને જન્મ આપે છે. રોજગારીના અભાવે ગરીબી અને બેરોજગારીનું વિષચક્ર સતત ચાલતું જ રહે છે.*

## 16.5 સારાંશ

*દક્ષિણ એશિયાઈ સમાજ ઉપરોક્ત વસ્તીશાસ્ત્રીય ખાસિયતો ધરાવે છે. વસ્તીવિસ્ફોટ એ દક્ષિણ એશિયાના દેશોની મહત્ત્વની સમસ્યા જો વસ્તીનિયંત્રણ શક્ય બને તો વિકાસના લાભ લોકો સુધી પહોંચી શકે.*

*દક્ષિણ એશિયાઈ દેશોની સરકારો દ્વારા કુટુંબનિયોજન અને કુટુંબકલ્યાણના વિવિધ કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. કુટુંબકલ્યાણમાં જન્મનિયંત્રણ ઉપરાંત આરોગ્ય, બાળઉછેર, બાળરોગો સામે રક્ષણ, પ્રસૂતાની સંભાળ, પોષણ આહાર, શિક્ષણ વગેરે બાબતો પર ભાર મૂકવો જોઈએ. જેનાથી વસ્તીવૃદ્ધિ અટકે સાથોસાથ વસ્તીની ગુણવત્તા સુધરે.*

## 16.6 તમારી પ્રગતિ ચકાસો

**(ક) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.**

**(1) દક્ષિણ એશિયાનો સૌથી વધુ વસ્તીવાળો દેશ કયો છે ?**

(A) *નેપાળ* (B) *ભૂતાન*

(C) *બાંગલાદેશ* (D) *ભારત*

**(2) જન્મદર ઊંચો અને મૃત્યુદર નીચો એ વસ્તીસંક્રમણના કયા તબક્કામાં જોવા મળે છે ?**

(A) *પ્રથમ* (B) *બીજા*

(C) *ત્રીજા* (D) *એકપણ નહિ*

**(3) જે તે વિસ્તારમાં નિવાસ કરતી વ્યક્તિઓની કુલ સંખ્યા એટલે ___________**

(A) *વસ્તીનું કદ* (B) *વસ્તીની ગતિશીલતા*

(C) *સ્થળાંતર* (D) *વસ્તીની ગુણવત્તા*

**(4) એકમ સમયગાળામાં વસ્તીમાં થતા વધારાને ___________ કહે છે.**

(A) *વસ્તીની ઘનતા* (B) *વસ્તીવૃદ્ધિનો દર*

(C) *વસ્તીનો આકાર* (D) *વસ્તીની ગતિશીલતા*

**(5)** **વિશ્વની કુલ વસ્તીની અંદાજિત ___________ વસ્તી દક્ષિણ એશિયામાં વસવાટ કરે છે.**

(A) 24 % (B) 10 %

(C) 50 % (D) 15 %

**(6)** **વસ્તીનો ટૂંકા સમયગાળામાં વધારો થાય તેને ___________ કહે છે.**

(A) *વસ્તીની પરિવર્તનશીલતા* (B) *વસ્તીવિસ્ફોટ*

(C) *વસ્તીની સંખ્યા* (D) *વસ્તીની ગતિશીલતા*

**(7)** **દક્ષિણ એશિયાનો સૌથી ઓછો વસ્તીવાળો દેશ ___________ છે.**

(A) *શ્રીલંકા* (B) *પાકિસ્તાન*

(C) *નેપાળ* (D) *માલદીવ*

**(8)** **ભારતમાં 2011ની વસ્તીગણતરી પ્રમાણે લિંગપ્રમાણ સૌથી વધારે ___________ રાજ્યમાં છે.**

(A) *હરિયાણા* (B) *ગુજરાત*

(C) *કેરળ* (D) *બિહાર*

**(9)** **દક્ષિણ એશિયાના ભારત, પાકિસ્તાન અને ___________ દેશ એ વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા 10 દેશોમાં સામેલ છે.**

(A) *ભૂતાન* (B) *બાંગ્લાદેશ*

(C) *શ્રીલંકા* (D) *માલદીવ*

**(10)** **દક્ષિણ એશિયાની ગ્રામીણ વસ્તી રોજગારી માટે મોટાભાગે ___________ પર આધારિત છે.**

(A) *ઉદ્યોગો* (B) *મત્સ્યપાલન*

(C) *કૃષિ* (D) *સેવા*

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો.**

(1) *દક્ષિણ એશિયાઈ સમાજોમાં વસ્તીવૃદ્ધિના કારણો જણાવો.*

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(2) *દક્ષિણ એશિયાઈ સમાજોમાં ધાર્મિક અને વંશીય વૈવિધ્ય વિષયક સમજૂતી આપો.*

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(3) *વસ્તીનું કદ એટલે શું ?*

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

(4) *ડેમોગ્રાફિક ડિવિડન્ડની સમજૂતી આપો.*

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

(5) *બહુઆયામી ગરીબી એટલે શું ?*

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

(6) *દક્ષિણ એશિયાઈ દેશોમાં ઊંચા જન્મદરના કારણો જણાવો.*

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

(7) *સ્થળાંતર વસ્તીવધારા પર કઈ રીતે અસર કરે છે તે સમજાવો.*

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

(8) *દક્ષિણ એશિયામાં શા માટે ઔદ્યોગિક પ્રગતિ ધીમી છે ?*

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

.

(9) *ગ્રામીણ વસ્તીના રોજગારીના સ્ત્રોત જણાવો.*

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

(10) *વસ્તીનિયંત્રણ માટે ઉપાયો જણાવો.*

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

**(ક) તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

1. D *ભારત*
2. B *બીજા*
3. A *વસ્તીનું કદ*
4. B *વસ્તીવૃદ્ધિનો દર*
5. A 24 %
6. B *વસ્તીવિસ્ફોટ*
7. C *નેપાળ*
8. C *કેરળ*
9. B *બાંગ્લાદેશ*
10. C *કૃષિ*

## 16.7 સંદર્ભ સૂચિ

(1) Premi M. K. : An Introduction to Scocial Demography
(2) *ભટ્ટ બી.કે. : વસ્તી શિક્ષણ (સામાજિક વસ્તીશાસ્ત્ર)*
(3) *દીક્ષિત નીલેન્દ્રકુમાર : માનવ ભૂગોળ*

એકમ 17

# વસ્તી ગણતરી અને નેશનલ સેમ્પલ સર્વે ઑફ ઈન્ડિયા

-: રૂપરેખા :-

**17.0** ઉદ્દેશ્યો

**17.1** પ્રસ્તાવના

**17.2** વસ્તી ગણતરીનો અર્થ

**17.3** વસ્તી ગણતરીની ઉપયોગિતા

**17.4** વસ્તી ગણતરીની મર્યાદાઓ

**17.5** નેશનલ સેમ્પલ સર્વે ઑફ ઈન્ડિયા

**17.6** નેશનલ સેમ્પલ સર્વેની સામાન્ય સમજૂતી

**17.7** નેશનલ સેમ્પલ સર્વેની લાક્ષણિકતાઓ

**17.8** નેશનલ સેમ્પલ સર્વે ઑફ ઈન્ડિયાની ઉપયોગિતા

**17.9** નેશનલ સેમ્પલ સર્વે ઑફ ઈન્ડિયાની મર્યાદા

**17.10** સારાંશ

**17.11** તમારી પ્રગતિ ચકાસો

**17.12** સંદર્ભ સૂચિ

## 17.0 ઉદ્દેશ્યો

*વિદ્યાર્થીમિત્રો, આ એકમ વાંચ્યા બાદ તમે નીચેના મુદ્દાઓનું વર્ણન કરી શકશો.*

- *વસ્તી ગણતરી અંગેની જાણકારી મેળવી શકશો.*
- *વસ્તી ગણતરીની ઉપયોગિતા સમજી શકશો.*
- *નેશનલ સેમ્પલ સર્વે ઑફ ઈન્ડિયાની સમજૂતી મેળવી શકશો.*

## 17.1 પ્રસ્તાવના

*ભારત દેશમાં વસ્તી ગણતરી શરૂઆત સૌપ્રથમ* 1871*ની આસપાસ શરૂ થઈ. સમગ્ર ભારત દેશમાં ત્યારપછી દર દસ વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવે છે. વસ્તી ગણતરીને બીજા શબ્દોમાં 'દસવાર્ષિક વસ્તી ગણતરી' તરીકે ઓળખવામાં આવે છે. જેને અંગ્રેજીમાં* Census *(સેન્સસ) તરીકે ઓળખવામાં આવે છે.* 1877*માં જે વસ્તી ગણતરી કરવામાં આવી ભારત દેશમાં તે અપૂરતી હતી એટલે કે આપણા દેશના દરેક રાજ્યોની*

*વસ્તી ગણતરી તેમાં કરવામાં આવી ન હતી. ત્યારબાદ જે 1881માં બીજી વસ્તી ગણતરી કરવામાં આવી ત્યારે એકીસાથે બધા રાજ્યોની ગણતરી કરવામાં આવી પરંતુ આ બંને વખતની વસ્તી ગણતરીમાં જે-તે વસ્તીનાં ચોક્કસ આંકડાને બદલે અંદાજિત વસ્તી પર વધારે આધાર રાખવામાં આવ્યો હતો. આથી તે પૂર્ણ ગણતરી કહી શકાય નહીં. ત્યારબાદના સમયગાળાથી શરૂ કરી આજ દિન સુધી થયેલ વસ્તી ગણતરીમાં ઉત્તરોત્તર વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરી વસ્તી ગણતરી વધુ વૈજ્ઞાનિક બનાવી. દેશના મોટાભાગના આયોજન કરતી વખતે વસ્તી ગણતરીનો આધાર લેવામાં આવે છે. આ આધાર દ્વારા વસ્તી પ્રમાણે વિકાસનું યોગ્ય આયોજન કરી શકાય છે. દેશનું દરેક પ્રકારના સામાજિક, શૈક્ષણિક, આર્થિક વગેરેના આયોજન માટે વસ્તી ગણતરીનો આધાર અતિ ઉપયોગી સાબિત થાય છે.*

## 17.2 વસ્તી ગણતરીનો અર્થ

*સામાન્ય રીતે આપણે એમ કહી શકીએ કે દેશની વસ્તીને લગતી સમગ્રદર્શી માહિતીના એકત્રીકરણ અને પ્રકાશનની કામગીરીને વસ્તી ગણતરી તરીકે ઓળખાવી શકાય. વસ્તી ગણતરીનો અર્થ વધુ સ્પષ્ટ કરતા કહી શકાય કે, કોઈપણ દેશ હોય તેના અમુક ચોક્કસ સમયે બધી જ વ્યક્તિઓને લગતી વસ્તીવિષયક સામાજિક, આર્થિક માહિતીનાં એકત્રીકરણ, સંપાદન, વિશ્લેષણ, પ્રકાશનની સર્વાંગી પ્રક્રિયાને વસ્તી ગણતરી તરીકે પણ ઓળખાવી શકાય છે. બીજા શબ્દોમાં કહીએ તો અમુક ચોક્કસ સમયે કોઈપણ દેશના બધા જ લોકો જન્મ, મરણ તેમજ વ્યવસાય અને સામાજિક તથા આર્થિક પરિસ્થિતિને લગતી માહિતી એકત્ર કરવી અને તેને રજૂ કરવી તને વસ્તી ગણતરી કહેવામાં આવે છે.*

*આમ, વસ્તી ગણતરી એ દેશના લોકો વિશેની સંપૂર્ણ માહિતી ભેગી કરવાની બહુ ખ્યાતનામ પદ્ધતિ છે. તે માત્ર આંકડાકીય માહિતી મેળવવા માટે જ નહીં પણ તે ઉપરાંત અનેકવિધ માહિતી એકત્રિત કરવા માટે ઉપયોગી બને છે. વસ્તી ગણતરી જો કરવામાં આવેલ હોય તો તેના આધારે દેશની કુલ વસ્તી, જન્મદર, મૃત્યુદર, સ્થળાંતર, ગ્રામીણ વસ્તી, શહેરી વસ્તી, કુટુંબનું કદ, વય-સમૂહો, શૈક્ષણિક પ્રમાણ તેમજ સ્ત્રી-પુરુષ પ્રમાણ વગેરે અનેક બાબતોની લગતી આધારભૂત માહિતી ઝડપથી મળી શકે છે. જ્યારે વસ્તી ગણતરી કરવામાં આવે ત્યારે ગણતરી કરતી વખતે માહિતી મેળવવામાં કાળજીપૂર્વક કામ કરવું જોઈએ જેથી જે-તે સમયે સેન્સસ દ્વારા મેળવેલ માહિતી જે-તે આયોજનમાં મદદરૂપ થઈ શકે છે.*

## 17.3 વસ્તી ગણતરીની ઉપયોગિતા

*વસ્તીગણતરી વસ્તીશાસ્ત્રીય અભ્યાસો માટેની માહિતી મેળવવાનો એક અગત્યનો સ્ત્રોત છે. વસ્તી ગણતરીની કેટલીક મર્યાદાઓ પણ રહેલી છે. આમ છતાં વસ્તી ગણતરીના આધાર લઈને આયોજિત વિકાસના કાર્ય કરવા માટે મહત્ત્વના આધાર પૂરા પાડે છે. આમ, વિવિધ રીતે જોઈએ તો દર દસ વર્ષે થતી વસ્તી ગણતરીથી મેળવેલ આંકડાંઓ ઘણા ઉપયોગી થતા હોય છે. વસ્તી ગણતરીની કેટલીક ઉપયોગિતા જોઈએ તો…*

### 17.3.1 સામાજિક, આર્થિક આયોજનમાં ઉપયોગી થાય છે

*લોકોની સામાજિક, આર્થિક પરિસ્થિતિ, બેરોજગારીનું પ્રમાણ, શિક્ષણનું પ્રમાણ, વય પ્રમાણ, સ્ત્રી-પુરુષ પ્રમાણ, કુટુંબની સંખ્યા વગેરે અંગેની માહિતી વસ્તીગણતરીના થયેલા આધારો પરથી મળી રહે છે. વસ્તી ગણતરીમાં રહેલી માહિતી દેશના આયોજન માટે અત્યંત ઉપયોગી સાબિત થતી હોય છે. પંચવર્ષીય યોજનાના ઘડતર માટે પણ વસ્તી ગણતરી દ્વારા મેળવેલ માહિતી ઉપયોગી થતી હોય છે. તેના આધારે પંચવર્ષીય યોજનાના ઘડતરમાં ઘણા ફાયદાઓ થાય છે. પંચવર્ષીય યોજનામાં કયા-કયા ક્ષેત્રમાં કેટલી નાણાકીય ફાળવણી કરવી તેનો આધાર પણ મળી રહે છે. કોઈપણ અસરકારક નીતિ ઘડવા માટે વસ્તીની આંકડાકીય માહિતી જરૂરી હોય છે. સ્વાસ્થ્ય, શિક્ષણ, રોજગારી વગેરે પ્રકારની યોજનાના ઘડતર માટે વસ્તીગણતરીના આંકડાઓ ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે.*

### 17.3.2 જન્મદર, મૃત્યુદર અને વસ્તીનું કુલ કદ જાણવામાં ઉપયોગી

*વસ્તી ગણતરી ઉપરથી દેશની કુલ વસ્તીની સંખ્યાની જાણકારી મેળવી શકાય. પૂરા દેશની કુલ વસ્તીનું પ્રમાણ જાણવા માટે વસ્તી ગણતરી ખૂબ જ અગત્યની છે. વસ્તી ગણતરીના આંકડા ઉપરથી આપણા દેશનો જન્મદર, મૃત્યુદર વગેરેના આંકડા મળી શકે છે તેમજ અગાઉની વસ્તી ગણતરીના આધારે નવી વસ્તી ગણતરીના આંકડામાં વધારો થયો કે ઘટાડો તે જાણી શકાય છે. વસ્તીની આ તુલનાને આધારે દેશની વસ્તીના જન્મદર, મૃત્યુદરમાં કેટલો વધારો કે ઘટાડો થયો છે તેની જાણકારી આપણે મેળવી શકીએ છીએ. કઈ દિશામાં કેવી રીતે દેશના વિકાસ માટે આયોજન કરવું છે તેની પણ જાણકારી અને આધાર આપણને સેન્સસ પરથી મળી રહે છે. માટે વસ્તી ગણતરીના આંકડાઓ આપણા દેશના આયોજનના વિકાસમાં કોઈના કોઈ રીતે ઉપયોગી સાબિત થાય છે.*

### 17.3.3 સામાજિક સમસ્યાને હલ કરવા માટે

*પ્રવર્તમાન ભારત દેશ કેટલીક સામાજિક સમસ્યાઓથી ઘેરાઈ ગયો છે. જેવી કે ગરીબી, બેકારી, મોંઘવારી, બાળમૃત્યુદર, વિકલાંગ વ્યક્તિઓની સંખ્યા, સ્ત્રી-પુરુષ પ્રમાણની અસમતુલા, નિરક્ષરતા વગેરે લોકોની સંખ્યા સેન્સસ પરથી પ્રાપ્ત થાય છે. તો આવી સામાજિક સમસ્યાઓને હલ કરવા માટે અને આવા લોકોનો વિકાસ કરવાના આયોજન માટે વસ્તી ગણતરીનાં આંકડાઓ ખૂબ જ ઉપયોગી થતા હોય છે.*

### 17.3.4 પરિવર્તનના પ્રવાહોની જાણકારી મેળવવા માટે

*દેશના કયાં-કયાં ક્ષેત્રોમાં કેટલા પ્રમાણમાં પરિવર્તનો આવ્યા છે અને તેમાં કેટલો ઘટાડો કે વધારો થયો છે તેની લગતી માહિતી સેન્સસનાં આંકડાઓ ઉપરથી તારવી શકાય છે. લોકોની જીવનશૈલીની સુખાકારીમાં કેટલો વધારો કે ઘટાડો થયો છે તે વસ્તી ગણતરીનાં આંકડા પરથી માહિતી મેળવી શકાય છે. આમ, દેશની સામાજિક, આર્થિક પરિસ્થિતિમાં આવી રહેલા પરિવર્તનો વિશેની સેન્સસની માહિતી પરથી આવનારા સમયમાં આવી રહેલા પરિવર્તનોના પ્રવાહો જાણી શકાય છે.*

### 17.3.5 વસ્તીશાસ્ત્રીય અભ્યાસો કરવા માટે ઉપયોગી

*સંશોધનો અને સર્વેક્ષણો કરવા માટે વસ્તીશાસ્ત્રીઓને સેન્સસની માહિતી ઘણી ઉપયોગી સાબિત થાય છે. જન્મદરનું પ્રમાણ, ગ્રામ-શહેર સ્થળાંતર પર અસર કરતા પરિબળો, વસ્તીનાં કદમાં પ્રાદેશિક અસમતુલા, આર્થિક વિકાસ, સામાજિક સમસ્યાઓ, વસ્તીવૃદ્ધિ, પ્રદૂષણ વગેરે પ્રકારના અભ્યાસો સમાજશાસ્ત્રીઓ, અર્થશાસ્ત્રીઓ, વસ્તીશાસ્ત્રીઓએ કરેલો છે.આવા બધા અભ્યાસો કરવા માટે જરૂરી બનતી વસ્તી અંગેની પાયાની માહિતી સેન્સસ પરથી મળી રહેતી હોય છે. એટલા માટે વસ્તી ગણતરી આવા અભ્યાસો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે અને તેના કારણે આ બધા અભ્યાસો કરવામાં સંશોધકોને ખૂબ જ સરળતા વધી જાય છે અને તેમના અભ્યાસનું વ્યાપવિશ્વ પણ સરળતાથી તારવી શકે છે.*

### 17.3.6 વહીવટી માળખું ઊભું કરવામાં ઉપયોગી

*દેશના વહીવટી કાર્ય કરવા માટે વસ્તીના આંકડાઓ ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. વસ્તીના આંકડા પરથી વહીવટીતંત્ર ગોઠવવામાં ખૂબ જ સરળતા રહે છે. જેમ કે તાલુકા, જિલ્લા અનુ રાજ્યોની રચના અને તેના વિકાસના કાર્યો કરવા માટે વસ્તીના આંકડાઓ ધ્યાનમાં લેવામાં આવે છે. જે-તે વિસ્તારના ભાગો, તેમને શિક્ષણ માટેની શાળાઓ, આરોગ્ય વિષયક સુવિધાઓ તેમજ વોર્ડની વહેંચણી વગેરે માટે વસ્તીના*

*આંકડાઓની જરૂરિયાત રહે છે અને તેના આધારે ત્યાં વહીવટી સ્ટાફની ભરતી કરવામાં આવે છે અને લોકોની સુવિધાઓ અને સુખાકારીમાં વૃદ્ધિ કરવામાં આવે છે. માટે ગ્રામીણ વિસ્તારથી લઈ છેક રાજ્ય સુધીનું વહીવટી માળખું ઊભું કરવા માટે વસ્તીનાં આંકડાની ઉપયોગિતાઓ રહેલી છે.*

*આમ, ઉપરોક્ત રીતે કોઈના કોઈ રીતે વસ્તી ગણતરીના આંક આપણને ઉપયોગી થતા હોય છે. આપણા દેશની સુખાકારીમાં વૃદ્ધિ કરવા માટે તેમજ વિવિધ ક્ષેત્રોમાં યોગ્ય આયોજનો કરવા માટે વસ્તી ગણતરી દ્વારા મેળવેલ આંકડાંઓ કોઈના કોઈ રીતે ઉપયોગી સાબિત થતા હોય છે. વિશ્વના દરેક દેશોની અંદર વસ્તી ગણતરી થતી હોય છે અને વસ્તીની સંખ્યાના આધારે જ મોટાભાગે દેશના વિકાસ માટેના આયોજનો કરવામાં આવતા હોય છે.*

## 17.4 વસ્તી ગણતરીની મર્યાદાઓ

*વસ્તી ગણતરી કરતી વખતે કોઈને કોઈ નાની-મોટી ક્ષતિઓ થતી હોય છે, જે વસ્તી ગણતરીની એક મર્યાદા બની જતી હોય છે. દરેક દેશ પોતાની અનુકૂળતા મુજબ અમુક વર્ષોના અંતે વસ્તીની ગણતરી કરતા હોય છે. કારણ કે દર વર્ષે વસ્તી ગણતરી કરવી દરેક દેશને આર્થિક રીતે પરવડતું નથી માટે તેમની અમુક વર્ષો બાદ ગણતરી કરાવતા હોય છે. વસ્તી ગણતરી એ એક અત્યંત ખર્ચાળ પદ્ધતિ છે. પરંતુ તેટલી જ તે દેશના આયોજિત વિકાસ માટે જરૂરી માહિતી પૂરી પાડે છે. સેન્સસની અંદર જન્મદર, મૃત્યુદર, શિક્ષણનું પ્રમાણ, રોજગારીનું પ્રમાણ, સ્ત્રી-પુરુષ પ્રમાણ, આરોગ્ય વિષયક બાબતો વગેરેની માહિતી મેળવવામાં આવતી હોય છે. આ માહિતી આપણને વિવિધ ક્ષેત્રની અંદર ઉપયોગી થાય છે. પરંતુ વસ્તીની ગણતરી વખતે કેટલીક મર્યાદાઓ પણ રહી જતી હોય છે, જે આપણે જોઈએ તો…*

### 17.4.1 તાલીમ પામેલ કુશળ કર્મચારીની અછત

*વસ્તી ગણતરીના સમયે જે કર્મચારીઓ વસ્તી ગણતરી કરવા માટે જાય છે તેમાના મોટાભાગના કર્મચારીને જે વસ્તી ગણતરી કેવી રીતે કરવી જોઈએ તે અંગેની સંપૂર્ણ તાલીમ અપાયેલી હોતી નથી. કારણ કે કર્મચારીઓની અછતના કારણે ઘણા કર્મચારીઓ તાલીમ લીધા વિના વસ્તી ગણતરી કરવામાં જોડાઈ જતા હોય છે અથવા તાલીમ મેળવતી વખતે તાલીમમાં યોગ્ય ધ્યાન આપ્યું ન હોય જેના કારણે કર્મચારીઓની અંદર જે કુશળતા વિકસવી જોઈએ તે વિકસી શકતી નથી અને પરિણામે જે વસ્તી ગણતરીનું કામ સંતોષપૂર્ણ થવું જોઈએ એ કામ થતું નથી. માટે વસ્તીની ગણતરીમાં ઘણી*

*વખત અમુક માહિતી ભરવામાં ભૂલ થવાના કારણે માહિતી ખોટી આવે છે. આમ, અમુક મર્યાદાઓ રહેવા પામે છે.*

### 17.4.2 ફિલ્ડમાં ન જઈને ભરેલી માહિતી

*ઘણી વખત ક્ષેત્રકાર્યમાં જતા કર્મચારીઓ ફરીને કંટાળી જઈને ઘણી વખત અમુક ટકા આળસ આવતા પોતે ફિલ્ડમાં ન જઈને પોતાના ઘરે બેઠા માહિતી ભરી દે છે. જેના કારણે યોગ્ય અને સાચી માહિતી ન મળે એટલે વસ્તી ગણતરીના સાચા આંકડાઓ પ્રાપ્ત થતા નથી માટે મળેલ માહિતી બિનઆધારભૂત અને શંકાસ્પદ બની જાય છે. આવા વસ્તી ગણતરીના કાર્યમાં નિષ્ઠાવાન અને પ્રામાણિક કર્મચારીઓની અછતના કારણે ગણતરીમાં મર્યાદા રહી જવા પામે છે.*

### 17.4.3 અપૂરતી, અધૂરી અને ખોટી માહિતી

*જ્યારે ક્ષેત્રકાર્યમાં કર્મચારી માહિતી એકત્રીકરણ માટે જાય ત્યારે જો કર્મચારીને સામેવાળી વ્યક્તિ પોતાની માહિતી ખોટી કે અધૂરી આપે ત્યારે યોગ્ય આંકડાઓ મળતા નથી. તેમજ ઘણી વખત કર્મચારી અને માહિતી આપવાવાળા વ્યક્તિ બંને વચ્ચે જ્યારે માહિતીની આપ-લે કરવાની બાબતમાં વિસંગતતા ઊભી થાય ત્યારે મેળવેલ માહિતી અસરકારક નીવડતી નથી અને ખોટી માહિતી ભેગી થતી હોય છે તેમજ ઘણી વખત ઉત્તરદાતાઓ જાણી જોઈને કે અન્ય કોઈ ડરના કારણે પણ પોતાની માહિતી ખોટી આપતા હોય છે.*

### 17.4.4 વિદેશમાં વસવાટ કરતા લોકોની યોગ્ય માહિતી ન મળવી

*જ્યારે વસ્તી ગણતરી માટે ફિલ્ડવર્કમાં જવામાં આવે ત્યારે ઘણી વખત કોઈ ગ્રામીણ વિસ્તાર કે શહેરી વિસ્તારમાંથી કોઈ કુટુંબ વિદેશ રહેવા માટે કે ફરવા માટે ગયું હોય તે સમયગાળા દરમિયાન જો વસ્તી ગણતરીની ગણના શરૂ હોય ત્યારે તેમની ગણતરી ન થવાને કારણે વસ્તી ગણતરીની ગણનામાં મર્યાદા રહી જતી હોય છે.*

### 17.4.5 વિચરતી વિમુકતી જાતિના લોકોની ગણતરી ન થવી

*આપણા દેશની અંદર ઘણી જાતિના લોકો એક જ જગ્યા પર સ્થાયી થયા નથી, જેઓ જીવનપર્યંત એક જગ્યાએથી બીજી જગ્યા પર સ્થળાંતર કરતા રહે છે. જેના કારણે આવા લોકોની ગણતરી મોટાભાગે વસ્તી ગણતરીની ગણતરી બહાર રહી જતા હોય છે.*

### 17.4.6 અજાણ્યા પુરુષો સાથે વાત કરવામાં સ્ત્રીઓની મર્યાદાઓ

*ભારત દેશની મોટાભાગની વસ્તી ગામડાની અંદર વસવાટ કરે છે. આવા ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતી કેટલીક જ્ઞાતિની સ્ત્રીઓ અજાણ્યા પુરુષો સાથે પોતાની જ્ઞાતિના નિયમો અને મર્યાદાના કારણે વાતચીત કરતી નથી. જેના પરિણામે જો વસ્તી ગણતરીના આંકડા લેવા માટે જ્યારે કોઈ કર્મચારી જાય ત્યારે જો કોઈ પુરુષ કે અન્ય વ્યક્તિ જે માહિતી આપી વાતચીત કરી શકે તેમ ન હોય ત્યારે સ્ત્રીઓ વાતચીત ન કરવાને કારણે પૂર્ણ પ્રકારે માહિતી મળી શકતી નથી પરિણામે ગણતરી અધૂરી રહે છે. એટલા માટે…*

### 17.4.7 વસ્તી ગણતરીના આંકડાને જાહેર કરવામાં થતો વિલંબ

*જ્યારે વસ્તી ગણતરીની માહિતી પૂરી થાય એટલે ઝડપથી તે ડેટા જાહેર કરવો જોઈએ અને ઝડપથી આંકડા જાહેર કરવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરવો જોઈએ. ઘણી વખત સ્ટાફના અભાવના કારણે વસ્તી ગણતરીની ગણના પૂર્ણ થયા બાદ પણ તેમનું વિશ્લેષણ અને વર્ગીકરણમાં ઘણો સમય જતો રહે છે. એવું ન થાય તેના માટે યોગ્ય તકેદારી રાખવી જોઈએ. બને ત્યાં સુધી વસ્તી ગણતરીના આંકડાઓ જે ત્રુટક ત્રુટક જાહેર કરવામાં આવે છે તેના બદલે એકસાથે જાહેર કરવા જોઈએ. જેથી કોઈપણ પ્રકારના આયોજન માટે કે અન્ય અભ્યાસુઓને વસ્તીના આંકડાઓ સરળતાથી મળી શકે.*

*આમ, ઉપરોક્ત કેટલીક મર્યાદાઓના કારણે વસ્તી ગણતરીની માહિતીમાં કેટલીક ક્ષતિઓ રહી જવા પામે છે. માહિતીનું યોગ્ય એકત્રીકરણ થાય તેના બાદ માહિતી એકત્ર કરતા સંશોધકો/તાલીમાર્થીઓને પ્રોત્સાહનો પૂરા પાડવા જોઈએ અને યોગ્ય તાલીમ આપવી જોઈએ તેમજ તેમને માહિતી-એકત્રીકરણ કરવા જવામાં કોઈપણ પ્રકારની મુશ્કેલીઓ ઊભી ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ તેમજ તેમને જોઈતી સગવડો પૂરી પાડવી જોઈએ. માહિતી સાચી અને યોગ્ય આપવા માટે દેશના લોકોને પણ જાહેર અપીલ કરવી જોઈએ અને દેશના લોકોને વસ્તી ગણતરીમાં યોગ્ય સહકાર આપવા માટે પ્રોત્સાહનો પૂરા પાડવા જોઈએ, પણ જ્યારે આ બધી બાબતોમાં કોઈના કોઈ પ્રકારે મર્યાદા રહી જવાથી મોટાભાગે વસ્તી ગણતરીના પરિણામો ખોટા આવવાની શક્યતાઓની સંભાવનાઓ વધી જતી હોય છે.*

## 17.5 નેશનલ સેમ્પલ સર્વે ઑફ ઈન્ડિયા

*નેશનલ સેમ્પલ સર્વેને સામાન્ય રીતે ગુજરાતીમાં 'રાષ્ટ્રીય નિદર્શ મોજણી' કહેવામાં આવે છે. નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન એ કાયમી સંગઠન છે. 1950ના*

*વર્ષમાં ભારતમાં તેની સ્થાપના કરવામાં આવી છે. તેમનું કાર્ય વસ્તી અંગેની માહિતી મેળવવાનું છે. વસ્તી-શાસ્ત્રીય માહિતી મેળવવા માટે સેન્સસ પછીનો બીજો મહત્ત્વનો સ્ત્રોત નેશનલ સેમ્પલ સર્વેને ગણવામાં આવે છે. દેશની વસ્તીમાં જન્મદર, મૃત્યુદર, કુટુંબ નિયોજન, બાળમૃત્યુદર, આંતરિક સ્થળાંતર વગેરે ઘટનાઓના આંકડા અને માહિતી મેળવવી તે નેશનલ સેમ્પલ સર્વેનું મુખ્ય કાર્ય છે. નેશનલ સેમ્પલ સર્વે સંગઠન દ્વારા દેશના જુદા-જુદા ભાગોમાં નિદર્શ પસંદ કરીને સમયે-સમયે સર્વેક્ષણો કરવામાં આવે છે. મેળવેલી વિવિધ માહિતીનાં આધારે જન્મદર, મૃત્યુદરના કારણો, વસ્તીમાં થતો વધારો વગેરે જેવા અનેકવિધ તારણો નેશનલ સેમ્પલ સર્વે દ્વારા તારવવામાં આવે છે અને રજૂ કરવામાં આવે છે અને આવી માહિતી સંશોધકોને કોઈ ને કોઈ રીતે ઉપયોગી પુરવાર થાય છે.*

## 17.6 નેશનલ સેમ્પલ સર્વેની સામાન્ય સમજૂતી

*નેશનલ સેમ્પલ સર્વેની સ્થાપના ભારત સરકારે કરેલી છે. આ સમગ્ર દેશ કક્ષાનું સંગઠન છે. વસ્તી અંગેની માહિતી મેળવવા માટે પણ આ પદ્ધતિનો ઉપયોગ થાય છે. દેશના જુદા-જુદા વિસ્તારોમાંથી અમુક વર્ષોએ સેમ્પલ પસંદ કરી આવવામાં આવે છે. સેમ્પલ પસંદ કરી સેમ્પલમાં સમાવિષ્ટ થતા દરેક ઘરની તપાસ કરીને વસ્તી શાસ્ત્રીય માહિતી ભેગી કરવામાં આવે છે. અત્યાર સુધીમાં નેશનલ સેમ્પલ સર્વે દ્વારા અનેક વખત ગણતરી કરવામાં આવી છે અને તેના દ્વારા મળેલી જન્મદર, મૃત્યુદર,બાળમૃત્યુદર વગેરે પરિવર્ત્યો સાથે તેનો સંબંધ, વાર્ષિક વસ્તીવૃદ્ધિનો દર, મૃત્યુદરના કારણો વગેરે તારણો નેશનલ સેમ્પલ સર્વે માહિતી પરથી ઉપલબ્ધ બન્યા છે. આમ, જોઈએ તો નેશનલ સેમ્પલ સર્વે અને સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ બંનેના આધારે વસ્તીશાસ્ત્રીય માહિતી મેળવે છે. પરંતુ આ બંનેમાં એક બાબતની વિભિન્નતા તરી આવે છે. જેમ કે નેશનલ સેમ્પલ સર્વેના દરેક તબક્કામાં સેમ્પલ બદલાતું રહે છે. જ્યારે સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમમાં લાંબા સમયગાળા સુધી તેમના સેમ્પલને વળગી રહે છે. વળી નેશનલ સેમ્પલ સર્વે સમગ્ર ભારતની સેમ્પલ પર આધારિત અનેક પ્રકારની વસ્તી વિષયક માહિતી જેમ કે, ખેતીવિષયક પરિસ્થિતિ, કુટુંબ નિયોજન અંગેની માહિતી, આંતરિક સ્થળાંતર વગેરે અંગેની માહિતીનો સર્વે કરીને એકત્રિત કરે છે. જ્યારે સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમનું કાર્યક્ષેત્ર મર્યાદિત છે. એટલે કે તેમાં મુખ્યત્વે બાળમરણ, મૃત્યુદર, જન્મદર વગેરે આંકડાની નોંધણીને જ મહત્ત્વ આપવામાં આવે છે. રોજગારી, બેરોજગારી, દેવું, મૂડીનિર્માણ, શ્રમદળ, શહેરીકરણ વગેરે જેવા અનેક વિષયોને આવરી લેતા સર્વેક્ષણો નેશનલ સેમ્પલ સર્વે દ્વારા અત્યાર સુધીમાં થયા છે અને તેનાથી લોકોને ઉપયોગી હોય*

*તેવી ઘણી પ્રાપ્ય માહિતી મળે છે. નેશનલ સેમ્પલ સર્વેની માહિતી પ્રાથમિક સ્ત્રોતોમાંથી મેળવવામાં આવતી હોય છે. જેના કારણે કેટલાક વસ્તીશાસ્ત્રીય અંગેના અભ્યાસુઓને આ માહિતી ઉપયોગી પુરવાર થતી હોય છે.*

## 17.7 નેશનલ સેમ્પલ સર્વેની લાક્ષણિકતાઓ

(1) *નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન એ આપણા દેશનું રાષ્ટ્રવ્યાપી સંગઠન છે.*

(2) *નેશનલ સેમ્પલનું કાર્યક્ષેત્ર સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમથી ખૂબ જ વિશાળ પ્રકારનું છે.*

(3) *ભારત દેશમાંથી દેશના જુદા-જુદા ભાગોમાંથી સેમ્પલ પસંદ કરીને સેમ્પલના તમામ એકમો પાસેથી સર્વેક્ષણ દ્વારા વસ્તીવિષયક માહિતી મેળવે છે.*

(4) *નેશનલ સેમ્પલ સર્વે એ વસ્તીવિષયક માહિતીનો પાયાનો સ્ત્રોત છે.*

(5) *વસ્તીઅંગેની માહિતી ગ્રંથ સ્વરૂપે પ્રગટ કરવામાં આવે છે.*

(6) *નેશનલ સેમ્પલ સર્વેમાં જન્મદર, મૃત્યુદર, બાળમૃત્યુદર, રોજગારી, બેરોજગારી, કુટુંબનિયોજન, શહેરીકરણ, શિક્ષણ, લગ્નવય વગેરે જેવી પ્રાથમિક માહિતી મેળવવામાં આવે છે અને તે મેળવેલ માહિતીના આધારે વસ્તી સંબંધી વિવિધ અંદાજો કાઢવામાં આવે છે.*

*આમ, ઉપરોક્ત કેટલીક નેશનલ સેમ્પલ સર્વેની લાક્ષણિકતાઓને દર્શાવી શકાય છે.*

## 17.8 નેશનલ સેમ્પલ સર્વે ઑફ ઈન્ડિયાની ઉપયોગિતા

*નેશનલ સેમ્પલ સર્વે દ્વારા દેશની વસ્તી અંગેની માહિતી સેમ્પલ પસંદ કરીને સર્વેક્ષણ દ્વારા મેળવવામાં આવે છે. માટે નેશનલ સેમ્પલ સર્વે વસ્તીવિષયક અંગેની માહિતી પૂરી પાડતો એક મહત્ત્વનો સ્ત્રોત છે. જે અંગેની કેટલીક ઉપયોગિતાઓ નીચે પ્રમાણે છે.*

- *નેશનલ સેમ્પલ સર્વે દ્વારા સેમ્પલ પસંદગી કરીને સર્વેક્ષણ કરવામાં આવતા હોય છે અને તેના આધારે આપણા દેશનો જન્મદર, મૃત્યુદર વગેરેનું પ્રમાણ જાણી શકાય છે.*
- *વસ્તી ગણતરી આપણા દેશમાં દર દસ વર્ષે એક વખત કરવામાં આવતી હોય છે. જ્યારે નેશનલ સેમ્પલ સર્વેની માહિતી સેન્સસના વચ્ચેના ગાળામાં પણ મળતી હોય છે. તેના આધારે દેશનો વસ્તીવૃદ્ધિનો દર કેટલો છે તે જાણી શકાય છે.*

- *નેશનલ સેમ્પલ સર્વે દ્વારા આગામી સમયમાં દેશમાં અંદાજિત વસ્તીમાં વધારો થશે કે ઘટાડો તે જાણી શકાય છે.*
- *નેશનલ સેમ્પલ સર્વે દેશના આયોજન માટે ઉપયોગી પુરવાર થઈ શકે છે.*
- *નેશનલ સેમ્પલ સર્વેના આધારે દેશનો આર્થિક વિકાસ પણ જાણી શકાય છે.*
- *નેશનલ સેમ્પલ સર્વેના આંકડા પરથી કુટુંબનિયોજનની સ્વીકાર્યતા કેટલા ટકા સુધી થઈ છે તેની જાણકારી મેળવી શકાય છે.*
- *જે માહિતીનો સમાવેશ સેન્સસ અને સેમ્પલ રજિસ્ટ્રેશનમાં કરવામાં આવતો નથી તેવી માહિતીને નેશનલ સેમ્પલ સર્વેમાં વધુ ધ્યાન આપવામાં આવે છે.*

## 17.9 નેશનલ સેમ્પલ સર્વે ઑફ ઈન્ડિયાની મર્યાદા

*નેશનલ સેમ્પલ સર્વે ઑફ ઈન્ડિયાની કેટલીક મર્યાદાઓ પણ રહે છે. જેમાંની કેટલીક મુખ્ય મર્યાદાઓ નીચે પ્રમાણે છે.*

- *નેશનલ સેમ્પલ સર્વે ઑફ ઈન્ડિયામાં અમુક એકમોની ગણતરી નથી થતી તેવું ઘણીવાર જાણ કરવામાં આવે છે.*
- *નેશનલ સેમ્પલ સર્વે ઑફ ઈન્ડિયાનમૂના એરિયામાં એક વર્ષની પશ્ચાદ્‌વર્તી અસરથી સર્વેક્ષણ કરે છે. સર્વેક્ષણનો સમયગાળો પ્રમાણમાં લાંબો હોવાથી ભૂલો થવાની સંભાવનાઓ વધી જતી હોય છે.*
- *સર્વેક્ષણના સમયગાળાની અવધિ વધુ હોવાથી માહિતીદાતા કેટલીક માહિતી ભૂલી પણ જતા હોય છે તેવી સંભાવનાઓ રહેલી હોય છે.*
- *સેમ્પલ રજિસ્ટ્રેશનસિસ્ટમ સેમ્પલ એરિયામાં સ્થાનિક રજીસ્ટ્રારની મદદથી સતત ગણતરીની કાર્યવાહી કરતા હોય છે. ત્યારપછી એ જ વિસ્તારમાં છ મહિનાના સ્વતંત્ર સર્વેક્ષણ દ્વારા પ્રત્યેક ઘરોની મુલાકાત લઈ છેલ્લા મહિનાના આંકડાની નોંધ કરે છે. ત્યારપછી આ સર્વેક્ષણ નોંધની લોકલ રજીસ્ટ્રારની નોંધ સાથે તુલના કરવામાં આવે છે. જેમાં વિભિન્નતા આવે તેમની પુનઃમુલાકાત લઈ માહિતી ચેક કરવામાં આવે છે. જે નેશનલ સેમ્પલ સર્વેમાં કરવામાં આવતું નથી.*

## 17.10 સારાંશ

*વસ્તી ગણતરી એ દેશના લોકો અંગેની માહિતી ભેગી કરવા માટેનું એક ખૂબ જ અગત્યનું કામ છે. વસ્તી ગણતરી એ માત્ર આંકડા મેળવવા માટે જ નહીં પરંતુ તે સિવાય ઘણી જગ્યાએ ઉપયોગી સાબિત થાય તેવો સ્ત્રોત છે. વસ્તી ગણતરીનાં આંકડાઓ પરથી દેશની કુલ વસ્તી જન્મદર, મૃત્યુદર, બાળમૃત્યુદર, સ્ત્રી-પુરુષ પ્રમાણ, રોજગારી,*

*બેરોજગારી, શિક્ષણનું પ્રમાણ, માથાદીઠ આવક વગેરે બાબતોને લગતી વિશ્વસનીય માહિતી આપણને પ્રાપ્ત થતી હોય છે.*

*વસ્તી ગણતરી એ પ્રાથમિક સ્ત્રોત માહિતી મેળવવા માટેનો છે. પરંતુ પ્રત્યેક દેશ માટે વસ્તી ગણતરી કરવી એક આર્થિક રીતે ખર્ચાળ છે તેમજ લાંબા સમય સુધી ચાલતી પ્રક્રિયા છે. માટે વસ્તી ગણતરી જ્યારે શરૂ હોય ત્યારે મોટાભાગની માહિતી આપણને તેમાંથી પ્રાપ્ત થાય એવી બાબતોનું ખાસ ધ્યાન આપણે રાખવું પડે છે. સમગ્ર રીતે જોતા નેશનલ સેમ્પલ સર્વે એ વસ્તીશાસ્ત્રીય માહિતી મેળવવાનો પણ એક અગત્યનો સ્ત્રોત છે. છેલ્લા અમુક વર્ષોમાં આપણી વસ્તીમાં જે વધારો થઈ રહ્યો છે તેના પર અંકુશ મૂકવો ખૂબ જ જરૂરી છે.*

## 17.11 તમારી પ્રગતિ ચકાસો

**નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

1. *વસ્તી ગણતરીના લાભાલાભ જણાવો.*

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

2. *નેશનલ સેમ્પલ સર્વેની લાક્ષણિકતાઓ જણાવો.*

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

3. *નેશનલ સેમ્પલ સર્વેની મર્યાદાઓ જણાવો.*

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………

## 17.12 સંદર્ભ-સૂચિ


(1) Scott Johan and Gordan Marshall, Oxford Dictionary of Sociology (2009) Oxford University press, New york.

(2) Mitra Asok, Implications of Declining Sex Ratio in India's Population (1979) ICSSR, Allied Publishers, Bombar.

(3) Petrov Victor, India Spotlight on Population-a Demographic outline (1978) progress publishers, Moscow.

(4) *રાવત હરિકૃષ્ણ, સમાજશાસ્ત્ર કોશ* VOL-1 (1986) *રાવત પબ્લિકેશન, જયપુર (હિન્દી)*

(5) *અગ્રવાલ જી.કે. સમાજશાસ્ત્ર* (1993) *સાહિત્ય ભવન, આગરા, (હિન્દી)*

(6) *જાની ગૌરાંગ, ગુજરાતઃ વસ્તી વિશ્લેષણ*-2011, (2012) *કર્મસંઘ (ઈન્ડિયા), અમદાવાદ*

(7) *દેસાઈ અક્ષયકુમાર, સમાજ ખંડ*-1, (1960), *ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ*

(8) *પટેલ કેશવલાલ, વસ્તી વિસ્ફોટ અને પ્રદૂષણ,* (1996), *ગૂર્જર ગ્રંથરત્ન, અમદાવાદ*

(9) *કાન્હેરે ઉષા શશીકાંત, સમાજશાસ્ત્ર* (1967), *ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ*

(10) *દેસાઈ જે.એન., વસ્તી શિક્ષણ* (1989), *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય*

(11) *નાળિયેરવાળા પી.એમ., ભારતની વસ્તી સમસ્યા* (1978) *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય*

(12) *સી.સી., ગુજરાત વસ્તીની રૂપરેખા* (1976) *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય*

(13) *રાવલ ચંદ્રિકા, અને શેલજા ધ્રુવ, વસ્તી-એક સામાજિક સમસ્યા* (2005) *પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ*

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે, હો દશે દિશે શુભ-લાભ. ?

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળાં પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવતારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસનાં ફૂલ મહેંકે;
બંધન નહીં કો’ સ્થાન સમયનાં જવું ન ઘરથી દૂર,
ઘર આવી મા હરે શારદા દૈન્યતિમિરનાં પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે,મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીએ આપણ સૌ
ભવ્ય રાષ્ટ્રનિર્માણ...
દિવ્ય રાષ્ટ્રનિર્માણ...
ભવ્ય રાષ્ટ્રનિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-5598-277-3